# જનસામાન્ય માટે બાઇબલની માર્ગદર્શિકા




લેખક

નોર્મન ડંકન

અનુવાદક

રેવ. નેરીઅસ ધોળકિયા

2BGJ1

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# જનસામાન્ય માટે બાઈબલની માર્ગદર્શિકા

લેખક

નોર્મન ડંકન

અનુવાદક

રેવ. નેરીઅસ ધોળકિયા

| | | |
|---|---|---|
| પુસ્તકનું નામ | : | જનસામાન્ય માટે બાઇબલની માર્ગદર્શિકા |
| પ્રકાશક | : | ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, સાહિત્ય સેવા સદન,<br>એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.<br>ફોન : ૬૪૪૫૨૮૧ |
| લેખક | : | નોર્મન ડંકન |
| પ્રથમ આવૃત્તિ | : | માર્ચ ૨૦૦૧ |
| પ્રત | : | ૧૦૦૦ |
| કિંમત | : | રૂા. ૪૦=૦૦ |
| મુદ્રક | : | સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ<br>૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે,<br>મિરઝાપુર, અમદાવાદ - ૧.<br>ફોન : ૫૬૨ ૩૭ ૬૧. |

# અનુક્રમણિકા


**પ્રકરણ**

આમુખ:............................................ vii

ચાર્ટ અને નકશાઓની યાદી........................................ viii

**પ્રસ્તાવના**........................................ 1

બાઈબલ શું છે? ૧

૧. સમગ્ર બાઈબલ તરફ એક નજર........................................ ૪

૨. બાઈબલનું માળખું કે બંધારણ........................................ ૬

૩. ખ્રિસ્ત બાઈબલને એકરૂપ કરતો વિષય છે.......... ૧૦

**જૂનો કરાર** ૧૨

૪. વિહંગાવલોકન........................................ ૧૪

૫. જૂના કરારની ભૂગોળ........................................ ૧૯

૬. જૂના કરારના ઐતિહાસિક પુસ્તકો........................................ ૨૭

સર્જનનો સમય........................................ ૩૨

ગોત્રપતિને લગતો સમય........................................ ૩૪

નિર્ગમનનો સમય........................................ ૩૬

વિજયનો સમય........................................ ૪૦

ન્યાયાધીશોનો સમય........................................ ૪૪

રાજ્ય (Kingdom) નો સમય........................................ ૪૬

બંદીવાસનો સમય........................................ ૫૨

બંદીવાસમાંથી પાછા ફરવાનો સમય........................................ ૫૩

ખામોશીનો સમય........................................ ૫૬

૭. કાવ્યમય પુસ્તકો........................................

ચોક્કસ લાક્ષણિકતાઓ........................................ ૬૦

હિબ્રૂ કાવ્યો........................................ ૬૩

પાંચ કાવ્યમય પુસ્તકોનો વિષયાર્થ........................................ ૬૮

૮. પ્રબોધકોના પુસ્તકો........................................ ૭૩

સમીક્ષા........................................

પ્રબોધકોના પુસ્તકોનું ભૂવર્ણન........................................ ૭૬

ઐતિહાસિક પુસ્તકોના સંબંધમાં પ્રબોધકોના પુસ્તકો... ૭૭

આ પુસ્તકોના લેખનની સામાન્ય લાક્ષણિકતાઓ.... ૭૮

૯. પ્રબોધકોના પુસ્તકોનો વિષયાર્થ........................................

મુખ્ય પ્રબોધકો........................................ ૮૧

નાના પ્રબોધકો........................................ ૮૩

| | | |
|---|---|---|
| ૧૦. | જૂના કરારની અંતિમ સમીક્ષા...................... | ૯૧ |

**નવો કરાર**

| | | |
|---|---|---|
| ૧૧. | નવા કરારની ઓળખ આપવી...................... | ૯૮ |
| ૧૨. | નવા કરારની ભૂગોળ...................... | |
| | સુવાર્તાઓની ભૂગોળ...................... | ૧૦૧ |
| | પ્રેષિતોનાં કાર્યોની ભૂગોળ...................... | ૧૦૬ |
| ૧૩. | નવા કરારના ઐતિહાસિક પુસ્તકો...................... | |
| | ઐતિહાસિક પુસ્તકોનો સારાંશ...................... | ૧૧૦ |
| | ઐતિહાસિક પુસ્તકોનો વિષયાર્થ...................... | ૧૧૦ |
| ૧૪. | નવા કરારના ઈતિહાસના ત્રણ મુખ્ય સમયો....... | ૧૧૫ |
| | સુવાર્તાનો સમય...................... | ૧૧૬ |
| | મંડળીનો સમય...................... | ૧૧૮ |
| | સેવાકાર્યોનો સમય...................... | ૧૨૦ |
| ૧૫. | પ્રેષિતોનાં પત્રો...................... | ૧૨૬ |
| ૧૬. | ભવિષ્યવચનનું પુસ્તક...................... | ૧૩૪ |
| ૧૭. | નવા કરારના પુસ્તકોની ઐતિહાસિક સમય-રેખા... | ૧૩૬ |

**અંતિમ વિહંગાવલોકન** ૧૩૯

| | | |
|---|---|---|
| ૧૮. | સંઘર્ષ અને વચન...................... | ૧૪૦ |
| ૧૯. | ઈસુ ખ્રિસ્તમાં ભવિષ્ય વચનોની પરિપૂર્ણતા........ | ૧૫૦ |

# આભારદર્શન

આ પુસ્તકના પ્રકાશનાર્થે આઈરિશ પ્રેસ્બિટેરીયન ચર્ચના ઓવરસીઝ બોર્ડે રૂા.૩૨,૩૨૭=૦૦નું ઉદાર દાન આપ્યું છે તે બદલ રેવ.આર.જે.ટી. મેકમુલન સાહેબ તથા સંસ્થાનો અંતઃકરણના ઊંડાણથી આભારી છીએ તથા અમે તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

રેવ. નેરીઅસ ઘોળકિયા જેઓ સિદ્ધ ભાષાન્તરકર્તા છે તેઓના અનુભવનો લાભ આ પુસ્તકના પ્રકાશનમાં પ્રાપ્ત થયો છે તેથી પુસ્તકનું તે એક જમા પાસુ છે.

# બે બોલ

સુજ્ઞ ગુજરાતી ખ્રિસ્તી વાચકો આપની સમક્ષ શ્રી નોર્મન ડંકન લિખિત વિદ્વતાપૂર્ણ પુસ્તક 'જનસામાન્ય માટે બાઈબલની માર્ગદર્શિકા' રજૂ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ તેમજ તે ગુજરાતી ખ્રિસ્તી જન સાધારણને અતિ ધર્મલાભ પમાડનાર અને આત્મિક વૃદ્ધિના પંથે દોરી જનાર બનશે એવો અમારો વિશ્વાસ અને પ્રાર્થના છે જેને પ્રભુ સાકાર કરો.

પુસ્તકના લેખક આ તબક્કે આવશ્યક છે તેઓ ધર્મચુસ્ત આઈરિશ પ્રેસ્બિટેરિયન પ્રણાલીકામાંથી નીવડેલા આત્મિક નેતા, વિચારક અને લેખક છે. આમ ગુર્જર ભૂમિ પ્રત્યે પણ તેઓ અહોભાવ અને પ્રેમયુક્ત લાગણીની દૃષ્ટિથી જુએ છે. તેમ જ ૧૬૦ વર્ષ પૂર્વે આ મંડળીએ સેવાકાર્ય અને સુવાર્તાપ્રચાર મારફતે સ્થાપેલ કાર્ય આગળ વધે અને વિસ્તાર પામે એવી પ્રાર્થના અને ઝંખના તેઓમાં હોય તે સ્વાભાવિક છે. તેઓ **O. M. India** મારફતે ભારતમાં સેવાકાર્ય કરી રહ્યાં હતા. હાલમાં મદ્રાસ ખાતે નિવાસ કરી ખ્રિસ્તી જનસામાન્ય **(Layman)** માટે સંસ્થા દ્વારા સેવાકાર્ય કરી રહ્યાં છે. તેમજ તેઓ પ્રખર વક્તા પણ છે. અને તેઓની વિશિષ્ટ સેવાનું એ પાસું રહ્યું છે કે ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યને વધુ અસરકારક અને સમૃદ્ધ બનાવવું. આ મહાકાર્ય ઓવર સીઝ બોર્ડ આઈરિશ પ્રેસ્બિટેરિયન ચર્ચના નેજા હેઠળ વર્ષોથી કરવામાં આવે છે. ખાસ કરીને આ પુસ્તક પ્રકાશન પાછળ અમારો હેતુ એ છે કે ખ્રિસ્તી જનસામાન્ય કે જેઓ અંગ્રેજી ભાષાના જ્ઞાનના અભાવે કે અન્ય સાધનો કે ઉપકરણોના અભાવે પ્રાપ્ત કરી શકતા નથી તેઓ આ જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી મારીને જ્ઞાન સંપાદન કરે અને અન્ય વ્યક્તિઓ પણ બાઈબલ અભ્યાસ અને ઉપદેશ અને ખ્રિસ્તી સાક્ષી મારફતે ઉત્તેજન અને પડકાર મેળવે.

આ પુસ્તક પ્રથમ દૃષ્ટિએ મનપસંદ પડે તેવું છે. તેથી જ દરેકને આ પુસ્તક આશીર્વાદનું કારણ બની રહેશે. વળી પાળકો, સુવાર્તિકો, ઉપદેશકો અને જનસામાન્ય માટે ઉપયોગી થઈ પડશે, એવી આશા અને પ્રાર્થના છે.

આ પુસ્તકના પ્રકાશનાર્થે આઈરિશ પ્રેસ્બિટેરીયન ચર્ચના ઓવરસીઝ બોર્ડે રૂા.૩૨,૩૨૭=૦૦નું ઉદાર દાન આપ્યું છે તે બદલ રેવ.આર.જે.ટી. મેકમુલન સાહેબ તથા સંસ્થાનો અંતઃકરણના ઊંડાણથી આભારી છીએ તથા અમે તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

રેવ. પ્રકાશ સિંગાડા (સેક્રેટરી)
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

# આમુખ

મારા માટે વિશ્વમાં સૌથી અદ્ભુત પુસ્તક બાઇબલ છે. ઈશ્વરનું વચન કેવો અમૂલ્ય ખજાનો છે! તે જીવંત અને પવિત્ર ઈશ્વર વિશેનું સત્ય છે. જેઓ પોતાના હૃદયમાં અને જીવનમાં ઈશ્વરના વચનના પરિવર્તન કરાવે તેવા સત્યોનું વાચન કરે છે, અભ્યાસ કરે છે અને સ્વીકાર કરે છે તેઓને માટે કેવા આર્શીવાદો આપવાનું વચન (**Promise**) આપવામાં આવ્યું છે.

જ્યારે મને લે-મેન્સ ઈવેન્જલીકલ ફેલોશીપ દ્વારા ઈશ્વરના વચન માટેની મહાન ભૂખ ધરાવતા ખ્રિસ્તી ભાઇ-બહેનો સમક્ષ સંદેશાની શૃંખલા રજૂ કરવા માટે આમંત્રણ મળ્યું ત્યારે તે પડકાર યુક્ત કાર્ય હતું. મને વિશેષ રીતે બાઇબલનું વિહંગાવલોકન અને બાઇબલની સામાન્ય એકસૂત્રતા રજૂ કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. આ વકતવ્યોને ખૂબ ઉત્સાહપૂર્વક સ્વીકારવામાં આવ્યા હતાં અને તેને પુસ્તકના રૂપમાં મૂકવામાં આવે તેવી અનેક શ્રોતાઓ દ્વારા વિનંતી કરવામાં આવી હતી.

આ પુસ્તકમાં તે સંદેશાઓના સારાંશને રજૂ કરવામાં આવ્યો છે. પુસ્તક વધુ ઉપયોગી થઇ શકે માટે તેમાં વિશેષ લેખન સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. બાઇબલના મારા વ્યક્તિગત અભ્યાસમાં અનેક લેખકો કે જેઓએ મારા જીવનને વધુ આશીર્વાદ-સંપન્ન કર્યું છે અને બાઇબલની સમજણ મેળવવામાં મારી સહાય કરી છે તેઓનો હું ઋણી છું. શિક્ષણ આપવાની પદ્ધતિ તરીકે Max Ander's Approach (બાઇબલની સમજણ મેળવવામાં ૩૦ દિવસ) ખૂબ સહાયરૂપ થયું છે. અને મેં તેનો આ પુસ્તકમાં ઉપયોગ કર્યો છે. તે ઉપરાંત આ પુસ્તકની હસ્તપ્રત કોમ્પ્યુટરમાં મૂકવા માટે કેટલાક ભારતીય મિત્રોનો પણ હું આભારી છું. આ પ્રકાશન માટે અને વર્ગ-શિક્ષણ માટે ચાર્ટ અને નકશાઓ તૈયાર કરવામાં પોતાના સમયના અનેક કલાકોનો ભોગ આપનાર મારા સહકાર્યકર જ્યોર્જ ચક્રવર્તીનો હું વિશેષ આભારી છું. આ પુસ્તકનું માળખુ તૈયાર કરવામાં અને યોગ્ય સ્થાનોએ ચાર્ટ અને નકશાઓનો સમાવેશ કરવામાં પોતાની કાર્યક્ષમતાનો ઉપયોગ કરનાર વી. યોહાનનો અને પુસ્તકનું પ્રૂફ વાંચીને યોગ્ય સૂચનો કરનાર મારી પત્ની જોઆનનો પણ હું આભારી છું.

આ પુસ્તક તમને દોરવણી આપવામાં સહાયરૂપ બનશે એ જ મારી પ્રાર્થના છે. બાઇબલની વધુ સમજણ મેળવવામાં અને ઈશ્વર તથા તેમના વચન માટે તમારા પ્રેમમાં વધારો કરવામાં જો આ પુસ્તક તમને સહાયરૂપ બને તો સર્વસ્તુતિ અને મહિમા કેવળ ઈશ્વરને જ આપશો.

*નોર્મન ડંકન*

# ચાર્ટ અને નકશાઓની યાદી

**ચાર્ટ**


૧. નવો કરાર જૂના કરારને પરિપૂર્ણ કરે છે.
૨. જૂના કરારના પુસ્તકોનો ઐતિહાસિક સમયદર્શક ચાર્ટ
૩. જૂના કરારના ઐતિહાસિક પુસ્તકો
૪. ન્યાયાધીશોમાં ઇઝરાયલના અનુભવોનું ચક્ર
૫. ઇઝરાયલ અને યહૂદિયાના રાજાઓ
૬. એઝરા, નહેમ્યા અને એસ્તેરનો કાળાનુક્રમ ચાર્ટ
૭. ઐતિહાસિક અને કાવ્યમય પુસ્તકોની સમય રેખા
૮. ઐતિહાસિક પુસ્તકોના સંબધમાં પ્રબોધકોના પુસ્તકો
૯. યહૂદીઓનો ઇતિહાસ
૧૦. નવા કરારના પુસ્તકોની ઐતિહાસિક સમય રેખા


**નકશાઓ**


A. જૂના કરારમાં પાણીનું બંધારણ
B. જૂના કરારમાં મુખ્ય સ્થળો
C. જૂના કરારના સમુદ્રો, નદીઓ અને મુખ્ય સ્થળો
D. મધ્યપૂર્વના સ્થળો
E. અબ્રાહામની વિશ્વાસ યાત્રા
F. ઈજિપ્ત દેશમાંથી નિર્ગમન
G. યહોશુઆની ત્રણ છાવણીઓ
H. બાર કુળો મધ્યે વિભાજીત થએલો વિસ્તાર
I. પ્રબોધકોના પુસ્તકોનું ભૂવર્ણન
J. પેલેસ્ટાઇન - પાણીનું બંધારણ
K. પેલેસ્ટાઇન - સ્થળો
L. પ્રેષિતોનાં કાર્યોની ભૂગોળ
M. પાઉલની પ્રથમ મિશનરી મુસાફરી
N. પાઉલની બીજી મિશનરી મુસાફરી
O. પાઉલની ત્રીજી મિશનરી મુસાફરી
P. રોમમાં પાઉલની મુસાફરી
Q. પાણીનું બંધારણ અને જૂના કરારના મુખ્ય સ્થળો

# પ્રસ્તાવના

## બાઈબલ શું છે?

"બાઈબલ" શબ્દ મૂળભૂત રીતે ગ્રીક ભાષાના "બિબલોસ", "બિબલિયા" શબ્દ પરથી ઊતરી આવે છે જેનો અર્થ પુસ્તક/પુસ્તકો થાય છે. બાઈબલ "પુસ્તકો" નો સમુહ અથવા લાઈબ્રેરી છે અથવા અનેક લેખકો દ્વારા આલેખન થયેલા ગ્રંથોની શૃંખલા છે. વાસ્તવિક રીતે જોઈએ તો બાઈબલ બીજા અન્ય પુસ્તક જેવું પુસ્તક નથી. તેથી તમે અન્ય પુસ્તકનું વાંચન કરો તે રીતે બાઈબલનું વાંચન કરી શકતા નથી.

જો કોઈપણ વ્યક્તિ બાઈબલથી પરિચિત નથી તો તેની કેળવણી સંપૂર્ણ થએલી નથી. જો કોઈ ખ્રિસ્તી આગેવાને બાઈબલનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો નથી તો તે ઈશ્વરની ધર્મસેવામાં જવાબદારીના સ્થાન કે હોદ્દા માટે સાચા અર્થમાં લાયક નથી. જો કોઈ પૂર્ણ સમયી ખ્રિસ્તી કાર્યકર બાઈબલનું સારું જ્ઞાન ધરાવતો નથી તો તે ઈશ્વરની સેવામાં સંપૂર્ણપણે અસરકારક થઈ શકતો નથી.

અન્ય ધર્મો જેવા કે હિન્દુ, બૌધ્ય અને ઈસ્લામ પાસે તેઓના ધર્મગ્રંથો છે. પરંતુ બાઈબલ એક જ અજોડ પુસ્તક છે. તેના કારણો નીચે મુજબ છે.

**૧.બાઈબલમાં ચોક્કસ અજોડ ગુણવત્તા છે-"ઈશ્વર પ્રેરિત"**

બાઈબલના લેખનને "પવિત્રશાસ્ત્ર", "ધર્મશાસ્ત્ર" (૨તિમોથી ૩:૧૫) કહેવામાં આવે છે. સંત પિતરે જાહેર કર્યું છે, "પવિત્ર લેખમાંનું કોઈ પણ ભવિષ્યવચન મનુષ્ય પ્રેરિત નથી. કેમ કે ભવિષ્યવચન માણસની ઇચ્છા પ્રમાણે કદી આવ્યું નથી; પણ પવિત્ર આત્માની પ્રેરણાથી માણસો ઈશ્વરનાં વચન બોલ્યાં." (૨ પિતર ૧:૨૦,૨૧) સંત પાઉલે પણ ખાતરી આપતાં કહ્યું છે, "દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે; જેથી ઈશ્વરનો ભક્ત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને માટે તૈયાર થાય." (૨ તિમોથી ૩:૧૬,૧૭). બાઈબલના આલેખનો સાચે જ "ઈશ્વર પ્રેરિત" છે અને બીજા સર્વ સાહિત્ય કરતાં જુદી જ રીતે ઈશ્વરની પ્રેરણા પામેલાં છે. આ પ્રકારનો દાવો બીજા કોઈપણ પુસ્તક માટે કરવામાં આવ્યો નથી. ઈશ્વર પ્રેરિત એટલે પવિત્રશાસ્ત્રનું લેખન કરનાર માનવી લેખકો ઉપર ઈશ્વરે પોતાના પ્રભાવનું કરેલું નિયંત્રણ. માનવી લેખકોના વિચારો અને તેમની કલમ ઉપર દિવ્ય સામર્થ્યનું પ્રભુત્વ હતું જેથી તેઓના મૂળભૂત લેખનમાં તેઓએ નોંધેલા શબ્દો અને વિચારો ક્ષતિરહિત

હતા. ઈશ્વરે તેઓને શ્રુત લેખન કરાવ્યું નહોતું. પરંતુ પવિત્ર આત્માના નિયંત્રણ હેઠળ માણસોએ પોતાની શૈલી અને શબ્દોમાં ઈશ્વરના સંદેશનું લેખન કર્યું હતું.

**૨. બાઈબલ ઈશ્વરનું પ્રકટીકરણ છે.**

બાઈબલ માનવી સમક્ષ ઈશ્વરની પ્રગટ કરેલી ઈચ્છા છે. બાઈબલ બે પ્રકારના પ્રકટીકરણનું વર્ણન કરે છે : સામાન્ય રીતે તેને પ્રાકૃતિક અને વિશેષ પ્રકટીકરણ કહેવામાં આવે છે. પ્રાકૃતિક પ્રકટીકરણમાં ઈશ્વરે પોતાની સર્જન કરેલી પ્રકૃતિ દ્વારા પોતાના વિશેનું સત્ય માનવજાત સમક્ષ પ્રગટ કરેલું હતું. (ગીતશાસ્ત્ર ૧૯;૧ રોમન ૧:૨૦) આ પ્રાકૃતિક પ્રકટીકરણ ઉપરાંત ઈશ્વરે દરેક માનવીના અંતઃકરણમાં પણ પોતાના અસ્તિત્વના જ્ઞાનનું આરોપણ કર્યું છે. પરંતુ અફસોસની વાત તો એ છે કે ઘણા લોકોએ અન્યાયીપણામાં આ સત્યને દાબી નાખવાની પસંદગી કરી છે. (રોમન ૧:૧૮).

વિશેષ પ્રકટીકરણમાં ઈશ્વરે પોતાની ઓળખ ખૂબ જ સ્પષ્ટ રીતે બાઈબલમાં આપી છે અને તે માનવજાત માટે ઈશ્વરના ઉદ્ધારની યોજના તથા ઈસુ ખ્રિસ્તમાં તેમના હેતુઓને પ્રગટ કરે છે. બાઈબલનું કેન્દ્રસ્થાન માનવજાતના ઉદ્ધારક ઈસુ ખ્રિસ્ત છે. (હિબ્રૂ ૧:૧-૩). તે ઉપરાંત ઈશ્વરે કેટલીક વખત જેઓ વાંચન કરી શકતા નથી તેઓ સમક્ષ વિશેષ રીતે સ્વપ્નો, સંદર્શનો તથા દૂતો દ્વારા પોતાના વિશેનું જ્ઞાન પ્રગટ કર્યું હતું.

આ કારણને લીધે જ બાઈબલનું વાંચન કરનાર અને તેનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને વિશેષ કેળવણીની આવશ્યકતા છે. બાઈબલનું લેખન કરનાર વ્યક્તિઓને જે પવિત્ર આત્માએ પ્રેરણા આપી હતી તે જ આત્માએ બાઈબલની સમજણ મેળવવા આપણા મનોને પ્રકાશિત કરવાની આવશ્યક્તા છે. બાઈબલ ઈશ્વરનું પ્રકટીકરણ છે. અને ઈશ્વર તરફથી તે આપવામાં આવ્યું છે. ઈશ્વરે જે પ્રગટ કર્યું છે તેની સમજણ કોઈપણ વ્યક્તિ પોતાની બુદ્ધિ કે જ્ઞાનથી મેળવી શકતી નથી. તમે સારી કેળવણી પામ્યા છો તેવું સંભવિત છે. તેમ છતાં જો ઈશ્વરના પવિત્ર આત્મા દ્વારા તમારા મનને પ્રકાશિત કરવામાં ન આવે તો બાઈબલમાં પ્રગટ કરવામાં આવી છે તે ઈશ્વરની ઈચ્છાની તમે સંપૂર્ણ સમજણ મેળવી શકતા નથી. "સાંસારિક માણસ ઈશ્વરના આત્માની વાતોનો સ્વીકાર કરતું નથી; કેમ કે તે વાતો તેને મૂર્ખતા જેવી લાગે છે; અને તેઓ આધ્યાત્મિક રીતે સમજાય છે, માટે તે તેમને સમજી શકાતું નથી. પણ જે જન આધ્યાત્મિક છે તે સર્વને પારખે છે, પણ પોતે કોઈથી પરખાતો નથી." (૧ કરિંથી ૨:૧૪,૧૫)

માથ્થી ૧૧:૨૫ પણ જુઓ અને યશાયા ૨૯:૧૧-૧૪ સાથે સરખાવો.

વિલ્યમ ઈવાન્સે સાચું જ કહ્યું છે, "જ્ઞાનસભર સેવા તત્ત્વચિંતક કરતાં પોતાના ઘૂંટણો ઉપર નમેલો સંત (ખ્રિસ્તી વિશ્વાસી) ઘણે દૂર સુધી જોઇ શકે છે." જેઓ "હૃદયમાં શુદ્ધ છે" તેઓ ઈશ્વરને જોઇ શકે છે. ડી.એલ.મૂડીના બાઇબલના શરૂઆતના પૃષ્ઠ ઉપર આ શબ્દો લખવામાં આવ્યા હતા. "પાપ તમને આ પુસ્તકથી દૂર રાખશે અથવા આ પુસ્તક તમને પાપથી દૂર રાખશે." નવા જન્મનો અનુભવ નહિ પામેલો વ્યક્તિ સાચા અર્થમાં બાઇબલનું શિક્ષણ આપી શકતો નથી. અથવા તેની સમજણ મેળવી શકતો નથી. આધ્યાત્મિક આંતરસૂજ દ્વારા સત્યની સમજણ મેળવી શકાય છે. આ હકીકત વિશે સંત પાઉલે ૧ કરિંથીના બીજા અધ્યાયમાં દલીલ કરી છે. તેમણે યશાયા પ્રબોધકના કથનનો ઉલ્લેખ કલમ ૯માં કર્યો છે. અને ત્યાર પછી જણાવ્યું છે. "તે તો ઈશ્વરે આત્માથી આપણને પ્રગટ કર્યા છે......જગતનો આત્મા નહિ પણ ઈશ્વરે પોતાનો આત્મા આપણને આપ્યો છે. જેથી આપણે ઈશ્વરનાં અજાયબ અને વિનામૂલ્યે પ્રાપ્ત થયેલ કૃપાદાનો તથા આશિષો વિશે સમજી શકીએ." (૧ કરિંથી ૨:૧૦-૧૨)

જો તમે ટેલિસ્કોપનો ઉપયોગ કરીને જુઓ તો ચંદ્ર ઉપર જે વસ્તુઓને તમે નરી આંખે જોઇ શકતા નથી, તે તમે જોઇ શકો છો. આ વસ્તુઓ તો હંમેશાં ત્યાં જ હતી પરંતુ તમારી દૃષ્ટિને ટેલિસ્કોપની મદદ આપ્યા વિના તમે તેઓને જોઇ શકતા નથી. તેવી જ રીતે પવિત્ર આત્માની મદદ વિના તમે આત્મિક દૃષ્ટિ રાખી શકતા નથી. અને ઈશ્વરના વચનના સત્યોને સમજી શકતા નથી. પવિત્ર આત્મા એકલા જ સત્યને પ્રગટ કરી શકે છે. આપણી સ્વાભાવિક સમજણ અંધકારમય બની ગઇ છે. (એફેસી ૪:૧૮) આંખો તેમ જ મન અંધકારથી ભરેલાં છે. (૨ કરિંથી ૪:૪) ઈશ્વરના આત્મા દ્વારા આપણાં અંતર ચક્ષુઓને અવશ્યપણે પ્રકાશિત કરવાં જોઇએ. (એફેસી ૧:૧૭,૧૮).

અલબત્ત, આપણે થોડી કેળવણી મેળવીએ તે વાત નથી. ઈશ્વરે આપણને વિચારશક્તિ આપી છે. અને આપણે તેનો ઉપયોગ કરવો જોઈએ. આપણે નવી હકીકતો અને જ્ઞાન મેળવીએ છીએ ત્યારે તે વાતોની સમજણ મેળવવા આપણે પોતાની વિચારશક્તિનો સંપૂર્ણપણે ઉપયોગ કરવો જોઇએ. તમે જેમ જેમ તેની સમજણ મેળવવા વધારે પરિશ્રમ કરશો તેમ તેમ વધુ જ્ઞાન સંપાદન કરશો અને તેના વધુ લાભાલાભ અને આશીર્વાદ મેળવશો. તેથી આવો, આપણે બાઇબલનો કાળજીપૂર્વક અભ્યાસ કરીએ.

# ૧. સમગ્ર બાઈબલ તરફ એક નજર

પ્રથમ દુનિયાના નકશાના માધ્યમ દ્વારા વિશ્વની ભૂગોળનો અભ્યાસ કરવો એ જ શ્રેષ્ઠ માર્ગ છે. ત્યાર પછી તમે વિશ્વના ખંડો અને દેશો વચ્ચે રહેલા અંતરને જોઇ શકો છો. વિશ્વના કેટલા ભાગમાં જમીન અને કેટલા ભાગમાં પાણી છે તે તમે જોઇ શકો છો. આ પ્રમાણેની સામાન્ય માહિતી પ્રાપ્ત કર્યા પછી જ તમે કોઈપણ દેશનો વધુ સારી રીતે અભ્યાસ કરી શકો. અને વધુ કાળજીપૂર્વકના અભ્યાસમાં આગળ વધી શકો છો.

કોઈપણ મુસાફર ચેન્નાઇ જેવા મહાનગરને કઇ શ્રેષ્ઠ રીતે જોઇ શકે છે? જો કોઇપણ મુસાફર વિમાન દ્વારા આ શહેરમાં આવે અને વિમાનનો પાઇલોટ શહેરની ઓળખ કરી આપે તો મુસાફરને શહેરનો સામાન્ય ખ્યાલ આવી શકે. આ સામાન્ય ખ્યાલમાં તેને શહેરની રૂપરેખા એટલે તેના મુખ્ય રસ્તાઓ, નદીઓ, બગીચાઓ, મકાનો વગેરે જોવા મળે. ત્યાર પછી વિમાન એરપોર્ટ ઉપર ઊતરવામાં આવે છે. પછી મુસાફર ટેક્સીમાં બેસીને શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર આમથી તેમ સફર શરૂ કરે છે. તે પછી મુસાફર મુખ્ય અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા મકાનોની, રસિક સ્થળોની અને શક્ય હોય તો કેટલાએક પ્રભાવશાળી લોકોની મુલાકાત કરે. તે પછી મુસાફર બજારોમાં અને જાહેર સ્થળોમાં લોકોના ટોળામાં ભળી જશે. બાઇબલ અભ્યાસમાં આપણે આવી જ રીતે આગળ વધીશું. જ્યારે આપણે બાઇબલ પાસે આવીએ છીએ ત્યારે આપણે પ્રથમ સમગ્ર બાઇબલ તરફ દૃષ્ટિ કરીશું. તે પછી તેના મુખ્ય વિભાગો અને તે પછી તેના પુસ્તકો, તેના અધ્યાયો, તેમાં દર્શાવેલી વ્યક્તિઓ અને તેના શિક્ષણને જોઇશું. તમારા હાથમાં "આગેવાનોની માર્ગદર્શિકા" છે. તેમાં તમને બાઇબલના મુખ્ય ભાગોનો તથા પુસ્તકોનો અને સમગ્ર બાઇબલનો પરિચય કરાવવામાં આવ્યો છે.

સમગ્ર બાઇબલ ૬૬ પુસ્તકોનું બનેલું છે. આ તો "પુસ્તકોની નાની લાઇબ્રેરી" સમાન છે. આ પુસ્તકોને બે મુખ્ય વિભાગોમાં વિભાજીત કરવામાં આવે છે. અંગ્રેજી શબ્દ "ટેસ્ટામેન્ટ" નો અર્થ "કવેનન્ટ" (કરાર) થાય છે. જૂનો કરાર હિબ્રૂ શાસ્ત્રોમાં ઈશ્વર અને ઇઝરાયલી લોકો વચ્ચે કરાર કરવામાં આવ્યો હતો. જૂના કરારમાં ૩૯ પુસ્તકો છે અને નવા

કરારમાં ૨૭ પુસ્તકો છે. જૂનો કરાર અને નવો કરાર બંનેમાં એક સૂત્રતા છે. જૂના કરારમાં નવા કરારનું વચન જોવા મળે છે. ઈઝરાયલી લોકોએ કરારનું ખંડન કર્યું હતું. તે કારણને લીધે ઈશ્વરે નવો કરાર કરવાનું વચન આપ્યું હતું. (યર્મિયા ૩૧:૩૧-૩૪). નવા કરારનો સંદેશો જૂના કરારના વચનની પરિપૂર્ણતા છે. હિબ્રૂઓનો લેખક આ વાતની સ્પષ્ટતા વિશેષે કરીને અધ્યાય ૮-૧૦માં રજૂ કરે છે.

# ૨. બાઈબલનું માળખું કે બંધારણ

"આ પ્રકારના ઈશ્વર અસ્તિત્વ ધરાવે છે. તે વિશે મેં કદી જ જાણ્યું નહોતું." આ કથન ઉચ્ચારનાર વ્યક્તિનો જન્મ સમાજમાં ઉચ્ચ વર્ગના લોકો દ્વારા જેઓને ધિક્કારવામાં આવે છે. અને જેઓનું શોષણ કરવામાં આવે છે. તેવા ભારતના નીચલા વર્ગના લોકોમાં થયો હતો. તેણે પોતાનું તથા પોતાના સમાજનું શોષણ કરનારા લોકો સામે પોતાની પીઠ ફેરવવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો. તેથી તેણે પોતાની કેળવણી માટે ખૂબ પરિશ્રમ કર્યો, પોતાના અભ્યાસમાં તનતોડ મહેનત કરી અને કોલેજમાં દાખલ થઈને સમ્યવાદના ક્રાન્તિકારી વિચારો માટે પોતાનું સ્વાર્પણ કર્યું.

કોલેજના સમય દરમિયાન કોઈક ખ્રિસ્તી વિદ્યાર્થીઓ દ્વારા તેને બાઈબલ આપવામાં આવ્યું. અને તેણે સહજ રીતે તેનું વાંચન કર્યું. તેણે જોયું તો જૂના કરારમાં ઈશ્વરે જુલમ કરનારાઓની વિરુદ્ધમાં દરિદ્રીઓના પક્ષે સતત હિમાયત કરી હતી. ઈશ્વર સામાન્ય લોકોના દૈનિક જીવનની કાળજી રાખતા હતાં. તેથી તેમણે શ્રીમંત અને સત્તાધારી લોકો દ્વારા જેઓ ઉપર જુલમ કરવામાં આવે છે. તેઓની સલામતી અને તેઓના રક્ષણ માટે નિયમો બનાવ્યા હતાં. ઈશ્વર ન્યાયી છે અને તેમના સર્જન કરેલા લોકો મધ્યે ન્યાયની અપેક્ષા રાખે છે.

ભારતીય યુનિર્વસીટીમાં કેમેસ્ટ્રીનું શિક્ષણ આપનાર પ્રોફેસરે કહ્યું, "આ પ્રકારના ઈશ્વર અસ્તિત્વ ધરાવે છે. તે વિશે મેં કદી જ જાણ્યું નહોતું." તેમણે બાઈબલનું વાચન કરવાનું રાખ્યું તો તેમણે જોયું કે ઈશ્વર ક્ષમા આપે છે. તે ક્રોધ કરવામાં ધીમા અને પ્રેમ તથા વિશ્વાસુપણુ દર્શાવવામાં અસિમિત છે. આ હકીકત સ્વીકારવી તેમને માટે અઘરી હતી. "ન્યાયી અને પવિત્ર એવા ઈશ્વર તરફ હું આકર્ષાયો હતો. પરંતુ પ્રેમ કરનાર ઈશ્વરથી હું દૂર જવા પ્રયત્ન કરતો હતો." તેમ છતાં પ્રેમ કરનાર ઈશ્વરે તેમને દૂર જવા દીધા નહિ. ખ્રિસ્તી મિત્રોએ તેમને સમજાવતાં વધુમાં કહ્યું કે નવા કરારમાં ઈસુ ખ્રિસ્ત મારફતે આપણી સમક્ષ ઈશ્વરના પ્રેમનું વધુ નિદર્શન કરવામાં આવ્યું છે. તેમણે પોતાના પાપોની કબૂલાત કરી અને જૂના કરારના પૃષ્ટો ઉપર તેમણે મેળાપ કરેલા ઈશ્વરના પ્રેમનો પોતે સ્વીકાર કર્યો. જૂના કરારની સમજણ મેળવવા માટે તેમને નવા કરારની આવશ્યકતા હતી.

*બાઈબલ - જૂનો કરાર અને નવો કરાર એમ બંને વિભાગોનું એક પુસ્તક છે.*
*જૂનો કરાર નવા કરાર માટે માર્ગ તૈયાર કરે છે.*
*નવો કરાર જૂના કરારને સંપૂર્ણ કરે છે.*
*નવા કરારનો ખુલાસો આપવા આપણને જૂના કરારની આવશ્યકતા છે.*
*જૂના કરારમાં આરંભ કરેલી વાતને પરિપૂર્ણ કરવા આપણને નવા કરારની આવશ્યકતા છે.*

(નીચે દર્શાવેલો ચાર્ટ જૂઓ)

**ચાર્ટ-૧**




**ચાર્ટમાં દર્શાવ્યા પ્રમાણે નવો કરાર જૂના કરારને પરિપૂર્ણ કરે છે.**

બાઈબલના પુસ્તકોને સંજોગોવસાત એક સાથે ગોઠવવામાં આવ્યા નથી તેની ઓળખ મેળવવી મહત્ત્વની છે. બાઈબલનું માળખું કે બંધારણ છે. જો તમે શિલ્પકળા વિશે શીખવાની ઈચ્છા રાખો છો તો તમારે મકાનોનું બાંધકામ કેવી રીતે કરવામાં આવે છે તે પ્રથમ શીખવું જોઈએ. જો તમે મિકેનિકલ એન્જિનિયર થવાની ઈચ્છા રાખો છો તો તમારે મશીનો કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેનું શિક્ષણ મેળવવું આવશ્યક છે. જો તમે બાઈબલ શીખવાની ઈચ્છા રાખો છો તો તમારે બાઈબલને કેવી રીતે તૈયાર કરવામાં આવ્યું તેનું શિક્ષણ પ્રથમ મેળવવું જરૂરી છે.

જૂનો કરાર હિબ્રૂ ભાષામાં આલેખવામાં આવ્યો છે. તેની શરૂઆત ઈશ્વરના સર્જનના કાર્યથી થાય છે. તેમાં માનવીનું પતન, મહાપૂર દ્વારા ઈશ્વરનું ન્યાયશાસન અને યહૂદી લોકોના વિખેરાઈ જવા વિશે લખવામાં આવ્યું છે. અને ઈસુ ખ્રિસ્તના સમય સુધી યહૂદી લોકોની વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

નવા કરારમાં ખ્રિસ્તી શાસ્ત્રોનો સમાવેશ છે. તેમાં ઈસુ ખ્રિસ્તના જન્મ વિશે તથા આ પૃથ્વીં ઉપર તેમના જીવનની તથા ધર્મસેવાની અને તેમના મરણ તથા ઉત્થાનની પરમસીમાની નોંધ કરવામાં આવી છે. તે પછી

તેમના શિષ્યોની ધર્મસેવા તેમ જ શુભસંદેશનો ફેલાવો કરવામાં આવ્યો તેનો ઉલ્લેખ થયો છે.

## જૂના કરારના પુસ્તકો

| | | |
|---|---|---|
| ઉત્પત્તિ | ૨ કાળવૃત્તાંત | દાનિયેલ |
| નિર્ગમન | એઝરા | હોશિયા |
| લેવીય | નહેમ્યા | યોએલ |
| ગણના | એસ્તેર | આમોસ |
| પુનર્નિયમ | અયૂબ | ઓબાદ્યા |
| યહોશુઆ | ગીતશાસ્ત્ર | યૂના |
| ન્યાયાધીશો | નીતિવચનો | મિખા |
| રૂથ | સભાશિક્ષક | નાહૂમ |
| ૧ શમૂએલ | ગીતોનું ગીત | હબાકુક |
| ૨ શમૂએલ | યશાયા | સફાન્યા |
| ૧ રાજાઓ | યર્મિયા | હાગ્ગાય |
| ૨ રાજાઓ | યર્મિયાનો વિલાપ | ઝખાર્યા |
| ૧ કાળવૃત્તાંત | હઝકિયેલ | માલાખી |

## નવા કરારનાં પુસ્તકો

| | | |
|---|---|---|
| માથ્થી | ૧ થેસ્સાલોનિકીઓને પત્ર | ૩ યોહાન |
| માર્ક | ૨ થેસ્સાલોનિકીઓને પત્ર | યહૂદા |
| લૂક | ૧ તિમોથી | પ્રકટીકરણ |
| યોહાન | ૨ તિમોથી | |
| પ્રેષિતોનાં કાર્યો | તિતસને પત્ર | |
| રોમનોને પત્ર | ફિલેમોનને પત્ર | |
| ૧ કરિંથી | હિબ્રૂઓને પત્ર | |
| ૨ કરિંથી | યાકોબનો પત્ર | |
| ગલાતીઓને પત્ર | ૧ પિતર | |
| એફેસીઓને પત્ર | ૨ પિતર | |
| ફિલિપીઓને પત્ર | ૧ યોહાન | |
| કલોસીઓને પત્ર | ૨ યોહાન | |

**સારાંશ**

*જૂના કરારમાં ૩૯ પુસ્તકો છે.*
*નવા કરારમાં ૨૭ પુસ્તકો છે.*
*સમગ્ર બાઈબલમાં ૬૬ પુસ્તકો છે.*

## કલમો (References)

બાઈબલમાંથી જો તમે કાંઈક શોધવાની ઈચ્છા રાખો છો તો કલમોની વ્યવસ્થા તમને સહાયરૂપ છે. બાઈબલના પુસ્તકોની લાઈબ્રેરીમાં ૬૬ પુસ્તકો છે. આપણે જોઈ ગયા તે પ્રમાણે દરેક પુસ્તકનું નામ છે. દરેક પુસ્તકને અધ્યાયોમાં વિભાજીત કરવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે ઉત્પત્તિના પુસ્તકમાં ૫૦ અધ્યાયો છે. તે પછી દરેક અધ્યાયને સંખ્યા દર્શાવેલી કલમોમાં વિભાજીત કરવામાં આવ્યું છે. જો તમે કોઈક પુસ્તક અથવા મેગેઝીનમાં ઉત્પત્તિ ૧:૨૬નો ઉલ્લેખ જુઓ તો તેનો અર્થ એ થાય કે બાઈબલની આ કલમ તમને ઉત્પત્તિના પુસ્તકના પહેલા અધ્યાયની છવ્વીસમી કલમમાં જોવા મળે છે. અધ્યાયની સંખ્યા પછી વિરામ ચિહ્ન (:) જોવા મળે છે.

કલમને ફરીથી જુઓ :

| | | | |
|---|---|---|---|
| ઉત્પત્તિ ૧:૨૬ = | ઉત્પત્તિ | ૧: | ૨૬ |
| | (પુસ્તક) | (અધ્યાય) | (કલમ) |

તેથી જ્યારે તમે પુનર્નિયમ ૩૧:૬ જેવી કલમ (References) ને જુઓ ત્યારે તમે પ્રથમ પુનર્નિયમનું પુસ્તક શોધી કાઢશો. ત્યાર પછી એકત્રીસમો અધ્યાય અને તે પછી કલમ ૬ તરફ જોશો. બાઈબલનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ અને સર્વ પ્રામાણિક વાચકો માટે બાઈબલના પુસ્તકોના ક્રમની સૂચિ મુખપાઠ કરવી સહાયરૂપ બની છે. ત્યાર પછી પુનર્નિયમ જેવા વિશેષ પુસ્તકને શોધવું સરળ બને છે. તેના વિકલ્પમાં તમે બાઈબલના પ્રારંભમાં દર્શાવેલી અનુક્રમણિકા જોઈ શકો છો.

બાઈબલના પુસ્તકોની ક્રમવાર સૂચિ તમે મુખપાઠ કરો તેવું હું તમને ઉત્તેજન આપું છું. બાઈબલની બધી જ કલમો સંક્ષિપ્તમાં જ લખવામાં આવે છે. ઉત. ૧:૨૬; પુન. ૩૧:૬.

# ૩. ખ્રિસ્ત બાઈબલને એકરૂપ કરતો વિષય છે.

જૂનો કરાર ઈસુ ખ્રિસ્તના આગમનની તૈયારી કરે છે. અને તેમના આગમન માટે પ્રતીક અને ભવિષ્યવચન રૂપે બંને દ્વારા જાહેરાત કરે છે. સુવાર્તાઓ તેમને જગતના તારનાર - આપણો ઉદ્ધાર કરવા માનવદેહ ધારણ કરેલા ઈશ્વર - તરીકે રજૂ કરે છે. ઈસુના પ્રારંભના શિષ્યોએ તેમને તારનાર અને પ્રભુ તરીકે જાહેર કર્યા તે વાતને પ્રેષિતોના કાર્યોમાં આગળ દર્શાવવામાં આવી છે. આ રીતે ઈસુના શુભસંદેશનો પ્રસાર સમગ્ર જગતમાં થયો હતો. આપણો ઉદ્ધાર અને બચાવ કરવાના તેમના કાર્યનો ખુલાસો અને સમજણ પ્રેષિતોએ આપી હતી. પ્રકટીકરણનું પુસ્તક ઈસુ ખ્રિસ્તને ઈશ્વરના સર્વ હેતુ અને યોજનાઓના લક્ષ્યાંક અને પરમસીમાને પરિપૂર્ણ કરનાર તરીકે પ્રગટ કરે છે. માનવી સમક્ષ પોતાનું પ્રકટીકરણ કરનાર ઈશ્વર ઉત્પત્તિ ૩:૧૫ પ્રમાણે "સ્ત્રીના સંતાન" તરીકે આવનાર હતા ત્યાંથી લઈને તે "આલ્ફા તથા ઓમેગા" (પ્રકટી. ૨૨:૧૩) છે અને ખ્રિસ્ત આદિ તથા અંત, પ્રથમ તથા છેલ્લા છે.

## ખ્રિસ્ત સમગ્ર બાઈબલની ચાવીરૂપ

| જૂનો કરાર | નવો કરાર |
|---|---|
| મંડળી માટે ખ્રિસ્ત અને ખ્રિસ્ત માટે મંડળીની પૂર્વ તૈયારી | મંડળી સમક્ષ ખ્રિસ્તનું પ્રકટીકરણ અને મંડળી દ્વારા જગત સમક્ષ |

નવા કરારના સમય દરમિયાન રોમન સામ્રાજ્ય એક પ્રભાવશાળી રાજકીય સત્તા હતી. જેમ કહેવામાં આવે છે, "સર્વ રસ્તાઓ રોમ તરફ દોરી જાય છે." તેમ સમગ્ર બાઈબલ ખ્રિસ્ત તરફ દોરી જાય છે. જો ખ્રિસ્તનું આગમન થવાનું ના હોત તો જૂના કરારનું આલેખન પણ શક્ય નહોતું. જો તેમનું આગમન થયું ના હોત તો નવા કરારના લેખનની પણ શકયતા નહોતી.

| જૂનો કરાર | સુવાર્તાઓ | પત્રો અને પ્રકટીકરણ |
|---|---|---|
| માનવદેહ ધારણ કર્યા અગાઉનો સમય (ખ્રિસ્તના આગમન અગાઉ) | માનવદેહધારી સમય (આ પૃથ્વી પર ખ્રિસ્તનો સમય) | માનવદેહ ધારણ કર્યા પછીનો સમય (ખ્રિસ્તના પુનરુત્થાન પછી) |

**ખ્રિસ્ત** બાઈબલનાં પ્રારંભમાં, મધ્યમાં અને અંતમાં જોવા મળે છે.

# જૂનો કરાર

# ૪. વિહંગાવલોકન

જૂનો કરાર ઈશ્વર તથા હિબ્રૂ લોકો અને તેઓના કવિઓ તથા પ્રબોધકોની વાત છે. જૂના કરારની સમજણ મેળવવા અહીં આ ચાવી છે. જૂના કરારના ૩૯ પુસ્તકોમાં ત્રણ જુદા જુદા પ્રકારના પુસ્તકો છે : ઐતિહાસિક પુસ્તકો, કાવ્યમય પુસ્તકો અને ભવિષ્યકથનના પુસ્તકો.

તમે ક્યા પ્રકારના પુસ્તકનું વાંચન કરો છો તેના ઉપરથી તમને કેવા પ્રકારની માહિતી પ્રાપ્ત થઈ શકે તે તમે જાણી શકો છો. આ હકીકત આપણને જૂના કરારનું માળખું કે બંધારણ સમજવામાં સહાયરૂપ બને છે.

**જૂના કરારમાં :**

પ્રથમ ૧૭ પુસ્તકો ઐતિહાસિક પુસ્તકો છે.

તે પછી ૫ પુસ્તકો કાવ્યમય પુસ્તકો છે.

અને તે પછી ૧૭ પુસ્તકો ભવિષ્યકથનના પુસ્તકો છે. જૂના કરારના પુસ્તકો ચાર્ટ પ્રમાણે આ રીતે વિભાજીત કરી શકાય.

**જૂના કરારમાં ત્રણ પ્રકારના પુસ્તકો છે.**

| **ઐતિહાસિક** | **કાવ્યમય** | **ભવિષ્યકથન** |
|---|---|---|
| ઉત્પત્તિ | અયૂબ | યશાયા |
| નિર્ગમન | ગીતશાસ્ત્ર | યર્મિયા |
| લેવીય | નીતિવચનો | યર્મિયાનો વિલાપ |
| ગણના | સભાશિક્ષક | હઝકિયેલ |
| પુનર્નિયમ | ગીતોનું ગીત | હોશિયા |
| યહોશુઆ | | યોએલ |
| ન્યાયાધીશ | | આમોસ |
| રૂથ | | ઓબાદ્યા |
| ૧ શમૂએલ | | યૂના |
| ૨ શમૂએલ | | મિખા |
| ૧ રાજાઓ | | નાહૂમ |
| ૨ રાજાઓ | | હબાકૂક |
| ૧ કાળવૃત્તાંત | | સફાન્યા |
| ૨ કાળવૃત્તાંત | | હાગ્ગાય |
| એઝરા | | ઝખાર્યા |
| નહેમ્યા | | માલાખી |
| એસ્તેર | | |

જો તમે આ સૃષ્ટિની તથા હિબ્રૂ પ્રજા વિશે વાંચવાની ઇચ્છા રાખો છો તો જૂના કરારના પ્રથમ ૧૭ પુસ્તકોનું તમારે વાંચન કરવું જોઇએ. આ ઐતિહાસિક પુસ્તકો છે અને તેઓ ઈઝરાયલના સમગ્ર ઈતિહાસને એટલે તેના પ્રારંભથી લઇને માલાખી સુધીના સમયનું વર્ણન કરે છે. આ સત્તર ઐતિહાસિક પુસ્તકો રાષ્ટ્રીય કે પ્રજાકીય છે.

જો તમે ઈઝરાયલના કાવ્યો વાંચવાની ઇચ્છા રાખો છો તો જૂના કરારના હવે પછીના પાંચ પુસ્તકોનું તમારે વાંચન કરવું જોઇએ. કાવ્યમય પુસ્તકો વ્યક્તિગત અને અનુભવ સાથે સંબંધિત છે. ઈશ્વર સાથેના યોગ્ય સંબંધ ઉપર તે ધ્યાન કેન્દ્રિત કરે છે.

જો તમે જૂના કરારમાં ભવિષ્ય કથનો સંબંધી વાંચવાની ઇચ્છા રાખો છો, તો જૂના કરારના બાકીના ૧૭ પુસ્તકોનું તમારે વાંચન કરવું જોઇએ.

આ એક સામાન્ય વર્ગીકરણ છે અને કોઇક રીતે તેની સરળ રજૂઆત છે. ઐતિહાસિક પુસ્તકોમાં અને ભવિષ્યકથનોના પુસ્તકોમાં કાવ્યો જોવા મળે છે અને ભવિષ્યકથનોના પુસ્તકો ઈતિહાસની ઝાંખી પણ કરાવે છે. તેમ છતાં સામાન્ય રીતે કહીએ તો દરેક પુસ્તક આ ત્રણ જૂથોમાંથી એક જૂથમાં સ્થાન ધરાવે છે.

આ હકીકત નીચે દર્શાવેલ ચાર્ટ : ૨ માં મૂકી શકાય.

નીચે દર્શાવેલા ચાર્ટની ચાવી ઐતિહાસિક પુસ્તકો છે. ૧૭ ઐતિહાસિક પુસ્તકોમાંથી ૧૧ પુસ્તકો ઈઝરાયલનો ઈતિહાસ વર્ણવે છે. અન્ય ૬ ઐતિહાસિક પુસ્તકો ગૌણ છે. એટલે કે તેઓને મુખ્ય ઐતિહાસિક સમયમાં ગોઠવી શકાય છે. જેમ કે લેવીય અને પુનર્નિયમના પુસ્તકો નિર્ગમન-ગણનાના ઐતિહાસિક સમયમાં ગોઠવી શકાય છે. રૂથની વાત ન્યાયાધીશોના સમયમાં બની હતી, ૧ કાળવૃત્તાંતની વાત ૨ શમૂએલના સમય દરમિયાન અને ૨ કાળવૃત્તાંતની વાત ૧ અને ૨ રાજાઓના સમય દરમિયાન બની હતી. અંતે એસ્તેરના પુસ્તકમાં નોંધવામાં આવેલા પ્રસંગો એઝરાના ઐતિહાસિક સમય દરમિયાન બન્યા હતા.

કાવ્યમય પાંચ પુસ્તકોનું લેખન સત્તાર ઐતિહાસિક પુસ્તકોના ઐતિહાસિક સમય દરમિયાન થયું હતું. ચાર્ટ પ્રમાણે જોઇએ તો અયૂબના પુસ્તકનું લેખન ઉત્પત્તિના પુસ્તકના સમય દરમિયાન થયું હતું. અને

ગીતશાસ્ત્રના પુસ્તકનું લેખન ૨ શમુએલના સમય દરમિયાન થયું હતું. (ગીતશાસ્ત્રના લગભગ અડધા ભાગના ગીતોની રચના દાવિદ દ્વારા થઇ હતી).

તે ઉપરાંત નીતિવચનો, સભાશિક્ષક અને ગીતોનું ગીત જુઓ. (તેના મોટા ભાગનું સંકલન અને રચના સલોમોન દ્વારા થયું હતું) તેનું લેખન ૧ રાજાઓના સમય દરમિયાન થયું હતું.

૧૭ પ્રબોધકોના પુસ્તકોનું લેખન પણ સત્તર ઐતિહાસિક પુસ્તકોના ઐતિહાસિક સમય દરમિયાન થયું હતું. ભવિષ્યકથનોના મોટા ભાગના પુસ્તકોનું લેખન ૨ રાજાઓના સમય દરમિયાન થયું હતું તે તમે ચાર્ટમાં જોઇ શકો છો. હઝકિયેલ અને દાનિયેલના પુસ્તકોનું લેખન બંદીવાસના સમય દરમિયાન થયું હતું. અંતે હાગ્ગાય અને ઝખાર્યાના પુસ્તકોનું લેખન બંદીવાસના સમય પછી એઝરાના સમય દરમિયાન થયું હતું. અને માલાખીના પુસ્તકનું લેખન નહેમ્યાના સમય દરમિયાન થયું હતું.

# જૂના કરારના પુસ્તકોનો ઐતિહાસિક સમય-દર્શક ચાર્ટ

ચાર્ટ - ૨

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કાવ્યમય પુસ્તકો | | | | | | | | | | | |
| યોબ | | | | | | ગીતશાસ્ત્ર | નીતિવચનો સભાશિક્ષક ગીતોનું ગીત | | | | |
| ઐતિહાસિક પુસ્તકો | | | | | | | | | | | |
| | લેવીય પુનર્નિયમ | | | રૂથ | | ૧ કાળવૃત્તાંત | ૨ કાળવૃત્તાંત | | | એસ્તેર | |
| ઉત્પત્તિ ૧ | નિર્ગમન ૨ | ગણના ૩ | યહોશુઆ ૪ | ન્યાયાધીશો ૫ | ૧ શમૂએલ ૬ | ૨ શમૂએલ ૭ | ૧ રાજાઓ ૮ | ૧ રાજાઓ ૯ | બંદીવાસ (૭૦ વર્ષો) | એઝરા ૧૦ | નહેમ્યા ૧૧ |
| ભવિષ્યકથનોના પુસ્તકો | | | | | | | | | | | |
| | | | | | | | | ઈઝરાયલમાં: હોશિયા આમોસ યહૂદિયામાં: હબાકૂક યશાયા યર્મિયા યોએલ મિખા સફાન્યા યર્મિયાનો વિલાપ આશ્શૂરમાં: યૂના નાહૂમ અદોમમાં: ઓબાદ્યા | હઝકિયેલ દાનિયેલ | હાગ્ગાય ઝખાર્યા | માલાખી |

આપણું અંતિમ અવલોકન : જૂના કરારના પુસ્તકોને કાળાનુક્રમ પ્રમાણે ગોઠવવામાં આવ્યા નથી એટલે કે જે સમયમાં તેનું લેખન થયું તેને ધ્યાનમાં રાખીને તે મુજબ તેની વ્યવસ્થા-ગોઠવણ કરવામાં આવી નથી. ઉ.ત. એઝરા, નહેમ્યા અને એસ્તેરના પુસ્તકોને જૂના કરારના મધ્યભાગમાં ગોઠવવામાં આવ્યા છે પરંતુ હકીકતમાં બંદીવાસના સમય પછી એટલે કે ઐતિહાસિક સમયના અંત પછીના સમયે તેઓનું લેખન થયું હતું.

## સારાંશ :

જૂના કરારની શરૂઆત ઈશ્વરથી, સર્જન અને મહાપૂરથી થાય છે. અને હિબ્રૂ લોકો, તેઓના કવિઓ તથા પ્રબોધકો વિશેની વાત તે જણાવે છે.
જૂના કરારમાં ૩૯ પુસ્તકો છે.
જૂના કરારના ૩૯ પુસ્તકોમાં ત્રણ પ્રકારના પુસ્તકો છે :

૧૭ ઐતિહાસિક પુસ્તકો
૫ કાવ્યમય પુસ્તકો અને
૧૭ ભવિષ્યકથનના પુસ્તકો

# ૫. જૂના કરારની ભૂગોળ

ભૂગોળનું કેટલુંક જ્ઞાન આપણને બાઇબલના પ્રસંગોને વધુ સારી રીતે સમજાવી શકે છે. મહત્ત્વના ભૌગોલિક સ્થળોના નામો, જગ્યાઓ અને તેઓ વચ્ચે રહેલા અંતરને જાણવામાં તે આપણને સહાયરૂપ છે. ભૂગોળના જ્ઞાન વિના પ્રસંગોની સમજણ મેળવવી મુશ્કેલ બને છે. અને બાઇબલના અનેક ભાગો નીરસ અને કંટાળાજનક લાગે છે તથા બાઇબલની સ્પષ્ટ સમજણ મેળવી શકાતી નથી. જો કોઈપણ વ્યક્તિ ભૂગોળના જ્ઞાનથી અજ્ઞાન છે તો ઈતિહાસની સમજણ મેળવવી મુશ્કેલ છે. બાઈબલ ઈતિહાસથી ભરપૂર છે. તેથી બાઈબલના ઈતિહાસની કેટલીક સમજણ મેળવવા માટે આપણે જૂના કરારની ભૂગોળથી શરૂ કરીએ છીએ.

## પાણીનું બંધારણ

પાણી અને જમીનથી વિશ્વ રચાયેલું છે. આપણે પાણી (સમુદ્ર અને નદીઓ) તરફ જોઈને શરૂઆત કરીએ છીએ. (સૂચન :- તમે દરેક વર્ણનનું વાંચન કરો ત્યારે નકશા તરફ જુઓ અને તે નદી કે સમુદ્રનું નામ લખો).

**૧. ભૂમધ્ય સમુદ્ર**

નકશાની ડાબી તરફ તેનું સ્થાન છે. ભૂમધ્ય સમુદ્રની પૂર્વ તરફ જૂના કરારની ભૂમિ આવેલી છે. તેની આપણે નોંધ લઈએ છીએ.

**૨. ગાલીલનો સમુદ્ર**

આ હકીકતમાં સમુદ્ર નહિ, પણ સરોવર છે. તેની પહોળાઇ ૧૧ કિલોમીટર અને લંબાઈ ૨૨ કિલોમીટર છે. ભૂમધ્ય સમુદ્રથી તે લગભગ ૫૮ કિલોમીટર દૂર આવેલું છે.

**૩. યર્દન નદી**

તે ઉત્તરથી દક્ષિણ તરફ ગાલીલના સરોવરમાં થઇને વહે છે અને અંતે મૃત સરોવરને મળે છે. ગાલીલના સમુદ્રથી મૃત સરોવર વચ્ચેનું અંતર લગભગ ૧૦૫ કિલોમીટર છે.

**૪. મૃત સરોવર**

મૃત સમુદ્ર પણ એક સરોવર છે. આ પૃથ્વી ઉપરની સૌથી નીચી જગ્યા છે. તેનું નીચામાં નીચું સ્થાન સમુદ્રની સપાટી કરતાં લગભગ ૪૦૦ મીટર નીચું છે. યર્દન નદીનું પાણી અહીં ઠલવાય છે. પરંતુ સરોવરની

બહાર પાણી વહેતું નથી. તેના પરિણામે પાણીમાં ખૂબ જ ખનીજ પદાર્થ જમા થએલો છે. કોઈપણ વ્યક્તિ માટે મૃત સરોવરના પાણીમાં ડૂબી જવું મુશ્કેલ છે. કોઈપણ વ્યક્તિનું શરીર તેના પાણીની સપાટી ઉપર તરતું રહે છે. મૃત સરોવરના પાણીમાં સામાન્ય વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિ જીવંત રહી શકતી નથી. તેથી જ તેનું નામ "મૃત સમુદ્ર" છે. તેને "ખારો સમુદ્ર" પણ કહેવામાં આવે છે.

**૫. નાઈલ નદી**

નાઈલ નદીની શરૂઆત મધ્ય આફ્રિકાથી થાય છે અને ઈજિપ્તના કેન્દ્રમાં થઈને ઉત્તર તરફ વહે છે. જ્યારે તે ભૂમધ્ય સમુદ્રની પાસે આવે છે. અને તેના પાણી સમુદ્રમાં ઠલવાય છે ત્યારે તેનું પાણી હાથની આંગળીઓ જેવું ફેલાયેલું દેખાય છે.

**નકશો A હવે પછીના પૃષ્ઠ ઉપર જુઓ.**

# જૂના કરારમાં પાણીનું બંધારણ

નકશો : A



૬. **તાઈગ્રીસ અને (૭) યુફ્રેતિસ નદી**

આ બંને નદીઓ લગભગ ૧૯૦૦ કિલોમીટર સુધી વહે છે. ત્યાર પછી તેઓ ભેગી મળીને પર્શિયન અખાતમાં સમુદ્રને મળે છે.

૮. **પર્શિયન અખાત**

નકશાની નીચેના જમણા ખૂણામાં આવેલો છે. પર્શિયન અખાતની સાથે સાથે તાઈગ્રીસ અને યુફ્રેતિસ નદીઓ જૂના કરારની ભૂમિની પૂર્વ તરફની સરહદો રચે છે. તાઈગ્રીસ અને યુફ્રેતિસ નદીઓ વર્તમાન સમયના ઈરાક દેશમાં થઈને વહે છે.

## મુખ્ય સ્થળો

આવો, હવે આપણે જૂના કરારમાં દર્શાવવામાં આવેલા મહત્ત્વના સ્થળોની નોંધ કરીએ. (**સૂચન :** તમે દરેક સ્થળનું વાંચન કરો ત્યારે નકશા તરફ જુઓ અને તે સ્થળનું નામ લખો).

**ક. એદન વાડી**

આ સ્થળ કઈ ચોક્કસ જગ્યાએ હતું તે જાણી શકાતું નથી. એક માન્યતા પ્રમાણે એદન વાડી ચાર નદીઓનું સંગમ થાય છે તે જગ્યાએ હતી. આપણે તાઈગ્રીસ અને યુફ્રેતિસ નદીઓને તથા તેઓનું સંગમ થાય છે તે જગ્યા વિશે માહિતગાર છીએ. તેથી આ સ્થળની પાસે એદનવાડી હતી તેવી એક શક્યતા છે.

**ખ. કનાન /ઈઝરાયલ / પેલેસ્ટાઈન**

આ નાનો ભૂમિ વિસ્તાર ભૂમધ્ય સમુદ્ર અને "ગાલીલનો સમુદ્ર-યર્દન નદી - મૃત સરોવર" ની વચ્ચે આવેલો છે. જૂના કરારના ઈતિહાસ દરમિયાન તેના નામમાં પરિવર્તન થયું હતું. બાઈબલના પ્રથમ પાંચ પુસ્તકોમાં તેને "કનાન" તરીકે ઓળખવામાં આવ્યો છે. યહોશુઆની નેતાગીરી નીચે હિબ્રૂ લોકોએ આ પ્રદેશને જીતી લીધો અને તેમાં તેઓએ વસવાટ શરૂ કર્યો ત્યાર પછી તેને "ઈઝરાયલ" તરીકે ઓળખવામાં આવ્યો છે. જૂના કરાર અને નવા કરારની વચ્ચેના સમયમાં ગ્રીક લોકોએ પ્રવેશ કર્યો ત્યાર પછી તેને "પલિસ્તી" શબ્દ ઉપરથી "પેલેસ્ટાઈન" તરીકે ઓળખવામાં આવ્યો છે.

ગ. યરુશાલેમ

તેનું જૂનું નામ યબૂસ હતું. તે મૃત સરોવરની ઉત્તર બાજુએ પશ્ચિમ દિશામાં ઈઝરાયલના પર્વતોની કેન્દ્રિય હારમાળામાં (પર્વત ઉપર) આવેલું છે અને સમુદ્રની સપાટી કરતાં લગભગ ૧૦૦૦ મીટરની ઊંચાઈએ છે. યહૂદી લોકો માટે તે અગત્યનું અને તેનું મહત્ત્વ ઘણું છે. અને ઈઝરાયલ રાષ્ટ્રની રાજધાની છે.

ઘ. ઈજિપ્ત

નકશાની નીચે ડાબી બાજુએ ખૂણામાં ઈજિપ્ત દેશ આવેલો છે. જૂના કરારના સમગ્ર ઈતિહાસમાં તેનું સ્થાન ઘણું મહત્ત્વનું રહ્યું છે.

# જૂના કરારમાં મુખ્ય સ્થળો

**નકશો : B**



## ચ. આશૂર

આશૂર દેશ તાઈગ્રીસ અને યુફ્રેતિસ નદીઓના ઉત્તરના ભાગમાં આવેલો છે. દુનિયામાં તે સૌથી શક્તિશાળી દેશ હતો. તેણે ઈ.પૂ. ૭૨૨માં ઈઝરાયલના ઉત્તરના રાજ્યને બંદીવાન બનાવ્યું હતું અને ઈઝરાયલી લોકોને વિખેરી નાખ્યા હતા. વર્તમાન સમયના ઈરાક દેશના ઉત્તર ભાગમાં તે આવેલું હતું.

## છ. બેબિલોન

દુનિયાનો આ બીજો એક સૌથી વધુ શક્તિશાળી દેશ હતો. તેણે આશૂર ઉપર વિજય મેળવ્યો હતો. આશૂરે ઉત્તરના રાજ્ય પર વિજય મેળવ્યો તેના લગભગ ૧૫૦ વર્ષો પછી ઈ.પૂ. ૫૮૬માં તેણે યહૂદિયાના દક્ષિણ રાજ્ય ઉપર જીત મેળવી હતી. આ દેશ તાઇગ્રીસ અને યુફ્રેતિસ નદીઓની વચ્ચે દક્ષિણ મેસોપોટેમિયામાં આવેલો છે. મેસોપોટેમિયા શબ્દનો અર્થ "નદીઓની મધ્યમાં" થાય છે. વર્તમાન સમયમાં તે સ્થળ દક્ષિણ ઈરાકમાં છે.

## જ. પર્શીયા

જૂના કરારના પછીનાં ઈતિહાસમાં પર્શીયા પણ એક મહાન શક્તિશાળી દેશ હતો. તે પર્શીયન અખાતની ઉત્તર બાજુએ તથા તાઈગ્રીસ નદીની પૂર્વ અને દક્ષિણે આવેલો છે. પર્શીયાએ બેબિલોન ઉપર વિજય મેળવ્યો હતો અને યરુશાલેમ શહેરને ફરીથી બાંધવા તથા મંદિરની આરાધનાને પુનઃસ્થાપિત કરવા યહૂદીઓને બંદીવાસમાંથી પાછા ફરવાની પરવાનગી આપી હતી. વર્તમાન સમયમાં તે આધુનિક ઈરાનમાં આવેલું છે.

આ પ્રકરણનું આપણે સમાપન કરીએ ને અગાઉ આવો, આપણે સમુદ્રો, નદીઓ અને મુખ્ય સ્થળોનો ફરીથી વિચાર કરીએ. અહીં દર્શાવેલા નકશામાં નીચેના સ્થળો દર્શાવો :

**યુફ્રેતિસ નદી, ઈજિપ્ત, પર્શીયા, ગાલીલનો સમુદ્ર, યરુશાલેમ, તાઇગ્રીસ નદી, મૃત સરોવર, એદનવાડી, યર્દન નદી, કનાન, ઈઝરાયલ, પેલેસ્ટાઇન, ભૂમધ્ય સમુદ્ર, આશૂર, નાઈલ નદી, બેબિલોન, પર્શીયન અખાત.**

## જૂના કરારના સમુદ્રો, નદીઓ અને મુખ્ય સ્થળો   નક્શો : C



# ૬. જૂના કરારના ઐતિહાસિક પુસ્તકો

આપણે વિચાર કર્યો તે ૧૭ ઐતિહાસિક પુસ્તકોમાં પ્રથમ પાંચ પુસ્તકો ઉત્પત્તિ, નિર્ગમન, લેવીય, ગણના અને પુનર્નિયમ - પાંચ પ્રકારની ઐક્યતાને રજૂ કરે છે. આ પાંચેય પુસ્તકોનું લેખન મોશે દ્વારા કરવામાં આવ્યું હતું. તેથી તેઓને મોશેના પાંચ પુસ્તકો અથવા પંચગ્રંથ તરીકે ઓળખવામાં આવે છે. "પંચગ્રંથ" (**Pentateuch**) શબ્દ ગ્રીક ભાષામાં બે શબ્દોનો બનેલો છે એટલે તેનો અર્થ "પાંચ-ગ્રંથ" કે "પાંચ-પુસ્તકો" એવો થાય છે. યહૂદી લોકો સામાન્ય રીતે તેને "તોરાહ" (નિયમ) તરીકે ઓળખાવે છે. આ પાંચેય પુસ્તકો કનાન દેશમાં જવાની ઇઝરાયલી લોકોની તૈયારી સંબંધી જણાવે છે. તે પછીના બાર પુસ્તકો (યહોશુઆથી એસ્તેર સુધી) વિવિધ લેખકો દ્વારા આલેખવામાં આવ્યાં છે. આ પુસ્તકો કનાન દેશને ઇઝરાયલી લોકો દ્વારા જીતી લેવામાં આવ્યો તેની સાથે મુખ્ય સંબંધ ધરાવે છે. જ્યારે આપણે આ બાર પુસ્તકોને જોઈએ છીએ ત્યારે આપણને નોંધવા મળે છે કે ૯ પુસ્તકોમાં (યહોશુઆથી ૨ કાળવૃત્તાંત સુધી) બંદીવાસ અગાઉના ઐતિહાસિક સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બંદીવાસ અગાઉના પુસ્તકો છે. બીજા ત્રણ પુસ્તકો - એઝરા, નહેમ્યા અને એસ્તેર - બંદીવાસ પછીના પુસ્તકો છે. તેઓ બંદીવાસ પછીના સમયનું વર્ણન કરે છે.

**ચાર્ટ : 3**



જૂના કરારના અભ્યાસ માટે ઐતિહાસિક પુસ્તકો ચાવીરૂપ છે. ઉદાહરણ તરીકે તમે જુઓ તો ભારતનો ઈતિહાસ વિવિધ સમયો જેવા કે આર્યોનો સમય, મૈર્યન સામ્રાજ્ય, ગુપ્તા ડિનસ્ટી, મોગલ સામ્રાજ્ય, બ્રિટિશરોનો સમય અને સ્વતંત્રતાના સમયમાં વહેંચાયેલું છે. આ પ્રત્યેક સમય સાથે ઐતિહાસિક વ્યક્તિઓ અને મહત્ત્વની જગ્યાઓ સંકળાએલી છે. જો તમે દરેક સમયના સારાંશનું લેખન કરો તો તમને ભારતના ઈતિહાસનું માળખું અથવા પરિચય થશે.

જો આ રીતે આપણે જૂના કરારના ઐતિહાસિક પુસ્તકોનો અભ્યાસ કરીએ તો તે આપણને જૂના કરારના ઈતિહાસનું સામાન્ય માળખું કે ચિત્રનો પરિચય આપશે.

## જૂના કરારના નવ મુખ્ય સમયો

૧. **સર્જનનો સમય**
ઈશ્વર દ્વારા આ સૃષ્ટિ અને મનુષ્યનું સર્જન અને પ્રારંભિક પ્રસંગોની નોંધ કરવામાં આવી છે.

૨. **ગોત્રપતિને લગતો (Patriarchal) સમય**
હિબ્રૂ રાષ્ટ્રનો જન્મ ગોત્રપતિના કુટુંબ દ્વારા થયો હતો. અને અબ્રાહામથી તેની શરૂઆત કરીને લગભગ ૨૦૦ વર્ષોના સમયને આવરી લેવામાં આવ્યો છે.

૩. **નિર્ગમનનો સમય**
હિબ્રૂ લોકો ઈજિપ્તમાં ગયા હતા અને તે પછી તેઓ ૪૦૦ વર્ષો સુધી ગુલામીગીરીમાં રહ્યાં હતા. ત્યારબાદ ઈશ્વરે તેઓનો છુટકારો કર્યો હતો.

૪. **વિજયનો સમય**
કનાન દેશમાં જવા માટે હિબ્રૂ લોકોએ ઈજિપ્તનો ત્યાગ કર્યા પછી યહોશુઆની નેતાગીરી નીચે તેઓએ કનાન, વચનનો દેશ જીતી લીધો હતો.

૫. **ન્યાયાધીશોનો સમય**
આ ૪૦૦ વર્ષના સમય દરમિયાન ઈઝરાયલી લોકો ઉપર અધિકારીઓ નિયંત્રણ રાખતા હતા. તેઓને ન્યાયાધીશો કહેવામાં આવતા.

૬. **રાજ્ય (Kingdom) નો સમય**
ઈઝરાયલી લોકો રાજાની ઝંખના રાખતા હતા અને લગભગ બીજા ૪૦૦ વર્ષ સુધી રાજા મહારાજાએ રાજ્ય ચલાવ્યું હતું.

૭. **બંદીવાસનો સમય**
બેબિલોન દ્વારા પરાજ્ય પામ્યા પછી ઈઝરાયલી લોકોએ (દક્ષિણના રાજ્યને) ૭૦ વર્ષો માટે બંદીવાસમાં જવાની ફરજ પડી હતી.

૮. **બંદીવાસમાંથી પાછા ફરવાનો સમય**
પર્શિયાએ બેબિલોનને પરાજય આપ્યો અને તેઓએ યરુશાલેમ શહેરના કોટનું તથા મંદિરનું પુનઃબાંધકામ કરવા માટે યહૂદીઓને બંદીવાસમાંથી પાછા ફરવાની મંજૂરી આપી હતી.

૯. **ખામોશીનો (Silence) સમય**
જૂના કરારનો અંત અને નવા કરારના પ્રારંભ વચ્ચે ૪૦૦ વર્ષનો સમય શાંત વર્ષોનો સમય હતો. ઈશ્વર તરફથી કાંઈ જ વાણી સાંભળવા મળતી નહોતી.

## જૂના કરારની નવ મહત્ત્વની વ્યક્તિઓ

| **સમય** | **વ્યક્તિ** | **વર્ણન** |
|---|---|---|
| ૧. સર્જનનો સમય | આદમ | પ્રથમ મનુષ્ય |
| ૨. ગોત્રપતિનો સમય | અબ્રાહામ | પ્રથમ ગોત્રપતિ |
| ૩. નિર્ગમનનો સમય | મોશે | નિર્ગમનનો આગેવાન |
| ૪. વિજયનો સમય | યહોશુઆ | ઈઝરાયલના સૈન્યનો આગેવાન |
| ૫. ન્યાયાધીશોનો સમય | સામશૂન | સૌથી પ્રખ્યાત ન્યાયાધીશ |
| ૬. રાજ્ય | દાવિદ | સૌથી જાણીતો રાજા |
| ૭. બંદીવાસનો સમય | દાનિયેલ | બંદીવાસ દરમિયાન વિશ્વાસુ પ્રબોધક |
| ૮. બંદીવાસમાંથી પાછા ફરવાનો સમય | એઝરા | મુખ્ય આગેવાન |
| ૯. ખામોશીનો સમય | ફરોશીઓ | ધાર્મિક આગેવાનો |

# જૂના કરારના નવ મહત્ત્વના સ્થળો

| સમય | વ્યક્તિ | સ્થળ |
|---|---|---|
| ૧. ________ | ________ | એદનવાડી |
| ૨. ________ | ________ | કનાન |
| ૩. ________ | ________ | ઈજિપ્ત |
| ૪. ________ | ________ | કનાન |
| ૫. ________ | ________ | કનાન |
| ૬. ________ | ________ | ઈઝરાયલ |
| ૭. ________ | ________ | બેબિલોન |
| ૮. ________ | ________ | યરુશાલેમ |
| ૯. ________ | ________ | યરુશાલેમ/પેલેસ્ટાઇન |

**નકશો D હવે પછીના પૃષ્ઠ ઉપર જુઓ.**

# મધ્ય પૂર્વના સ્થળો નકશો : D



# સર્જનનો સમય (ઉત્પત્તિ ૧-૧૧)

**વાતનો સારાંશ :** ઈશ્વરે આદમનું સર્જન કર્યું. પરંતુ આદમે પાપ કર્યું અને મનુષ્ય માટે ઈશ્વરની મૂળભુત યોજનાને ખંડિત કરી.

## સર્જનના સમયનો વિષયાર્થ

સર્જનના સમયમાં ચાર મુખ્ય પ્રસંગો આ છે :

૧. *સર્જન*

૨. *પતન*

૩. *મહાપૂર*

૪. *બેબિલોનનો બુરજ*

**૧. સર્જન : ઈશ્વરની પ્રતિમામાં સર્જન કરવામાં આવેલો માણસ (ઉત્પત્તિ ૧-૨).**

આકાશો તથા પૃથ્વી તથા તેમાંના સર્વસ્વનું સર્જન કરવામાં અદ્‌ભુત પરાક્રમને પ્રગટ કર્યા પછી ઈશ્વર માણસનું સર્જન કરે છે. ઈશ્વરની પ્રતિમા પ્રમાણે આદમ અને હવાને ઉત્પન્ન કરવામાં આવ્યાં. તેઓ ઈશ્વરની સાથે સંપૂર્ણ સંગતમાં છે. એદન વાડીમાં તેઓ જીવન જીવતાં હતાં ત્યારે તેઓ વ્યક્તિગત રીતે સુંદર અને ખૂબ બુદ્ધિશાળી છે. જ્યારે ઈશ્વરે કહ્યું, "આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ." (ઉત્પત્તિ ૧:૨૬) ત્યારે તેનો અર્થ શારીરિક પ્રતિમા નહિ પરંતુ વ્યક્તિગત અને આધ્યાત્મિક પ્રતિમા થાય છે. મનુષ્યને બુદ્ધિ, લાગણી અને ઇચ્છાશક્તિ છે. તેને સાચા અને ખોટાની નૈતિક સમજણ છે. તેનામાં સર્જન કરવાની શક્તિ છે. ઈશ્વરની કેટલીક આ લાક્ષણિકતાઓ મનુષ્યમાં જોવા મળે છે. આ અર્થમાં માણસને ઈશ્વરની પ્રતિમામાં ઉત્પન્ન કરવામાં આવ્યો હતો.

**૨. પતન : જગતમાં પાપનો પ્રવેશ (ઉત્પત્તિ ૩).**

સર્જન કાર્યની પાછળ નીતિભ્રષ્ટતા આવી હતી. શેતાન, સર્પનું સ્વરૂપ ધારણ કરીને આવ્યો હતો અને આદમ અને હવાને ઈશ્વરની વિરુદ્ધમાં બંડ કરવા પ્રલોભન આપ્યું હતું. ઈશ્વરે મના ફરમાવી હતીઃ "ભલુંભૂંડું જાણવાના વૃક્ષનું ફળ ખાવું નહિ" (ઉત્પત્તિ ૨:૧૬, ૧૭) તે વાતને તેઓ અનાધીન થયા હતા. પરિણામે તેઓને એદન વાડીની બહાર

કાઢી મૂકવામાં આવ્યા અને ભૂમિને શાપ આપવામાં આવ્યો. આદમ અને હવાએ બંડ કર્યું અને જગતમાં પાપનો પ્રવેશ થયો. સમગ્ર માનવજાતના સર્વ દુઃખ, દુષ્ટતા અને પીડા માટે આ એક કાર્યને હંમેશ માટે જવાબદાર ગણાવી શકાય. તેથી "માનવીનું અધઃપતન" થયું તેવું કહેવું યોગ્ય જ કહેવાય. અધઃપતનનો શાપ ભયંકર હતો તેમ છતાં સ્ત્રીના સંતાન (ઉત્પત્તિ ૩:૧૫) દ્વારા ઈશ્વરે ઉદ્ધારની આશા આપી હતી.

**૩. મહાપૂર : પાપ માટે ન્યાયશાસન (ઉત્પત્તિ ૬-૧૦).**

તે પછીની સદીઓમાં જેમ જેમ મનુષ્યોની સંખ્યામાં વધારો થતો ગયો તેમ તેમ માનવીમાં પાપ કરવાની ઈચ્છાનો પણ વધારો થતો ગયો. આખરે ઈશ્વરની દૃષ્ટિમાં ન્યાયીપણાથી જીવવાની ઈચ્છા રાખનાર ફક્ત આઠ વ્યક્તિઓને ઈશ્વર જોઈ શક્યા. તેઓમાં નૂહ અને તેની પત્ની, તેના ત્રણ દીકરાઓ અને તેઓની પત્નીઓ હતી. તેથી ઈશ્વર પાપ ઉપર પોતાનું ન્યાયશાસન લાવ્યા હતા. શરીરમાં થએલા કેન્સરમાંથી સાજાપણું આપવા જેમ સર્જન રોગની અસર થએલી ગ્રંથિને કાપી નાખે છે તેમ માનવજાતમાં વ્યાપક બનેલા પાપ સાથે ઈશ્વર કેવી રીતે કાર્ય કરે છે તેનું આ ચિત્ર છે. ઈશ્વરે સમગ્ર માનવજાતનો નાશ કરે તેવું મહાપૂર મોકલ્યું હતું. પરંતુ તેમણે નૂહના વહાણ દ્વારા નૂહ તથા તેના કુટુંબનો બચાવ કર્યો હતો.

**૪. બેબિલોનનો બુરજ : રાષ્ટ્રો કે પ્રજાઓની શરૂઆત (ઉત્પત્તિ ૧૧).**

મહાપૂર પછી માનવીને ઈશ્વરની આજ્ઞા હતી કે તેઓ સફળ થાય, વધે ને પૃથ્વીને ભરપૂર કરે, ને તેને વશ કરે. ઈશ્વરની આ આજ્ઞાનો નિર્લજ્જ રીતે ભંગ કરીને મનુષ્યોએ એક જગ્યાએ જ વસવાટ કર્યો હતો અને એક શહેર તથા બાબેલનો બુરજ પોતાના સ્મારક તરીકે બાંધવાની શરૂઆત કરી હતી. તેથી ઈશ્વરે આ મોટા માનવ સમુદાયને વિવિધ ભાષાઓમાં બોલતા કર્યા હતા. હવે તેઓ એકબીજાને સમજી શકતા નહોતા. તેથી પ્રત્યેક ભાષાઓ બોલનારા લોકો પોતપોતાના ભાષા પ્રમાણેના જૂથમાં સમગ્ર પૃથ્વી ઉપર વિખેરાઈ ગયા. પરિણામ એ આવ્યું કે તેઓએ શહેર તથા બુરજનું બાંધકામ પડતું મૂક્યું. અને વિશ્વના રાષ્ટ્રો કે પ્રજાઓનો આરંભ થયો.

## ગોત્રપતિને લગતો (Patriarchal) સમય (ઉત્પત્તિ ૧૨-૫૦)

**વાતનો સારાંશ :** જગત સમક્ષ ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરવા માટે ઈશ્વર દ્વારા હિબ્રૂ લોકોના પિતા તરીકે અબ્રાહામની પસંદગી કરવામાં આવી.

## ગોત્રપતિને લગતા સમયનો વિષયાર્થ

ગોત્રપતિને લગતા સમયમાં મુખ્ય ચાર વ્યક્તિઓ આ છે:

૧. *અબ્રાહામ*

૨. *ઈસહાક*

૩. *યાકોબ*

૪. *યોસેફ*

**૧. અબ્રાહામ : હિબ્રૂ લોકોનો પિતા (ઉત્પત્તિ ૧૨-૨૩).**

આદમના પાપ અને માનવજાતના પતનને કારણે ઈશ્વરે માનવજાત માટે હવે ઉદ્ધારની યોજના તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

ઈશ્વર આજ્ઞાધીન લોકો દ્વારા સમગ્ર વિશ્વને આશીર્વાદ આપી શકે તેવા લોકોની તે ઝંખના રાખતા હતા. ઈશ્વર લોકો મારફતે વિશ્વને ઉદ્ધારનો સંદેશો ફેલાવી શકે તેવા લોકોની તે ઈચ્છા રાખતા હતા. તેથી તાઈગ્રીસ અને યુફ્રેતિસ નદીઓનું જ્યાં સંગમ થાય છે તેની પાસે આવેલા ખાલદીઓના ઉરમાંથી ઈશ્વરે અબ્રાહામની પસંદગી કરી હતી. ઈશ્વરે તેને એક દેશ આપવાનું, અસંખ્ય સંતાનો (બીજ) આપવાનું અને તેના દ્વારા પૃથ્વીના સર્વ કુટુંબોને આશીર્વાદ આપવાનું વચન આપ્યું હતું. ઈશ્વર તેને કનાન દેશમાં દોરી ગયા હતા અને અહીં અબ્રાહામે વસવાટ કર્યો હતો. તેને ઇશ્માએલ અને ઈસહાક એમ બે દીકરાઓ હતા.

**નકશો E હવે પછીના પૃષ્ઠ ઉપર જુઓ.**

## અબ્રાહમની વિશ્વાસ યાત્રા    નકશો : E




**૨. ઈસહાક : વચનનો બીજો પિતા (ઉત્પત્તિ ૨૪-૨૬)**

અબ્રાહામ અને સારા બંને ઘણા વૃદ્ધ થયા છે ત્યારે ચમત્કારિક રીતે ઈસહાકનો જન્મ થાય છે. ઈશ્વર વચન (**Promise**) ના પુત્ર તરીકે ઈસહાક સાથે પોતાનો કરાર સ્થાપન કરે છે. ઈશ્વરે અબ્રાહામને જે વચનો (**Promise**) આપ્યા હતા તે સર્વ ઈસહાકને હસ્તાંતર કરવામાં આવે છે. કનાન દેશમાં વસવાટ કરે છે અને ખૂબ સમૃદ્ધિ પામે છે. અંતે ખૂબ જ વૃધ્ધવયે તે મરણ પામ્યો. તેને એશાવ અને યાકોબ એમ બે દીકરાઓ હતા.

**૩. યાકોબ : ઈઝરાયલી પ્રજા (રાષ્ટ્ર) નો પિતા (ઉત્પત્તિ ૨૭-૩૫)**

અબ્રાહામને વચન આપવામાં આવ્યું હતું તે વચન હવે ઈસહાક દ્વારા તેના નાના દીકરા યાકોબને આપવામાં આવ્યું છે. જૂઠુ બોલનાર અને છેતરપિંડી કરનાર તરીકે યાકોબ પોતાના જીવનનો આરંભ કરે છે. તેમ છતાં ચમત્કારોની શૃંખલા અને ઈશ્વર સાથેની મુલાકાત દ્વારા ઈશ્વરનું સાચું અનુસરણ કરવા માટે તેને પશ્ચાતાપ અને આધીનતામાં લાવવામાં આવે છે. આ રીતે ઈશ્વર આ સ્વાર્થી માણસનું પરિવર્તન કરીને તેને બીનસ્વાર્થી સેવક

બનાવે છે અને તેનું નામ ઇઝરાયલ રાખવામાં આવે છે. યાકોબને બાર દીકરાઓ હતા. અબ્રાહામને આપેલા ઈશ્વરના વચનો કુટુંબ તરીકે તેના દીકરાઓને હસ્તાંતર કરવામાં આવ્યાં. યાકોબનો દરેક દીકરો ઇઝરાયલી પ્રજાના બાર કુળોમાંના પ્રત્યેક કૂળનો પિતા બન્યો હતો.

**૪. યોસેફ : ઈજિપ્તમાં આગેવાન (ઉત્પત્તિ ૩૭-૫૦).**

યોસેફ, યાકોબનો અગિયારમો દીકરો તેનો ખૂબ વહાલો દીકરો હતો. તેના બાળપણથી જ ભાવિ લક્ષ્યાંક તેની દૃષ્ટિ સમક્ષ હતું અને આ હકીકત તેના સ્વપ્નોમાં પ્રગટ થતી હતી. ઇઝરાયલી પ્રજા (રાષ્ટ્ર) તરીકે ઈશ્વરે તેઓને આપેલા આહ્‌વાન પ્રત્યે યાકોબના મોટાભાગના દીકરાઓમાં નહિવત્ સમર્પણ જોવા મળતું હતું. તેઓએ ગુલામ તરીકે યોસેફને વેચી દીધો અને હવે તેને ઈજિપ્ત દેશમાં લઇ જવામાં આવ્યો છે. યોસેફના ન્યાયી જીવનને કારણે તે ઈજિપ્ત દેશના મહાન આગેવાન તરીકે આગળ આવ્યો હતો. સખત દુકાળના સમય દરમિયાન તેનું કુટુંબ અનાજ ખરીદવા માટે ઈજિપ્તમાં આવે છે. તેઓ યોસેફ સાથે સમાધાન કરે છે અને સમગ્ર કુટુંબ ઈજિપ્તમાં વસવાટ શરૂ કરે છે. પરિણામે તેઓ શાંતિ અને આનંદનો અનુભવ કરે છે. તેમ છતાં જ્યારે યોસેફ મરણ પામ્યો ત્યાર પછી ચારસો વર્ષ સુધી તેના લોકોને ગુલામો બનાવવામાં આવ્યા હતા. હિબ્રૂ લોકો ગુલામગીરીમાં હતા અને પુષ્કળ દુઃખ અને મુશ્કેલીના આ સમયમાં તેઓ છુટકારાની ઝંખના રાખતા હતા.

## નિર્ગમનનો સમય (નિર્ગમન - પુનર્નિયમ)

**વાતનો સારાંશ :** ઈશ્વર મોશેને તૈયાર કરે છે અને હિબ્રૂ લોકોને ઈજિપ્તની ગુલામગીરીમાંથી છોડાવે છે. ત્યાર પછી તે તેઓને નિયમ આપે છે.

### નિર્ગમનના સમયનો વિષયાર્થ

નિર્ગમનના સમયના ચાર મુખ્ય પ્રસંગો આ છે:

૧. *છુટકારો*

૨. *નિયમ*

૩. *કાદેશ બાર્નિયા*

૪. *૪૦ વર્ષો સુધી ભટકવું.*

**૧. છુટકારો : ઈજિપ્તની ગુલામગીરીમાંથી છુટકારો (નિર્ગમન ૧-૧૮).**

હિબ્રૂ લોકોએ ચારસો વર્ષ સુધી ઈજિપ્તમાં ગુલામગીરીનું દુઃખ સહન કર્યું છે. ત્યાર પછી તેઓ છુટકારા માટે ઈશ્વરને વિનંતી કરે છે. ઈજિપ્તના રાજા ફારુનને સમજાવવા પોતાના માટે બોલનાર વ્યક્તિ તરીકે ઈશ્વર મોશેને તૈયાર કરે છે. તે હિબ્રૂ લોકોની આધ્યાત્મિક સ્વતંત્રતા માટે વિનંતી કરે છે. જ્યારે ફારુન તેનો નકાર કરે છે ત્યારે લોકોને મુક્ત કરવાની વાત ફારુનને સમજાવવા માટે ઈજિપ્ત ઉપર અનેક અનર્થો આવે છે. અનર્થોની ભયંકરતા શરૂ થાય છે અને આગળ જતા પાણીનું લોહી બને છે ત્યાંથી શરૂ કરીને તેમાં વધારો થાય છે. એટલે દેડકાં, જૂ અને માખોના ટોળાં, તીડ અને અંતે દશમો અનર્થ ઈજિપ્તના પ્રત્યેક ઘરમાં પ્રથમ જનિતનું મરણ થાય છે. આખરે ફારુન રાજા લોકોને જવા માટે મંજૂરી આપે છે. તેઓ દેશમાંથી બહાર ગયા ત્યારે તેના વિચારોમાં પરિવર્તન આવે છે. અને તે તેઓને ફરીથી ગુલામ બનાવવાનો પ્રયત્ન કરે છે. તેઓ લગભગ રાતા સમુદ્ર પાસે પહોંચ્યા હતા. ઈશ્વર રાતા સમુદ્રના બે ભાગ કરે છે અને હિબ્રૂ લોકો તેમાં ચાલીને સામે કિનારે પહોંચે છે. જ્યારે ઈજિપ્તનું સૈન્ય તેઓની પાછળ જાય છે ત્યારે સમુદ્રનું પાણી તેઓને ઢાંકી દે છે અને તેઓ સર્વ મરણ પામે છે. આ રીતે ઈશ્વર ઈજિપ્તના સૈન્યથી તેના લોકોનું રક્ષણ કરે છે અને તેઓને ઈજિપ્તની ગુલામગીરીમાંથી છોડાવે છે. ઈશ્વર પાસે તેઓ માટે એક માત્ર લક્ષ્યાંક હતું : કનાન, વચનનો દેશ. તેઓના પિતા અબ્રાહામે આ દેશમાં પ્રથમ વસવાટ કર્યો હતો. તેમાં તેઓ ફરીથી વસવાટ કરે છે.

**૨. નિયમ : સિનાઇ પર્વત ઉપર ઈશ્વરની આજ્ઞાઓ (નિર્ગમન ૧૯-૪૦).**

હવે લોકોએ ઈશ્વરના છુટકારાનો, દોરવણીનો અને રક્ષણનો અનુભવ કર્યો છે ત્યારે ઈશ્વર તેઓ પાસેથી કેવી અપેક્ષા રાખે છે. તે શીખવાને માટે તેઓ તૈયાર હતા. છુટકારો પામેલા લોકોએ હવે ઈશ્વરની સાથે ચાલવાને અવશ્યપણે તૈયાર રહેવું જોઈએ. ઇઝરાયલી લોકો રાતા સમુદ્રથી મુસાફરી કરીને સિનાઇના દ્વિપકલ્પના દક્ષિણ છેડા સુધી આવ્યા છે અને સિનાઇ પર્વત પાસે છાવણી કરી છે. અહીં તેઓએ ઈશ્વરની આજ્ઞાઓ મેળવી હતી. મોશે સિનાઈ પહાડ પર એકાંતમાં ઈશ્વરની મુલાકાત કરે છે અને ઈશ્વરની આંગળી દ્વારા શીલાપાટીઓ પર લખાયેલી દસ આજ્ઞાઓનો સ્વીકાર કરે છે.

ઇઝરાયલી પ્રજાના જીવનમાં તેમ જ ઈશ્વર સાથેના તેમના સંબંધમાં તેઓને દોરવણી આપે તેવા ઈશ્વરના નૈતિક, સામાજીક અને ધાર્મિક-વિધિના નિયમો પણ મોશેને પ્રાપ્ત થાય છે. જો ઇઝરાયલી લોકો આધીન થાય છે તો ઈશ્વર તેઓને ભરપૂર આશીર્વાદો આપવાનું વચન આપે છે. પરંતુ જો તેઓ અનાધીન થાય છે તો ઈશ્વર તેઓને સખત શિક્ષા કરવાનું વચન આપે છે. તે ઉપરાંત અરણ્યમાં મુલાકાત મંડપ બાંધવાની યોજના પણ મોશેને પ્રાપ્ત થાય છે. સોનાના વાછરડાની આરાધના કરવા માટે ઈશ્વરે લોકોનો ન્યાય કર્યા પછી મુલાકાત મંડપની રચના અને તેનું સમર્પણ કરવામાં આવે છે.

**૩. કાદેશ બાર્નિયા : ઈશ્વરની વિરુદ્ધ બંડ કરવામાં આવનાર સ્થળ (ગણના ૧૦-૧૪).**

ઇઝરાયલે સિનાઈ પર્વતનો ત્યાગ કર્યો અને ઉત્તર તરફ ધીમે ધીમે મુસાફરી કરતા કનાન દેશ જોઈ શકાય ત્યાં આવી પહોંચે છે. તેઓ કાદેશ બાર્નિયા, જે વચનના દેશમાં પ્રવેશ કરવાનો દક્ષિણ તરફનો દરવાજો હતો, ત્યાં આવે છે. સ્થળને સરસ રીતે જોઈ શકાય તેવી આ જગ્યાએથી બાર જાસૂસોને, ઇઝરાયલી લોકોના પ્રત્યેક કુળમાંથી એક એકને, વચનના દેશમાં મોકલવામાં આવે છે. આ દેશમાં કનાનીઓ વસવાટ કરતા હતા અને તેઓ ઇઝરાયલી લોકોને અહીં પ્રવેશ કરતા અટકાવી શકે છે. જ્યારે જાસૂસો પાછા આવ્યા ત્યારે તેઓ કેટલાક સારા અને કેટલાક ખરાબ સમાચાર સાથે આવે છે. આ દેશ દૂધ અને મધથી રેલછેલવાળો દેશ છે તે સારા સમાચાર છે. અને દેશમાં રાક્ષસો અને વિરોધી સૈન્યો છે તે ખરાબ સમાચાર છે. દસ જાસૂસો નકારાત્મક અહેવાલ આપે છે. બે જાસુસો, યહોશુઆ અને કાલેબ, ઈશ્વર પર વિશ્વાસ કરવા તથા જઈને દેશનો કબજો મેળવવા માટે લોકોને ઉત્તેજન આપે છે. લોકો બહુમતી જાસૂસોએ આપેલા નકારાત્મક અહેવાલ પર વિશ્વાસ કરે છે અને વચનના દેશમાં પ્રવેશવા માટે મોશેનું અનુસરણ કરવાનો નકાર કરે છે. આ રીતે આ જગ્યા ઈશ્વરની વિરુદ્ધ બંડ કરવામાં આવનાર સ્થળ તરીકે ઓળખાયું છે.

**૪. ૪૦ વર્ષો સુધી ભટકવું : ઈશ્વરની વિરુદ્ધ બંડ કરવાના પરિણામો (ગણના ૨૦-૩૬).**

ઈશ્વર તેઓના અવિશ્વાસને સહન કરી શકે નહિ. અવિશ્વાસ શિક્ષા

નકશો : F



ઈજિપ્ત દેશમાંથી
નિર્ગમન
ભૂમધ્ય સમુદ્ર
કનાન
બાશાન
અમોરીચો
આમ્મોન
ચરીખો
સગાહ
મોઆબ
નેગેબ
કાદેશ
બાર્નિયા
રામસેસ
ઈજિપ્ત
અરણ્ય
ચારાહ
એલિમ
સીનનું અરણ્ય
મિધાનનો
પ્રદેશ
મિધાનનો
પ્રદેશ
હોરેબ પર્વત
લાલ સમુદ્ર

લાવે છે અને ઈશ્વરના આશીર્વાદોમાં અવરોધરૂપ બને છે. કાદેશ બાર્નિયા આગળ ઈશ્વરની વિરુદ્ધ બંડ કરવાના પરિણામ તરીકે તે સમયે દરેક જેઓ એકવીસ કે તેથી વધારે ઉંમરના હતા તેઓ મરણ પામે નહિ ત્યાં સુધી શિક્ષા તરીકે વૃદ્ધોની પેઢીને અરણ્યમાં ભટકવું પડે છે. તે પછીના ચાલીસ વર્ષો દરમિયાન નવી પેઢી વિકાસ પામે છે. આ લોકો પોતાના આગેવાનનું અનુસરણ કરીને વચનના દેશમાં પ્રવેશ કરવાને ઈચ્છતા હતા. મોશે તેઓને ઉત્તર બાજુએ મૃત સરોવરના અંતભાગ તરફ એટલે મોઆબના મેદાનોમાં જ્યાં યર્દન નદીના પૂર્વ ભાગમાં સામેની બાજુએ યરીખો આવેલું હતું ત્યાં દોરી જાય છે. અહીં મોશે લોકોને ઉત્તેજન આપે છે અને તેઓને વધુમાં શિક્ષણ આપે છે જેની નોંધ પુનર્નિયમના પુસ્તકમાં જોવા મળે છે. અને ત્યાર પછી તે મરણ પામે છે.

## **વિજયનો સમય** (યહોશુઆ)

**વાતનો સારાંશ :** વચનના દેશ ઉપર વિજય મેળવવા માટે યહોશુઆ ઈઝરાયલી લોકોને દોરી જાય છે.

### વિજયના સમયનો વિષયાર્થ

વિજયના સમયમાં ચાર મહત્ત્વના પ્રસંગો છે :

૧. *યર્દન*

૨. *યરીખો*

૩. *વિજય*

૪. *અધિપત્ય* **(Dominion)**

**૧. યર્દન : ચમત્કારિક રીતે પાણીનું બે ભાગમાં વિભાજીત થવું. (યહોશુઆ ૧-૫).**

જ્યારે મોશે મરણ પામે છે ત્યારે તેના અનુગામી તરીકે ઈશ્વર યહોશુઆને પસંદ કરે છે. યર્દન નદીની સામે પાર જવું તે યહોશુઆનો પ્રથમ પડકાર છે. ઈશ્વરે તેને આજ્ઞા આપી કે પવિત્ર સંસ્કારવિધિના સરઘસ માટે લોકોને તૈયાર કરવામાં આવે, યાજકો આગળ ચાલે અને તેઓ યર્દન નદી તરફ ચાલવાની શરૂઆત કરે. જ્યારે યાજકોના પગ પાણીને સ્પર્શ

કરશે ત્યારે ઈશ્વર તેઓ માટે પાણીના બે ભાગ કરશે. લોકો આધીન થયા અને ઈશ્વરે બત્રીસ કિલોમીટર જેટલા અંતરમાં યર્દન નદીના બે ભાગ કર્યા. તેઓ સફળતાપૂર્વક નદીની સામે પાર ગયા એટલે યર્દન નદીનું પાણી ફરીથી પહેલાની જેમ વહેવા લાગ્યું.

**૨. યરીખો : શહેર ઉપર મેળવેલો ચમત્કારિક વિજય (યહોશુઆ ૬).**

યરીખો શહેર મૃત સરોવરની પાસે યર્દન નદીની પશ્ચિમ બાજુએ આવેલું છે. તે પૂર્વ બાજુએથી વચનના દેશમાં પ્રવેશ કરવાનો એક માત્ર રસ્તો છે. પરંતુ આ કિલ્લેબંધીવાળુ નગર છે અને ઇઝરાયલી લોકો માટે તે અવરોધરૂપ હતું. યહોશુઆ ઈશ્વરનું ડહાપણ ધરાવનાર સૈન્યનો નામાંકિત વ્યૂહ રચનાર છે. શહેર તરફ તે દૃષ્ટિ કરે છે અને તેનો પરાજય કેવી રીતે કરવો તેનો વિચાર કરે છે ત્યારે તેને માર્ગદર્શન આપવા માટે ઈશ્વરનો દૂત હાજર થાય છે. તેણે દરેક દિવસે એક વખત એમ સાત દિવસ સુધી શહેરની આસપાસ પ્રદક્ષિણા કરવાની છે. અને સાતમા દિવસે સાત વખત પ્રદક્ષિણા કરે અને લોકો હોકારો કરે. તે પછી શહેરનો કોટ જમીનદોસ્ત થશે. તેઓએ આજ્ઞાનું પાલન કર્યું અને શહેરનો કોટ જમીનદોસ્ત થયો. આ સાચે જ અદ્‌ભુત વિજય શહેર ઉપર મેળવેલી ચમત્કારિક જીત હતી.

**૩. વિજય : કનાનનો પરાજય (યહોશુઆ ૭-૧૨).**

કનાનના રહેવાસીઓએ ઇઝરાયલી લોકોનો તિરસ્કાર કરવામાં ઐક્યતા મેળવી છે પરંતુ તેઓનો સામનો કરવામાં સૈન્ય તરીકે ઐક્યતા મેળવી નથી. સમગ્ર વિસ્તાર અસંખ્ય વ્યક્તિગત રાજાઓથી અંકિત છે. તે પ્રત્યેક પોતાના શહેર ઉપર તથા આસપાસના વિસ્તારને પોતાના નિયંત્રણમાં રાખે છે. યહોશુઆ ભૂમધ્ય સમુદ્ર તરફ આવેલા દેશના મધ્ય ભાગથી પ્રારંભ કરે છે. દેશ વિભાજીત થએલો હોવાને લીધે તે વિજય મેળવવાની શરૂઆત કરે છે, પ્રથમ દક્ષિણ તરફનો પ્રદેશ. કનાનવાસીઓનો પ્રારંભિક પરાજ્ય લગભગ સાત વર્ષોમાં સંપૂર્ણ થયો.

## યહોશુઆની ત્રણ છાવણીઓનો નકશો : G



## અધિપત્ય : જમીન વહેંચણીની પૂર્ણાહૂતિ (યહોશુઆ ૧૩-૨૦)

ઈઝરાયલના બારેય કુળોને ચિઠ્ઠીઓ નાખીને જમીનની વહેંચણી કરવામાં આવી અને દરેક કૂળ તે વિસ્તાર ઉપર વિજય મેળવવા માટે જવાબદાર છે. બારેય કૂળોએ પોતાને ફાળવવામાં આવેલા વિસ્તારમાં (બે કૂળ અને એક અર્ધકૂળને યર્દનનો પૂર્વ ભાગ અને બાકીના અન્યએ કનાનમાં) વસવાટ શરૂ કર્યો અને અન્ય કૂળો સાથે મુક્ત સંધિ કરવામાં આવી.



## ન્યાયાધીશોનો સમય (ન્યાયાધીશો - રૂથ)

**વાતનો સારાંશ :** ચારસો વર્ષોના બંડખોર સમય માટે લોકો ઉપર અધિકાર અથવા સત્તા ચલાવવા ઈશ્વરે સામશુન તથા અન્યને ન્યાયાધીશો તરીકે નીમ્યા.

### ન્યાયાધીશોના સમયનો વિષયાર્થ

**ન્યાયાધીશોના સમયના ચાર મુખ્ય વિષયો આ છે.**

૧. *ન્યાયાધીશો*

૨. *બંડ અથવા બળવો*

૩. *પુનરાવર્તન*

૪. *રૂથ*

**૧. ન્યાયાધીશો : ઈઝરાયલના આગેવાનો (ન્યાયાધીશો).**

આ ન્યાયાધીશો ઈઝરાયલી લોકોના રાજકીય-લશ્કરી આગેવાનો છે. તેઓના સ્થાન-સત્તા અને કાર્યકુશળતાને કારણે તેઓ સંપૂર્ણ સત્તાનો ઉપયોગ કરતા. ચાર મુખ્ય ન્યાયાધીશો આ છે :

**ક. દબોરા** - ન્યાયાધીશોના પ્રારંભિક સમયમાં સૌથી વધુ કાર્યકુશળ સ્ત્રી ન્યાયાધીશ છે.

**ખ. ગીદિયોન** - કેવળ ત્રણસો માણસો સાથે રાખીને હજારોની સંખ્યાના સૈન્યને તેણે પરાજ્ય આપ્યો.

**ગ. સામશુન** - તે સૌથી વધારે પ્રખ્યાત ન્યાયાધીશ છે તેમાં કોઈ જ શંકા નથી. તેનું મહાન સામર્થ્ય અને સાહસોએ લોકોની અપેક્ષાઓને પકડી લીધી છે, પરંતુ દુઃખની વાત એ છે, કે તે એક સ્ત્રીના પ્રલોભનમાં ફસાઈ ગયો.

**ઘ. શમુએલ** - તે છેલ્લો ન્યાયાધીશ અને પહેલો પ્રબોધક એમ બને છે.

**૨. બંડ અથવા બળવો : ઈશ્વરના નિયમોનું ખંડન (ન્યાયાધીશો).**

ઈઝરાયલના ઈતિહાસમાં અંધકારમય સમય પછી યહોશુઆની આગેવાની નીચે વિજયો પ્રાપ્ત કર્યા તેની નોંધ ન્યાયાધીશોના પુસ્તકમાં કરેલી છે. મોશે મરણ પામ્યો તે અગાઉ તેણે પુનર્નિયમ ૭:૧-૫માં ત્રણ વાતોનું પાલન કરવા માટે ઈઝરાયલી લોકોને ફરમાવ્યું હતું.

ક. કનાનના સર્વ રહેવાસીઓનો નાશ કરવો.

ખ. કનાનીઓ સાથે આંતર લગ્નોથી દૂર રહો.

ગ. કનાનીઓના દેવોની આરાધના બંધ કરો.

ઈઝરાયલી લોકો આ ત્રણેય વાતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા. કનાનીઓનો સંપૂર્ણ નાશ કરવાનો અનાદર, ઈશ્વરના નિયમનું ખંડન અને ઈઝરાયલના નૈતિક અધઃપતન વિશે વાંચવું ખરેખર દુઃખજનક છે.

**૩. પુનરાવર્તન : ઈઝરાયલના દુર્ભાગ્યનું પુનરાવર્તન (ન્યાયાધીશો).**

ન્યાયાધીશોના સમયના મોટાભાગમાં સાત ચક્રોની હારમાળા જોવા મળે છે - દરેક ચક્રને પાંચ વિભાગો છે.

**ચાર્ટ : ૪**




૧. ઈઝરાયલ **પાપ** કરે છે અને ઈશ્વરની વિરુદ્ધ બંડ કરે છે.

૨. ઈશ્વર તેઓને શિક્ષા કરે છે અને પાડોશી રાજ્ય કે પ્રદેશની **તાબેદારી** હેઠળ લાવે છે.

૩. ઈઝરાયલ **પશ્ચાતાપ** કરે છે અને સહાય તથા છુટકારો મેળવવા ઈશ્વરને વિનંતી કરે છે.

૪. ઈશ્વર ન્યાયાધીશને ઊભો કરે છે અને તે તેઓને બંધનમાંથી છુટકારો અપાવે છે.

૫. ઈશ્વર દેશને સ્વતંત્રતા આપે છે. અને લોકો પુનઃસ્થાપના તથા આરામનો આનંદ કરે છે.

આ એક કુંડાળું છે :

પાપ → તાબેદારી → પશ્ચાતાપ ⟶
છુટકારો → આરામ

જ્યારે ન્યાયાધીશ મરણ પામે છે ત્યારે આ ઘટનાક્રમનું પુનરાવર્તન થાય છે. ઈઝરાયલના દુર્ભાગ્યનું પુનરાવર્તન ફરીથી શરૂ થાય છે. ન્યાયાધીશોના પુસ્તકમાં આ પ્રકારના સાત કુંડાળાની નોંધ કરવામાં આવી છે.

**૪. રૂથ : નમૂનારૂપ સ્ત્રી (રૂથ).**

ન્યાયાધીશોના સમયની સામાન્ય પશ્ચાતભૂમિકાની વિરુદ્ધમાં આ સમય દરમિયાન જીવન જીવેલી રૂથની વાત જોવા મળે છે. નૈતિક અને આધ્યાત્મિક સામર્થ્યનો તે નમૂનો છે. તેની વાત એક પ્રેમ, શુદ્ધતા અને સમર્પણની છે. જ્યારે કોઈક વ્યક્તિ ઈશ્વરની આધીનતામાં વિશ્વાસુપણે જીવન જીવે છે ત્યારે તેઓ ઈશ્વરના આશીર્વાદોનો અનુભવ કરે છે. રૂથનું જીવન આ વાતને સમર્થન આપે છે. રૂથ પ્રત્યેના ઈશ્વરના આશીર્વાદોમાંનો એક આ છે : તે બીન-યહૂદી હોવા છતાં અબ્રાહામથી ઈસુ સુધીની વંશાવળીમાં તેના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## રાજ્ય (Kingdom) નો સમય (૨ કાળવૃત્તાંત)

**વાતનો સારાંશ :** નવી રાજાશાહીમાં દાવિદ જેવા સૌથી મહાન રાજા પછી તેના અનુગામી તરીકે મોટાભાગના અન્યાયી રાજાઓ થયા છે. શલોમોન પછી રાજ્ય વિભાજીત થાય છે. ઈઝરાયલના પાપને કારણે ઈશ્વર આખરે તેઓનો ન્યાય કરે છે અને તેઓને બંદીવાસમાં મોકલે છે.

### રાજ્યના સમયનો વિષયાર્થ

રાજ્યમાં ચાર મુખ્ય સમયો જોવા મળે છે :

૧. *સંયુક્ત રાજ્ય*

૨. *વિભાજીત રાજ્ય*

૩. *ઉત્તરનું રાજ્ય*

૪. *દક્ષિણનું રાજ્ય*

**૧. સંયુક્ત રાજય : નવી રાજાશાહી (૧અનેર શમૂએલ).**

ઈઝરાયલના બાર કુળો તેઓની આસપાસ આવેલી અન્ય પ્રજાઓ ઈર્ષા અનુભવે છે. તે કારણને લીધે તેઓ ઈશ્વર પાસે રાજાની માંગણી કરવામાં સંગઠીત છે. આ હકીકત રાજા તરીકે ઈશ્વરનો અનાદર છે. ઈશ્વર તેઓના પ્રથમ રાજા તરીકે શાઉલનો અભિષેક કરવા માટે શમૂએલ, છેલ્લા ન્યાયાધીશને મંજૂરી આપે છે. આ રીતે નવી રાજાશાહીની શરૂઆત થાય છે. શાઉલ ન્યાયી રાજા નહોતો તે કારણને લીધે ઈશ્વરે તેના રાજ્યકાળને સન્માનિત કર્યો નહોતો અને તેને ઈઝરાયલની રાજગાદી ઉપર દઢપણે સ્થાપિત કર્યો નહોતો. તેનો અનુગામી દાવિદ, નબળાઈઓ હોવા છતાં ન્યાયી રાજા છે. તેના પરિણામે તેના રાજ્યાધિકારમાં ઈઝરાયલી લોકોએ પ્રગતિ કરી હતી. દાવિદના મરણ પછી તેનો દીકરો સલોમોન રાજા બન્યો હતો. શરૂઆતમાં સલોમોને ન્યાયીપણાથી રાજ્યાધિકાર સંભાળ્યો પરંતુ ત્યાર પછી પરદેશી સ્ત્રીઓના દુષ્ટ પ્રભાવને લીધે સલોમોન ઈશ્વરથી દૂર ચાલ્યો ગયો હતો. સંયુક્ત રાજ્યનું અસ્તિત્વ એક સો બાર વર્ષ સુધી સતત રહ્યું હતું.

**૨. વિભાજીત રાજય : આંતર વિગ્રહ (૧ રાજાઓ).**

જીવંત અને સાચા ઈશ્વરની આરાધના કરવાથી, સલોમોનના જવાને લીધે તેના મરણ પછી અચાનક આંતરવિગ્રહો શરૂ થયા છે અને રાજ્ય વિભાજીત થયું છે. ઉત્તરના રાજ્યના હવે દસ કૂળો છે અને યરોબામ I તેઓનો રાજા છે અને દક્ષિણના રાજ્યમાં યહૂદિયા અને બિન્યામીન એમ બે કૂળો છે અને રાહાબામ તેઓનો રાજા છે. ઉત્તરના રાજ્યના દસ કૂળો “ઈઝરાયલ” નામથી ઓળખાય છે અને દક્ષિણના રાજ્યના બે કૂળો વધારે વસતી ધરાવતા કૂળના નામ ઉપરથી “યહૂદિયા” તરીકે ઓળખાય છે.

**૩. ઉત્તરનું રાજય : અન્યાયી રાજય (૧અનેર રાજાઓ).**

આંતર વિગ્રહોને કારણે રાજ્ય વિભાજીત થયું છે અને યરોબામ ઈઝરાયલના ઉત્તારના રાજ્ય ઉપર અધિકાર ચલાવે છે. યરોબામ અન્યાયી

રાજા હતો અને તેના અનુગામી તરીકે ઉત્તરના રાજ્ય ઉપર બસોને નવ વર્ષ સુધી રાજ્યાધિકાર ચલાવનારા સર્વ રાજાઓ પણ અન્યાયી છે. સર્વ મળીને ઓગણીસ રાજાઓ હતા. રાજા અને લોકોના પાપ તથા મૂર્તિપૂજાને કારણે ઈશ્વરે ઉત્તરના રાજ્યને પરાજીત કરવા આશૂર પ્રજાને સમર્થ કરી હતી. અને પોતાના લોકોને ચારે દિશામાં વિખેરી નાખ્યા હતાં. અન્યાયી રાજ્ય કદી જ પુનઃસ્થાપિત કરવામાં આવ્યું નથી.

**૪. દક્ષિણનું રાજ્ય : સાતત્ય વિનાનું રાજ્ય (૨ રાજાઓ).**

સલોમોનનો દીકરો રાહાબામ યહૂદિયાના દક્ષિણ રાજ્ય ઉપર રાજ્યાધિકાર ધરાવે છે. તે પણ અન્યાયી રાજા છે. જો કે દક્ષિણના રાજ્યએ ઉત્તરના રાજ્યની સરખામણીમાં સારો દેખાવ કર્યો છે. તેનું અસ્તિત્વ ત્રણસો ચાલીસ વર્ષનું છે અને તેના કુલ વીસ રાજાઓમાંથી આઠ ન્યાયી રાજાઓએ રાજ્યના જીવનને આગળ વધાર્યું છે. તેમ છતાં યહૂદિયાનું પાપ અંતે તેને પકડી પાડે છે. બેબિલોન જેણે ઈ.પૂ. ૬૦૯માં આશૂર ઉપર વિજય મેળવ્યો હતો તેઓને સમર્થ કરીને ઈશ્વર યહૂદિયા ઉપર વિજય અપાવવા દ્વારા પોતાનું ન્યાયસાશન લાવે છે. બેબિલોનમાં ત્રણ વખત બંદીવાસ કરીને ન્યાયશાસન આવે છે. બેબિલોન સર્વ આગેવાનો, કારીગરો, સંગીતકારો અને બુદ્ધિશાળી કુટુંબના બાળકોને એકત્ર કરીને તેઓને પોતાના દેશમાં બંદીવાન તરીકે લઇ જાય છે. નબૂખાદનેસ્સાર રાજા જ્યારે યરુશાલેમ અને મંદિરનો વિનાશ કરે છે ત્યારે ઈ.પૂ. ૫૮૬માં ત્રીજી વખતનો બંદીવાસ થાય છે.

ચાર્ટ : ૫

## ઈઝરાયલ અને યહૂદિયાના રાજાઓની યાદી

| યહૂદિયા | ઈઝરાયલ | પ્રબોધકો | રાજ્યસત્તા |
|---|---|---|---|
| રાહાબામ ૧૭ વર્ષો | યરોબામ | સમ્માયા<br>અહીઝા | |
| અબિઝા ૩ વર્ષ | | ઈદ્દો | |
| આશા<br>૪૧ વર્ષો | નાદાબ ૨ વર્ષ | અઝાર્યા | |
| | બાસા ૨૪ વર્ષો | ઓબેદ | |
| | એલા ૨ વર્ષ | હનાની | |
| | ઝિમ્રી ૭ દિવસ | | |
| | ઓમરી ૧૨ વર્ષો | | |
| યહોશાફાટ<br>૨૫ વર્ષો | આહાબ<br>૨૨ વર્ષો | એલીયા<br>મિખા<br>યેહૂ (હનાનીનો દીકરો) | સિરિયા |
| | અહાઝર્યા ૨ વર્ષો | | |
| યરોબામ ૮ વર્ષ | યહોરામ<br>(અથવા યોરામ)<br>૧૨ વર્ષો | એલિએઝર | |
| અહાઝિયા ૧ વર્ષ | | | |
| અથાલ્યા | | એલિશા | |
| યોઆશ<br>(યહોઆશ)<br>૪૦ વર્ષો | યેહૂ<br>૨૮ વર્ષો | | |
| | યહોઆઝ<br>૧૭ વર્ષો | ઝખાર્યા<br>(યહોયાદાનો દીકરો) | |
| | યહોઆશ<br>૧૬ વર્ષો | યોના<br>યોએલ | |
| અમાસ્યા<br>૨૯ વર્ષો | યરોબામ II<br>૪૧ વર્ષો | આમોસ | આશૂર |
| ઉઝિયા<br>(અથવા અઝાર્યા)<br>૫૨ વર્ષો | | | |

ચાર્ટ : ૫

# ઈઝરાયલ અને યહૂદિયાના રાજાઓની યાદી

| યહૂદિયા | ઈઝરાયલ | પ્રબોધકો | રાજ્યસત્તા |
|---|---|---|---|
| | ઝખાર્યા ૬ મહિના | | |
| | સાલ્લુમ ૧ મહિનો | | |
| | મનોહેમ ૧૦ વર્ષો | હોશિયા | |
| | પકાયાહ ૨ વર્ષ | યશાયા | |
| યોથામ ૧૬ વર્ષો | પેકાયા ૨૦ વર્ષો | મિખા | |
| સારાઝ ૧૬ વર્ષો | | | |
| હઝકિયા ૨૯ વર્ષો | હોશેયા ૯ વર્ષો | | |
| મનાશ્શા ૫૫ વર્ષો | સમરૂનનું પતન ઈ.પૂ. ૭૨૨ આશૂરનો બંદિવાસ | નાહૂમ | |
| આમોન ૨ વર્ષ | | | |
| યોશિયા ૩૧ વર્ષ | | સફાન્યા<br>યર્મિયા | આશૂરનું પતન ઈ.પૂ.૬૧૨ |
| | | હબાકૂક | |
| યહોઆહાઝ ૩ મહિના | | | ૧લુ બેબિલોનિયન આક્રમણ |
| યહોયાકિમ ૧૧ વર્ષો | | દાનિયેલ | |
| યહોયાકિમ ૩ મહિના | | | |
| ઝદાકિયા ૧૧ વર્ષો | | | ૨જું આક્રમણ<br>૩જું આક્રમણ |
| યરુશાલેમ પર વિજય ઈ.પૂ. ૫૮૬ બેબિલોનનો બંદિવાસ | | હઝકિયેલ | પર્શિયા<br>કોરેશ<br>દાર્યાવેશ I |
| ઝરુબાબેલ | | હાગ્ગાય<br>ઝખાર્યા | ઝાર્ખાસ<br>દાર્યાવેશ II |
| એઝરા | | | |
| નહેમ્યા | | | |
| | | માલાખી | |

## બંદીવાસનો સમય (હઝકિયેલ - દાનિયેલ)

**વાતનો સારાંશ :** હઝકિયેલ અને દાનિયેલ નેતાગીરી આપે છે અને હવે પછીના સીત્તેર વર્ષ દરમિયાન બંદીવાસ થએલા લોકોને વિશ્વાસુ બનવા ઉત્તેજન આપે છે.

### બંદીવાસના સમયનો વિષયાર્થ

આ પુસ્તકોમાં વર્ણવેલો કેટલોએક ઈતિહાસ મુખયત્ત્વે ભવિષ્યવાણીઓના પુસ્તકો સાથે સંબંધ ધરાવે છે. આ બંદીવાસના સમયનું વર્ણન છે. તેમ છતાં આ સમયના ચાર મુખ્ય વિભાગો માટેની બાઇબલની કલમોમાં કેટલાએક ભવિષ્યવાણીના પુસ્તકોનો સમાવેશ થશે. બંદીવાસના સમયના ચાર મુખ્ય વિભાગો છે :

૧. *ભવિષ્યવાણી*

૨. *પ્રબોધકો*

૩. *બંદીવાસ*

૪. *વિશ્વની સત્તામાં પરિવર્તન*

**૧. ભવિષ્યવાણી : આવનાર બંદીવાસ માટેની ચેતવણી (યર્મિયા).**

આશૂર દ્વારા ઉત્તારના રાજ્ય ઈઝરાયલ ઉપર વિજય મેળવવામાં આવ્યો હતો અને ઈ.પૂ.૭૨૨માં તેઓ વિખેરાઇ ગયા હતા. ૨ રાજાઓમાં વર્ણવેલા પ્રસંગોના સમય દરમિયાન દક્ષિણનું રાજ્ય, યહૂદિયાને યર્મિયા ("રુદન કરનાર પ્રબોધક" તરીકે ઓળખાય છે) દ્વારા આવનાર બંદિવાસ સંબંધી ચેતવણી આપવામાં આવે છે. બેબિલોનના સૈન્ય દ્વારાં ઈઝરાયલી લોકોને બંદીવાસમાં લઇ જવામાં આવશે તેવી તેણે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી. આ બનાવ ઈ.પૂ. ૫૮૬માં બને છે. બંદીવાસનો સમય સિત્તેર વર્ષનો હશે તે વિશે પણ તેણે ચોક્કસ ભવિષ્યવચન ઉચ્ચાર્યું હતું.

**૨. પ્રબોધકો : બંદીવાસમાં વિશ્વાસુપણું દર્શાવવા ઉત્તેજન (હઝકિયેલ અને દાનિયેલ).**

બંદીવાસના સમય દરમિયાન બે પ્રબોધકોએ બાઇબલના પુસ્તકોનું લેખન કર્યું છે. તેઓ હઝકિયેલ અને દાનિયેલ છે. હઝકિયેલનું પુસ્તક

મુખ્યત્ત્વે ભવિષ્યવચન સંબંધી છે અને આત્મચરિત્ર વિષેનું નથી તેથી આપણે હઝકિયેલ વિશે વધુ માહિતી જાણી શકતા નથી. બંદીવાસમાંથી યહૂદી લોકોની પુનઃસ્થાપના વિશે તે ભવિષ્યવચન ઉચ્ચારે છે અને બંદીવાસ દરમિયાન વિશ્વાસુપણા માટે ઉત્તેજન આપે છે. ભવિષ્યવચનોના પુસ્તકોમાં દાનિયેલના પુસ્તકનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ છતાં તેમાં આત્મચરિત્ર વિશે વધુ લખવામાં આવ્યું છે. અને તે ભવિષ્યવચનના ઈતિહાસને ભવ્ય રીતે રજૂ પણ કરે છે. દાનિયેલ રાજ્યનો આગળ પડતો સરકારી આગેવાન હતો અને ઈજિપ્તમાં યોસેફના સ્થાન જેવું જ તે સ્થાન ધરાવતો હતો. દાનિયેલનું વ્યક્તિગત જીવન તેના લોકો માટે ઉદાહરણ છે, તેના ભવિષ્યવચનો વિશ્વના ભવિષ્યમાં થનારા વિનાશને અને ઈઝરાયલ માટેની આગામી યોજનાને સ્પર્શે છે. હઝકિયેલ ઈઝરાયલ રાષ્ટ્રની ધાર્મિક પુનસ્થાપના ઉપર ભાર મૂકે છે તો દાનિયેલ તેની રાજકીય પુનઃસ્થાપનાને કેન્દ્રસ્થાને રાખે છે.

### ૩. બંદીવાસ : સંસ્કૃતિ સાથે એકરૂપતા (દાનિયેલ).

દાનિયેલના પુસ્તકમાં આપણને બંદીવાસ દરમિયાનના જીવનનો પરિચય કરાવવામાં આવ્યો છે. યહૂદી લોકોને બંદીવાસ કરવામાં આવ્યા છે તે સંસ્કૃતિ સાથે તેઓ લગભગ એકરૂપ થઈ ગયા છે. તેઓ સામાજિક ભેદભાવ અનુભવે છે. અને અયોગ્ય જગ્યાએ મૂકેલા યહૂદીએ હંમેશાં તેનો અનુભવ કર્યો છે તે સાચું છે. આ પરિસ્થિતિ હોવા છતાં તેઓ સમાજની સંસ્કૃતિ સાથે એકરૂપ થએલા સ્પષ્ટપણે નિહાળી શકાય છે. તેઓમાંના કેટલાકે તો પ્રભાવશાળી ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કર્યા છે.

### ૪. વિશ્વની સત્તામાં પરિવર્તન : પર્સિયન સામ્રાજ્યનો વિકાસ (દાનિયેલ).

યહૂદીઓ બેબિલોનના બંદીવાસમાં છે ત્યારે તે પ્રાંતમાં પર્સિયન સૈન્ય ખૂબ જ સત્તા સંપાદન કરે છે. પર્સિયન સૈન્ય (ઈ.પૂ. ૬૦૯માં આશૂર ઉપર વિજય મેળવ્યો હતો) બેબિલોન ઉપર વિજય મેળવે છે. એટલે પર્સિયા કેવળ પોતાના દેશ ઉપર જ નહિ પણ આશૂર અને બેબિલોન એક વખત અધિકાર ચલાવતું હતું, તે પ્રાંતો ઉપર રાજ્યાધિકાર સંપાદન કરે છે. તાઈગ્રીસ નદીથી છેક ભૂમધ્ય સમુદ્ર સુધી પર્સિયન સામ્રાજ્ય વિસ્તૃત થાય છે.

## બંદીવાસમાંથી પાછા ફરવાનો સમય (એઝરા-એસ્તર)

**વાતનો સારાંશ :** યરુશાલેમમાં મંદિરનું પુનઃબાંધકામ કરવા માટે લોકોના પ્રથમ જૂથને બંદીવાસમાંથી પાછા ફરવા ઝરુબ્બાબેલ દોરવણી આપે છે અને ત્યાર પછી એઝરા અને નહેમ્યા આગેવાની આપે છે.

## બંદીવાસમાંથી પાછા ફરવાના સમયનો વિષયાર્થ

બંદીવાસમાંથી પાછા ફરવાના સમયના પાંચ મુખ્ય વિષયો છે :

૧. *બિસ્માર હાલત*

૨. *મંદિર*

૩. *પર્સિયામાં યહૂદીઓ*

૪. *લોકો*

૫. *દીવાલો (કોટ)*

**૧. બિસ્માર હાલત : યુદ્ધ અને મરામતના અભાવે વિનાશ (નહેમ્યા ૧:૧-૩).**

બંદીવાસના સીત્તેર વર્ષો દરમિયાન યહૂદિયાના આગેવાનોનો દેશનિકાલ કરવામાં આવ્યો છે. પરિણામે યરુશાલેમની ખંડિયેર હાલતમાં વધારે વિનાશ થયો છે. જ્યારે પ્રારંભિક વિજય મેળવવા સૈન્યએ શહેર પર પ્રથમ આક્રમણ કર્યું ત્યારે શહેરને નુકસાન થયું હતું. તે ઉપરાંત મરામતના અભાવે વધુ વિનાશ થયો હતો. તેથી યુદ્ધ અને મરામતના અભાવને લીધે યરુશાલેમ શહેરની ખૂબ જ કફોડી હાલત થઈ હતી.

**૨. મંદિર : મંદિરનું પુનઃબાંધકામ (એઝરા ૧-૬).**

યરુશાલેમના મંદિરનું પુનઃબાંધકામ કરવા તથા તે કાર્ય માટે નાણાંકીય સહાય આપવા ઈશ્વરે પર્શિયાના રાજા કોરેશને ઉત્તેજન આપ્યું. પર્શિયામાં આગળ પડતું સ્થાન ધરાવનાર યહૂદી આગેવાન ઝરુબાબેલ યરુશાલેમમાં પ્રથમ યહૂદી લોકોના જૂથને દોરવણી આપીને લઈ જાય છે અને મંદિરના પુનઃબાંધકામની શરૂઆત કરે છે. યરુશાલેમની આસપાસ વસવાટ કરનારા વિદેશીઓના તીવ્ર વિરોધનો સામનો યહૂદીઓ કરે છે. યરુશાલેમમાં વસવાટ કરનારા હાગ્ગાય અને ઝખાર્યા એમ બે પ્રબોધકોના આગ્રહને લીધે મંદિરના પુનઃબાંધકામનું કાર્ય પૂર્ણ કરવામાં આવે છે.

# એઝરા, નહેમ્યા અને એસ્તેરનો કાળાનુક્રમ ચાર્ટ

| | એઝરા ૧-૬ | એસ્તેર | એઝરા ૭-૧૦ | | નહેમ્યા |
|---|---|---|---|---|---|
| તારીખો | ઈ.પૂ. ૫૩૮-૫૧૫ | ઈ.પૂ. ૪૮૩-૪૭૩ | ઈ.પૂ. ૪૫૭ | ૧૩ વર્ષનો સમય તફાવત | ઈ.પૂ. ૪૪૪-૪૨૫ |
| મુખ્ય વિષય | ઝરુબાબેલની નેતાગીરી નીચે મંદિરનું પુનઃબાંધકામ | મોર્દખાય અને એસ્તેરની નેતાગીરી નીચે લોકોનો બચાવ | એઝરાની નેતાગીરી નીચે સુધારણા | | નહેમ્યાની નેતાગીરી નીચે કોટનું બાંધકામ |
| | મંદિર | લોકો | લોકો | | યરુશાલેમનો કોટ અને લોકો |
| પ્રબોધકો | હાગ્ગાય ઝખાર્યા | - | - | | માલાખી |
| સ્થળ | યરુશાલેમ | પર્શિયા (સુશાન અથવા સુસા) | યરુશાલેમ | | યરુશાલેમ |
| બંદીવાસમાંથી ફરવું | પ્રથમ સમય પાછા ફરવું | - | બીજો સમય પાછા ફરવું | | ત્રીજો સમય પાછા ફરવું |
| પર્શિયન રાજાઓ | કોરેશ અને દાર્યાવેશ । | આહાશુરાસ અથવા ઝાર્ખાસ | આર્તા સાસ્તાહ । | | આર્તા સાસ્તાહ । |

### ૩. પર્શિયામાં યહૂદીઓ : વિનાશમાંથી બચાવ પામવું (એસ્તેર).

એસ્તેરના જીવનની વાત એઝરાના અધ્યાય ૬ અને ૭ની વચ્ચે એટલે બંદીવાસમાંથી પાછા ફરનાર પ્રથમ યહૂદી જૂથને ઝરુબ્બાબેલ દ્વારા દોરવણી આપવામાં આવી, અને બંદીવાસમાંથી પાછા ફરનાર યહૂદીઓને એઝરા દ્વારા દોરવણી આપવામાં આવી, તે બંને પ્રસંગે વચ્ચે ગોઠવી શકાય છે તેની નોંધ કરો. અધ્યાય ૬ તરફ ધ્યાન આપો. બંદીવાસના સમય પછી પોતાના દેશમાં પાછા ફરવાને બદલે મોટા ભાગના યહૂદી લોકોએ પર્શિયામાં વસવાટ કરવાની પસંદગી કરી હતી તે વાતને એસ્તેરના પુસ્તકમાં મહત્ત્વ આપવામાં આવ્યું છે. જો કે ઈશ્વરના નામનો ઉલ્લેખ એકપણ વખત આ પુસ્તકમાં કરવામાં આવ્યો નથી તેમ છતાં સંભાળ રાખનાર અને રક્ષણ આપનાર ઈશ્વરનો સમર્થ ભૂજ તેમના લોકો સાથે છે તે અવશ્યપણે જોઈ શકાય છે. હામાનની દુષ્ટ યોજનાને કારણે યહૂદી લોકો સંકટમાં આવી ગયા હતા પરંતુ એસ્તેરની હિંમત અને મોર્દખાઈની ડહાપણભરી સલાહને કારણે ઈશ્વર તેઓનો મહાન છુટકારો કરે છે.

### ૪. લોકો : આધ્યાત્મિક રીતે પુનઃબાંધકામ (એઝરા ૭-૧૦).

મંદિરનું પુનઃબાંધકામ સમાંતર સીધી રીતે યહૂદી લોકોના આધ્યાત્મિક પુનઃબાંધકામને દર્શાવે છે. મંદિરની આરાધના સીત્તેર વર્ષથી બંધ થઇ ગઇ છે. મોટાભાગના યહૂદીઓએ મોશેના નિયમો જોયા કે સાંભળ્યા નથી. તેઓને રાષ્ટ્રીય પુનઃકેળવણી કાર્યક્રમમાં દોરવણી આપવાની જરૂર છે. ઈશ્વર લોકોની આધ્યાત્મિક પરિસ્થિતિ સુધારવામાં એઝરાનો ઉપયોગ કરે છે. એઝરાએ ઈશ્વરના નિયમોનો અભ્યાસ કરવામાં, તેનું અનુસરણ કરવામાં અને ઇઝરાયલી લોકોને ઈશ્વરના સત્યો, કાનૂનો અને પવિત્ર સંસ્કારો વિશે શીખવવામાં પોતાનું મન લગાડ્યું છે. જ્યારે એઝરાએ જોયું કે લોકો અને યાજકોએ વિદેશી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં છે ત્યારે તેણે લોકોના પાપ સાથે પોતાની ઓળખ આપી અને તેઓના બદલે પશ્ચાતાપની એક મહાન મધ્યસ્થીની પ્રાર્થના કરી ત્યારે તેઓએ પોતાની વિદેશી સ્ત્રીઓનો ત્યાગ કરવાનો અને ઈશ્વરના નિયમોનું આચરણ કરીને જીવન જીવવાનો દૃઢ નિશ્ચય કરીને પોતાનો પ્રત્યુત્તર આપ્યો. આ રીતે બંદીવાસમાંથી તેઓ પાછા ફર્યા ત્યારે તેણે લોકોને આધ્યાત્મિક રીતે મજબૂત કર્યા.

૫. દીવાલો (કોટ) : પુનઃસ્થાપનાનું કાર્ય પૂર્ણ થયું (નહેમ્યા).

યહૂદી લોકોને તક આપવામાં આવી તેમ છતાં બધાં જ યહૂદીઓ બંદીવાસમાંથી પાછા ફર્યા નહોતા (પર્શિયામાં યહૂદીઓ શિર્ષક જુઓ) ઘણા યહૂદીઓ હવે યરુશાલેમમાં પાછા ફર્યા છે. શહેરમાં મુખ્ય ઈમારત તરીકે મંદિરનું સમારકામ પૂર્ણ થયું છે. તેમ છતાં શહેરની દીવાલો (કોટ) હજુપણ ખંડિયેર સ્થિતિમાં છે. આ સ્થિતિ અસલામતીની બીક ઊભી કરનારી છે. તેમ જ રાષ્ટ્રીય શરમનું કારણ છે. પર્સિયાના રાજા આર્તાહશાસ્તાની સેવા કરનાર નહેમ્યા બીજો એક નોંધપાત્ર યહૂદી છે કે જેને દીવાલનું પુનઃબાંધકામ કરવાની તીવ્ર ઇચ્છા છે. શહેરની દીવાલ વિના યરુશાલેમ શહેર કહેવાને પણ યોગ્ય નથી. આ કાર્ય કરવાને માટે પર્સિયાના રાજા દ્વારા તેને મંજૂરી આપવામાં આવી, એટલું જ નહિ પણ તે કાર્ય માટે નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી. તેના થોડા સમય પછી સતત વિરોધ ઉપર વિજય પામીને યરુશાલેમની આસપાસ આવેલી દીવાલ (કોટ) નું બાંધકામ પૂર્ણ કરવામાં આવે છે. રાજ્યપાલ તરીકે નહેમ્યા સરકારી સત્તાને પણ દૃઢ બનાવે છે.

બંદીવાસમાંથી પાછા ફરવાના આ સમયમાં આપણે નિહાળી શકીએ છીએ કે કેવી રીતે મંદિર અને શહેરની દીવાલનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું તેમ છતાં દીવાલના પુનઃબાંધકામના તે સમય દરમિયાન ઈશ્વરના લોકોનું નવીનીકરણ કરવાનું તથા તેઓને પુનઃજાગૃત કરવાનું કાર્ય, નહેમ્યાના ઈશ્વરની બીક રાખનાર જીવન અને નેતાગીરીના વર્ષો માગી લે છે.

## ખામોશીનો (Silence) સમય

(જૂના કરાર અને નવા કરાર વચ્ચેનો સમય)

**વાતનો સારાંશ :** હવે પછીના ચારસો વર્ષ સુધી ફરોશીઓ અને અન્ય આગેવાનો ઇઝરાયલી લોકોને નીતિ નિયમો અને રૂઢિચુસ્તતામાં જકડી રાખે છે.

### ખામોશીના સમયનો વિષયાર્થ

ખામોશીના સમયમાં ચાર મુખ્ય વિષયો આ છે :

૧. *વિશ્વની સત્તામાં પરિવર્તન*

૨. *રાજકીય મંડળો*

૩. *ધાર્મિક સંપ્રદાયો*

૪. *આવનાર મસીહાની આશા*

**૧. વિશ્વની સત્તામાં પરિવર્તન : ઈઝરાયલ પ્રજાની પ્રગતિ.**

જૂના કરારના અંત સમયે પર્સિયા (ઈરાન) દ્વારા યરુશાલેમ ઉપર અધિકાર ચલાવવામાં આવે છે. ઈ.પૂ. ૩૩૧માં એલેકઝાંડર ધી ગ્રેટ દ્વારા પર્સિયનોને પરાજીત કરવામાં આવ્યાં. ત્યાર પછી એલેકઝાંડરે ઈન્ડુસ નદી ઓળંગીને પંજાબ (ભારત) આવ્યો પરંતુ તેના સૈન્યએ આગેકૂચ કરવાનો અનાદર કર્યો. તેણે વિશ્વના તે ભાગ માટે ઐક્યતાના પરિબળ તરીકે ગ્રીક સંસ્કૃતિ અને ગ્રીક ભાષાને અગ્રસ્થાન આપ્યું. જ્યારે ઈ.પૂ. ૩૨૩માં એલેકઝાંડર મરણ પામ્યો ત્યારે તેના રાજ્યનું ચાર ભાગોમાં વિભાજન થયું. ઈજિપ્ત અને પેલેસ્ટાઈન (જૂનું ઇઝરાયલ) પ્ટોલોમી પહેલાના અધિકાર નીચે આવ્યું. તેમ છતાં ગ્રીસ સંસ્કૃતિ હજુપણ સમૃદ્ધ હતી અને તેની અગ્રીમતા અને મુખ્ય પ્રભાવ રહ્યો હતો. તે પછી જ્યારે રોમનોએ વિશ્વના તે ભાગ ઉપર વિજય મેળવ્યો ત્યારે રોમન પ્રભાવની રજૂઆત થઈ પરંતુ હમણાં સુધી તો ગ્રીક પ્રભાવ હજુપણ મજબૂત છે. તેથી ઇઝરાયલી લોકોની પ્રગતિ પર્સિયાથી ગ્રીક સુધી અને ગ્રીકથી રોમ સુધી આગળ વધી.

**૨. રાજકીય મંડળો : મેકેબીઝ અને ઝેલોટ્સ.**

ખામોશીના ચારસો વર્ષ દરમિયાન પરદેશી શાસન વિરુદ્ધ લડાયક યહૂદીઓએ બળવો કરવાનો પ્રયત્ન કર્યો છે. યરુશાલેમ અને યહૂદિયાની આસપાસના પ્રાંતને સ્વતંત્ર, પરદેશી સત્તા અને નિયંત્રણથી મુક્ત રાજ્ય તરીકે સ્થાપન કરવું તે જ તેઓનો ધ્યેય છે. તેમાં મેકેબીઝ અને ઝેલોટ્સનો સમાવેશ થાય છે. જ્યુડાઝ મેકેબીયસ તેઓનો શ્રેષ્ઠ જાણીતો આગેવાન હતો.

**૩. ધાર્મિક સંપ્રદાયો : ફરોશીઓ અને શાસ્ત્રીઓ.**

આ સમય દરમિયાન યરુશાલેમમાં ધાર્મિક બે મુખ્ય "પક્ષ" છે. સંજોગોવસાત, તેઓ ધાર્મિક "નિયમશાસ્ત્ર પરાયણતા" (નિયમો અને કાયદાઓનું બાહ્ય અનુસરણ) ઉપર વિશેષ ધ્યાન આપતા હોવાને કારણે ફરોશીઓ અને શાસ્ત્રીઓ સાચા આત્મિક જીવન અને અનુભવ માટે વધારે સહાય કે માર્ગદર્શન આપી શક્યા નહોતા. તેઓ આંતરિક હેતુઓ અને વલણો પ્રત્યે બેદરકાર છે. તેઓ તો માત્ર બાહ્ય નિયમો અને સંસ્કારોને જ

મહત્ત્વ આપે છે. ફરોશીઓ રૂઢિવાદી (સાચો અથવા સ્વીકૃત અભિપ્રાયોને માન્ય રાખનારા) રૂઢિપ્રિય (આત્યંતિકતાનો અનાદર કરનારા) અને તેઓ પોતાની અને સામાન્ય લોકો વચ્ચેની ભીન્નતાને ઉત્તેજન આપનારા છે.

શાસ્ત્રીઓ પોતાના બાહ્ય આચરણમાં ધાર્મિક કે ચૂસ્ત નથી. તેઓ યરુશાલેમમાં ઉચ્ચ વર્ગના લોકોનો (ભારતમાં બ્રાહ્મણ લોકો જેવો) પક્ષ છે. તેઓ રાજકીય પરિસ્થિતિને શાંત અને સરળ રાખવા પોતાની સંપત્તિ અને પ્રભાવનો ઉપયોગ કરે છે. અધિકારીઓનું મંડળ જેને સાન્હેદ્રિન કહેવાય છે તેમાં ફરોશીઓ અને શાસ્ત્રીઓ બંને પક્ષના પ્રતિનિધિઓ છે. આ બંને પક્ષોમાં ધાર્મિક સ્વતંત્રતા માટેની ઈચ્છા સિવાય ભાગ્યે જ કોઈક સામ્યતા છે. તે પછી તેઓએ નાઝરેથના ઈસુનો સક્રિય વિરોધ કરવામાં ઐક્યતા મેળવી હતી.

**૪. આવનાર મસીહાની આશા : તારનારની અપેક્ષા.**

યહૂદી લોકોનો બચાવ કરવા આવનાર છે એવા એક વ્યક્તિ તરીકે સમગ્ર જૂના કરારમાં "મસીહા" (અથવા "તારનાર") વિશે ભવિષ્યવચન આપવામાં આવ્યું છે. કેટલાએક યહૂદીઓ આત્મિક છુટકારાની જરૂરિયાત અનુભવતા હતા પરંતુ મોટાભાગના યહૂદીઓ કેવળ રાજકીય છુટકારો મેળવવાની ઝંખના રાખતા હતા. આ બંને કારણોને લીધે ખામોશીના ચારસો વર્ષો દરમિયાન આવનાર મસીહા માટેની અપેક્ષા અને આશા દૃઢપણે જોવા મળે છે. ઈશ્વર મસીહાના આગમન માટે વિશ્વને તૈયાર કરી રહ્યા છે. ખામોશીના સમયના પ્રસંગો આ હકીકતોને દર્શાવતા હોય તેવું જોવા મળે છે :

ક. વિશ્વના આ ભાગમાં સામાન્ય ભાષા અને સામાન્ય સંસ્કૃતિ (ગ્રીક ભાષા અને ગ્રીક સંસ્કૃતિ) છે જેના પરિણામે મસીહાનો સંદેશો સહેલાઈથી અને ઝડપથી ફેલાવો પામ્યો.

ખ. રોમન સામ્રાજ્યએ આ સમગ્ર પ્રાંતમાં શાંતિ (રોમન શાંતિ) સ્થાપન કરી. રસ્તાઓની વ્યવસ્થા વ્યાપક બનાવી, સમુદ્ર દ્વારા મુસાફરીની સ્વતંત્રાતા આપી અને સામાન્ય સરકારની સ્થાપના કરી. આ બાબતોને લીધે કોઈપણ અવરોધ અને દખલગીરી વિના લોકો મુક્તપણે વધારે પ્રાંતોમાં મુસાફરી કરી શકતા.

ગ. ધાર્મિક સતાવણી અને રાજકીય જુલમ જેવા દુઃખો યહૂદી લોકો ભોગવે છે તે કારણને લીધે તારનાર અથવા છુટકારો કરનારની આશા અને અપેક્ષામાં ખૂબ વધારો થયો.

આ બધા જ કારણોએ મસીહા તરીકે દાવો કરનાર નાઝરેથના ઈસુના આગમન માટે ફાળો આપ્યો અને આ પ્રસંગે સમગ્ર યહૂદી વિશ્વનું ધ્યાન એકાગ્ર કર્યું.

## વધારાની નોંધ

**૧. ગ્રીકોનું બૌદ્ધિક યોગદાન**

ક. સાર્વત્રિક સુવાર્તાને સાર્વત્રિક ભાષા-ગ્રીક ભાષાની આવશ્યકતા હતી.

ખ. ગ્રીક સંસ્કૃતિ, વિચારધારા અને તત્ત્વજ્ઞાને જૂના ધર્મોનો વિનાશ કર્યો હતો.

**૨. રોમનોનું રાજકીય યોગદાન**

ક. સાર્વત્રિક નિયમ અને સરકાર ("રોમન શાંતિ") નીચે રોમનોએ આખા સામ્રાજ્યમાં એકતાની ભાવના વિકસાવી હતી.

ખ. રોમન સામ્રાજ્યએ આદિવાસી જૂથો અને પ્રાંતોમાં કોઈપણ અવરોધ વિનાની સફરની સગવડ આપી હતી.

ગ. રોમનોએ રસ્તાઓની વ્યવસ્થા અને દરિયાઇ સફરને ખૂબ વિકસાવી હતી.

ઘ. રોમનોના વિજયને કારણે અગાઉ વિજય પામેલા લોકોના દેવોમાં વિશ્વાસ રાખવાની વાતને રદિયો મળ્યો હતો. રોમન આક્રમણોથી તેઓના દેવોએ છુટકારો નહિ કરવાને લીધે તેઓના દેવો સર્વશક્તિમાન નથી તેવી લાગણીનો અનુભવ લોકોએ કર્યો હતો. દેવો પ્રત્યેનો તેમનો વિશ્વાસ હચમચી ગયો હતો.

**૩. યહૂદીઓનું ધાર્મિક યોગદાન**

ક. એક જ ઈશ્વરમાં વિશ્વાસ

ખ. આવનાર મસીહાની આશા

ગ. યહૂદી નિયમનો નૈતિક ભાગ-દસ આજ્ઞાઓ.

ઘ. જૂના કરારના વચનો.

ચ. સભાસ્થાન-આરાધનાનું સ્થળ. પ્રારંભિક મિશનરીઓએ શુભસંદેશનો ઉપદેશ કરવા માટે સભાસ્થાનોનો ઉપયોગ કર્યો હતો.

# ૭. કાવ્યમય પુસ્તકો

## (યોબ - ગીતોનું ગીત)

### સમીક્ષા

જૂના કરારમાં ઐતિહાસિક, કાવ્યમય, અને ભવિષ્યકથનોના એમ ત્રણ પ્રકારના પુસ્તકો છે તે યાદ રાખો. આ વિસ્તૃત વિભાગો છે. ઐતિહાસિક પુસ્તકોમાં દર્શાવેલા ઈતિહાસનો સામાન્ય ખ્યાલ હમણાં જ આપણે મેળવ્યો. કાવ્યમય પાંચ પુસ્તકો છે. યોબથી ગીતોના ગીત સુધી પ્રથમ સત્તર ઐતિહાસિક પુસ્તકો પછી તે આવે છે.

જૂના કરારમાં ત્રણ પ્રકારના પુસ્તકો આ મુજબ છે :

| | | |
|---|---|---|
| ઐતિહાસિક | કાવ્યમય | ભવિષ્યકથનો |
| ઉત્પત્તિ-એસ્તેર | યોબ-ગીતોનું ગીત | યશાયા-માલાખી |

ઐતિહાસિક પુસ્તકોમાં સર્જનની શરૂઆતથી લઈને ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો તે અગાઉના ચારસો વર્ષો, ખામોશીના સમય સુધી હિબ્રૂ લોકોના ઈતિહાસને આવરી લેવામાં આવ્યો છે. ઐતિહાસિક અને કાવ્યમય પુસ્તકોની સમય રેખા, ચાર્ટ ૭માં નિહાળીએ તો ઉત્પત્તિના પુસ્તકમાં નોંધવામાં આવેલા પ્રસંગોના સમય દરમિયાન અયૂબના પુસ્તકનું લેખન થયું હતું તેની નોંધ કરો. ગીતશાસ્ત્રના પુસ્તકનું લેખન ૨ શમુએલમાં દાવિદના જીવન દરમિયાન થયું હતું. અને નીતિવચનો, સભાશિક્ષક અને ગીતોનું ગીત પુસ્તકોનું લેખન ૧ રાજાઓના સમયમાં શલોમોનના જીવન દરમિયાન થયું હતું.

### ચોક્કસ લાક્ષણિકતાઓ

સત્તર ઐતિહાસિક પુસ્તકોનો સંબંધ ઈતિહાસ સાથે છે. આ પાંચ કાવ્યમય પુસ્તકોનો સંબંધ અનુભવ સાથે છે. સત્તર ઐતિહાસિક પુસ્તકો રાષ્ટ્ર કે દેશ સાથે સંબંધ ધરાવે છે. પાંચ કાવ્યમય પુસ્તકો વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવે છે. સત્તર પુસ્તકો હિબ્રૂ લોકો કે જાતિ વિશે જણાવે છે. પાંચ કાવ્યમય પુસ્તકો માનવી હૃદય કે અંતઃકરણ વિશે જણાવે છે.

જૂના કરારમાં આ પાંચ કાવ્યમય પુસ્તકોમાં જ કાવ્ય આપેલું છે તે વાત સત્ય નથી તેની પણ નોંધ કરો. પ્રબોધકોના અને ઐતિહાસિક પુસ્તકોમાં પણ કાવ્યમય લખાણ અહીં તહીં જોઈ શકાય છે. ઉદાહરણ તરીકે ઐતિહાસિક પુસ્તકોમાં નિર્ગમન ૧૫ અને ૨ શમૂએલ ૨૨ અને પ્રબોધકોના પુસ્તકોમાં યર્મિયાનો વિલાપ અને હઝકિયેલ ૧૯ જુઓ.

અયૂબથી ગીતોનું ગીત - આ પુસ્તકો સ્પષ્ટ રીતે કાવ્યમય પુસ્તકોના જૂથમાં આવે છે. કાવ્ય ખરેખર આત્માનું ગીત છે. જ્યાં કંઈ સુધરેલી સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવે છે ત્યાં કાવ્યનું લેખન થયું છે. દરેક દેશજાતિ પાસે પોતાના કાવ્યો છે. તામીલ ભાષાના સાહિત્યમાં સંગમ કાવ્યો તરીકે જાણીતા ઊર્મિગીતો છે. તિરૂ વાલ્લુવરે સૂત્રો કે કહેવતો (અત્યંત મહત્ત્વના આવશ્યક ભાગની સંક્ષિપ્ત રજૂઆત, એક જ વાક્યમાં વર્તનના સત્ય કે નિયમની અભિવ્યક્તિ) લખ્યાં હતાં. સૌથી મહાન તેલુગુ કાવ્યો ૧૬મી સદીમાં રચ્યાં હતાં. સંત ત્યાગારાજે શાસ્ત્રીય આલાપ જેને રાગા કહેવામાં આવે છે. તેમાં લાગણીઓને સ્પર્શે તેવા ઊર્મિગીતોનું ગાયન કર્યું હતું. વીસમી સદીના સૌથી મહાન કવિ બંગાળના રવિન્દ્રનાથ ટાગોર હતા. તેમના કાવ્યોના સંગ્રહ ગીતાંજલી માટે તેમને નોબલ પ્રાઇઝ મળ્યું હતું.

આ રીતે હિબ્રૂ કાવ્યો પણ છે. તેની વધુ વિગતો આપણે જોવાના નથી. પરંતુ હિબ્રૂ કાવ્યો વિચારોની સરખામણીની ખાસિયત ધરાવે છે.

## હિબ્રૂ કાવ્યો

**હિબ્રૂ કાવ્યોનો સારાંશ :** કાવ્યમય પુસ્તકોમાં મુખ્યત્ત્વે ત્રણ પ્રકારના કાવ્યો છે. આ પ્રકારોમાં કવિઓએ ઈશ્વરનો સંદેશ સમજાવવા માટે અનેક વિવિધ પ્રકારની સાહિત્યિક રીતો અથવા કાર્યક્ષમતાઓનો ઉપયોગ કર્યો છે.

**ત્રણ મુખ્ય પ્રકારના હિબ્રૂ કાવ્યો આ છે :**

૧. ઊર્મિ કાવ્યો - તેની સાથે સંગીત હોય છે. આ એક ગીત જેવું છે.

૨. શિક્ષણ કે માર્ગદર્શન આપનાર કાવ્યો - જીવનના સિદ્ધાંતોનું શિક્ષણ કહેવત કે એક વાક્યમાં જ કરવામાં આવે છે. સામાન્ય સત્યો કે નિયમોની સંક્ષિપ્ત અભિવ્યક્તિ.

૩. નાટ્યાત્મક કાવ્યો - સંવાદ અથવા વાર્તાનું લેખિત વર્ણન અને તે

# ઐતિહાસિક અને કાવ્યમય પુસ્તકોની સમય રેખા

ચાર્ટ : ૭

કાવ્યમય પુસ્તકો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યોબ | | | | | | | ગીતશાસ્ત્ર | નીતિવચનો<br>સભાશિક્ષક<br>ગીતોનું ગીત | | | |

ઐતિહાસિક પુસ્તકો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | લેવીય - પુનર્નિયમ | | | રૂથ | | ૧ કાળવૃત્તાંત | ૨ કાળવૃત્તાંત | | | એસ્તેર | |
| ઉત્પત્તિ<br>૧ | નિર્ગમન<br>૨ | ગણના<br>૩ | યહોશુઆ<br>૪ | ન્યાયાધીશો<br>૫ | ૧ શમૂએલ<br>૬ | ૨ શમૂએલ<br>૭ | ૧ રાજાઓ<br>૮ | ૨ રાજાઓ<br>૯ | બંદીવાસ<br>(૭૦ વર્ષો) | એઝરા<br>૧૦ | નહેમ્યા<br>૧૧ |

કાવ્યના સ્વરૂપમાં વાર્તા રજૂ કરે છે.

**તેની બે મુખ્ય પધ્ધતિઓ આ છે :**

**I. સરખામણી**

**II. શબ્દાલંકાર**

**I. સરખામણી : એક સરખા અથવા સામ્યતા ધરાવતા વિચારોનું જોડાણ**

**વ્યાખ્યા :** ધ્વનિનું એક સરખાપણું કે જોડાણ કરવાને બદલે હિબ્રૂ કવિઓએ એક સરખા અથવા સામ્યતા ધરાવતા વિચારોનું જોડાણ કરવામાં વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ હકીકતને સરખાપણું કે સરખામણી કહે છે.

વિચારો એકબીજાને સમાંતર દોડે છે તે હિબ્રૂ કાવ્યની મુખ્ય લાક્ષણિકતા છે. જૂના કરારમાં કાવ્યોમાં અનુપ્રાસ નથી. (શબ્દો અથવા શબ્દોના અંતનો એક સરખા ધ્વનિ જેવી ઓળખ) વિચારોનું જોડાણ-સરખાપણું અથવા સરખામણી તે હિબ્રૂ કાવ્યોની આગવી ઓળખ છે.

સરખાપણું કે સરખામણીના વધારે મહત્ત્વના પ્રકારો અહીં રજૂ કરેલા છે.

**૧. સમાનાર્થી અથવા પર્યાય (એક સરખો અર્થ ધરાવે છે) સરખામણી :** પ્રસ્તુત વિચારો એક સરખા છે. બંને પંક્તિઓમાં મૂળભૂત રીતે એક જ વાત રજૂ કરી છે. પરંતુ જુદા જુદા શબ્દોનો ઉપયોગ કર્યો છે.

અયૂબ ૩૮:૭ *"પરોઢિયાના તારા એકત્ર થઈને સ્તુતિગાન કરતા હતા અને સર્વ, ઈશ્વરના દીકરાઓ, દૂતો જયનાદ કરતા હતા."*

અહીં "પરોઢિયાના તારા" અને "ઈશ્વરના દીકરાઓ" એક સરખો શબ્દસમૂહ દેવદૂતોનો ઉલ્લેખ કરે છે (અયૂબ ૧:૬ ; ૨:૧ જુઓ) અને "સ્તુતિગાન" અને "જયનાદ" શબ્દો જ્યારે સૃષ્ટિનું સર્જન કરવામાં આવ્યું ત્યારે તેઓના આનંદનું વર્ણન કરતા એક સરખા શબ્દો છે.

ગીતશાસ્ત્ર ૨૫:૪ *"હે યહોવા, તારા માર્ગ મને બતાવ,*
*તારા રસ્તા વિશે મને શીખવ."*

અહીં "મને બતાવ" અને "મને શીખવ" એક સરખા શબ્દસમૂહો છે અને "તારા માર્ગ" અને "તારા રસ્તા" એક સરખા શબ્દસમૂહો છે.

ગીતશાસ્ત્ર ૫૯:૧ *"હે મારા ઈશ્વર, મારા શત્રુઓથી મારો બચાવ કરો. જેઓ મારી વિરુદ્ધ ઊઠે છે તેઓથી મારું રક્ષણ કરો."*

"મારો બચાવ કરો" અને "મારું રક્ષણ કરો" સમાનાર્થી છે. અને "મારા શત્રુંઓથી" અને "જેઓ મારી વિરુદ્ધ ઊઠે છે" સમાનાર્થી છે.

**૨. વિરોધાભાસી અથવા ભેદ-સ્પષ્ટીકરણ સરખામણી : બીજો વિચાર પ્રથમ વિચાર સાથે વિરોધાભાસી છે.**

નીતિવચન ૧૪:૩૪

"ન્યાયીપણું રાષ્ટ્રને ગૌરવ અપાવે છે. પણ પાપ કોઈપણ પ્રજા માટે લાંછનરૂપ છે."

પ્રથમ લીટીમાં દર્શાવેલ હકારાત્મક સત્યની નકારાત્મક બાજુ તરીકે "પાપ" શબ્દ "ન્યાયીપણા" નો વિરોધાભાસી શબ્દ છે.

ગીતશાસ્ત્ર ૧:૬ *"કેમ કે યહોવા ન્યાયીઓનો માર્ગ જાણે છે પણ દુષ્ટોના માર્ગનો નાશ થશે."*

અહીં "ન્યાયીઓના માર્ગ" અને "દુષ્ટોના માર્ગ" નો વિરોધાભાસ છે.

ગીતશાસ્ત્ર ૨૭:૬ *"મિત્રના (કરેલા) ઘા પ્રામાણિક છે પણ શત્રુનાં ચુંબન પુષ્કળ છે."*

અહીં "મિત્રના (કરેલા) ઘા" "શત્રુનાં ચુંબન" સાથે વિરોધાભાસ દર્શાવે છે. "પ્રામાણિક" અને "શત્રુ" વચ્ચે પણ વિરોધાભાસ છે.

યશાયા ૬૫:૧૩ બીજું એક ઉદાહરણ છે કે જ્યાં વિરોધાભાસી સરખામણી સ્પષ્ટ જોવા મળે છે.

*"તે માટે પ્રભુ યહોવા કહે છે, કે*
*જુઓ, મારા સેવકો ખાશે, પણ તમે તો ભૂખ્યા રહેશો;*
*જુઓ, મારા સેવકો પીશે, પણ તમે તો તરસ્યા રહેશો;*
*જુઓ, મારા સેવકો આનંદ કરશે, પણ તમે તો લજ્જિત થશો."*

**૩. સંપૂર્ણ કરનાર સરખામણી :** બીજો વિચાર પ્રથમ વિચારને સંપૂર્ણ

કરે છે. એક લીટી અગાઉની લીટીના વિચારને દઢ કરે છે. અને પરિણામે વિચાર સંપૂર્ણ થાય છે.

ગીતશાસ્ત્ર ૧:૩ *"વળી તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે,*
*જે પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે,*
*અને જેનાં પાંદડાં કદી પણ ચીમળાતાં નથી;*
*વળી જે કંઈ તે કરે છે તે સફળ થાય છે."*

અહીં આ કલમમાં ન્યાયી માણસ કે જેનું જીવન પ્રથમ "રોપવામાં" આવે છે. તેથી તેને "ફળ" આવે છે અને તેનાં "પાંદડાં......ચીમળાતાં નથી." અંતે "તે સફળ" થાય છે. એક લીટીમાં આપેલો વિચાર બીજી લીટીમાં વૃદ્ધિ પામતો સ્પષ્ટપણે જોઈ શકાય છે.

ગીતશાસ્ત્ર ૯૨:૧૨ *"ન્યાયી માણસ તાડની જેમ ખીલશે;*
*તે લબાનોનના દેવદારની જેમ વધશે."*

બીજી લીટીનો વિચાર પ્રથમ લીટી સાથે સહમત થાય છે અને તે વિચારને વૃદ્ધિ આપીને તેને સંપૂર્ણ કરે છે.

ગીતશાસ્ત્ર ૫૫:૬ *"વળી મેં કહ્યું, મને કબૂતરની જેમ*
*પાંખ હોત, તો કેવું સારું! કે હું*
*દૂર ઊડી જઈને વિસામો લેત."*

**૪. સાંકેતિક (દૃષ્ટાંતરૂપ કે અર્થાલંકારિક) સરખામણી :** બીજી લીટીમાં દર્શાવેલ વિચારનું સ્પષ્ટીકરણ કરવા પ્રથમ લીટીમાં અર્થાલંકારનો ઉપયોગ થાય છે.

નીતિવચન ૨૭:૧૭ *"લોઢું લોઢાને તેજદાર બનાવે છે*
*તેમ જ માણસ પોતાના મિત્રના*
*મોંને તેજદાર બનાવે છે."*

અન્ય દ્વારા વ્યક્તિની ઝડપી સમજણને તેજદાર બનાવવામાં આવે છે તે શાબ્દિક સત્યનું પ્રથમ લીટીમાં અર્થાલંકારિક ઉદાહરણ છે. ઈશ્વરની વધુ નજદીક જીવન જીવવા એક વ્યક્તિનું પ્રભુમય જીવન બીજાને પડકાર આપે

છે. અહીં એક વધુ વૈવિધ્યપૂર્ણ ઉદાહરણ છે.

નીતિવચન ૨૭:૧૫ *"ચોમાસામાં વરસાદનું જાથું વરસવું તથા કજિયાખોર સ્ત્રી (એ બન્ને) બરાબર છે."*

આ વાક્યો પોતે જ તેનો ખુલાસો કરે છે!

ગીતશાસ્ત્ર ૪૨:૧ *"જેમ પાણીનાં નાળાંને સારુ હરણ તલપે છે*
*તેમ હે ઈશ્વર, તારે સારુ મારો આત્મા તલપે છે."*

પ્રથમ લીટીમાં પાણીનાં નાળાંને માટે હરણનું તલપવું તે શબ્દ ચિત્ર ઈશ્વર માટે વ્યક્તિની આધ્યાત્મિક તરસનું વર્ણન કરવા માટે વપરાયું છે.

**II શબ્દાલંકાર : દૃશ્ય પ્રતિમાઓનું સર્જન.**

**વ્યાખ્યા :** હિબ્રૂ કવિઓ વાચકોના મનમાં વિવિધ પ્રકારના ચિત્રો અને પ્રતિમાઓનું સર્જન કરવાનો ઈરાદો રાખતા હોવાને કારણે તેઓએ શબ્દાલંકારનો ઉપયોગ કર્યો હતો.

સૌથી સામાન્ય પાંચ "શબ્દાલંકાર" આ છે :

૧. ઉપમા (**Simile**) : બે વસ્તુઓ વચ્ચે સરખામણી દર્શાવતું શબ્દચિત્ર. બે સૌથી સામાન્ય શબ્દો "જેમ" (**AS**) અને "તેમ" (**Like**) તરફ ધ્યાન આપો.

ગીતશાસ્ત્ર ૪૨:૧ *"જેમ પાણીનાં નાળાંને સારુ હરણ તલપે છે.*
*તેમ હે ઈશ્વર, તારે સારુ મારો આત્મા તલપે છે."*

ગીતશાસ્ત્રી ૧:૩

*"વળી તે નદીની પાસે રોપાએલા ઝાડના જેવો થશે."*

૨. અર્થાલંકાર (**Metaphor**) : એક વસ્તુની સરખામણી બીજી વસ્તુનો ઉલ્લેખ કરે છે. "જેમ" (**As**) અથવા "તેમ" (**Like**) જેવા શબ્દનો ઉપયોગ કર્યા વિના સરખામણી થાય છે.

ગીતશાસ્ત્ર ૨૩:૧ *"યહોવા મારો પાળક છે."*

ગીતશાસ્ત્ર ૧૮:૨ *યહોવા મારો પાળક, મારો કિલ્લો, મારો ગઢ...*

૩. અત્યુક્તિ (**Hyperbole**) : મહત્ત્વ દર્શાવવા માટે સ્વેચ્છાએ કરેલી

અતિશયોક્તિ. તેનો શાબ્દિક અર્થ જોવાની જરૂર નથી.

ગીતશાસ્ત્ર ૬:૬ *"દુ:ખમાં કણસી કણસીને હું થાકી ગયો છું*
*દરરોજ રાત્રે મારા રુદનથી મારી*
*પથારી અને મારાં આંસુઓથી*
*મારું ઓશીકું પલળી જાય છે."*

૪. શબ્દાડંબરયુક્ત (**Rhetorical**) પ્રશ્ન : વિધાન કરવાના હેતુથી પૂછવામાં આવેલો પ્રશ્ન. પ્રભાવ પાડવા અને સમજણ આપવા તેનો ઉપયોગ થાય છે. અસર ઉપજાવવા પ્રશ્ન પૂછવામાં આવે છે. અને તેનો પ્રત્યુત્તર મેળવવાનો પ્રયત્ન થતો નથી.

ગીતશાસ્ત્ર ૧૦૬:૨ *"યહોવાનાં મહાન કૃત્યો કોણ વર્ણવી શકે?*
*તેની સંપૂર્ણ સ્તુતિ કોણ કરી શકે?"*

યોબ ૩૮-૩૯ આ અધ્યાયો શબ્દાડંબરયુક્ત પ્રશ્નોથી ભરપૂર છે.

૫. સજીવારોપણ (Personification) : નિર્જીવ વસ્તુઓ માટે માનવી જીવનની લાક્ષાણિકતાઓ દર્શાવવી. નિર્જીવ કે શુષ્ક વસ્તુઓ માટે વ્યક્તિગત લાક્ષણિકતાઓ આપવી. વ્યક્તિ તરીકે વિચાર અથવા વસ્તુનું પ્રતિનિધિત્ત્વ કરવું.

ગીતશાસ્ત્ર ૧૦૪:૧૯ *"સૂર્ય પોતાનો અસ્તકાળ જાણે છે"*

ગીતશાસ્ત્ર ૯૬:૧૨ *"ખેતર તથા તેમાં જે કંઈ છે તે સર્વ ઉત્સાહ કરો;*
*ત્યારે વનનાં સર્વ વૃક્ષો યહોવાની આગળ હર્ષનાદ કરશે."*

## પાંચ કાવ્યમય પુસ્તકોનો વિષયાર્થ

### ૧. યોબ : ઈશ્વરના સર્વાધિકાર અને દુ:ખસહન દ્વારા આશીર્વાદ

યોબ ખૂબ શ્રીમંત અને ઈશ્વરની બીક રાખનાર વ્યક્તિ છે. તેનું સમગ્ર જીવન અને ભવિષ્ય અચાનક અને નાટ્યાત્મક રીતે બદલાઈ ગયું. તે પોતાની તંદુરસ્તી, પોતાની સંપત્તિ અને પોતાનું કુટુંબ ગુમાવી બેસે છે અને ભયંકર દુ:ખ અને વેદનાનો અનુભવ કરે છે. આ પુસ્તક યોબની આંતરિક મુંઝવણોને "નાટ્યાત્મક કાવ્ય" તરીકે રજૂ કરે છે. શરૂઆતનો ખુલાસો

(યોબ ૧-૨) કર્યા પછી ત્રણ મિત્રો દુઃખ અને ઈશ્વરના સર્વાધિકારની સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રત્યત્નો કરે છે અને તેઓની ચર્ચા (અથવા વાર્તાલાપ) ની શૃંખલાને રજૂ કરવામાં આવ્યા છે. યોબના જીવનની દુર્ઘટના પાપને કારણે થઈ છે તેવું તેઓ ભારપૂર્વક જણાવે છે. યોબ તેનો નકાર કરે છે. ત્યાર પછી યુવાન એલિહૂ બોલે છે. અંતમાં ઈશ્વર પોતાની ભવ્યતા અને સામર્થ્યને પ્રગટ કરે છે. યોબના પ્રશ્નોનો કદી જ પ્રત્યુત્તર મળ્યો નહિ છતાં તે પશ્ચાત્તાપ કરે છે અને ઈશ્વરના સર્વાધિકાર, ડહાપણ અને ન્યાયીપણાને તે સ્વૈચ્છિક રીતે આધીન થાય છે. યોબનો બચાવ થાય છે અને તેને બદલો આપવામાં આવે છે. તેના મિત્રોને ધમકાવવામાં આવે છે અને યોબની સમૃદ્ધિને પુનઃસ્થાપિત કરીને બમણી કરવામાં આવે છે.

**૨. ગીતશાસ્ત્ર : જાહેર આરાધનામાં સ્તુતિ, પ્રાર્થના અને વ્યક્તિગત અનુભવો.**

ગીતશાસ્ત્રનો અર્થ આ છે : "તારવાળા વાજીંત્રો સાથે ગાવાના ગીતો." સંગીત સાથે લયમાં ગીતોની ગોઠવણ કરવામાં આવી છે અને આરાધના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગીતશાસ્ત્રના પુસ્તકમાં એકસો પચાસ ગીતો છે અને તેને પાંચ નાના પુસ્તકોમાં વિભાજીત કરવામાં આવ્યાં છે :

I. ગીતશાસ્ત્ર ૧-૪૧

II. ગીતશાસ્ત્ર ૪૨-૭૨

III. ગીતશાસ્ત્ર ૭૩-૮૯

IV. ગીતશાસ્ત્ર ૯૦-૧૦૬

V. ગીતશાસ્ત્ર ૧૦૭-૧૫૦.

સ્તવન (**Doxology**) અથવા ઈશ્વરની સ્તુતિના વિશેષ શબ્દો દરેક પુસ્તકના અંતને આકાર આપે છે. આ સ્તવનો ગીતોના જૂથના વિભાજનો નક્કી કરે છે. મુલાકાત મંડપ, મંદિર અને સભાસ્થાનોમાં પ્રાર્થનાના પુસ્તક તરીકે અને જાહેર આરાધનામાં સ્તુતિ તરીકે આ ગીતોનો ઉપયોગ થતો હતો. તેઓમાં વ્યક્તિગત અનુભવોની ઊંડાઈનો પણ સમાવેશ કર્યો છે. આ ગીતોના મુખ્ય ત્રણ પ્રકાર છે : સ્તુતિ, આભારસ્તુતિ અને વિલાપ. આ

ગીતોમાંથી અડધા ભાગના ગીતોની રચના દાવિદ રાજાએ કરી છે અને બીજા અડધા ભાગના ગીતો અનેક વિવિધ કવિઓ દ્વારા કરવામાં આવી છે. આ "ઊર્મિ કાવ્ય" ની રચના સંગીત સાથે ગાયન કરવામાં આવે તે રીતે કરવામાં આવી છે. આરોહણની ક્રિયા તરીકે કેટલાક (ગીતશાસ્ત્ર ૧૨૦-૧૩૪) ગીતોના જૂથ જોવા મળે છે. મસીહાને લગતા ગીતો, હાલેલૂયાહના ગીતો, પશ્ચાતાપના ગીતો અને શત્રુઓ અને દુષ્ટ કૃત્યો કરનારાઓ વિરુદ્ધ ક્રોધ પ્રગટ કરતા ગીતો છે.

**૩. નીતિવચનો : ડહાપણ, જીવન જીવવા માટેની કાર્યકુશળતા**

નીતિવચનોનો હેતુ ડહાપણ (૧:૨-૪) અથવા "જીવન જીવવાની કાર્યકુશળતા" આપવાનો છે. આ ડહાપણ કેવળ સાંભળેલું જ્ઞાન નથી. પરંતુ સારું શું છે અને ખોટું શું છે તેની સમજણનો દિવ્ય પ્રકાશ છે. નીતિવચનનું પુસ્તક વ્યવહારિક ડહાપણ, આંતરસૂઝ, સ્વ-શિસ્ત અને નૈતિક હિંમતને મહત્ત્વ આપે છે. આ "શિક્ષણ કે માર્ગદર્શન આપનારા કાવ્યો" સંક્ષિપ્તમાં, કહેવતરૂપે આલેખાયેલાં છે અને ઈશ્વર તથા અન્ય લોકો સાથેના વ્યક્તિના સંબંધોને કેન્દ્રસ્થાન આપવામાં આવ્યું છે. તેનું લેખન શલોમોન અને અન્ય વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યું છે અને નવસો નીતિવચનો ડહાપણ અને મૂર્ખતા, અભિમાન અને નમ્રતા, ન્યાય અને પ્રતિહિંસા, આળસ અને કાર્ય, દરિદ્રતા અને સંપત્તિ, મિત્રો અને પાડોશીઓ, પ્રેમ અને લાલસા, ક્રોધ અને સંઘર્ષ, અને જીવન તથા મરણ સાથે સંબંધિત પ્રેરણા આપનારા છે. નીતિવચનનું પુસ્તક જીવનના દરેક ક્ષેત્રોમાં ઈશ્વર સમક્ષ વ્યવહારિક ન્યાયીપણાને સ્પર્શે છે.

**૪. સભાશિક્ષક : જગિક પ્રવૃત્તિઓની વ્યર્થતા**

ઈઝરાયલનો રાજા, શલોમોન પોતાની અમર્યાદિત સાધન સંપત્તિથી અને તકોથી ડહાપણ, સંપત્તિ, કાર્ય, આનંદપ્રમોદ અને સત્તા દ્વારા જીવનનો અર્થ શોધે છે. પરંતુ તેને તે સર્વ અસંતોષકારક લાગે છે. સઘળી બાબતો વ્યર્થતા તરફ અને પવનમાં બાચકા ભરવા તરફ દોરી જાય છે. આ સર્વ પ્રયત્નોની સમીક્ષા કર્યા પછી અને જગિક પ્રવૃત્તિઓની વ્યર્થતા જોયા પછી નીચોડ રજૂ કરતાં તે જણાવે છે કે ફક્ત એક જ વાત વ્યક્તિને સંતોષ આપી

શકે તે આ છે : ઈશ્વરનું ભય રાખો અને તેમની આજ્ઞાઓનું પાલન કરો." (૧૨:૧૩) આ પુસ્તક "શિક્ષણ કે માર્ગદર્શન આપનાર કાવ્ય" પણ છે. સભાશિક્ષક આપણને શીખવે છે કે ઈશ્વરની સમક્ષતાથી દૂર હોય તેવી સર્વ બાબતો ખાલીપણું ઉપજાવે છે. ઈશ્વર પોતે જ કેવળ આખરે અર્થ અને પરિપૂર્ણતાનો સ્ત્રોત છે.

## ૫. ગીતોનું ગીત : ઈશ્વરના વિવાહની માર્ગદર્શિકા

શલોમોનના ગીતો ખરેખર "ગીતોનું ગીત (૧:૧). શલોમોન દ્વારા લખાયેલાં પ્રેમગીત છે. આ "નાટ્યાત્મક કાવ્ય" શલોમોન અને તેની શુલેમાઈટ કન્યા વચ્ચેના નિકટના સંબંધનું ચિત્ર રજૂ કરે છે. એમ કરવા દ્વારા તે લગ્ન જીવનના પ્રેમ વિશે ઈશ્વરના દષ્ટિકોણને રજૂ કરે છે. તેના અર્થઘટનના ત્રણ મુખ્ય વિચારો છે. નિસર્ગાનુરૂપ (Naturalistic) અથવા શાબ્દિક, રૂપકાત્મક અને લાક્ષણિક (Typical).

**નિસર્ગાનુરૂપ (અથવા શાબ્દિક) અર્થઘટન :** આ પુસ્તક સામાન્ય રીતે માનવી પ્રેમની વાતને રજૂ કરે છે. અથવા સાહિત્યિક સદ્દગુણને ધોરણે, કોઈપણ જાતના રૂપકાત્મક અને લાક્ષણિક અર્થનો ઉપયોગ કર્યા વિના પ્રેમગીતોનો એક સાથે સંગ્રહ કરવામાં આવ્યો છે. આદર્શ માનવી પ્રેમનું વર્ણન કરવાનો ઈરાદો પણ સંભવિત છે. આ વિચાર પ્રશ્ન ઊભો કરે છે: બાઈબલમાં આ પુસ્તકનો શા માટે સમાવેશ કરવામાં આવ્યો? બાઈબલમાં તેનો સમાવેશ કરવા માટે આ કાંઈ પૂરતું કારણ હોય તેવું જોઈ શકાતું નથી. તેથી આપણે આ વિચારનો નકાર કરીએ છીએ.

***રૂપકાત્મક (Allegorical) અર્થઘટન***

આ એક બીજો અતિરેક દર્શાવે છે. તે પુસ્તકના ઐતિહાસિક આધારસ્તંભનો નકાર કરે છે. અને તેમાં દર્શાવેલી સર્વ વિગતોને અર્થાલંકારિક રીતે જુએ છે. દરેક વિગતનો ગર્ભિત આત્મિક અર્થ છે તે રીતે નિહાળે છે. આ પ્રકારનું અર્થઘટન અનેક તરંગી અને વિચિત્ર ખુલાસા તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે, કન્યાના વાળ ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તન પામેલા રાષ્ટ્રોના સમૂહનું પ્રતિનિધિત્વ કરે છે! દરેક વિવેચક પોતાની સમજણ પ્રમાણે દરેક વિગતનો અર્થ અભિવ્યક્ત કરે છે. તેથી જ અર્થઘટન

કરનારા તેઓના ખુલાસાઓમાં ભિન્ન છે. આ ખૂબ વસ્તુલક્ષી અર્થઘટન છે અને તે બાઈબલના સ્પષ્ટ અર્થનો નાશ કરે છે. તેથી આપણે આ વિચારનો નકાર કરીએ છીએ.

*લાક્ષણિક (Typical) અર્થઘટન*

રૂપકાત્મક અર્થઘટનથી ભિન્ન એવું આ અર્થઘટન બાઈબલના ઐતિહાસિક અર્થને દઢપણે પ્રગટ કરે છે. અને તે બાઈબલમાં દર્શાવવામાં આવેલા લોકો, વસ્તુઓ અને પ્રસંગોને બાઈબલમાં રજૂ કરેલા અન્ય આધ્યાત્મિક સત્યો સાથે એકરૂપ હોવાનું પ્રતિનિધિત્વ કરે છે. આ વૃત્તાંતમાં શલોમોન, સુનેમાઈટ સ્ત્રી અને યરુશાલેમની દીકરીઓ વાસ્તવિક વ્યક્તિઓ છે. શલોમોન વરરાજા છે અને સુનેમાઈટ સ્ત્રી કન્યા છે.

લાક્ષણિક શિક્ષણના બે લાગુકરણો સંભવિત હોય છે:

૧. ઈઝરાયલ કન્યા છે અને ઈશ્વર વરરાજા છે. જૂના કરારના અન્ય ફકરાઓ આ રીતે વરરાજા અને કન્યાના સંબંધો વિશે જણાવે છે. ઉ.ત. યશાયા ૫૪;૫-૬; યર્મિ. ૨:૨;હઝ. ૧૬:૮-૧૪.
૨. મંડળી કન્યા છે અને ખ્રિસ્ત વરરાજા છે. એફેસી ૫:૨૩-૨૫. ૨ કરિંથી ૧૧:૧-૨. પ્રકટી. ૧૯ : ૭-૯; ૨૧:૯ જુઓ.

આ પુસ્તકની ગોઠવણ નાટકના દશ્યોની જેમ ત્રણ મુખ્ય વક્તાઓ : કન્યા (સુનેમાઈટ) રાજા અથવા વરરાજા (શલોમોન) અને ગાયકવૃંદ (યરુશાલેમની દીકરીઓ) છે. કઈ વ્યક્તિ ક્યારે બોલે છે તે જાણવું મહત્ત્વનું છે કારણ કે તે હકીકત નાટકના પાત્રોનું અનુસરણ કરવામાં વાચકને સહાયરૂપ બને છે. આ નાટ્યાત્મક કાવ્યમાં નીચે દર્શાવેલા પાત્રોનું સૂચન અંગ્રેજી ભાષાના અમેરિકન સ્ટાન્ડર્ડ વર્ઝનમાં નોંધ તરીકે દર્શાવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| પ્રસ્તાવના | ૧:૧ | વરરાજા | ૫:૧ |
| કન્યા | ૧:૨-૪અ | કન્યા | ૫:૨-૮ |
| ગાયકવૃંદ | ૧:૪બ | ગાયકવૃંદ | ૫:૯ |
| કન્યા | ૧:૫-૭ | કન્યા | ૫:૧૦-૧૬ |
| વરરાજા | ૧:૮-૧૦ | ગાયકવૃંદ | ૬:૧ |
| ગાયકવૃંદ | ૧:૧૧ | કન્યા | ૬:૨-૩ |
| કન્યા | ૧:૧૨-૧૪ | વરરાજા | ૬:૪-૧૨ |
| વરરાજા | ૧:૧૫ | ગાયકવૃંદ | ૬:૧૩અ |
| કન્યા | ૧:૧૬-૧૭;૨:૧ | વરરાજા | ૬:૧૩બ-૭:૯અ |
| વરરાજા | ૨:૨ | કન્યા | ૭:૯બ-૮:૩ |
| કન્યા | ૨:૩-૬ | વરરાજા | ૮:૪ |
| વરરાજા | ૨:૭ | ગાયકવૃંદ | ૮:૫અ |
| કન્યા | ૨:૮-૧૩ | વરરાજા | ૮:૫બ-૭બ |
| વરરાજા | ૨:૧૪ | ગાયકવૃંદ | ૮:૮-૯ |
| ગાયકવૃંદ | ૨:૧૫ | કન્યા | ૮:૧૦-૧૨ |
| કન્યા | ૨:૧૬-૧૭;૩:૧-૪ | વરરાજા | ૮:૧૩ |
| વરરાજા | ૩:૫ | કન્યા | ૮:૧૪ |
| ગાયકવૃંદ | ૩:૬-૧૧ | | |
| વરરાજા | ૪:૧-૧૫ | | |
| કન્યા | ૪:૧૬ | | |

# ૮. પ્રબોધકોના પુસ્તકો

## (યશાયા - માલાખી)

### સમીક્ષા

જૂના કરારમાં પ્રથમ જૂથના સત્તર પુસ્તકો (ઉત્પત્તિથી એસ્તેર સુધી) ઐતિહાસિક પુસ્તકો છે. આપણે અગાઉ જોયું તેમ તેઓના મુખ્ય બે વિભાગો છે. પ્રથમ પાંચ પુસ્તકો (ઉત્પત્તિથી પુનર્નિયમ સુધી) નું લેખન મોશે દ્વારા થયું છે અને તેઓ પંચગ્રંથ તરીકે ઓળખાય છે.

તે પછીના બાર પુસ્તકોનું લેખન વિવિધ લેખકો દ્વારા થયું છે અને ઇઝરાયલી લોકોએ કનાન દેશનો કબજો મેળવીને તેમાં વસવાટ કર્યો તે તેનો મુખ્ય વિષય છે. આ બારેય પુસ્તકોમાં આપણે જોયું તેમ નવ પુસ્તકો (યહોશુઆથી ર કાળવૃતાંત સુધી) ઇઝરાયલી લોકોને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા તે અગાઉ આલેખવામાં આવ્યા છે. બાકીના ત્રણ પુસ્તકો બંદીવાસમાંથી પાછા ફર્યા તે પછી તેનું લેખન થયું છે.

જૂના કરારના બીજા જૂથમાં (યોબથી ગીતોના ગીત સુધી) પાંચ કાવ્યમય પુસ્તકો છે. હવે આપણે ત્રીજા જૂથમાં આવીએ છીએ : **પ્રબોધકોના પુસ્તકો.**

જૂના કરારમાં (યશાયાથી માલાખી સુધી) સત્તર પ્રબોધકોના પુસ્તકો છે. આ જૂથમાં પાંચ "મુખ્ય" પ્રબોધકોના પુસ્તકો છે અને બાર "નાના" પ્રબોધકોના પુસ્તકો છે. વધુમાં અવલોકન કરતા આપણે જોઈ શકીએ છીએ કે "નાના" પ્રબોધકોના પુસ્તકોમાં નવ પુસ્તકો ઇઝરાયલી લોકોને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા તે અગાઉ લખવામાં આવ્યા છે. હોશિયાથી સફાન્યા સુધીના પુસ્તકો બંદીવાસ અગાઉના પુસ્તકો છે. બાકીના ત્રણ (હાગ્ગાય, ઝખાર્યા અને માલાખી) બંદીવાસમાંથી ઇઝરાયલી લોકો પાછા ફર્યા તે પછી તેનું લેખન થયું છે. તેઓ બંદીવાસ પછીના પુસ્તકો છે. તેનો મુખ્ય વિષય બચાવ પામેલા લોકો (Remnant) છે.આ હકીકતને નીચે પ્રમાણે ચાર્ટમાં દર્શાવી શકાય :




**સમગ્ર જૂના કરારના પુસ્તકોની રચના કે બંધારણનો આ ચાર્ટ જુઓ.**

| ઐતિહાસિક પુસ્તકો | કાવ્યમય પુસ્તકો | પ્રબોધકોના પુસ્તકો |
|---|---|---|
| ૫ + ૯ + ૩ | ૫ | ૫ + ૯ + ૩ |
| નિયમો બંદીવાસ બંદીવાસ<br>અગાઉના પછીના | પ્રયોગાત્મક | મુખ્ય બંદીવાસ બંદીવાસ<br>પ્રબોધકો અગાઉના પછીના |
| ઈઝરાયલી પ્રજા - રાષ્ટ્ર | વ્યક્તિગત | ઈઝરાયલી પ્રજા - રાષ્ટ્ર |

## પ્રબોધકોના પુસ્તકોનું ભૂવર્ણન

પ્રબોધકોએ કઈ મુખ્ય જગ્યાઓએ ધર્મસેવા કરી હતી તેને નકશા નં.૧માં દર્શાવ્યું છે. નકશામાં દર્શાવેલી સંખ્યાના અંક આગળ તે સ્થળનું નામ લખીને ખાલી જગ્યા પૂરો.

૧. ઈઝરાયલ
૨. યહૂદિયા
૩. અદોમ
૪. આશૂર
૫. બેબિલોન
૬. યરુશાલેમ

**ઐતિહાસિક પુસ્તકોના સંબંધમાં પ્રબોધકોના પુસ્તકો**

૨ રાજાઓના પુસ્તકમાં દર્શાવવામાં આવેલા સમય દરમિયાનં મોટા ભાગના પ્રબોધકોના પુસ્તકો (યશાયા, યર્મિયા, યર્મિયાનો વિલાપ અને હોશિયાથી સફાન્યા સુધી) નું આલેખન થયું છે. આ પુસ્તક યહૂદિયાના દક્ષિણ રાજ્યનું પતન થયું અને અંતે તેઓને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા તેની નોંધ કરે છે. પ્રબોધકોએ ઇઝરાયલી લોકોને આપેલો મુખ્ય સંદેશો આ છે : પાપ કરવાનું મૂકી દો અને ઈશ્વર પાસે પાછા આવો. લોકોએ આ ચેતવણી તરફ ધ્યાન આપ્યું નહોતું ત્યારે ઇઝરાયલી લોકો કેવી પરિસ્થિતિમાં આવી પડશે તે વિશે પ્રબોધકોએ ભવિષ્યવચનો કહ્યાં હતાં. બાકીના પુસ્તકોમાં બે પ્રબોધકો (હઝકિયેલ અને દાનિયેલ)એ બંદીવાસ દરમિયાન પોતાની ધર્મસેવા બજાવી હતી. અને ત્રણ પ્રબોધકો (હાગ્ગાય, ઝખાર્યા અને માલાખી)એ ઇઝરાયલી લોકો બંદીવાસમાંથી પાછા આવ્યા બાદ પોતાની ધર્મસેવા બજાવી હતી. નીચે દર્શાવેલો ચાર્ટ જુઓ.


૫.
૪.
૬.
૧.
૩.
૨.

## ઐતિહાસિક પુસ્તકોના સંબંધમાં પ્રબોધકોના પુસ્તકો

*ઐતિહાસિક પુસ્તકો*

| | ૧ કાળવૃત્તાંત | ૨ કાળવૃત્તાંત | | | એસ્તેર | |
|---|---|---|---|---|---|---|
| ૧<br>શમૂએલ | ૨<br>શમૂએલ | ૧<br>રાજાઓ | ૨<br>રાજાઓ | બંદીવાસ<br>૭૦ વર્ષો | એઝરા | નહેમ્યા |

*પ્રબોધકોના પુસ્તકો:*

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | **ઈઝરાયલને:**<br>હોશિયા<br>આમોસ<br>**યહૂદિયાને:**<br>હબાકૂક<br>યશાયા<br>યર્મિયા<br>યોએલ<br>મિખા<br>સફાન્યા<br>યર્મિયાનોવિલાપ<br>**આશૂરને:**<br>યોના<br>નાહૂમ<br>**અદોમને:**<br>ઓબાદ્યા | હઝકિયેલ<br>દાનિયેલ | હાગ્ગાય<br>સફાન્યા | માલાખી |

**સારાંશ :** ભવિષ્યવાણી વર્તમાન અને ભવિષ્ય બંને માટે ઈશ્વરના વચનનો ઉપદેશ છે.

**આ પુસ્તકોના લેખનની સામાન્ય લાક્ષણિકતાઓ**

પ્રબોધકોના પુસ્તકોના લેખનની મુખ્ય ચાર લાક્ષણિકતાઓ આ છેઃ

૧. *વિભાગ*

૨. *સમય*

૩. *ભવિષ્યવચન ઉચ્ચારવું.*

૪. *ઉપદેશ*

**૧. વિભાગ : મુખ્ય અને નાના પ્રબોધકો**

પ્રબોધકોના પુસ્તકોને મુખ્ય અને નાના પ્રબોધકોમાં વિભાજીત કરવામાં આવ્યા છે. પ્રબોધકોના પુસ્તકોમાં પ્રથમ પાંચ - યશાયા, યર્મિયા, યર્મિયાનો વિલાપ, હઝકીએલ અને દાનિયેલ - પુસ્તકો મુખ્ય પ્રબોધકો છે.

બાકીના બાર : હોશિયાથી માલાખી નાના પ્રબોધકો છે.

મુખ્ય પ્રબોધકોને "મુખ્ય" (**Major**) કહેવામાં આવે છે. કારણ કે તેઓના પુસ્તકોનું લેખન વિસ્તૃત રીતે કરેલું છે. બાકીના પુસ્તકોને "નાના પ્રબોધકો" કહેવામાં આવે છે કારણ કે મુખ્ય પ્રબોધકો કરતાં સામાન્ય રીતે તેઓનું લેખન સંક્ષિપ્તમાં કરેલું છે.

**૨. સમય : બંદીવાસ અગાઉ, બંદીવાસ અને બંદીવાસ પછીનો સમય.**

પ્રબોધકોના પુસ્તકો કાળાનુક્રમ પ્રમાણે ત્રણ ભાગમાં - બંદીવાસ અગાઉનો સમય, બંદીવાસ દરમિયાનનો સમય અને બંદીવાસ પછીનો સમય - વિભાજીત કરવામાં આવ્યા છે. મોટા ભાગના પ્રબોધકોની ધર્મસેવા અને તેઓના પુસ્તકોનું લેખન બંદીવાસના સમય અગાઉ થયું છે. ત્રણ પ્રબોધકો એટલે હાગ્ગાય, ઝખાર્યા અને માલાખીએ બંદીવાસમાંથી પાછા ફરેલા યહૂદીઓને ભવિષ્યવચનો કહ્યાં હતાં. બંદીવાસ અગાઉ જેઓએ ભવિષ્યવચનો ઉચ્ચાર્યા હતાં તેમાંના બે ભવિષ્યવચનો મુખ્યત્ત્વે ઈઝરાયલ, ઉત્તરના રાજ્યને ઉદ્દેશીને અને સાત મુખ્યત્ત્વે યહૂદિયા, દક્ષિણના રાજ્યને તથા ત્રણ અન્ય દેશોને ઉદ્દેશીને કહેવામાં આવ્યાં છે.

| બંદીવાસ અગાઉ | બંદીવાસના સમય દરમિયાન | બંદીવાસ પછીનો સમય |
|---|---|---|
| **ઈઝરાયલનેં ઉદ્દેશીને** | **બેબિલોનમાંથી** | **યરુશાલેમને ઉદ્દેશીને** |
| હોશિયા | હઝકિયેલ | હાગ્ગાય |
| આમોસ | દાનિયેલ | ઝખાર્યા |
| | | માલાખી |

**યહૂદિયાને ઉદ્દેશીને**

હબાકૂક

યશાયા

યર્મિયા

યોએલ

માલાખી

સફાન્યા

યર્મિયાનો વિલાપ

**આશૂરને ઉદ્દેશીને**

યોના

નાહૂમ

**અદોમને ઉદ્દેશીને**

ઓબાદ્યા

**૩. ભવિષ્યવચન ઉચ્ચારવું : ભવિષ્યનો પ્રસંગ હકીકતમાં પૂર્ણ થાય તે અગાઉ તે વિશે જણાવવું.**

સામાન્ય રીતે જ્યારે "પ્રબોધક" એવાં શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે, તે વ્યક્તિ ભવિષ્યનો પ્રસંગ વાસ્તવમાં પૂર્ણ થાય તે અગાઉ તે વિશે જણાવે છે તેવો વિચાર તેની સાથે જોડાયેલો છે. આ કોઈ કાર્યક્ષમતા કે કૃપાદાન નથી કે જે હંમેશ માટે પ્રબોધકના જીવનમાં અસ્તિત્વ ધરાવે છે.

હકીકતમાં આ કાર્યક્ષમતા અથવા કૃપાદાન તેને ઈશ્વર દ્વારા આપવામાં આવે છે. ઈઝરાયલ અને યહૂદિયામાં સાચા પ્રબોધકની કસોટી આ છે : તેનું ભવિષ્યવચન એક સો ટકા ચોક્કસ હોવું જોઈએ. ભવિષ્યના પ્રસંગ વિશે જો કોઈ પ્રબોધક ભવિષ્યવાણી ઉચ્ચારે અને જો તે ભવિષ્યવચન પૂર્ણ થાય નહિ તો તે ઈશ્વરનો પ્રબોધક નથી. ખોટું ભવિષ્યવચન ઉચ્ચારનાર માટેની શિક્ષા પથ્થરો મારીને મરણ નિપજાવવું છે. ઈશ્વર તરફથી જેને પ્રામાણિક તેડું અથવા કાર્યક્ષમતા આપવામાં ન આવી હોય તેવા "ભવિષ્યના" થનારા પ્રબોધકો માટે આ કાર્ય અટકાવરૂપ હતું.

**૪. ઉપદેશ : ઈશ્વરનો સંદેશો અધિકાર સાથે રજૂ કરવો.**

આવનાર સમય માટે ભવિષ્યવાણી ઉચ્ચારવાની ધર્મસેવા વધારે મૂંઝવણ કરાવે તેવી છે. તેમ છતાં, પ્રબોધકોના જીવનમાં ઈશ્વરના સંદેશાના 'ઉપદેશ' કરવાની ધર્મસેવા ખૂબ સામાન્યપણે જોવા મળે છે. ઉપદેશ કરવો એટલે લોકો સમક્ષ ઈશ્વરના સંદેશાની અધિકાર સાથે રજૂઆત કરવી. મૂળભૂત રીતે તેનો સંબંધ ન્યાયી જીવન પવિત્રતાના જીવન સાથે સંબંધિત છે. પ્રબોધકોની આ ધર્મસેવાની પાંચ લાક્ષણિકતાઓ છે :

૧. ઈશ્વરની પવિત્રાતા - સત્ય દેવોની સરખામણીમાં ઈશ્વરની અજોડતા અને ઈશ્વરની પવિત્રાતાને જાહેર કરવું.

૨. પાપની દુર્દશા - પાપની ભયંકરતા અને તેના પરિણામોને ખુલ્લાં કરવાં.

૩. પશ્ચાતાપની આવશ્યકતા - પશ્ચાતાપ અને આધીનતા માટે લોકોને આહ્‌વાન આપવું.

૪. ન્યાયની ચોક્કસતા - પશ્ચાતાપનો નકાર કરનારાઓને ચેતવણી આપવી અને દિવ્ય ન્યાય કરનાર પ્રભુની પાસે પાછા આવવું.

૫. આવનાર મસીહા - ઈશ્વરની કૃપા આવનાર મસીહામાં પ્રગટ કરવામાં આવી છે તેનો ઉપદેશ કરવો.

# ૯. પ્રબોધકોના પુસ્તકોનો વિષયાર્થ

## મુખ્ય પ્રબોધકો

**યશાયા : તારણ પ્રભુ તરફથી છે.**

યશાયાના પુસ્તકમાં દોષિત ઠરાવવાનો (૧-૩૫) અને દિલાસો આપવાનો (૪૦-૬૬) એમ બે પ્રકારનો સંદેશો છે. આ સંદેશાઓની વચ્ચે એક ઐતિહાસિક નાનો વિભાગ (૩૬-૩૯) છે. યશાયા યહૂદિયાના પાપનું વિશ્લેશણ કરે છે. આસપાસ વસવાટ કરનારી પ્રજાઓ - રાષ્ટ્રો ઉપર ઈશ્વરના ન્યાયસાશન વિશે પણ તે કહે છે. હિઝકિયા રાજા સંબંધીના ઐતિહાસિક વિભાગ પછી યશાયા ભવિષ્યમાં થનારા તારણ અને પુનઃસ્થાપનાના સંદેશા સાથે લોકોને દિલાસો આપે છે. પ્રબોધકોના અન્ય પુસ્તકોની સરખામણીમાં મસીહા સંબંધીના ભવિષ્યવચનો સૌથી વધુ પ્રમાણમાં આ પુસ્તકમાં જોવા મળે છે.

**યર્મિયા : રુદન કરનાર પ્રબોધક**

પ્રબોધકો તરીકે યર્મિયાને આપવામાં આવેલા આહ્‌વાન સાથે પુસ્તકની શરૂઆત થાય છે. યહૂદિયાના સૌથી અંધકારમય દિવસો દરમિયાન યર્મિયાએ ભવિષ્યવચનો ઉચ્ચાર્યા છે. યહૂદિયાના લોકોનું નૈતિક અને આધ્યાત્મિક અધઃપતન થયું છે. યર્મિયાના ભવિષ્યવચનો રાજકીય અને ધાર્મિક આગેવાનોમાં અપ્રિય છે. પરંતુ તેઓ બચાવ પામેલા લોકોને ઉત્તેજન આપનારાં છે. તેઓ ઈશ્વરના આવનાર અને ચોક્કસ ન્યાયશાસનની અંતિમ ચેતવણી છે. યર્મિયાનો નકાર અને સતાવણી., વિરોધ, મારપીટ અને બંદીવાન થવા છતાં ચાલીસ વર્ષો સુધી તેણે યહૂદિયાના લોકોને ઈશ્વરના વચનનો સંદેશો આપ્યો હતો. તેના મોટાભાગના ભવિષ્યવચનો યરુશાલેમનું પતન થયું (૨-૩૯) તે અગાઉ યહૂદિયાને સંબોધીને ઉચ્ચારેલાં છે પરંતુ પતન પછીથી બચાવ પામેલા અને વિખેરાઇ ગયેલાઓ માટે (૪૦-૪૪) થોડા સંદેશાઓ છે. તેમ જ આસપાસના લોકો (રાષ્ટ્રો) સંબંધી (૪૬-૫૧) ભવિષ્યકથનો છે. યહૂદિયાની સ્વૈચ્છિક અનાધીનતા અને ઈશ્વરની પવિત્રતાને કલંકિત કરવાને લીધે તેનું પતન થયું હતું. પરંતુ ઈશ્વર પોતાના લોકો સાથે નવો કરાર સ્થાપવાનું કૃપાયુક્ત વચન આપે છે.

**યર્મિયાનો વિલાપ : યરુશાલેમના વિનાશનું દુઃખ**

આ પુસ્તકનું લેખન વિલાપ કરનાર પ્રબોધક, યર્મિયા દ્વારા યરુશાલેમના પતન પછી લખવામાં આવ્યું છે. ચાલીસ વર્ષો સુધી તેની ચેતવણી આપ્યા પછી યર્મિયાના દુઃખજનક શબ્દ સાચા સાબિત થયા હતા. યહૂદીઓ પોતાના શહેરની દુર્દશા જુએ છે તે રીતે યર્મિયાએ આ પાંચ "વિલાપ કાવ્યો" માં તેઓના મહાભય અને નિસહાયતાને અભિવ્યક્ત કર્યા છે. યરુશાલેમના વિનાશ અને ઉજ્જડપણાના તેના વર્ણનમાં તેનું દુઃખ સ્વાભાવિક રીતે જોઈ શકાય છે. પ્રબોધકના અંતઃકરણમાં ભારે દુઃખ હોવા છતાં ઈશ્વરના વિશ્વાસુપણા, ભલાઈ અને કૃપા માટે તે સાક્ષી આપે છે. પુનઃસ્થાપના માટે પ્રાર્થના સાથે તે પુસ્તકનું સમાપન કરે છે.

**હઝકિયેલ : ઈશ્વરના મહિમાનો પ્રબોધક**

યર્મિયાની જેમ હઝકિયેલ યાજક તેમ જ પ્રબોધક છે. યરુશાલેમના વિનાશના અગિયાર વર્ષ અગાઉ તેને બેબિલોનમાં લઈ જવામાં આવ્યો હતો. યરુશાલેમના પતન અગાઉ અને પતન પછીથી બેબિલોનમાં બંદીવાસ થએલા યહૂદીઓ મધ્યે તેણે ભવિષ્યવચનો ઉચ્ચાર્યા હતાં. યર્મિયા પ્રબોધકની જેમ તે જૂઠા પ્રબોધકોનો વિરોધાભાસ દર્શાવે છે, શહેરનો વિનાશ થવાનો છે અને બંદીવાસનો સમય ટૂંકા સમય માટેનો નથી તેની ખાતરી લોકોને તે કરાવે છે. ઈશ્વરના મહિમાવંત દર્શન સાથે હઝકિયેલ પુસ્તકની શરૂઆત કરે છે અને ત્યાર પછી તેને આપવામાં આવેલા ઈશ્વરના આહ્‌વાન સાથે તેનો સંબંધ દર્શાવે છે (૧-૩). યહૂદિયાના બંડ અને અવિશ્વાસુપણા માટે તેનો ન્યાય થશે તેવું તે જાહેર કરે છે. (૪-૨૪). આ અડધે રસ્તે હઝકિયેલને કહેવામાં આવે છે કે યરુશાલેમ શહેરનો પરાજય થયો છે. ત્યાર પછી ઈશ્વરના મહિમાના પાછા આવવાની તૈયારીમાં (૨૫-૩૨) યહૂદિયાની આસપાસના લોકો (રાષ્ટ્રો) ઉપર ઈશ્વરનું ન્યાયશાસન આવનાર છે તે વિશે હઝકિયેલ ઉપદેશ કરે છે. અધ્યાય ૩૩માં યરુશાલેમના પતનના સમાચાર બંદીવાસ થએલા લોકોમાં પહોંચે છે અને હઝકિયેલનો સંદેશો તત્કાળ ન્યાયશાસનની ધમકીમાંથી પુનઃસ્થાપનાના વચનોમાં ફેરવાઈ જાય છે. (૩૩-૩૯). પાછા આવનાર ઈશ્વરના મહિમા અને ભવિષ્યમાં ઈઝરાયલની પુનઃસ્થાપના તથા આશીર્વાદ આપવાના ઈશ્વરના વચનના વર્ણન સાથે પુસ્તકનું સમાપન થાય છે (૪૦-૪૮).

**દાનિયેલ : ઈશ્વર જગત પર રાજ કરે છે.**

દાનિયેલનું જીવન અને ધર્મસેવા બેબિલોનના બંદીવાસના સમગ્ર સિત્તેર વર્ષોનું જોડાણ કરે છે. યુવાન તરીકે બેબિલોનમાં લઈ જવામાં આવેલો દાનિયેલ યહૂદી અને વિદેશી જગત માટે ઈશ્વરનો પ્રબોધક પ્રવકતા બને છે. દાનિયેલના પુસ્તકમાં ભવિષ્યના સંદર્શનો અને ભવિષ્યવચનોની વિગતો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. દાનિયેલના ઈતિહાસ સાથે પુસ્તકની શરૂઆત કરીને (૧) વિદેશી રાષ્ટ્રો માટે ઈશ્વરની ભવિષ્યની યોજનાની રૂપરેખા રજૂ કરે છે (૨-૭) અને ત્યાર પછી વિદેશી હકૂમત નીચે યહૂદી લોકો (રાષ્ટ્ર) નું ભાવિ સર્વેક્ષણ દર્શાવે છે. બાર અધ્યાયોમાંથી નવ અધ્યાયો ઈશ્વરના આપેલા સંદર્શનનો સમાવેશ કરતા સ્વપ્નોની આસપાસ રચાયેલાં છે. જગતના ઈતિહાસના વહીવટનું નિયંત્રણ ઈશ્વરની સત્તા હેઠળ છે તે મુદ્રાલેખને આગળ કરવામાં આવ્યો છે. અને આ હકીકત બંદીવાસ થએલા યહૂદીઓ માટે દિલાસાના સ્ત્રોત સમાન છે. બેબિલોનવાસીઓ, પર્સિયનો, ગ્રીકો અને રોમનોની હકૂમત આવશે અને જશે. પરંતુ ઈશ્વર પોતાના ઉદ્ધાર પામેલા લોકો દ્વારા પોતાનું રાજ્ય સદાકાળ માટે સ્થાપન કરશે. દાનિયેલ ઈશ્વરના સામર્થ્ય અને તેઓના ભવિષ્ય માટેની યોજનાઓ પ્રગટ કરવા દ્વારા બચાવ પામેલા યહૂદીઓને ઉત્તેજન આપે છે. તેના સાહસો અને તેના ત્રણ મિત્રોના સાહસો - એટલે રાજમહેલમાં, અગ્નિની ભઠ્ઠીમાં અને સિંહોના બીલમાં દર્શાવે છે કે બંદીવાસના સમય દરમિયાન ઈશ્વર પોતાના પસંદ કરેલા લોકોને વીસરી ગયા નથી.

## નાના પ્રબોધકો

**હોશિયા : ઈશ્વરના પ્રેમ અને વિશ્વાસુપણાને લીધે ન્યાયશાસન અને આશા.**

ઈઝરાયલના ઉત્તરનો રહેવાસી હોશિયા ઉત્તરના રાજ્ય ઈઝરાયલમાં ધર્મસેવા આપનાર અંતિમ લેખન કરનાર પ્રબોધક છે. વ્યક્તિગત નોંધ સાથે પુસ્તકની શરૂઆત થાય છે. હોશિયાની દુઃખદ વાત અને તેની અવિશ્વાસુ, વ્યભિચારી પત્ની ગોમર ઈઝરાયલના આધ્યાત્મિક વ્યભિચાર અને ઈશ્વરના પ્રેમનું નાટ્યાત્મક ઉદાહરણ છે. ગોમરનું લગ્ન હોશિયા સાથે થયું છે તેવી જ રીતે ઈઝરાયલનું વેવિશાળ ઈશ્વર સાથે થયું છે. ગોમર અવિશ્વાસુ સાબિત થઈ હતી તે રીતે, ઈઝરાયલ અવિશ્વાસુ પત્ની છે. તેણે અન્ય

પ્રેમીઓ પાછળ દોટ મૂકી છે. (૧-૩) ઈશ્વરની પવિત્રતાના પ્રકાશમાં હોશિયાએ ઈઝરાયલના પાપ ખુલ્લા કર્યા છે. તેઓના પાપને કારણે રાષ્ટ્રનો ન્યાય અવશ્ય થવો જોઈએ. પરંતુ ઈશ્વરના બીનશરતી પ્રેમ અને વિશ્વાસુપણાને લીધે અહીં ભાવિ પુનઃપ્રસ્થાપનાનું વચન છે. (૪-૧૪).

**યોએલ : પ્રભુનો દિવસ**

"પ્રભુના દિવસ"ના આગમનનો ઉલ્લેખ કરવા માટે યોએલ દ્વારા યહૂદિયામાં તાજેતરમાં જ બનેલી તીડોની વિનાશક આફતનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રભુની વિરુદ્ધ જેઓએ બંડ કર્યું છે તેવા લોકો અને પ્રજાઓ (રાષ્ટ્રો) ઉપર આ ભયંકર ન્યાયશાસનનો સમય છે. (૧-૨:૧૧) તેમ છતાં આવનારા વિનાશનું નિવારણ કરવા ઈશ્વર લોકોને પશ્ચાતાપ કરવા અપીલ કરે છે. (૨:૧૨-૧૭) અને તેમની તરફ મુખ ફેરવનાર લોકોને પુનઃસ્થાપનાનું અને ભાવિ આશીર્વાદોનું વચન આપે છે. (૨:૧૮-૩:૨૧) ત્યાર પછી ઈશ્વર પોતાના ન્યાયપણાને સમર્થન આપવા માનવ ઈતિહાસમાં દરમિયાનગીરી કરશે. યોએલના ભવિષ્યવચનોના ત્રણ મુખ્ય હેતુઓ છે :

૧. તેઓના પાપ માટે યહૂદિયા પર આવનાર ન્યાયશાસનો વિશે ભવિષ્યવચનો આપવા.
૨. યહૂદિયાના લોકોને પશ્ચાતાપ કરવા તથા ઈશ્વર તરફ તેઓના અંતઃકરણ ફેરવવા ઉત્તેજન આપવું અને
૩. ઈશ્વરને વિશ્વાસુ રહેનારા લોકોને ઈશ્વરના ભાવિ આશીર્વાદો માટે ખાતરી આપવી.

**આમોસ : ઈશ્વરની મુલાકાત માટેની તૈયારી.**

યહૂદિયા (દક્ષિણના રાજ્ય)ના તકોઆનો ખેડૂત - ગોવાળોમાંનો આમોસ ઉત્તરના રાજ્ય, ઈઝરાયલ માટે ભવિષ્યવચનો ઉચ્ચારે છે. આવનાર ન્યાયશાસન વિશેનો તેનો સંદેશો અસંગત અને અસ્થાને હોય તેવું લાગે છે. બાહ્ય રીતે તો ઈઝરાયલમાં સમૃદ્ધિ અને આશાવાદનો સમય છે. પરંતુ આંતરિક રીતે સમાજ સર્વવ્યાપી અન્યાય, લોભ, આડંબર, વિરોધ અને અભિમાનથી ભ્રષ્ટ થએલો છે. પુસ્તકની શરૂઆત આઠ ન્યાયશાસનના ભવિષ્ય કથનોથી થાય છે. અને આસપાસના રાષ્ટ્રો ઉપર

આવી રહેલા ન્યાયશાસન (૧:૩-૨:૩)થી શરૂ થાય છે, ત્યાર પછી યહૂદિયા ઉપર (૨:૪-૫) અને અંતે ઇઝરાયલ ઉપર (૨:૬-૧૬) ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પોતાના વાચકોનું ધ્યાન આકર્ષવા આમોસની આ નિપુણ પદ્ધતિ છે. ત્યાર પછી પશ્ચાતાપ કરવા તથા ઈશ્વરની શોધ કરવાના આહ્વાન સાથે ન્યાયશાસનના ત્રણ સંદેશાઓ આમોસ આપે છે. (૩-૬). પ્રબોધકે આપેલી ચેતવણીઓનો લોકોએ નકાર કર્યો હતો અને તેઓ ઉપર આવનાર ન્યાયશાસનને પાંચ સંદર્શનોની શૃંખલામાં રજૂ કરવામાં આવ્યા છે. (૭:૧-૯:૧૦) તેમ છતાં, પુનઃપ્રસ્થાપનાના વચનોની આશા સાથે તે પોતાના પુસ્તકનું સમાપન કરે છે.(૯:૧૧-૧૫).

**ઓબાદ્યા : અદોમ ઉપર ન્યાયશાસન.**

દક્ષિણ રાજ્યના આ થોડા જાણીતાં પ્રબોધકે યહૂદિયાના દક્ષિણપૂર્વ તરફ આવેલા અદોમના લોકોને પોતાના ભવિષ્યવચનો સંબોધ્યા. એસાવ અને યાકોબના સંઘર્ષને (જેના વિષે આપણને ઉત્પત્તિના પુસ્તકમાં વાંચવા મળે છે) લીધે અદોમના લોકો અને ઇઝરાયલીઓ વચ્ચે રાષ્ટ્રીય દુશ્મનાવટ થઈ હતી. જ્યારે યહૂદિયા ઉપર પરદેશી સત્તા દ્વારા આક્રમણ થયું ત્યારે અદોમીઓએ તેઓના પડોશીઓની સહાય કરવાનો નકાર કર્યો હતો. એટલું જ નહિ પણ તેઓએ પરાજયને લીધે આનંદ કર્યો અને યરુશાલેમને લૂંટી લીધું. પોતાના હરીફની દુર્દશા જોઇને તેઓએ ક્રૂર સ્વાર્થી આનંદ અને આત્મ સંતોષ અનુભવ્યો તેને કારણે અદોમનો ન્યાય સંપૂર્ણ વિનાશ થશે.

ઓબાદ્યાનું પુસ્તક જૂના કરારમાં સૌથી નાનું પુસ્તક છે પરંતુ તેમાં જૂના કરારના ન્યાયશાસનનો સૌથી મજબૂત સંદેશો સમાયેલો છે. અદોમના લોકો માટે પાછા ફરવાની કોઇ જ વિનંતી નથી, આશાનો એકપણ શબ્દ નથી. અદોમના ભવિષ્યને મુદ્રા મારવામાં આવી છે. ઓબાદ્યા અદોમના ચોક્કસ અધઃપતન વિશે (કલમ ૧-૯) તેઓના પતનના કારણો વિશે (કલમ ૧૦-૧૪) અને તેઓના અધઃપતનના ચારિત્ર્ય વિશે એટલે કે તેઓએ યહૂદિયા સાથે જેવો વર્તાવ કર્યો છે તેવો વર્તાવ તેઓ સાથે કરવામાં આવશે (કલમ ૧૫-૧૬) તે વિશે વર્ણન કરે છે. અંતમાં સરખામણી દ્વારા ઓબાદ્યા યહૂદિયાના છુટકારા વિશે. તેના શત્રુઓ ઉપરના વિજય વિશે (કલમ ૧૯-૨૦) અને તેઓના વતનનો કબજો મેળવવા વિશે કહે છે.

**યોના : અનિચ્છુક પ્રબોધક**

યોના ઈઝરાયલના ઉત્તર રાજ્યના ગાલીલમાંથી આવે છે. તેનું પુસ્તક પ્રબોધકોના પુસ્તક કરતાં યોનાના પોતાના જીવનના વૃત્તાંતને વધુ રજૂ કરતું પુસ્તક છે. નિનવેના લોકોને પશ્ચાતાપનો ઉપદેશ આપવા માટે ઈશ્વરે યોનાને આહ્‌વાન આપ્યું ત્યારે તેઓ ઉપર ઈશ્વરની દયા દર્શાવવામાં આવશે તે હકીકત પ્રબોધક જાણે છે. યોના આશુરના નિનવે શહેરમાં જવાને ઈચ્છતો નથી. તેના બદલે તે પશ્ચિમ તરફ ફરે છે અને તાર્સસ તરફ જતાં વહાણમાં બેસે છે. તેમ છતાં અનાધીન થએલા પ્રબોધક સાથે ઈશ્વર ચમત્કારિક રીતે વ્યવહાર કરે છે. દરિયાઈ તોફાન મધ્યે વહાણના ખલાસીઓએ યોનાને દરિયામાં નાખી દીધો અને ત્યાં ઈશ્વરે તેને ગળી જવા માટે એક માછલી તૈયાર રાખી હતી. (અધ્યાય - ૧) યોનાએ પ્રાર્થના કરી અને ઈશ્વરે તેનો બચાવ કર્યો. (અધ્યાય - ૨). યોનાએ ઈશ્વરનું વચન સાંભળવું આવશ્યક છે અને હવે તે નિનવે શહેર જવાને તૈયાર છે. નિનવે શહેરના લોકો પશ્ચાતાપ કરે છે તે આશ્ચર્યની વાત છે અને ઈશ્વર પોતાની દયામાં તે શહેરનો બચાવ કરે છે. (અધ્યાય - ૩). ઈશ્વર અનિચ્છુક પ્રબોધકને અનુકંપા વિશે શીખવે છે અને અનુકંપાનો બોધપાઠ એજ આ પુસ્તકનો કેન્દ્રવર્તી સંદેશો છે. અંતિમ અધ્યાયમાં યોનાના ક્રોધ અને અનુકંપાની ગેરહાજરી સાથે ઈશ્વરના પ્રેમ અને કૃપાનો વિરોધાભાસ દર્શાવવામાં આવ્યો છે. (અધ્યાય - ૪).

**મિખા : યહૂદિયાના પાપ માટે ન્યાયશાસન પરંતુ ભાવિ આશીર્વાદ.**

મિખાએ સામાજિક અન્યાયના સમય દરમિયાન મુખ્યત્વે યહૂદિયા માટે ભવિષ્યવચનો ઉચ્ચાર્યાં છે. જૂઠા પ્રબોધકોએ ન્યાયીપણા માટે નહિ પરંતુ સમૃદ્ધિ માટે ઉપદેશ કર્યો. યાજકો ઈશ્વર માટે નહિ પણ અન્ય વસ્તુઓના લોભી બન્યા છે. અધિકારીઓ ક્રૂરતા, હિંસા અને ભ્રષ્ટાચારમાં વૃદ્ધિ પામ્યા છે. જમીનદારોએ દરિદ્રીઓને, તેઓના ખેતરોને તથા ઘરોને લૂંટ્યા છે અને વિધવાઓને અન્યાય કર્યો છે. ન્યાયાધીશો લાંચરુશ્વત શોધે છે. વેપારીઓએ ખોટા વજન અને કાંટલાનો ઉપયોગ કર્યો છે. યહૂદિયા અને ઈઝરાયલમાં સમાજના બધા જ વિભાગોમાં પાપ સર્વવ્યાપી બન્યું છે. મિખા યહૂદિયાના અન્યાયને ખુલ્લો પાડે છે અને પ્રભુના ન્યાયીપણા તથા ઈન્સાફને મહત્ત્વ આપે છે. મિખાના પુસ્તકના ત્રણ મુખ્ય વિભાગો આ

મુજબ છે : ન્યાયશાસનની અગમચેતી (અધ્યાય ૧-૩) પુનઃસ્થાપનાનું વચન (અધ્યાય ૪-૫) અને પશ્ચાતાપની વિનંતી સાથે ઉદ્ધારના કેટલાએક અદ્ભુત વચનો વડે સમાપન કરે છે (અધ્યાય ૬-૭).

**નાહૂમ : નિનવેના સર્વનાશનો પ્રબોધક.**

આશૂરના પાટનગર નિનવેના લોકોએ યોનાના ઉપદેશ પછી પશ્ચાતાપ કર્યો અને વિનાશમાંથી બચાવ પામ્યા તે યાદ કરો. (યોના અધ્યાય ૩ જુઓ). ફરીથી તેઓ પોતાના જૂના પાપમય જીવનમાં ગરકાવ થઈ ગયા, ઈશ્વરની દયાની અવગણના કરી અને અગાઉ કરતાં પણ વધારે ભ્રષ્ટ થયા. યોનાના ઉપદેશ પછી એક સો કરતાં વધારે સમય પછી નિનવેના સર્વનાશનો ઉપદેશ કરવા (જેમાં આશૂરના પતનનો સમાવેશ થાય છે) ઈશ્વરે નાહૂમને આહ્વાન આપ્યું, તેનું પુસ્તક યોનાના પુસ્તક સાથે ગૂંથાઈ ગએલું છે. કારણ કે "અન્યાયપણાનો પ્યાલો" (અહંકાર, મૂર્તિપૂજા, જોરજુલમ અને આશૂરના લોકોની ભયંકર દુષ્ટતાથી) હવે આ સમયે સંપૂર્ણપણે ભરાઈ ગયો છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે નહિ. સર્વસત્તાધીશ પ્રભુ ન્યાયના ઈશ્વર છે. પશ્ચાતાપની કોઈ જ આશા નથી. તેઓનો સર્વનાશ મુદ્રિત છે. નિનવેનો સર્વનાશ જાહેર કરવામાં આવે છે. (અધ્યાય ૧) તેનું વર્ણન (અધ્યાય ૨) અને તેઓ તેને યોગ્ય છે (અધ્યાય ૩) તે વિશે કહે છે. નાહૂમ યહૂદિયાના લોકોના લાભાલાભ વિશે પણ લખે છે. નિનવેના પાટનગરનાં પતન અને ઈ.પૂ. ૬૧૨માં આશૂર ઉપર વિજય મેળવવા ઈશ્વર બેબિલોનના લોકોનો ઉપયોગ કરે છે.

**હબાકુક : ન્યાયી વિશ્વાસ દ્વારા જીવશે.**

વાસ્તવિક અર્થમાં દષ્ટિ કરીએ તો હબાકુક અન્ય પ્રબોધકો કરતાં જુદો જ છે. અન્ય પ્રબોધકો ઈશ્વર માટે માનવજાત સાથે વાતચીત કરે છે પરંતુ હબાકુક માનવજાત માટે ઈશ્વર સાથે વાતચીત કરે છે. તે યહૂદિયામાંના પોતાના લોકોને અથવા અન્ય લોકો (રાષ્ટ્રો) ને સંબોધન કરતો નથી. ઈશ્વર પાસે તે પોતાની સમસ્યા રજૂ કરે છે. દુષ્ટ અધિકારીઓને શા માટે યહૂદિયાના નબળા અને ન્યાયી માણસો ઉપર જુલમ ગુજારવાની છુટ આપવામાં આવે છે? (અધ્યાય ૧:૧-૪) જ્યારે ઈશ્વર તેને જણાવે છે કે યહૂદિયાને શિક્ષા કરવા તે ક્રૂર બેબિલોનનો ઉપયોગ કરવાના છે ત્યારે હબાકુક આઘાત અનુભવે છે. તેથી તે બીજો પ્રશ્ન પૂછે છે : ઈશ્વર શા માટે દુષ્ટ યહૂદિયાને એવા રાષ્ટ્ર દ્વારા શિક્ષા કરે છે કે જે ખરેખર યહૂદિયાની

સરખામણી તેના કરતાં પણ વધારે દુષ્ટ છે? આ પ્રકારના વિચાર દ્વારા ન્યાયીપણાની તેની લાગણી ઉશ્કેરાય છે. (૧:૧૨-૨:૧) ઈશ્વર તેને પ્રત્યુત્તર આપે છે કે આ પરિણામ તેમના દિવ્ય હેતુ પ્રમાણે છે. આ પ્રમાણેની પરિસ્થિતિ હોવા છતાં ઈશ્વર હજુપણ રાજ્યાસન ઉપર બીરાજે છે. સર્વ પ્રકારની દુષ્ટતાની આખરે શિક્ષા તો થશે જ. (અધ્યાય ૨:૨-૨૦) ઈશ્વરના પ્રત્યુત્તર માટે પ્રબોધક સંતોષ અનુભવે છે અને ઈશ્વરને તે દયા માટે પ્રાર્થના કરે છે, તેમની સ્તુતિ કરે છે અને ઈશ્વર પ્રત્યેના પોતાના વિશ્વાસને ખાતરીપૂર્વક રજૂ કરે છે. (અધ્યાય ૩).

**સફાન્યા : પ્રભુના દિવસે ન્યાયશાસન અને પુન-પ્રસ્થાપના.**

યોશિયા રાજાના સમય દરમિયાન સફાન્યા યહૂદિયામાં ભવિષ્યવચનો ઉચ્ચારે છે. યહૂદિયા અને અન્ય લોકો (રાષ્ટ્રો) ઉપર ઈશ્વરના ભયંકર ન્યાયશાસન અને કોપના દિવસ તરીકે આવનાર પ્રભુના દિવસને તે મુખ્ય વિષય તરીકે મહત્ત્વ આપે છે. (૧:૧-૩:૮). પ્રભુ પવિત્ર છે. વિશ્વની સર્વ પ્રજાઓ (રાષ્ટ્ર) ને તેમની સમક્ષ હિસાબ રજૂ કરવા એકત્ર થવાનું આહ્‌વાન આપવા દ્વારા તેમણે પોતાના ન્યાયીપણાને અવશ્યપણે પૂરવાર કરવું જોઇએ. સર્વસત્તાધીશ પ્રભુ કેવળ યહૂદિયાને નહિ પણ સર્વ પ્રજાઓ (રાષ્ટ્રો) નો ન્યાય કરશે. ન્યાયસાશનનો તે દિવસ યહૂદિયા અને સર્વ પ્રજાઓ (રાષ્ટ્રો) માટે આવ્યો. (૨:૪-૧૫) પરંતુ ઈન્સાફના ભવિષ્યનો દૃષ્ટિકોણ પણ તેમાં સમાયેલો છે. પુસ્તકના સમાપન વિભાગમાં (૩:૯-૨૦) પ્રભુના દિવસની બીજી બાજુ દર્શાવવામાં આવી છે. ઈન્સાફનું કાર્ય સંપૂર્ણ થશે. ત્યાર પછીથી છુટકારાનો અને આશીર્વાદનો દિવસ આવશે. ઈશ્વરની બીક રાખનારા ન્યાયી લોકોનો બચાવ થશે. ઈશ્વર તેઓને ફરીથી એકત્ર કરશે. અને પોતાના લોકોનો ઉદ્ધાર કરશે. તથા તેઓનું પુનઃસ્થાપન કરશે. અને સર્વ લોકો આનંદ કરશે.

અંતિમ ત્રણ પ્રબોધકો એટલે હાગ્ગાય, ઝખાર્યા અને માલાખીએ બંદીવાસના સમય પછી પ્રબોધ કર્યો હતો. હાગ્ગાય અને ઝખાર્યા સમકાલીન છે અને ઈ.પૂ. ૫૨૦ની આસપાસ અને તે પછીના વર્ષોમાં (એઝરા ૫:૧-૨;૬:૧૪) ઝરુબાબેલના સમય દરમિયાન તેઓએ ધર્મસેવા કરી છે. એઝરાનું પુસ્તક આ સમયની ઐતિહાસિક પશ્ચાપભૂમિકાને રજૂ કરે છે. લગભગ એક સો વર્ષ પછી માલાખીએ ઈ.પૂ. ૪૩૦ અને ઈ.પૂ. ૪૨૦ વચ્ચે પોતાનો સંદેશો આપ્યો હતો. નહેમ્યાના જીવનકાળ દરમિયાન તે

પ્રબોધક છે.

**હાગ્ગાય : ઈશ્વરને પ્રથમ સ્થાન આપો અને મંદિરનું પુનઃબાંધકામ કરો.**

બંદીવાસના સમય પછી ઝરુબાબેલની આગેવાની નીચે પ્રથમ યહૂદીઓનું જૂથ યરુશાલેમ આવે છે અને તેઓ મંદિરનું પુનઃબાંધકામ શરૂ કરે છે. તેમ છતાં તેઓની અભિરુચિમાં પરિવર્તન આવે છે. અને થોડા જ સમયમાં બાંધકામ કરવાનું પડતું મુકાય છે. તેઓ પોતાનો વિચાર કરે છે, પોતાના ઘરોનું બાંધકામ કરે છે પરિણામે ઈશ્વરના ઘરની અવગણના થાય છે. ઈશ્વરને પ્રથમ સ્થાન આપવાની તેઓની નિષ્ફળતાને લીધે તેઓ પોતાના વતનમાં ઈશ્વરના આશીર્વાદોનો આનંદ મેળવી શકતા નથી. તે સમયે હાગ્ગાય ઈશ્વરની બીક રાખનાર વ્યક્તિ છે. તે સંક્ષિપ્ત જવલંત સંદેશાઓની હારમાળા રજૂ કરે છે, લોકોનું પરિવર્તન કરવા તથા મંદિરનું બાંધકામ પૂર્ણ કરવા તેઓને જાગૃત કરે છે. જ્યારે તેઓ ઈશ્વરને પ્રથમ સ્થાન આપશે અને તેમની ઈચ્છા પૂર્ણ કરવાનો પ્રયત્ન કરશે ત્યારે તે પોતાના લોકોને આનંદ અને સમૃદ્ધિ આપશે. તેના ચાર સંદેશાઓ આ છે :

સુધારણાના શબ્દો આધીનતાનો પ્રત્યુત્તર લાવે છે. (અધ્યાય - ૧)
ઉત્તેજનના શબ્દો (૨:૧-૯)
ઠપકાના શબ્દો અને આશીર્વાદનું વચન (૨:૧૦-૧૯)
ઉજ્જવળ ભવિષ્ય માટેના વચન (**Promise**)રૂપ શબ્દો
(૨:૨૦-૨૩)

**ઝખાર્યા : મસીહા માટેની તૈયારી.**

ઝખાર્યા પ્રબોધક હાગ્ગાય પ્રબોધકનો સમકાલીન છે. લગભગ ચૌદ વર્ષ સુધી યહૂદી લોકોએ મંદિરનું પુનઃબાંધકામ કરવાનો નકાર કર્યો છે. મંદિર ઈઝરાયલ લોકોના આધ્યાત્મિક વારસામાં કેન્દ્રસ્થાને છે. અને તેનો સંબંધ મસીહાના આગમન સાથે છે. તે કારણને લીધે મંદિરના બાંધકામને પૂર્ણ કરવાના ધ્યેય સાથે ઝખાર્યા તેઓને ઉત્તેજન આપે છે. ત્યાર પછી તે ભવિષ્ય તરફ, જે પ્રસંગો હજુ પરિપૂર્ણ થયા નથી તે તરફ દૃષ્ટિ કરે છે. તે સંજ્ઞારૂપ ભાષાનો ઉપયોગ કરે છે. ઝખાર્યાના પુસ્તકમાં સંદર્શનો, અને અંત સમયની નિશાનીઓ તથા ભવિષ્યવચનો જોવા મળે છે. પ્રથમ આઠ અધ્યાયોનું લેખન મંદિરના પુનઃબાંધકામ સમય દરમિયાન થયું છે અને તે

પછીના અધ્યાયો (૯-૧૪) નું લેખન ઈઝરાયલના મસીહાના આગમનની અપેક્ષામાં મંદિરનું બાંધકામ સંપૂર્ણ થયું ત્યારબાદ થયું છે. ઝખાર્યાના પુસ્તકમાં આઠ સંદર્શનો (અધ્યાય ૧-૬), ચાર સંદેશાઓ (અધ્યાય ૭-૮) અને બે બોજાઓ (burdens) (અધ્યાય ૯-૧૪) છે. યશાયા પ્રબોધકના પુસ્તકને બાદ કરતાં બીજા કોઈપણ પ્રબોધકના પુસ્તક કરતાં ઝખાર્યાના પુસ્તકમાં મસીહા સંબંધી સૌથી વધુ ભવિષ્યવચનો છે.

**માલાખી : પીછેહઠ કરેલા યહૂદી લોકોના શેષ (Remnant) માટે ચેતવણી**

હાગ્ગાય અને ઝખાર્યા પ્રબોધકો પછી એક સો વર્ષ બાદ માલાખીએ ભવિષ્યવચનો ઉચ્ચાર્યા છે. તેના દિવસો દરમિયાન લોકો ભ્રમણામાં પડ્યા છે અને તેઓનો વિશ્વાસ ઠંડો થયો છે. યાજકો અને લોકો બંનેની આરાધના ક્રિયાકાંડના ખાલીપણાથી ભરેલી, નિર્જીવ અને અર્થહિન બની છે. તે પછી તેઓ નૈતિક અધઃપતન પામ્યા છે. અને ભૂતકાળમાં ઈશ્વરનું ન્યાયશાસન લોકો ઉપર આવ્યું હતું તે જ પ્રકારના અનેક પાપનું તેઓ આચરણ કરે છે. તેથી માલાખી યાજકો અને લોકો બંનેને ઉદ્દેશીને ન્યાયશાસનનો સંદેશો આપે છે. આક્ષેપ, પ્રશ્ન અને તેઓના પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાની રીતનો ઉપયોગ કરીને ઈશ્વર પોતાના સેવક મારફતે તેઓના પાપનું તેઓને ભાન કરાવવાનો પ્રયત્ન કરે છે. તેઓના અંતઃકરણના અંધાપો અને ભ્રષ્ટતાને કારણે તેઓ દિવ્ય આક્ષેપનો સ્પષ્ટપણે નકાર કરે છે :

ઈશ્વરે આપણા ઉપર કેવો પ્રેમ કર્યો છે? (૧:૨-૫)

આપણે (યાજકોએ) ઈશ્વરના નામને કેવું ધૃણાસ્પદ કર્યું છે? (૧:૬-૨:૯)

આપણે (લોકોએ) ઈશ્વરના કરારને કેવી રીતે અપવિત્ર કર્યો છે? (૨:૧૦-૧૬)

આપણે ઈશ્વરને કેવી રીતે પરેશાન કર્યા છે? (૨:૧૭-૩:૬)

આપણે ઈશ્વરને કેવી રીતે લૂંટ્યા છે? (૩:૭-૧૨) અને

આપણે કેવી રીતે ઈશ્વરની વિરુદ્ધ વાતચીત કરી છે? (૩:૧૩-૧૫).

અંતિમ વિભાગ (૩:૧૬-૪:૬) માં પ્રભુ પોતાના લોકોને ખાતરી આપે છે કે એવો સમય આવી રહ્યો છે (પ્રભુનો મહાન અને ભયંકર દિવસ) કે જ્યારે દુષ્ટ લોકોનો ન્યાય થશે પરંતુ ઈશ્વરની બીક રાખનાર લોકો આશીર્વાદ પામશે:

# ૧૦. જૂના કરારની અંતિમ સમીક્ષા

આપણે હવે જૂના કરારના અંત ભાગમાં આવ્યા છીએ અને નવા કરાર તરફ આગળ વધીએ તે અગાઉ પાછળ તરફ દૃષ્ટિ કરીએ અને યહૂદી લોકોની વાત તરફ ધ્યાન આપીએ. ઈશ્વરે યહૂદી લોકોના પિતા તરીકે અબ્રાહામની પસંદગી કરી હતી. ઈશ્વર યહૂદીઓને વિશ્વની અન્ય વિદેશી પ્રજાઓ મધ્યે પોતાના પ્રતિનિધિઓ બનવાની ઇચ્છા રાખતા હતા. નીચે દર્શાવેલા "યહૂદી લોકોનો ઈતિહાસ" ચાર્ટમાં, આવો આપણે આ વાતને મહત્ત્વ આપીએ.

જૂના કરારના સમય દરમિયાન વિશ્વની સર્વોચ્ચ રાજ્યસત્તાની પશ્ચાત ભૂમિકાની વિરુદ્ધમાં યહૂદી લોકોની વાત રજૂ કરવામાં આવી છે (ચાર્ટમાં દર્શાવેલ લીલા રંગના પટ્ટા દ્વારા તે દર્શાવાયું છે) અબ્રાહામ કનાન દેશમાં આવે છે અને યહૂદી લોકોની સંખ્યામાં વૃદ્ધિ થાય છે અને તેઓ ગોત્રપતિના (Patriarchs) સમયમાં સમૃદ્ધિ થાય છે. કનાન દેશમાં દુષ્કાળને કારણે અબ્રાહામના વંશજો ઈજિપ્તમાં આવે છે. તે સમય અગાઉ ઈશ્વરે યાકોબના પુત્ર યોસેફને આ પરિસ્થિતિ માટે તૈયાર કરવા ઈજિપ્તના મુખ્ય આગેવાન તરીકે ત્યાં મૂક્યો હતો. જ્યારે યોસેફ મૃત્યુ પામે છે ત્યારે તેના લોકો (હવે તેઓ ઇઝરાયલી લોકો તરીકે ઓળખાય છે) ચારસો વર્ષો માટે ઈજિપ્તની ગુલામગીરીમાં છે.

ઈશ્વરે ઈજિપ્ત દેશની ગુલામગીરીમાંથી પોતાના લોકોનો છુટકારો કરવા મોશેને તૈયાર કર્યો છે અને તેઓને નિયમ આપે છે. ચાલીસ વર્ષો સુધી અરણ્યમાં ભટક્યા પછી યહોશુઆની નેતાગીરી નીચે ઇઝરાયલી લોકો કનાન દેશમાં પાછા આવે છે. ન્યાયાધીશોના અંધકારમય સમય (રૂથની વાત આ સમય દરમિયાન બને છે) પછી ઈશ્વર છેલ્લા ન્યાયાધીશ અને પ્રથમ પ્રબોધક તરીકે શમૂએલને તૈયાર કરે છે.

ઇઝરાયલી લોકો પોતાની આસપાસ વસનારી અન્ય પ્રજાઓ (રાષ્ટ્રો) જેવા થવાની ઇચ્છા રાખતા હતા. તેઓ રાજાની માંગણી કરે છે અને અનિચ્છા સાથે શમૂએલ શાઉલનો રાજ્યાભિષેક કરે છે. જ્યારે શાઉલ નિષ્ફળ જાય છે ત્યારે તેના અનુગામી તરીકે દાવિદને રાજા તરીકે અભિષિક્ત કરવામાં આવે છે. દાવિદના દીકરા શલોમોનના મરણ પછી

રાજ્યનું વિભાજન ઈઝરાયલનું રાજ્ય (ઉત્તરનું રાજ્ય) અને યહૂદિયાનું રાજ્ય (દક્ષિણનું રાજ્ય) તરીકે થાય છે.

એલિયા, એલીશા, આમોસ અને હોશિયા ઈઝરાયલના રાજ્યમાં પ્રબોધકો તરીકે જાણીતા છે. ઈઝરાયલના બંડ અને અન્યાયીપણાને કારણે ઈશ્વર આશૂર લોકોને તૈયાર કરે છે અને તેઓ ઈઝરાયલના ઉત્તરના રાજ્ય ઉપર વિજય મેળવે છે.

યશાયા અને યર્મિયા યહૂદિયાના રાજ્યમાં બે જાણીતા પ્રબોધકો છે. તેમ છતાં યહૂદિયાના પાપ અને બંડને કારણે ઈશ્વરનું ન્યાયશાસન રાજ્ય ઉપર આવે છે. ઈશ્વર યહૂદિયા ઉપર વિજય મેળવવા બેબિલોન (જેઓએ તે સમય દરમિયાન આશૂર પર વિજય મેળવ્યો હતો)ને તૈયાર કરે છે. યહૂદિયાના લોકોને બેબિલોનમાં બંદીવાસ માટે લઈ જવામાં આવે છે. યહૂદીઓ બંદીવાસમાં હતા તે સમય દરમિયાન પર્સિયા વિશ્વની મહાસત્તા ધારણ કરે છે. પર્સિયા બેબિલોન ઉપર વિજય મેળવે છે અને ઝરુબાબેલ, એઝરા અને નહેમ્યાની નેતાગીરી નીચે યહૂદીઓને યરુશાલેમ પાછા ફરવાની મંજૂરી આપવામાં આવે છે.

ખામોશીનો સમય, જૂના કરાર અને નવા કરાર વચ્ચેના સમય દરમિયાન એલેકઝાંડર ધી ગ્રેટના નેતૃત્ત્વ હેઠળ ગ્રીસ દેશ પર્સિયાને પરાજીત કરે છે. આ વર્ષો દરમિયાન યહૂદી લડાયક જૂથો પરદેશી સત્તા હેઠળથી છુટકારો મેળવવાની ઈચ્છા રાખે છે. જ્યુડાસ મેકેબીયસ નામનો જાણીતો આગેવાન ગ્રીસ વિરુદ્ધ બળવો કરવાનો પ્રયત્ન કરે છે. આ મેકેબીયન બળવો વર્ષો સુધી ચાલુ રહે છે. અંતે ઈ.પૂ. ૬૩માં ઈઝરાયલ (હવે પેલેસ્ટાઈન તરીકે ઓળખાય છે) ઉપર રોમનો દ્વારા વિજય મેળવવામાં આવે છે. અને યરુશાલેમ રોમન નિયંત્રણ હેઠળ આવે છે.

# વિશ્વાસ અને ઈશ્વરનું વચન

"મેં વિશ્વાસ માટે પ્રાર્થના કરી અને વિચાર્યુ કે કોઈક દિવસે તે મને પ્રાપ્ત થશે અને વીજળીની જેમ મારા ઉપર પ્રહાર કરશે. પરંતુ મને વિશ્વાસ પ્રાપ્ત થયો નથી તેમ હું અનુભવતો હતો.

એક દિવસે મેં રોમનોના પત્રના દસમાં અધ્યાયનું વાંચન કર્યું. 'હવે વિશ્વાસ સાંભળવાથી અને ઈશ્વરનું વચન સાંભળવા દ્વારા ઉત્પન્ન થાય છે.' મેં પોતાનું બાઈબલ બંધ કર્યું. અને વિશ્વાસ મેળવવા પ્રાર્થના કરી. હવે મેં પોતાનું બાઈબલ ખુલ્લુ કર્યું છે અને તેનો અભ્યાસ કરવાની શરૂઆત કરી છે અને ત્યારથી મારા વિશ્વાસમાં વૃદ્ધિ થઈ છે."

**- ડી. એલ. મૂડી.**

વિશ્વાસની નજર માટે વચનો (Promises) નો દેખાવ તેના પોતાનામાં જ સારો છે, કૃપાના શબ્દોનો જેમ આપણે વધુ અભ્યાસ કરીએ તેમ બાઈબલમાંથી આપણને વધુ કૃપા પ્રાપ્ત થશે.

**- સી. એચ. સ્પર્જન**

# યહૂદી લોકોનો



૨૦૦૦ ઈ.પૂ.
૧૮૦૦ ઈ.પૂ.
૧૬૦૦ ઈ.પૂ.
૧૪૦૦ ઈ.પૂ.
૧૨૦૦ ઈ.પૂ.
અબ્રાહામનું કનાનમાં આગમન
અબ્રાહામના વંશજોનું કનાનમાં આગમન
ઈજિપ્તમાંથી નિર્ગમન
ઈઝરાયલી લોકોનું કનાનમાં આગમન
મોશે
દાવિદ
અબ્રાહામ
રૂથ
અબ્રાહામના વંશજોનો ઈજિપ્તમાં વસવાટ
શમુએલ
વર્તમાન સામ્રાજ્યોની પશ્ચાતભૂમિકાની વિરુધ્ધમાંઝ ઈઝરાયલી લોકોની વાતને (ક્ષિતિજ સમાન્તર લીલા રંગના પટ્ટા દ્વારા) દર્શાવવામાં આવી છે.
આશૂર
ઈજિપ્ત

# ઈતિહાસ

ચાર્ટ : ૧૦



૧૦૦૦ ઈ.પૂ.
૮૦૦ ઈ.પૂ.
૬૦૦ ઈ.પૂ.
૪૦૦ ઈ.પૂ.
૨૦૦ ઈ.પૂ.
ઈઝરાયલના રાજ્યનું વિભાજન
આશૂર દ્વારા ઈઝરાયલ પર વિજય
યહૂદિયાના લોકો (યહૂદીઓ)નો બેબિલોનમાં બંદીવાસ
પર્શિયાનો બેબિલોન પર વિજય : યહૂદીઓને યરુશાલેમપાછા ફરવાની મંજૂરી
યરુશાલેમમાં બળવો યહૂદા મેકેબીયસ
રોમન સામ્રાજ્યના નિયંત્રણ હેઠળ
યહૂદિયાનું રાજ્ય
એઝરા
યશાયા
યર્મિયા
નહેમ્યા
યહૂદા મકાબીયસ
ઈઝરાયલનું રાજ્ય
આમોસ
એલિયા
હોશિયા
બેબિલોન
પર્શિયા
ગ્રીસ
રોમ

# નવો કરાર

# ઈસુ ખ્રિસ્ત અને બાઈબલ

"શાસ્ત્રના પુસ્તકમાં મારા સંબંધી લખેલું છે."
(હિબ્રૂ ૧૦:૭)

માર્ટીન લ્યૂથર પ્રશ્ન પૂછે છે, "કયું પુસ્તક અને કઈ વ્યક્તિ?" અને તે તેનો ઉત્તર આપે છે, "બાઈબલ - ફક્ત એક જ પુસ્તક છે અને ઈસુ ખ્રિસ્ત એક જ વ્યક્તિ છે."

# ૧૧. નવા કરારની ઓળખ આપવી

નવો કરાર ઈશ્વરના પુત્ર, નાઝરેથના ઈસુની તથા તેમણે સ્થાપના કરેલી મંડળીની તથા તેમના મરણ પછી પોતાના પ્રેષિતોની નેતાગીરી નીચે થએલી મંડળીની વૃદ્ધિની વાત છે.

**નવા કરારમાં ચાર પ્રકારના પુસ્તકો છે :**

૫ ઐતિહાસિક પુસ્તકો

૧૩ પાઉલના પત્રો

૮ સામાન્ય (અથવા પાઉલના નથી) પત્રો

૧ ભવિષ્યવચનનું પુસ્તક

પાંચ ઐતિહાસિક પુસ્તકોમાં ચાર સુવાર્તાઓ અને પ્રેષિતોનાં કાર્યોનો સમાવેશ થાય છે. પત્રો વિવિધ મંડળીઓ અને વ્યક્તિઓને લખાયેલાં "પત્રો" છે. તેર પાઉલના પત્રો છે અને તેનું લેખન કરનાર પાઉલ પોતે છે.

આઠ સામાન્ય (અથવા પાઉલના નથી) પત્રો વિવિધ લોકો દ્વારા લખવામાં આવ્યાં છે. તે પત્રો હિબ્રૂ, યાકોબ, ૧ અને ૨ પિતર, ૧,૨ અને ૩ યોહાન તથા યહૂદાનો પત્ર છે. આ સર્વ પત્રોનો મુખ્ય વિષયાર્થ ખ્રિસ્તી સિદ્ધાંત અને વ્યવહારિક ખ્રિસ્તી જીવન સંબંધી આપેલું "શિક્ષણ" છે. એક ભવિષ્યવચનનું (સંદર્શનનું) પુસ્તક પ્રકટીકરણ છે. (કેટલાક લોકો પ્રકટીકરણના પુસ્તકને ભવિષ્યવચનના પુસ્તક તરીકે નહિ પણ પત્ર તરીકે વર્ગીકરણ કરે છે. તેઓ સૂચવે છે કે પ્રકટીકરણ ૧:૪માં દર્શાવેલી શરૂઆત અથવા પ્રારંભિક સલામી પત્રોમાં સામાન્ય રીતે જોવા મળે છે. વધુમાં અધ્યાય ૨ અને ૩ માં મંડળીઓને પત્રો લખવામાં આવ્યાં છે. આ દલીલની વિરુદ્ધમાં જોઈએ તો પ્રકટીકરણ ૧:૩ આ પુસ્તકને "ભવિષ્યવચનના શબ્દો" તરીકે ઓળખાવે છે. અને હકીકતમાં પુસ્તકના મોટાભાગનું લેખન સર્વ વસ્તુઓની અંતિમ પૂર્ણાહૂતિ સંબંધીના ભવિષ્યવચનો સાથે સંબંધ ધરાવે છે.)

ઐતિહાસિક પુસ્તકોમાં તમે કેવા પ્રકારની માહિતી મેળવવાની અપેક્ષા રાખો છો? ઈતિહાસ!

પાઉલના લખેલા પત્રોમાં તમે કેવા પ્રકારની માહિતી મેળવવાની અપેક્ષા રાખો છો? શિક્ષણ!

સામાન્ય પત્રોમાં તમે કેવા પ્રકારની માહિતી મેળવવાની અપેક્ષા રાખો છો! શિક્ષણ!

ભવિષ્યવચનોના પુસ્તકમાં તમે કેવા પ્રકારની માહિતી મેળવવાની ઇચ્છા રાખો છો? ભવિષ્યકથનો!

તેથી નવા કરારના ૨૭ પુસ્તકોમાં :

......પ્રથમ પાંચ ઐતિહાસિક પુસ્તકો છે.

......તે પછી તેર પુસ્તકો પાઉલના પત્રો છે.

......તે પછી આઠ પુસ્તકો સામાન્ય પત્રો છે.

......અને અંતે ભવિષ્યવચનોનું પુસ્તક છે.

| **ઐતિહાસિક** | **પાઉલના પત્રો** | **સામાન્ય પત્રો** | **ભવિષ્યવચનો** |
|---|---|---|---|
| માથ્થી | રોમનોને પત્ર | હિબ્રૂઓને પત્ર | પ્રકટીકરણ |
| માર્ક | ૧ કરિંથીઓને પત્ર | યાકોબને પત્ર | |
| લૂક | ૨ કરિંથીઓને પત્ર | ૧ પિતર | |
| યોહાન | ગલાતીઓને પત્ર | ૨ પિતર | |
| પ્રેષિતોનાં કાર્યો | એફેસીઓને પત્ર | ૩ પિતર | |
| | ફિલિપીઓને પત્ર | ૧ યોહાન | |
| | કલોસીઓને પત્ર | ૨ યોહાન | |
| | ૧ થેસ્સાલોનિકીઓને પત્ર | ૩ યોહાન | |
| | ૨ થેસ્સાલોનિકીઓને પત્ર | યહૂદાનો પત્ર | |

**વ્યક્તિઓને**

૧ તિમોથી

૨ તિમોથી

તિતસ

ફિલેમોનને પત્ર

જો તમે ઈસુની તથા તેમણે સ્થાપન કરેલી મંડળીની વાત વિશે વાંચન કરવાની ઈચ્છા રાખો છો તો તમારે નવા કરારના પ્રથમ પાંચ પુસ્તકોનું વાંચન કરવું જોઈએ. સમગ્ર નવા કરારની સમજણ માટે આ પાંચ પુસ્તકો ઐતિહાસિક માળખું ગોઠવે છે. જો તમે મંડળીઓને અને વ્યક્તિઓને આપવામાં આવેલા પ્રેષિત પાઉલના શિક્ષણ સંબંધી વાંચન કરવાની ઈચ્છા રાખો છો તો તમારે તે પછીના તેર પુસ્તકોનું વાંચન કરવું જોઈએ.

જો તમે મંડળીઓને અને વ્યક્તિઓને, અન્ય વ્યક્તિઓ જેવા કે પ્રેષિત પિતર અને પ્રેષિત યોહાન દ્વારા આપવામાં આવેલા શિક્ષણ સંબંધી વાંચન કરવાની ઈચ્છા રાખો છો તો તમારે તે પછીના આઠ પુસ્તકોનું વાંચન કરવું જોઈએ.

અંતે, જો તમે ભવિષ્યવચનો, સર્વ યુગોની પરમસીમા અને ખ્રિસ્તના આખરી વિજય સંબંધી વાંચન કરવાની ઈચ્છા રાખો છો તો તમારે પ્રકટીકરણ પુસ્તકનું વાંચન કરવું જોઈએ.

# ૧૨. નવા કરારની ભૂગોળ

## સુવાર્તાઓની ભૂગોળ

**I. પાણીનું બંધારણ**

આપણે જૂના કરારની ભૂગોળ સંબંધી અગાઉ અભ્યાસ કરી ગયા છીએ તેથી નવા કરારની ભૂગોળ ખૂબ સરળ છે.

સુવાર્તાઓમાં પાણીનું બંધારણ આ છે :

૧. *ભૂમધ્ય સમુદ્ર*

૨. *ગાલીલનો સમુદ્ર (સરોવર) તે ગેન્નેસારેથ અને તિબેરીઅસનો સમુદ્ર તરીકે પણ ઓળખાય છે.*

૩. *યર્દન નદી*

૪. *મૃત સરોવર*

નીચે દર્શાવેલા નકશા J ની ખાલી જગ્યા પૂરો. ઉપર દર્શાવેલા ક્રમની સંખ્યા પ્રમાણે નકશામાં નામનો ઉલ્લેખ કરો.

**II. મુખ્ય સ્થળો**

સુવાર્તાના સમયમાં જે પ્રાંત કે પ્રદેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જ પ્રાંત કે પ્રદેશ જૂના કરારમાં ઈઝરાયલી લોકો દ્વારા કબજે કરવામાં આવ્યો હતો. તે પ્રદેશ કે પ્રાંતના નામમાં પરિવર્તન થએલું છે. હવે તે પેલેસ્ટાઈન છે અને રોમન સામ્રાજ્યનો એક ભાગ છે. રોમન લોકોએ તેનું પ્રાંતોમાં અથવા પ્રદેશોમાં વિભાજન કર્યું હતું.

**ક. ગાલીલનો પ્રદેશ**

આ પ્રદેશ ભૂમધ્ય સમુદ્ર અને ગાલીલના સમુદ્ર (સરોવર) વચ્ચે આવેલો છે. ઈસુનો ઉછેર ગાલીલના નાઝરેથ ગામમાં થયો હતો તે કારણને લીધે ઈસુ ગાલીલને પોતાની માતૃભૂમિ તરીકે વિચારે છે. તે પછી પણ તેમનું ઘર કાપરનાહૂમમાં હતું અને તે જગ્યા પણ ગાલીલમાં જ આવેલી હતી.

**ખ. સમરુનનો પ્રદેશ**

આ પ્રદેશ ભૂમધ્ય સમુદ્ર અને યર્દન નદી વચ્ચે આવેલો છે. સમરુનીઓ મિશ્રિત જાતના હતા. એટલે અંશત : યહૂદી અને અંશત :

વિદેશી, તેઓ અહીં વસવાટ કરતા હતા. યહૂદી અને સમરુનીઓ વચ્ચે ખૂબ વેરભાવ હતો.

**ગ. યહૂદિયાનો પ્રદેશ**

આ પ્રદેશ ભૂમધ્ય સમુદ્ર અને મૃત સરોવર વચ્ચે આવેલો છે. યહૂદિયા જૂના કરારમાં યહૂદાના કૂળ તરીકે જે વિસ્તાર હતો એ જ વિસ્તાર છે. તેમાં યરુશાલેમ શહેરનો સમાવેશ થાય છે. નવા કરારના સમયમાં મોટાભાગના યહૂદીઓ આ પ્રદેશમાં વસવાટ કરતા હતા.

**નોંધ : પેલેસ્ટાઈન - પાણીનું બંધારણ નકશો - J હવે પછીના પૃષ્ઠ ઉપર જુઓ.**

# પેલેસ્ટાઈન - પાણીનું બંધારણ નકશો -J



**ઘ. પેર્યાનો પ્રદેશ**

આ પ્રાંત યર્દન નદીના પૂર્વ કિનારે આવેલો અને છેક મૃત સરોવર સુધી વિસ્તરેલો સાંકડો અને લાંબો પ્રદેશ છે. પોંતાની ધર્મસેવાના અંતભાગમાં ઈસુએ પેર્યામાં પોતાના શિષ્યો સાથે થોડો સમય પસાર કર્યો હતો.

**ચ. નાઝરેથ નગર**

નાઝરેથ નગર ગાલીલ સમુદ્રની પશ્ચિમ તરફ ગાલીલની દક્ષિણે આવેલું શહેર છે. યોસેફ અને મરિયમ સાથે નાઝરેથમાં ઈસુ મોટા થયા હતા.

**છ. કાપરનાહૂમ શહેર**

ગાલીલ સમુદ્રના ઉત્તાર કિનારે આ શહેર આવેલું છે. અને સુવાર્તાઓના વૃત્તાંતમાં તેનો વારંવાર ઉલ્લેખ થયો છે.

**જ. યરુશાલેમ શહેર**

યરુશાલેમ મૃત સરોવરના ઉપરના ભાગમાં પંશ્ચિમ બાજુએ યહૂદિયામાં આવેલું છે. યહૂદીઓ માટે આ સૌથી મહત્ત્વનું, પવિત્ર શહેર છે અને તેમાં મંદિર આવેલું છે.

**ઝ. બેથલેહેમ શહેર**

બેથલેહેમ શહેર યરુશાલેમ શહેરની દક્ષિણે આઠ કિલોમીટરના અંતરે આવેલું છે. ઈસુનો જન્મ બેથલેહેમમાં થયો હતો.

નીચે દર્શાવેલા નકશાની ખાલી જગ્યા પૂરો. ઉપર દર્શાવેલા અક્ષર પ્રમાણે નકશામાં નામનો ઉલ્લેખ કરો.

## પેલેસ્ટાઈન - સ્થળો

નકશો - K



# પ્રેષિતોનાં કાર્યોની ભૂગોળ

**I. પાણીનું બંધારણ**

પાણીનું બંધારણ સુવાર્તાઓમાં દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે એક સરખું છે, સિવાય કે ભૂમધ્ય સમુદ્ર પશ્ચિમ તરફ છેક ઈટાલી સુધી વિસ્તરેલો છે.

**II. સ્થળો**

પ્રેષિતોનાં કાર્યોમાં મંડળી જેમ જેમ વિકાસ પામી તેમ તેમ આ ચળવળ રોમન સામ્રાજ્યમાં પશ્ચિમ તરફ આગળ વધે છે.

**૧. ગલાતિયાનો પ્રદેશ**

ગલાતિયા વર્તમાન તુર્કસ્તાનમાં આવેલું છે. વિદેશીઓ સુધી શુભસંદેશ પહોંચાડવા માટે પાઉલની પ્રથમ મિશનરી મુસાફરીનું આ નિર્ધારીત સ્થળ હતું.

**૨. મકદોનિયાનો પ્રદેશ (ગ્રીસ)**

**૩. આખાયાનો પ્રદેશ (ગ્રીસ)**

આ બંને પ્રદેશો વર્તમાન ગ્રીસ દેશમાં આવેલા છે. નવા કરારના સમય દરમિયાન ગ્રીસ દેશ બે રોમન પ્રાંતમાં વિભાજીત થએલો હતો. મકદોનિયા ઉત્તરમાં હતું અને અખાયા દક્ષિણમાં હતું. આ પ્રાંતો પાઉલની બીજી મિશનરી મુસાફરીનું નિર્ધારીત સ્થળ હતું.

**૪. આસિયાનો પ્રદેશ**

આસિયાનો પ્રદેશ વર્તમાંન તુર્કસ્તાનના પશ્ચિમ પ્રાંતમાં આવેલો છે. પાઉલે પોતાની ત્રીજી મિશનરી મુસાફરી દરમિયાન આ પ્રદેશમાં મુસાફરી કરી હતી. અને તેણે ગ્રીસની પણ મુલાકાત કરી હતી.

**૫. ઈટાલી દેશ**

વર્તમાન સમયમાં ઈટાલી દેશ તરીકે ઓળખીએ છીએ તે જ આ દેશ છે અને સમગ્ર રોમન સામ્રાજ્યનું પાટનગર રોમ શહેર હતું. પાઉલના અંતિમ બંદીવાસ અને મરણનું આ શહેર હતું.

### ૬. યરુશાલેમ શહેર

યરુશાલેમ મૃત સરોવરની ઉપરની બાજુએ પશ્ચિમમાં આવેલા યહૂદિયામાંનું નગર છે. આ એ જ જગ્યા છે કે જ્યાં પ્રારંભિક ખ્રિસ્તી મંડળીની શરૂઆત થઇ છે.

### ૭. દમસ્કસ શહેર

દમસ્કસ શહેર વર્તમાન સમયના સીરીયામાં આવેલું છે. જ્યારે પાઉલ દમસ્કસ તરફ સફર કરી રહ્યો હતો ત્યારે તેને દર્શન દ્વારા જીવંત ખ્રિસ્તની મુલાકાત થઈ હતી અને તેનું પરિવર્તન થયું હતું અને તે ઈસુ ખ્રિસ્તનો સાચો ભક્ત બન્યો હતો.

### ૮. કાઈસારીઆ શહેર

આ શહેર ગાલીલ સમુદ્રના દક્ષિણ પશ્ચિમ તરફ ભૂમધ્ય સમુદ્રના કાંઠા ઉપર આવેલું છે. કર્નેલ્યસ કાઇસારીઆ શહેર સાથે જોડાએલો હતો. પાઉલ અને ફિલિપ પણ.

### ૯. અંત્યોખ શહેર

આ શહેર વર્તમાન તુર્કસ્તાનના દક્ષિણપૂર્વનાં પેલેસ્ટાઇનની ઉત્તર બાજુએ ભૂમધ્ય સમુદ્રની પાસે આવેલું છે. સીરીયાનું અંત્યોખ તરીકે પણ તે જાણીતું હતું. કારણ કે એશિયા, ગ્રીસ વગેરે જગ્યાએ સુવાર્તા લઇ જવાનું તે કેન્દ્ર મથક હતું. પાઉલની સર્વ મિશનરી મુસાફરીઓનો આરંભ અંત્યોખથી થયો હતો.

### ૧૦. રોમ શહેર

આ રોમન સામ્રાજ્યનું પાટનગર છે. અને તે ઈટાલી પાસે આવેલું છે. પાઉલના અંતિમ બંદીવાસ અને મરણની આ જગ્યા હતી.

### ૧૧. એફેસસ શહેર

એશિયા પ્રાંતનું (વર્તમાન તુર્કસ્તાન) આ સૌથી મહત્ત્વનું શહેર છે. તે એજીયન સમુદ્ર કિનારે આવેલું છે અને તે પૂર્વ તરફના વેપારી કાફલાના માર્ગ માટેનું અંતિમ વ્યૂહાત્મક શહેર પણ છે. પાઉલે પોતાની બીજી મિશનરી મુસાફરી દરમિયાન લગભગ ત્રણ વર્ષ સુધી આ જગ્યાએ વસવાટ

કર્યો હતો અને પોતાની ત્રીજી મિશનરી મુસાફરી દરમિયાન તેની મુલાકાત લીધી હતી.

**૧૨. કરિંથ શહેર**

દક્ષિણ આખાયા સાથે ગ્રીસના મુખ્ય ભાગને જોડનારી સાંકડી સંયોગી ભૂમિની દક્ષિણ તરફ વ્યૂહાત્મક રીતે મોટું કરિંથ શહેર આવેલું છે. પાઉલે તેની બીજી મિશનરી મુસાફરી દરમિયાન આ શહેરની મુલાકાત કરી હતી અને લગભગ દોઢ વર્ષ અહીં રહ્યો હતો. (પ્રે.કૃ. ૧૮:૧-૧૮) અને તેણે પોતાની ત્રીજી મિશનરી મુસાફરી દરમિયાન પણ તેની મુલાકાત કરી હતી. આ શહેર ધંધારોજગાર માટે નોંધપાત્ર હતું અને તેની અનૈતિકતા તથા મૂર્તિપૂજા માટે પણ જાણીતું હતું.

**૧૩. ફિલિપી શહેર**

ફિલિપી શહેર મકદોનિયાના મુખ્ય શહેરોમાંનું એક હતું. અને મુખ્ય ભૂમિમાર્ગ પર આવેલું હતું. સંત પાઉલે પોતાની બીજી મિશનરી મુસાફરી દરમિયાન અને સંભવિત છે કે પોતાની ત્રીજી મિશનરી મુસાફરી દરમિયાન પણ તેની મુલાકાત કરી હતી. આ સમુદ્ર શહેર હતું અને ઈ.પૂ. ૪૨માં તે રોમન વસાહત ("નાનું" રોમન) બન્યું હતું.

**૧૪. એથેન્સ શહેર**

આ શહેર એજીયન સમુદ્રથી આઠ કિલોમીટર દૂર અંર્તગત આખાયા (ગ્રીસ) માં આવેલું હતું. પાઉલના સમયમાં મુખ્ય સંસ્કૃતિ અને કેળવણીના કેન્દ્ર તરીકે એથેન્સ જાણીતું હતું. પાઉલે પોતાની બીજી અને ત્રીજી મિશનરી મુસાફરી દરમિયાન તેની મુલાકાત કરી હતી.

**૧૫. થેસ્સાલોનિકા શહેર**

આ શહેર ઉત્તર ગ્રીસમાં મકદોનિયાનું પાટનગર હતું. પાઉલે પોતાની બીજી મિશનરી મુસાફરી દરમિયાન અને સંભવિત છે કે પોતાની ત્રીજી મિશનરી મુસાફરી દરમિયાન તેની મુલાકાત લીધી હતી. તેણે આ મંડળીને બે પત્રો લખ્યા હતા. ભૂમિ અને જળમાર્ગ દ્વારા જોડાણ કરતું આ વ્યૂહાત્મક વેપારી કેન્દ્ર હતું.

ઉપર દર્શાવેલા સ્થળો અહી નકશા L માં જુઓ.

## પ્રેષિતોનાં કાર્યોની ભૂગોળ

નકશો : L



# ૧૩ નવા કરારના ઐતિહાસિક પુસ્તકો

નવા કરારમાં કેટલા પુસ્તકો છે? ૨૭

આપણે અગાઉ જોઈ ગયા તેમ આ પુસ્તકોને ચાર પ્રકારના પુસ્તકોમાં વિભાજીત કરી શકાય :

૫ *ઐતિહાસિક પુસ્તકો*

૧૩ *પાઉલના પત્રો*

૮ *સામાન્ય પત્રો*

૧ *ભવિષ્યવચનનું પુસ્તક*

## ઐતિહાસિક પુસ્તકોનો સારાંશ

ઈશ્વરે પોતાના ડહાપણમાં ખ્રિસ્તના જીવનનું વર્ણન આપણી સમક્ષ ચાર જુદા જુદા દષ્ટિકોણ સાથે લેખિત સ્વરૂપમાં રજૂ કર્યું છે. સુવાર્તાઓ આ મુજબ છે : માથ્થી, માર્ક, લૂક અને યોહાન. વર્તમાન સમયના અર્થ પ્રમાણે આ કોઈપણ સુવાર્તામાં ઈસુની આત્મકથા રજૂ કરેલી નથી.

આ ચારેય સુવાર્તાઓનું કોઈક વિશેષ મહત્ત્વ દર્શાવવા માટે અથવા કોઈક ચોક્કસ પ્રકારના વાચકોને ધ્યાનમાં રાખીને અથવા કોઈક ચોક્કસ આધ્યાત્મિક ઈરાદા સાથે લેખન થયું છે. બીજા શબ્દોમાં કહીએ તો દરેક લેખક ઈસુ ખ્રિસ્તના જીવનનું વર્ણન આપણી સમક્ષ રજૂ કરે છે ત્યારે તેના વિચારોમાં તે ખૂબ જ સ્પષ્ટ છે.

## ઐતિહાસિક પુસ્તકોનો વિષયાર્થ

### માથ્થી : મસીહા - રાજાની સુવાર્તા

નવા કરારમાં પ્રથમ સુવાર્તા ઈસુને મસીહા અથવા રાજા તરીકે, જૂના કરારના ભવિષ્યવચનોને પરિપૂર્ણ કરનાર યહૂદીઓના તારનાર તરીકે રજૂ કરે છે. સુવાર્તાનો લેખક માથ્થી ઈસુની વંશાવળીથી શરૂઆત કરીને તેમના યહૂદી કૂળને દર્શાવે છે અને નાઝરેથના ઈસુ જૂના કરારમાં આપેલા મસીહાના ભવિષ્યવચનોને પરિપૂર્ણ કરે છે તે વાત યહૂદી લોકો સમક્ષ સાબિત કરે છે. ત્યાર પછી મસીહા તરીકે તેમનું નિદર્શન કરતા તે તેમના અધિકાર અને સામર્થ્ય બંનેને મહત્ત્વ આપે છે. આ સુવાર્તા યહૂદી વાચકો

માટે જ લખવામાં આવી છે તેમાં કોઈ જ શંકા નથી. "આકાશનું રાજ્ય" અને "ઈશ્વરનું રાજ્ય" ના સંબંધમાં જ અનેક વખત લેખકે સુવાર્તાનો સંદેશ રજૂ કર્યો છે. ઈસુ "દાવિદના દીકરા" છે અને "યહૂદીઓના રાજા" પણ છે.

આ પુસ્તકમાં શિક્ષણના પાંચ ઉપદેશો જોવા મળે છે.

ગીરીપ્રવચન (૫:૧-૭:૨૯),

શિષ્યોને આપેલું શિક્ષણ (૧૦:૫-૧૧:૧),

રાજ્ય વિશેનું દૃષ્ટાંત (૧૩:૧-૫૩),

શિષ્યપણાની શરતો (૧૮:૧-૧૯:૨),

જૈતુન પહાડ પરનો ઉપદેશ (૨૪:૧-૨૫:૪૬).

ઈસુના શબ્દો અને કાર્યો અજોડ હોવા છતાં ધીમે ધીમે યહૂદી લોકો દ્વારા તેમનો વિરોધ કરવામાં વધારો થાય છે અને તેની પરાકાષ્ટા તેમના નકાર અને ક્રૂસારોહણમાં જોઈ શકાય છે. પરંતુ ઈશ્વર તેમને મરણમાંથી સજીવન કરે છે અને દરેક દેશના લોકોને શિષ્યો બનાવવા માટે જીવંત ખ્રિસ્ત પોતાના શિષ્યોને આહ્‌વાન આપે છે.

માથ્થીની સુવાર્તાના લેખનને નીચે પ્રમાણે વિભાજીત કરી શકાય :

(૧) મસીહા-રાજાની વંશાવળી અને જન્મ (૧:૧-૨:૨૩);

(૨) મસીહા-રાજાની સુવાર્તા (૩:૧-૭:૨૯);

(૩) મસીહા-રાજાનું સામર્થ્ય (૮:૧-૧૧:૧);

(૪) મસીહા-રાજાના શિક્ષણને લીધે તેમના વિરોધમાં વૃદ્ધિ (૧૧:૨-૧૩:૫૩);

(૫) મસીહા-રાજાનો નકાર અને વૃદ્ધિ પામતો અનાદર (૧૩:૫૪-૧૯:૨);

(૬) સમસ્યાઓ, સંઘર્ષ અને મસીહા રાજાના ભવિષ્યકથનો (૧૯:૩-૨૬:૨);

(૭) મસીહા-રાજાનું મરણ અને પુનરુત્થાન (૨૬:૩-૨૮:૧૦);

(૮) સમાપન (૨૮:૧૧-૨૦);

**માર્ક : ઈશ્વરના સેવકની સુવાર્તા.**

આપણે માર્કની સુવાર્તાનું વાંચન કરીએ છીએ ત્યારે આપણને એક

જુદો જ દૃષ્ટિકોણ જોવા મળે છે. માર્ક "ઘણાના મુક્તિ-મૂલ્ય તરીકે પોતાનું જીવન આપનાર" સેવક તરીકે ઈસુને રજૂ કરે છે. આ પુસ્તકનું લેખન બીન-યહૂદીઓ (વિદેશીઓ) માટે અને વધુ સ્પષ્ટતાપૂર્વક કહીએ તો રોમન વાચકો માટે કરવામાં આવ્યું છે. યહૂદી રીતભાતો અને માન્યતાઓનો ખુલાસો કરવામાં આવ્યો છે અને લેટીન ભાષાના શબ્દોનો ઉલ્લેખ તેના વર્ણનમાં જોવા મળે છે. સામાન્ય લોકો સમક્ષ સરળ અને સ્પષ્ટ રીતે ઈસુના વ્યક્તિત્ત્વ અને કાર્યને રજૂ કરવાનો પ્રયત્ન કરીને સુવાર્તામાં વિવિધ કાર્યો દર્શાવવામાં આવ્યા છે.

પોતાની ધર્મસેવાની શરૂઆતમાં ઈસુ લોકોના સેવક છે પરંતુ જેમ તેમની વિદાય લેવાનો સમય પાસે આવે છે તેમ તે પોતાના શિષ્યોને શિક્ષણ આપવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સુવાર્તાનું ૪૦ ટકા લેખન ઈસુ ખ્રિસ્તના જીવનના અંતિમ અઠવાડિયાના પ્રસંગોનું વર્ણન કરે છે. આ સુવાર્તાની ચાવીરૂપ કલમ માર્ક ૧૦:૪૫ છે અને તે ખરેખર સુવાર્તાના માળખાનો સારાંશ છે તેની આપણે નોંધ લઈએ છીએ. "હું મસીહ સેવા કરાવવાને નહિ પણ સેવા કરવાને અને ઘણાના ઉદ્ધારને માટે મારું જીવન મુક્તિમૂલ્ય તરીકે અર્પી દેવા આવ્યો છું." (માર્ક ૧૦:૪૫). સુવાર્તાના લેખનમાં ૮:૨૭-૩૦ નવો વળાંક લાવે છે. અહીં ઈસુ પોતાના મરણ વિશે સ્પષ્ટપણે ઉલ્લેખ કરે છે. આ રીતે સુવાર્તાને નીચે પ્રમાણે વિભાજીત કરી શકાય :

સેવા કરનાર સેવક (૧:૧-૮:૨૬)

દુઃખ સહન કરનાર સેવક (૮:૩૧-૧૬:૨૦).

**લૂક : માણસના દીકરાની સુવાર્તા**

ત્રીજી સુવાર્તા ઈસુ ખ્રિસ્તને માણસો મધ્યે વસનાર માણસના દીકરા તરીકે રજૂ કરે છે. જેમનું સેવાકાર્ય "ખોવાયેલું શોધવા તથા તારવાનું" છે. અને એ રીતે તે માણસોના તારનાર બને છે. ઈસુ એક આદર્શ માણસ, સંપૂર્ણ ઈશ્વર-માનવ છે અને તે એકલા જ સમગ્ર માનવજાતનો ઉદ્ધાર કરે છે. લૂક પોતે બીન-યહૂદી છે અને તેણે બીન-યહૂદી લોકો માટે ઈસુના જીવનનું વૃત્તાંત રજૂ કર્યું છે. તેણે ઉદ્ધારના સાર્વત્રિક આમંત્રણને મહત્ત્વ આપ્યું છે. સુવાર્તાનો સંદેશ સર્વ માણસો માટે છે.

લૂક પોતાની સુવાર્તા બીન-યહૂદી ખ્રિસ્તી, થિયોફિલને સમર્પણ કરે છે અને તેનો હેતુ ઈસુ ખ્રિસ્તના જીવનને ગ્રીક લોકો સમક્ષ રજૂ કરવાનો છે. લૂક ઈસુના કુળને, જન્મને અને તેમના પ્રારંભિક જીવનને મહત્ત્વ આપીને સુવાર્તાની શરૂઆત કરે છે અને ત્યાર પછી તેમની પૃથ્વી પરની ધર્મસેવાનું કાળાનુક્રમ અને ઐતિહાસિક રીતે ચોક્કસાઈભર્યું વર્ણન રજૂ કરે છે. આ સુવાર્તાને ચાર વિભાગોમાં વિભાજીત કરી શકાય :

(૧) માણસના દીકરાની પ્રસ્તાવના (૧:૧-૪:૧૩)

(૨) માણસના દીકરાની ધર્મસેવા (૪:૧૪-૯:૫૦)

(૩) માણસના દીકરાનો અનાદર (૯:૫૧-૧૯:૨૭)

(૪) માણસના દીકરાનું ક્રૂસારોહણ અને પુનરુત્થાન (૧૯:૨૮-૨૪:૫૩).

**યોહાન : ઈશ્વરના દીકરાની સુવાર્તા**

યોહાનની સુવાર્તાનું વૃત્તાંત પ્રથમ ત્રણ સુવાર્તાના લેખન કરતાં કાંઈક જુદું જ છે. ઈસુ પર વિશ્વાસ કરનાર સર્વને અનંતકાળિક જીવન આપનાર ઈશ્વરના અનંતકાળિક દીકરા તરીકે યોહાન તેમને રજૂ કરે છે. યોહાન પોતાના લેખનનો સારાંશ નીચે દર્શાવેલા શબ્દો દ્વારા કરે છે. "ઈસુએ પોતાના શિષ્યોની રૂબરૂ બીજા ઘણા ચમત્કારો કર્યા, કે જે (નું વર્ણન) આ પુસ્તકમાં કરેલું નથી. પણ ઈસુ તે જ ખ્રિસ્ત, ઈશ્વરનો દીકરો છે, એવો તમે વિશ્વાસ કરો; અને વિશ્વાસ કરીને તેના નામથી જીવન પામો, માટે આટલી વાતો લખેલી છે." (યોહાન ૨૦:૩૦-૩૧). ઈસુ ઈશ્વરના દીકરા છે તેનું નિદર્શન કરવા યોહાન સાત ચિન્હોની પસંદગી કરે છે. અને પોતાના વાચકો તેમના પર વિશ્વાસ કરે અને પરિણામે અનંતકાળિક જીવન મેળવે તે તરફ તેઓને દોરે છે. આ સુવાર્તામાં ઈસુ ખ્રિસ્તના શબ્દો "હું છું" એવા સાત વિધાનોને પણ અર્થપૂર્ણ રીતે આલેખવામાં આવ્યાં છે. સુવાર્તાનો ચાવીરૂપ શબ્દ "વિશ્વાસ" છે. તેથી કેટલાક લોકો તેને "વિશ્વાસની સુવાર્તા" તરીકે પણ તેને ઓળખાવે છે. આ સુવાર્તા નીચે દર્શાવેલા પાંચ વિભાગોમાં વિભાજીત કરી શકાય :

(૧) ઈશ્વરના દીકરાનો માનવદેહધારણ કરવો. (૧:૧-૧૮)

(૨) ઈશ્વરના દીકરાની ઓળખ (૧:૧૯-૪:૫૪)

(૩) ઈશ્વરના દીકરાનો વિરોધ (૫:૧-૧૨:૫૦)

(૪) ઈશ્વરના દીકરા દ્વારા શિષ્યોને તૈયાર કરવા.(૧૩:૧-૧૭:૨૬)

(૫) ઈશ્વરના દીકરાનું ક્રૂસારોહણ અને પુનરુત્થાન (૧૮:૧-૨૧:૨૫)

**પ્રેષિતોનાં કાર્યો : ખ્રિસ્તી મંડળીની શરૂઆત અને તેનો વિકાસ.**

લૂક દ્વારા લેખન થએલું આ બીજું પુસ્તક છે. તેમાં નવા કરારની મંડળીની શરૂઆત અને તેની વૃદ્ધિને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઈસુનું સ્વર્ગારોહણ થયું તે અગાઉના તેમના અંતિમ શબ્દો આ પુસ્તકના વિષયાર્થના સારાંશને રજૂ કરે છે. પ્રે.કૃ ૧:૮, "પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો; અને યરુશાલેમમાં, આખા યહૂદિયામાં, સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો." સુવાર્તાની પ્રગતિ અહીં દર્શાવવામાં આવી છે :

(૧) યરુશાલેમમાં સાક્ષી (પ્રે.કૃ. ૧:૧-૮:૪);

(૨) યહૂદિયા અને સમરૂનમાં સાક્ષી (૮:૫-૧૨:૨૫);

(૩) પૃથ્વીના છેડા સુધી સાક્ષી (૧૩-૨૮).

# ૧૪. નવા કરારના ઈતિહાસના ત્રણ મુખ્ય સમયો

૧. **સુવાર્તાઓ**

પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવનની રજૂઆત સુવાર્તાઓમાં કરવામાં આવી છે.

૨. **મંડળી**

ખ્રિસ્તી મંડળીની શરૂઆત અને તેનો વિકાસ.

૩. **સેવાકાર્યો**

પ્રેષિત પાઉલની મિશનરી મુસાફરીઓ દ્વારા રોમન સામ્રાજ્યમાં મંડળીનો વધુ વિકાસ.

## નવા કરારના ઇતિહાસની મુખ્ય ત્રણ વ્યક્તિઓ

| સમય | વ્યક્તિ | વર્ણન |
|---|---|---|
| ૧. સુવાર્તાઓ | ઈસુ | વચન અપાએલા મસીહા |
| ૨. મંડળી | પિતર | પુરાતન મંડળીનો આગેવાન |
| ૩. સેવાકાર્યો | પાઉલ | પ્રથમ ખ્રિસ્તી મિશનરી. |

## નવા કરારના ઇતિહાસમાં મુખ્ય ત્રણ સ્થળો

| સ્થળ | વર્ણન |
|---|---|
| ૧. પેલેસ્ટાઇન | જૂના કરારના સમયમાં જે વિસ્તાર કનાન અને ઈઝરાયલ તરીકે ઓળખાતો હતો તે જ વિસ્તાર નવા કરારમાં પેલેસ્ટાઇન તરીકે સામાન્ય રીતે ઓળખાય છે. તે વિસ્તારમાં રોમન પ્રાંતના ગાલીલ, સમરૂન અને યહૂદિયાનો પણ સમાવેશ થાય છે. |
| ૨. યરુશાલેમ | જૂના કરારના સમયમાં હતું તે જ શહેર. |
| ૩. રોમન સામ્રાજ્ય | પાઉલે ખ્રિસ્તી વિશ્વાસનો સંદેશો ફેલાવ્યો અને તે તેને રોમન સામ્રાજ્યમાં લઈ ગયો. આજના દિવસોમાં તેને તૂર્કસ્તાન, વર્તમાન ગ્રીસ અને ઈટાલીના રોમ શહેર તરીકે ઓળખીએ છીએ. |

## I. સુવાર્તાનો સમય (માથ્થી - યોહાન)

**વાતનો સારાંશ :** ઈસુ તારનાર માટેના જૂના કરારના ભવિષ્યવચનો પરિપૂર્ણ કરવા આવે છે, ઈશ્વરના સાચા રાજ્યની જાહેરાત કરે છે અને પાપમાંથી ઉદ્ધાર (તારણ) ઉપલબ્ધ બનાવે છે. મસીહા તરીકે કેટલાક લોકો તેનું અનુસરણ કરે છે પરંતુ મોટાભાગના તેમનો નકાર કરે છે. અને તેમનું ક્રૂસારોહણ થાય છે, તેમને દફનાવવામાં આવે છે અને તેમને ફરીથી સજીવન કરવામાં આવે છે.

**સુવાર્તાના સમયનો વિષયાર્થ**

ઈસુ સંબંધી સુવાર્તાનાં સમયમાં પાંચ મુખ્ય વિભાગો છે :

૧. *તેમનું પ્રારંભિક જીવન*

૨. *તેમની શરૂઆતની ધર્મસેવા*

૩. *તેમની મુખ્ય ધર્મસેવા*

૪. *તેમની પાછલા સમયની ધર્મસેવા*

૫. *તેમનું મરણ અને પુનરુત્થાન*

**૧. તેમનું પ્રારંભિક જીવન : બાળપણથી બાપ્તિસ્મા સુધી.**

પવિત્ર આત્મા દ્વારા ચમત્કારિક રીતે ગર્ભ રહ્યા પછી મરિયમ કુંવારીને પેટે યહૂદિયાના બેથલેહેમમાં ઈસુનો જન્મ થાય છે. જ્યારે હેરોદ રાજા ઈસુનો વધ કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે યોસેફ અને મરિયમ સલામતી માટે ઈજિપ્ત નાસી જાય છે. ઈજિપ્તમાં થોડા સમય સુધી વસવાટ કર્યા પછી યોસેફ અને મરિયમ ગાલીલના નાઝરેથ આવીને ત્યાં વસવાટ કરે છે. ઈસુ બાર વર્ષના થયા ત્યારે તેમણે યરુશાલેમની મુલાકાત લીધી હતી તે સિવાયના વર્ષો વિશે ખામોશી જોવા મળે છે. જ્યારે ઈસુ ત્રીસ વર્ષની ઉંમરના થયા ત્યારે તેમનો પિત્રાઇ ભાઇ, યોહાન બાપ્તિસ્મી મૃત સરોવર પાસે ધર્મસેવા કરતો હતો અને યર્દન નદીમાં લોકોને બાપ્તિસ્મા આપતો હતો. યોહાન દ્વારા ઈસુનું બાપ્તિસ્મા થયું તે પછીથી પવિત્ર આત્મા કબૂતરની જેમ તેમના પર ઊતરે છે અને સ્વર્ગમાંથી એક વાણી થાય છે, "આ મારો વહાલો દીકરો છે તેના પર હું પ્રસન્ન છું." (માથ્થી ૩:૧૬-૧૭) તે પછી તરત પવિત્ર દ્વારા ઈસુને અરણ્યમાં દોરી જાય

છે અને ત્યાં ચાલીસ દિવસ સુધી શેતાન દ્વારા તેમનું પ્રલોભન થાય છે. શેતાન પોતાના દુષ્ટ માર્ગો દ્વારા ઈસુને ઈશ્વર કરતાં પોતાનું અનુસરણ કરવા સમજાવે છે. પરંતુ ઈસુ સફળતાપૂવક શેતાનના પ્રલોભનો ઉપર વિજય મેળવે છે અને પોતાની જાહેર ધર્મસેવાની શરૂઆત કરે છે.

**૨. તેમની શરૂઆતની ધર્મસેવા : શાંતિમય શરૂઆત.**

પોતાના બાપ્તિસ્મા અને અરણ્યમાં પ્રલોભન થયા પછીથી ઈસુ પોતાની જાહેર ધર્મસેવાની શરૂઆત કરે છે. યોહાન બાપ્તિસ્મીને કેદખાનામાં પૂરવામાં આવ્યો ત્યાં સુધીમાં તેમની ધર્મસેવાને લગભગ ૬ થી ૧૨ મહિના થયા હશે તેવું લાગે છે. મોટાભાગનો સમય યહૂદિયા પ્રાંતમાં સેવા કરી છે પરંતુ લગભગ બે વખત ગાલીલની મુલાકાત કરી હશે. યોહાનની સુવાર્તા આ સમયની માહિતી માટે આપણો મુખ્ય સ્ત્રોત છે.

**૩. તેમની મુખ્ય ધર્મસેવા : પ્રથમ સૌથી મહાન સ્વીકૃતિ અને ત્યાર પછી સર્વાંગી વૃદ્ધિ.**

તેમના સંદેશામાં બંને વાતોને મહત્ત્વ અપાયું છે.

(૧) તે વચન આપવામાં આવેલા મસીહા, ખ્રિસ્ત છે અને લોકોએ તેમનામાં વિશ્વાસ કરવો જોઈએ.

(૨) તેમણે ધાર્મિક આગેવાનોમાં જોઈ શકાતું હતું તેવું બાહ્ય ન્યાયપણાનું જીવન નહિ પણ સાચું, આંતરિક ન્યાયપણાનું પ્રામાણિક જીવન જીવવા લોકોને પડકાર આપ્યો.

તેમણે આશ્ચર્યજનક ચમત્કારો કરવા દ્વારા પોતાના સંદેશાની સચોટતા રજૂ કરી અને પ્રથમ તો લોકોનો પ્રતિભાવ ઉત્તેજનાત્મક રહ્યો. તેમની ધર્મસેવાના આ સમયની નોંધ મુખ્યત્વે માથ્થી અને માર્કની સુવાર્તાઓમાં કરવામાં આવી છે. અને તેનું સ્થળ મુખ્યત્ત્વે ગાલીલ રહ્યું છે તેમની લોકપ્રિયતા તેના સર્વોચ્ચ શિખર સુધી પહોંચે છે. પરંતુ ત્યાર પછી તેમનો વિરોધ કરવામાં વૃદ્ધિ થાય છે. ઈસુ ધાર્મિક આગેવાનો તરફથી વધતા જતા વિરોધ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરીને તેઓના પ્રતિભાવની ગંભીરતા વિશે તેઓને ચેતવણી આપે છે. વળી એ જ સમયે તે પોતાના બાર શિષ્યોને તાલીમ આપવામાં વધુ સમય આપવાની શરૂઆત કરે છે.

**૪. તેમની પાછલા સમયની ધર્મસેવા : વધસ્તંભની વાસ્તવિકતાના પડછાયા તરીકે તેમના પ્રતિકારમાં વૃદ્ધિ.**

આ સમયની ધર્મસેવા યહૂદિયામાં અને ખાસ કરીને પેર્યામાં કરવામાં આવે છે. લૂકની સુવાર્તાનો વિસ્તૃત વિભાગ (લૂક ૯:૫૧થી આગળ) આ સમયની નોંધ રજૂ કરે છે. વધસ્તંભ તરફ દોરી જતો કઠોર સંઘર્ષનો આ સમય છે. ઈસુ તેમનું અનુસરણ કરવામાં રહેલી કિંમતની ગણતરી કરવા લોકોને પડકાર આપે છે.

**૫. તેમનું મરણ અને પુનરુત્થાન : અંતિમ પ્રતિકાર (નકાર).**

પાસ્ખા પર્વના સમય દરમિયાન જ્યારે ઈસુ અને ઘણા યહૂદીઓ યરુશાલેમમાં છે ત્યારે ધાર્મિક આગેવાનો ઈસુની વિરુધ્ધ લોકોના ટોળાને ઉત્તેજીત કરે છે. તેઓ ખોટા આરોપો સાથે તેમની વારંવાર મશ્કરી કરે છે. તેના પરિણામે તેઓ અન્યાયીપણે તેમને દોષિત ઠરાવે છે. ત્યાર પછી ઈસુને શુક્રવારના રોજ વધસ્તંભ ઉપર મારી નાખવામાં આવે છે, તે દિવસે સાંજે તેમને દફનાવવામાં આવે છે અને ત્રીજા દિવસે, રવિવારે મરણમાંથી તે ફરીથી સજીવન થાય છે.

## II. મંડળીનો સમય (પ્રેષિતોનાં કાર્યો ૧-૧૨)

**વાતનો સારાંશ :** પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ થયું તે પછી થોડા સમયમાં જ ઈશ્વરે મંડળીની સ્થાપના કરવા માટે પિતરનો ઉપયોગ કર્યો અને તેની શરૂઆત યરુશાલેમથી થાય છે. યરુશાલેમમાં સતાવણીના પરિણામે ખ્રિસ્તી લોકો યહૂદિયા અને સમરૂનમાં વિખેરાઈ જાય છે અને સુવાર્તાનો ફેલાવો થવામાં સતત વૃદ્ધિ થાયં છે.

**મંડળીના સમયનો વિષયાર્થ**

મંડળીના સમયમાં ચાર મુખ્ય વિષયો છે :

૧. *સર્જન*

૨. *વૃદ્ધિ*

૩. *સતાવણી*

૪. *સંક્રમણ (Transition)*

**૧. સર્જન : મંડળીનો જન્મ (પ્રે.કા. ૧-૫)**

નવા કરારની મંડળીનો જન્મ યરુશાલેમમાં થયો હતો. પોતાના મરણ અને પુનરુત્થાન પછી ઈસુએ પોતાના શિષ્યોને આદેશ આપ્યો હતો કે જ્યાં સુધી તેઓ પવિત્ર આત્માનું પરાક્રમ પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી તેઓ યરુશાલેમમાં વાટ જુએ. તે પછી ઈસુએ તેઓને યરુશાલેમમાં (પોતાના શહેરમાં), યહૂદિયા અને સમરૂનમાં (તેની આસપાસના પ્રાંતોમાં) અને પૃથ્વીના છેડા સુધી (સમગ્ર વિશ્વમાં) તેમના સાક્ષીઓ બનવા ફરમાન આપ્યું. ઈસુના સ્વર્ગારોહણ પછીથી પચાસમાના દિવસે શિષ્યો ઉપર પવિત્ર આત્મા ઊતર્યો. તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થયા છે. આ સમયે યહૂદીઓ અને વિદેશીઓ વિશ્વના વિવિધ ભાગોમાંથી યરુશાલેમ એકત્ર થયા છે. ઈશ્વરના વચનોની સમજણ લોકો મેળવી શકે તે માટે શિષ્યોએ વિવિધ ભાષાઓમાં બોલવાની શરૂઆત કરી. તેના પરિણામે મોટી સંખ્યામાં લોકોએ ઈશ્વરના વચનનો સ્વીકાર કર્યો અને તેઓ મંડળીમાં ઉમેરાયાં.

**૨. વૃદ્ધિ : મંડળીની રચના (પ્રેષિતોનાં કાર્યો ૬).**

મંડળીમાં જેમ જેમ નવા સભ્યોનો ઉમેરો થતો ગયો તેમ તેમ મંડળીની રચના કરવી આવશ્યક બની. વિશ્વાસીઓ સામાન્ય જીવનનો આનંદ ઉઠાવતા, અને એકબીજાની જરૂરીઆત પ્રમાણે પોતાની સંપત્તિ તથા નાણાંની વહેંચણી કરતા. જ્યારે મંડળીમાં વ્યવહારિક સમસ્યાઓનો ઉદ્ભવ થયો ત્યારે આ સમસ્યાનો ઉકેલ લાવવા સેવક (ડીકન)ની પસંદગી કરવામાં આવી. તેને પરિણામે પ્રેષિતો પ્રાર્થના તથા ઈશ્વરના વચનની ધર્મસેવામાં ધ્યાન કેન્દ્રિત કરવા સમર્થ બન્યા.

**૩. સતાવણી : પ્રથમ ખ્રિસ્તી શહીદ : સુવાર્તાનો ફેલાવો (પ્રે.કા. ૭-૮).**

સેવકો (ડીકનો) માંનો એક, સ્તેફન ઈસુ વિશે હિંમતપૂર્વક બોલે છે, પરિણામે યહૂદી આગેવાનો દ્વારા તેને બંદીખાનામાં પૂરવામાં આવે છે. જ્યારે તેને સાન્હેદ્રિન સમક્ષ લાવવામાં આવે છે ત્યારે તે પોતાનો બચાવ કરે છે અને ઈશ્વરના વચનનો ઉપદેશ કરે છે. યહૂદી લોકો ક્રોધિત બને છે અને તેને પથ્થરે મારીને મારી નાખે છે એટલે સ્તેફન પ્રથમ ખ્રિસ્તી શહીદ બને છે. તેના પરિણામે ખ્રિસ્તી લોકો વિરુદ્ધ કઠોર સતાવણી ફાટી નીકળે છે. ખ્રિસ્તી તરીકે ઓળખાતા અનેક લોકોએ યરુશાલેમમાંથી નાસી જવું પડે

છે. તેઓ જ્યાં કાંઈ વિખરાઈ ગયા ત્યાં તેઓએ યહૂદિયા અને સમરૂનમાં ઈશ્વરના વચનનો ઉપદેશ કર્યો. આ રીતે સુવાર્તાનો ફેલાવો થાય છે.

**૪. સંક્રમણ (Transition) : વિદેશી લોકો મધ્યે મિશનરી (પ્રેષિતોનાં કાર્યો ૯-૧૨).**

તાર્સસનો શાઉલ, આવેશી ફરોશી ખ્રિસ્તીઓની સતાવણી શરૂ કરે છે. દમસ્કસ તરફ તે મુસાફરી કરે છે. ત્યારે ઉત્થાન પામેલા ઈસુ તેને દર્શન આપે છે. પરિણામે શાઉલનું બદલાણ થાય છે. અને તે ખ્રિસ્તી વ્યક્તિ બને છે. શાઉલ આગળ જતા પાઉલ પ્રેષિત તરીકે ઓળખાય છે. ઈસુ વિદેશી લોકો મધ્યે મિશનરી તરીકે કાર્ય કરવા પાઉલને આહ્‌વાન આપે છે. હવે આ સમયે પિતર સમરૂનમાં ધર્મસેવામાં કાર્યરત છે. ત્યાં ઈશ્વર તેને સંદર્શન આપે છે. સુવાર્તાનો સંદેશો વિદેશી લોકો માટે પણ છે તેમ ઈશ્વર તેને જણાવે છે. કાઈસારીયામાં કર્નેલ્યસના ઘરની મુલાકાત કરવા પિતરને આહ્‌વાન મળે છે. તેથી આ સંક્રમણના સમય દરમિયાન ઈશ્વર વિદેશી લોકો મધ્યે પોતાનું વચન લઈ જવા પોતાના સેવકોને તૈયાર કરે છે.

## III. સેવાકાર્યોનો સમય (પ્રેષિતોનાં કાર્યો ૧૩-૨૮)

**વાતનો સારાંશ :** હવે પછીના વીસ વર્ષો દરમિયાન પાઉલ પશ્ચિમ તરફ રોમન સામ્રાજ્યમાં મંડળીનો વિકાસ કરે છે.

**સેવાકાર્યોના સમયનો વિષયાર્થ**

સેવાકાર્યોના સમયમાં ચાર મુખ્ય વિષયો છે :

૧. *પ્રથમ મિશનરી મુસાફરી*

૨. *બીજી મિશનરી મુસાફરી*

૩. *ત્રીજી મિશનરી મુસાફરી*

૪. *પાઉલની કસોટી અને બંદીવાસ*

**૧ પ્રથમ મિશનરી મુસાફરી :** ૧૮ થી ૨૪ મહિનાઓ માટે સાયપ્રસ અને ગલાતીઆ (પ્રે.કા. ૧૩-૧૫) તારીખ ઈ.સ. ૪૬-૪૭.

અંત્યોખમાં પવિત્ર આત્મા દ્વારા પાઉલ અને બાર્નાબાસને મિશનરી કાર્ય માટે અલગ કરવામાં આવે છે. તેઓ પ્રથમ સાયપ્રસ અને પછી દક્ષિણ તરફ ગલાતીઆ જઈને યહૂદી અને વિદેશીઓને સુવાર્તાનો સંદેશો આપે છે.

ઈશ્વર તેઓની ધર્મસેવાને આશીર્વાદિત કરે છે. તેઓ અંત્યોખ પાછા ફરે છે અને તેનો અહેવાલ રજૂ કરે છે. સુનત વિશેના વિવાદને કારણે તેઓ યરુશાલેમ જ્યાં પ્રથમ સાન્હેદ્રીન આ વિવાદાસ્પદ સમસ્યાની ચર્ચા કરવા માટે એકત્ર થઈ હતી ત્યાં જાય છે. સાન્હેદ્રીન નક્કી કરે છે કે વિદેશી (બીન-યહૂદી) લોકોએ ખ્રિસ્તી વિશ્વાસની સાથે સાથે સુનત (યહૂદી વિધિ અથવા રીવાજ) પાળવાની જરૂર રહેતી નથી.

**૨. બીજી મિશનરી મુસાફરી :** ગલાતીઆ અને મુસિયા થઇને ૩ વર્ષ માટે મકદોનિયા અને અખાયા (પ્રે.કા. ૧૬-૧૮) ઈ.સ. ૪૮-૫૨.

પાઉલ સિલાસની સાથે અંત્યોખથી નીકળીને દક્ષિણમાં આવેલા ગલાતીઆમાં વિશ્વાસીઓની મુલાકાત કરે છે. ત્યાર પછી પવિત્ર આત્માથી દોરવણી પામીને પાઉલ ત્રોઆસ જાય છે અને સહાય માટે બોલાવી રહેલા મકદોનિયાના માણસનું સંદર્શન તેને અહીં પ્રાપ્ત થાય છે. ઈશ્વરના આહ્વાન તરીકે તેનો સ્વીકાર કર્યા પછી પાઉલ મકદોનિયા જાય છે અને ત્યાર પછી દક્ષિણમાં આખાયા જઇને વિદેશીઓ મધ્યે સુવાર્તાનો ઉપદેશ કરે છે. તેની મુસાફરીને લગભગ ત્રણ વર્ષ થયા હતા.

**૩. ત્રીજી મિશનરી મુસાફરી :** ગલાતીઆ અને એશિયા થઇને એફેસસ શહેર સુધી, ત્યાર પછી પાઉલ મકદોનિયા અને અખાયા ગયો હતો ત્યાર પછી એશિયા અને પછી યરુશાલેમ પાછો ફર્યો હતો. આ સમગ્ર મુસાફરીને લગભગ પાંચ વર્ષ થયા હતા. (પ્રેષિતોનાં કાર્યો ૧૮-૨૧) ઈ.સ. ૫૨-૫૭.

પોતાની પ્રથમ બે મિશનરી મુસાફરી પછી પાઉલ વિશ્વાસીઓને ઉત્તેજન આપવા તથા આશિયામાં સુવાર્તાનો સંદેશો ફેલાવવા માટે જાય છે. તેણે મહાન સફળતા અને મહાન વિરોધ મેળવ્યો હતો. તેણે એફેસસ શહેર કે જ્યાં હુલ્લડ ફાટી નીકળ્યું હતું ત્યાં ઘણો લાંબો સમય પસાર કર્યો હતો. મકદોનિયા અને અખાયામાં વધુ મુસાફરી કર્યા પછી પાઉલ ફરીથી આશિયામાં જોવા મળે છે. ત્યાંથી તે યરુશાલેમ કે જ્યાં તેને બંદીવાન બનાવવાની ચેતવણી આપવામાં આવી હતી ત્યાં દરિયાઇ મુસાફરી કરીને પાછો ફરે છે.

**૪. પાઉલની કસોટી અને બંદીવાસ :** યરુશાલેમ, કાઇસારિયા અને રોમ તરફ મુસાફરી (પ્રે.કા. ૨૧-૨૮) ઈ.સ. ૫૭-૬૨/૬૩.

પાઉલ યરુશાલેમ પાછો ફર્યો તે પછી તેના ઉપર યહૂદી આગેવાનોએ જૂઠા આરોપો મૂકીને તેની ધરપકડ કરાવી. તેનો જીવ ભયમાં હોવાને કારણે પાઉલ કાઈસારિયા જાય છે અને ત્યાં બે વર્ષ સુધી તેને બંદીવાસમાં રાખવામાં આવે છે. અહીં ત્રણ વ્યક્તિઓ - ફેલિક્સ, ફેસ્તસ અને આગ્રીપા - સમક્ષ તેની કસોટી થાય છે. યરુશાલેમમાં જ્યાં તેનું મરણ નિશ્ચિત હતું તેને પાછો મોકલી આપવાના ભયને લીધે રોમન નાગરિક તરીકે પાઉલ રોમમાં કાઈસાર સમક્ષ પોતાની હકીકત રજૂ કરે છે. પાઉલને રોમ શહેરમાં મોકલવામાં આવે છે. પરંતુ તેની હકીકત કોર્ટ સમક્ષ કદી જ રજૂ કરવામાં આવતી નથી. બે વર્ષ સુધી પાઉલ રોમના બંદીખાનામાં રહે છે. અંતે તેને મરણની શિક્ષા કરવામાં આવી હતી.

નવા કરારમાં ઈસુ ખ્રિસ્તના જીવનની નોંધ કરતા ચાર વૃત્તાંત છે ત્યારે પ્રેષિતોનાં કાર્યો એક જ એવું પુસ્તક છે કે, જે ઈસુ ખ્રિસ્તનાં સ્વર્ગારોહણથી લઈને નવા કરારના પ્રેષિતો સુધી વાતને સતત આગળ લઈ જાય છે. તેથી, સુવાર્તાઓ અને પ્રેષિતોનાં પત્રો વચ્ચે પ્રેષિતોનાં કાર્યો એક પુલ સમાન - ઐતિહાસિક કડી સમાન - પુસ્તક બની રહે છે.


PAUL'S FIRST MISSIONARY JOURNEY
THRACE
BITHYNIA AND PONTUS
GALATIA
CAPPADOCIA
ASIA
PHRYGIA
PISIDIA
LYCAONIA
LYCIA
PAMPHYLIA
TAURUS
CILICIA
SYRIA
PHOENICIA
PALESTINE
CYPRUS
Troas
Pergamum
Sardis
Ephesus
Laodicea
Miletus
Rhodes
Attalia
Perga
Pisidian Antioch
Iconium
Lystra
Derbe
Tarsus
Seleucia Pieria
Antioch
Salamis
Paphos
Orontes
Damascus
Mediterranean Sea
0 60 Km


PAUL'S SECOND MISSIONARY JOURNEY
THRACE
Black Sea
BITHYNIA AND PONTUS
MACEDONIA
Philippi
Amphipolis
Neapolis
Thessalonica
Apollonia
Berea
Samothrace
Troas
MYSIA
Thyatira
ASIA
GALATIA
CAPPADOCIA
PHRYGIA
Pisidian Antioch
Iconium
Lystra
Derbe
ACHAIA
Athens
Corinth
Cenchrea
Aegean Sea
Saronic Gulf
Ephesus
CARIA
LYCIA AND PAMPHYLIA
CILICIA
Cilician Gates
Tarsus
Amanus Mts.
Antioch
Seleucia
Rhodes
CYPRUS
CRETE
Sidon
Tyre
PHOENICIA
Caesarea
Jerusalem
Mediterranean Sea
0 80


PAUL'S THIRD MISSIONARY JOURNEY
Black Sea
THRACE
MACEDONIA
Philippi
Berea
Alternative route
Troas
Assos
Mi ylene
Pergamum
Thyatira
ASIA
Sardis
Philadelphia
Smyrna
KIOS
Ephesus
SAMOS
Laodicea
Miletus
PATMOS
Aegean Sea
COS
Cos
Rhodes
RHODES
Patara
PHRYGIA
BITHYNIA AND PONTUS
GALATIA
Pisidian Antioch
Iconium
Derbe
LYCIA AND PAMPHYLIA
Attalia
CAPPADOCIA
CILICIA
Tarsus
Antioch
CYPRUS
Paphos
CRETE
Athens
Corinth
Mediterranean Sea
Tyre
Ptolemais
Caesarea
PALESTINE
Jerusalem
PHOENICIA
SYRIA
ARABIA
0 60 Km
"The Seven Churches of Asia (Rev. 1-3): addressed by John, some founded by Paul"

# PAUL'S JOURNEY TO ROME



# ૧૫. પ્રેષિતોનાં પત્રો

## (રોમનોને પત્રથી યહૂદાના પત્ર સુધી)

આ પ્રકરણમાં આપણે પાઉલના લખેલા પત્રો તથા સામાન્ય પત્રો બંનેનો એક સાથે વિચાર કરીશું.

**સારાંશ :** મંડળીઓ અને વ્યક્તિગત વિશ્વાસીઓને લખાયેલા પત્રો તેઓને ઉત્તેજન આપવા તથા ખ્રિસ્તી વિશ્વાસમાં તેઓને શિક્ષણ આપવા માટે આલેખવામાં આવ્યા છે.

**પત્રોનો વિષયાર્થ**

પત્રોમાં ચાર મુખ્ય વિષયોનો વિચાર કરો.

૧. *પત્રોનું સ્વરૂપ*

૨. *મંડળીઓને લખેલા પાઉલના પત્રો*

૩. *વ્યક્તિગત વિશ્વાસીઓને લખેલા પાઉલના પત્રો*

૪. *સામાન્ય પત્રો*

**૧. પત્રોનું સ્વરૂપ :** ફરજને બદલે સિદ્ધાંત

નવા કરારમાં પત્રો વિશેષ રીતે મંડળીઓને, વ્યક્તિગત વિશ્વાસીઓને અથવા કેટલાક કિસ્સાઓમાં ખ્રિસ્તી લોકોને સામાન્ય પત્રો લખવામાં આવ્યા છે. નવા વિશ્વાસીઓને ઉત્તેજન આપવા અને મંડળીઓમાં ઉદ્ભવેલી કોઈક ચોક્કસ સમસ્યાઓના ઉકેલ આપવા તેઓનું લેખન થયું હતું. તેમાં ખ્રિસ્તી વિશ્વાસ સંબંધી સૌથી મહત્ત્વનું શિક્ષણ સમાયેલું છે અને તે શિક્ષણનું વ્યવહારિક લાગુકરણ દર્શાવવામાં આવ્યું છે. વારંવાર સિદ્ધાંત પછી ફરજ દ્વારા તેનું અનુસરણ થાય છે. પ્રથમ વિશ્વાસના સિદ્ધાંતને દર્શાવવામાં આવે છે ત્યાર પછી આ સિદ્ધાંતો કેવી રીતે વ્યવહારમાં કાર્યરત બને છે તે દર્શાવવામાં આવ્યું છે. વ્યક્તિ જે વાતમાં વિશ્વાસ કરે છે તે હકીકત તેના વર્તનને અને આચરણને અસર કરશે.

**૨. મંડળીઓને લખેલા પાઉલના પત્રો : સ્થાનિક મંડળીઓને લખેલા પત્રો**

નવા કરારના એકવીસ પત્રોમાંથી તેર પત્રોનું લેખન પાઉલે કર્યું હતું. પાઉલના નવ પત્રો રોમનોને પત્રથી લઈને બીજા થેસ્સાલોનિકાના પત્ર સુધી સ્થાનિક મંડળીઓને પાઠવેલા પત્રો છે.

**રોમનોને પત્ર :** આ દૃઢ સૈદ્ધાંતિક પત્ર વિશ્વાસથી કૃપા દ્વારા તારણ (ઉદ્ધાર) પ્રાપ્ત થાય છે તે વિશેના વિસ્તૃત શિક્ષણનો સમાવેશ કરે છે. દોષિત ઠરવું તે પછી ન્યાયી ઠરવું, તે પછી પવિત્રીકરણ પામવું, તે પછી મહિમા ધારણ કરવો ત્યાં સુધીની તારણ કે ઉદ્ધારની યોજનાને તેમાં મહત્ત્વ આપવામાં આવ્યું છે. (અધ્યાય ૧-૮) તેમાં યહૂદીઓ અને બીન-યહૂદીઓ (વિદેશીઓ) માટેની ઈશ્વરની યોજનાની પણ સમજણ આપવામાં આવી છે. (અધ્યાય ૯:૧૧). તે પછી ખ્રિસ્તી વિશ્વાસીઓને વ્યવહારિક ઉત્તેજન આપવામાં આવ્યું છે. (અધ્યાય ૧૨-૧૬).

**૧ અને ૨ કરિંથીઓને પત્ર :** આ વ્યવહારિક પત્રો કરિંથની મંડળીના પ્રશ્નોની હારમાળાનો ઉકેલ આપે છે. ૧ કરિંથીઓના પત્રમાં મંડળીમાં પક્ષાપક્ષી, અનૈતિકતા, અદાલતના મુકદમા અને પ્રભુની મેજના દુરુપયોગની સમસ્યાઓ જોવા મળે છે. પાઉલ તેઓને લગ્ન, નૈવેદ્ય, જાહેર આરાધના, આધ્યાત્મિક કૃપાદાનો અને મરેલાંના પુનરુત્થાન સંબંધી સલાહ અને શિક્ષણ પણ આપે છે.

પાઉલે પ્રથમ પત્રનું લેખન કર્યું ત્યાર પછીથી જૂઠા શિક્ષકોએ કરિંથની મંડળીને ગેરમાર્ગે દોરી હતી અને લોકોને પાઉલ વિરુદ્ધ ઉશ્કેર્યાં હતા. તેના પ્રત્યુત્તરરૂપે પાઉલ વ્યક્તિગત પત્ર (૨ કરિંથીઓને પત્ર) લખે છે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેષિત તરીકે પોતાના ચારિત્ર્ય અને આહ્‌વાનનો ખુલાસો (બચાવ) કરે છે.

**ગલાતીઓને પત્ર :** પાઉલ પોતાની પ્રથમ મિશનરી મુસાફરી દરમિયાન ખ્રિસ્તી વિશ્વાસમાં ઉમેરાએલા લોકોને પત્ર પાઠવે છે. અને વિદેશીઓ, ખ્રિસ્તીઓ અને યહૂદીઓ વચ્ચેના સંબંધો વિશે જણાવે છે. ગલાતીઓના પત્રને "ખ્રિસ્તી સ્વતંત્રતાનો પત્ર" પણ કહેવામાં આવે છે. કેટલાક ચોક્કસ યહૂદી શિક્ષકો નવા વિશ્વાસીઓને ખ્રિસ્તમાં પ્રાપ્ત થએલી સ્વતંત્રતાને છીનવી લેવાનો અને તેઓને ફરીથી નિયમના બંધનમાં લાવવાનો પ્રયત્ન કરે છે. તેઓએ યહૂદી નીતિનિયમોનું પાલન કરવું જોઈએ તેમ તેઓ આગ્રહપૂર્વક જણાવે છે. તેના પ્રત્યુત્તરરૂપે પાઉલ જાહેર કરે છે કે કોઈપણ વ્યક્તિ નિયમના કાર્યો દ્વારા ન્યાય ઠરતી નથી અને વિશ્વાસ દ્વારા ન્યાયી ઠરવાની આવશ્યકતા અને મહત્ત્વને દર્શાવે છે.

**એફેસીઓને પત્ર :** વિશ્વ માટે ઈશ્વરની યોજના ખ્રિસ્તમાં કેન્દ્રિત થએલી છે અને મંડળી દ્વારા તેની અનુભૂતિ થાય છે તે વાતને તે જણાવે છે. (અધ્યાય ૧-૩) તે પછીના વિભાગમાં પાઉલ (અધ્યાય ૪-૬) ખ્રિસ્તી જીવન વિશે વ્યવહારિક ઉત્તેજન આપે છે અને ખ્રિસ્તી વ્યક્તિના આધ્યાત્મિક યુદ્ધ અને હથિયારો વિશે મહત્ત્વનું શિક્ષણ આપીને સમાપન કરે છે. એફેસીઓને પત્રનું લેખન બંદીખાનામાંથી કરવામાં આવ્યું હતું.

**ફિલિપીઓને પત્ર :** વિપરીત પરિસ્થિતિઓ અને કસોટીઓના સમયમાં આનંદ અને ઉત્તેજનનો આ પત્ર છે. ફિલિપીઓ પ્રત્યેની પોતાની ગહન લાગણીઓ વિશે પાઉલ લખે છે. અને ખ્રિસ્તના વ્યક્તિત્ત્વ તરફ તે પોતાના વિચારોને દોરી જાય છે. વ્યક્તિગત નમૂના દ્વારા પાઉલ દુઃખ હોવા છતાં ખ્રિસ્ત માટે સાતત્યપૂર્ણ જીવન જીવવા (અધ્યાય - ૧), ખ્રિસ્તનું મન રાખવા (અધ્યાય - ૨), ખ્રિસ્ત વિશેનું ગહન જ્ઞાન પ્રાપ્ત કરવા (અધ્યાય - ૩) અને પ્રાર્થના દ્વારા ઈશ્વરની શાંતિનો અનુભવ મેળવવા (અધ્યાય - ૪) તેઓને પડકાર આપે છે. ફિલિપીઓને પત્રનું લેખન બંદીવાસમાંથી કરવામાં આવ્યું હતું.

**કોલોસીઓને પત્ર :** આ પત્ર બાઈબલમાં સૌથી વધુ ખ્રિસ્ત કેન્દ્રિત પુસ્તકોમાંનો એક છે. તેનો મુખ્ય વિષય આ છે : વિશ્વના સર્જન અગાઉ ખ્રિસ્તનું અસ્તિત્વ અને વિશ્વાસી માટે ખ્રિસ્તમાં પૂરતાપણું છે. ખ્રિસ્ત મંડળીના શિરપતિ છે. પોતાની સલામ પાઠવ્યા પછી કોલોસીના લોકો માટે પ્રાર્થના ઉચ્ચારીને પાઉલ સૈદ્ધાંતિક શિક્ષણ આપે છે. (અધ્યાય ૧-૨). તે પછી એકબીજા સાથેના સંબંધો વિશે વ્યવહારિક સૂચનાઓ આપવામાં આવી છે. (અધ્યાય ૩-૪) આ પત્રનું લેખન પણ બંદીખાનામાંથી કરવામાં આવ્યું હતું.

**૧ અને ૨ થેસ્સાલોનિકીઓને પત્ર :** આ ખૂબ જ વ્યક્તિગત પત્રોમાં તાજેતરમાં જ શરૂ થએલી થેસ્સાલોનિકીની મંડળીની વિશેષ સમસ્યાઓનો અને તેઓ સાથેના પાઉલના સંબંધોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં ઈસુ ખ્રિસ્તના બીજી વારના આગમનના વ્યવહારિક લાગુકરણોનો અને ખ્રિસ્તી જીવન માટેની સલાહનો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઉલના પ્રથમ પત્રના લેખન પછી જૂઠા શિક્ષકો એવો દાવો કરતા આવ્યા

હતા કે પ્રભુનો દિવસ ક્યારનોય આવી ગયો છે. તેના પરિણામે કેટલાક વિશ્વાસીઓએ પીછેહઠ કરી હતી અને અંત ખૂબ જ નજદીક છે તેમ તેઓએ વિચારવાની શરૂઆત કરી હતી.

૨ થેસ્સાલોનિકીના પત્રમાં પાઉલ આ જૂઠા શિક્ષણની સુધારણા કરે છે. ખ્રિસ્તના પુનરાગમન અગાઉ કેટલાક પ્રસંગો પ્રથમ અવશ્યપણે બનવા જોઈએ. ત્યાર પછી પાઉલ વિશ્વાસીઓને દઢપણે જીવન જીવવા, પોતાના નમૂનાનું અનુસરણ કરવા અને ઈશ્વરને માન આપવામાં નિષ્ફળ જનાર લોકોને શિસ્તમાં લાવવા ઉત્તેજન આપે છે.

**૩. વ્યક્તિગત વિશ્વાસીઓને લખેલા પાઉલના પત્રો : વ્યક્તિઓને અને પાળકોને પાઠવેલા પત્રો.**

પાઉલના ચાર પત્રો વ્યક્તિઓને અને પાળકોને લખવામાં આવ્યા છે અને તે દરેક પત્રમાં પ્રવર્તમાન સમસ્યાઓ વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૧ અને ૨ તિમોથીને પત્ર અને તિતસને પત્રને "પાળક તરીકેના પત્રો" કહેવામાં આવે છે. તેઓમાં મુખ્યત્ત્વે વિશ્વાસનો બચાવ કરવા વિશે, તેઓના સભ્યોની (નવા ખ્રિસ્તી વિશ્વાસીઓની) કાળજી રાખવા વિશે અને તેઓના આધ્યાત્મિક જીવન વિશે સલાહ આપવામાં આવી છે. જૂઠા શિક્ષણની સખત ટીકા કરવામાં આવી છે. તે ઉપરાંત ખ્રિસ્તી ચારિત્ર્ય અને વર્તનનું ધોરણ ઊંચું કરવાનો અને પ્રેષિતોના શિક્ષણ પ્રત્યે વિશ્વાસુ અને વફાદાર રહેવાની વિનંતી કરવાનો તેઓનો મુખ્ય હેતુ અથવા ધ્યેય છે.

**૧ તિમોથીને પત્ર :** પાઉલે આ પ્રથમ પત્ર યુવાન તિમોથી જે એફેસસની મંડળીમાં વધારે જવાબદારીઓનો ભાર વહન કરી રહ્યો હતો તેને પાઠવ્યો હતો. આ મંડળીની નેતાગીરીની માર્ગદર્શિકા છે. પાઉલ તિમોથીને જૂઠા સિદ્ધાંત વિશે, જાહેર ભક્તિસભા ચલાવવા વિશે, પરિપૂર્ણ નેતાગીરી વિકસાવવા વિશે, ઈશ્વરનું વચન શીખવવા વિશે અને ખ્રિસ્તી વર્તનના ધોરણને ઊંચું લાવવા આહ્‌વાન અને ઉત્તેજન આપવામાં આવ્યું છે. આ સમગ્ર પત્રમાં પાઉલ પોતાના વિશાળ અનુભવ દ્વારા ખ્રિસ્ત ઈસુના સારા સેવક બનવા માટે તિમોથીને સલાહ આપે છે.

**૨ તિમોથીને પત્ર :** આ પાઉલનો અંતિમ પત્ર નોંધાયેલો છે. તિમોથીને પાઠવેલો આ બીજો પત્ર ઉત્તેજન અને ડહાપણથી ભરપૂર છે. તિમોથી

સુવાર્તાની રક્ષા કરે અને તેને લીધે શરમ ન અનુભવે તે માટે પાઉલ તેને વિનંતી કરે છે. (અધ્યાય - ૧). ત્યાર પછી તિમોથીને સત્ય શિખવવા વિશે, અને કઠોર દુઃખો સ્વેચ્છાપૂર્વક સહન કરવા વિશે અને સારા કાર્યકર (સેવક) ના ચિહ્નોની યાદ અપાંવીને પાઉલ તેને પડકાર આપે છે. (અધ્યાય - ૨). પાઉલ તિમોથીને ચેંતવણી આપે છે કે તેના શિક્ષણે જૂઠા શિક્ષણનો સામનો કરવો પડશે અને વિશ્વાસુ રહેવા તેને આહ્‌વાન આપે છે. (અધ્યાય - ૩). અંતે આધ્યાત્મિક પિતા તરીકે પાઉલ પોતાનો દીકરો તિમોથી વિરોધ હોવા છતાં હિમ્મતપૂર્વક સુવાર્તાનો ઉપદેશ કરે તેવી તેને વિનંતી કરે છે. અંતે પાઉલ પોતાની "વિદાય" વિશે અને પોતાના અનંતકાળિક ઈનામ પ્રાપ્ત કરવાની આશા વિશે લખે છે. પત્રના અંતે વધુ શિક્ષણ અને સલામો સાથે સમાપન કરવામાં આવ્યું છે. (અધ્યાય - ૪).

**તિતસને પત્ર :** પાઉલ આ પત્ર તિતસ જે ક્રિતના ટાપુ ઉપર પાળક તરીકે સેવા આપતો હતો તેને લખે છે. નવા વિશ્વાસીઓને વ્યવસ્થિત કરી મંડળીની રચના કરવી, વડીલોની નિમણૂક કરવી અને જૂઠા શિક્ષકોને ઠપકો આપવો તે તિતસની જવાબદારી હતી. (અધ્યાય - ૧) ત્યાર પછી મંડળીના વિવિધ જૂથો સંબંધી પાઉલ તેને સૂચનાઓ આપે છે. અને ભારપૂર્વક જણાવે છે કે તેઓના જીવનો સુવાર્તાના સત્યનું નિદર્શન કરાવનાર હોવા જોઈએ. ખ્રિસ્તી વિશ્વાસીઓનું વર્તન અવિશ્વાસીઓના વર્તન કરતાં અલગ હોવું જોઈએ. (અધ્યાય ૨-૩).

**ફિલેમોનને પત્ર :** પાઉલ ઓનેસિમસ નામના નાસી ગએલા ગુલામ વિશે ફિલેમોનને લખે છે. ઓનેસિમસ વિશ્વાસુપણે ઈસુનું અનુસરણ કરનાર બન્યો હતો તે કારણને લીધે પાઉલ તેને પોતાના માલિક પાસે પાછો મોકલે છે અને ફિલેમોન તેની સાથે માયાળુપણે વર્તાવ કરે તેવી.વિનંતી કરે છે.

**૪. સામાન્ય પત્રો : ખ્રિસ્તી જૂથો અને બે વ્યક્તિઓને પાઠવેલા પત્રો**

વિવિધ લેખકો દ્વારા આઠ સામાન્ય પત્રો વિવિધ ખ્રિસ્તી જૂથોને લખવામાં આવ્યા છે. (૨ અને ૩ યોહાન વ્યક્તિઓને લખવામાં આવેલા પત્રોને બાદ કરતાં).

**હિબ્રૂઓને પત્ર :** સંભવિતપણે રોમમાં રહેતા યહૂદી ખ્રિસ્તીઓને આ પત્ર લખવામાં આવ્યો હતો. સતાવણીની બીકને કારણે તેઓ યહૂદી ધર્મમાં પાછા

જતા રહે તેવો ભય હતો. પ્રબોધકો (૧:૧-૩), દૂતો (૧:૪-૨:૧૮) અને મોશે (૩:૧-૪:૧૩) કરતાં ઈસુ ખ્રિસ્ત વધારે ચઢિયાતા છે તે વિશેના સૈદ્ધાંતિક શિક્ષણથી આ પત્ર ભરપૂર છે. પોતાના વ્યક્તિત્વમાં અને પોતાના કાર્યમાં (૪:૧૪-૧૦:૩૯) આપણા મહાન પ્રમુખ યાજક તરીકે ખ્રિસ્ત જૂના કરારના યાજકપણા કરતાં વધારે ચઢિયાતા છે. તેમાં જૂના કરારના વિશ્વાસના શૂરવીરોના (૧૧:૧-૪૦) ઉદાહરણો વડે સાબિત કરીને વિશ્વાસના જીવનને વધુ તેજસ્વી કરવામાં આવ્યું છે. અને વિવિધ ઉત્તેજનાત્મક વચનો સાથે (૧૨:૧-૧૩:૨૫) સમાપન કરવામાં આવ્યું છે. આ પત્રમાં ખ્રિસ્ત તરફ પીઠ ફેરવવાના જોખમ વિશે પણ પાંચ ચેતવણી આપવામાં આવી છે. (૨:૧-૪;૩:૭-૪:૧૩;૫:૧૧-૬:૨૦;૧૧:૧૯-૩૯;૧૨:૨૫-૨૯) અને ખ્રિસ્તી જીવનની સાચવણી માટે ઉત્તેજન આપવામાં આવ્યું છે.

**યાકોબ :** ખ્રિસ્તી જીવન અને દૈનિક જીવનમાં તેની વ્યવહારિક અસરો સંબંધી વિવિધ વિષયોને આ પત્રમાં આવરી લેવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વમાં વિખરાઈ ગએલા યહૂદી ખ્રિસ્તી વિશ્વાસીઓને ઉદ્દેશીને આ પત્ર લખવામાં આવ્યો હતો. યાકોબ સાચા વિશ્વાસનું વ્યવહારિક જીવન સાથે અને દિનપ્રતિદિનના અનુભવો સાથે જોડાણ કરે છે. કાર્ય વિનાનો વિશ્વાસ મૃત છે અને મૃત વિશ્વાસ સાચે જ બિલકુલ વિશ્વાસ વિનાના જીવન કરતાં વધારે ખરાબ છે. જીવંત વિશ્વાસની મુશ્કેલીઓ દ્વારા પરીક્ષા થાય છે. (અધ્યાય - ૧). જીવંત વિશ્વાસનું નિદર્શન કાર્યો દ્વારા થાય છે (અધ્યાય - ૨). જીવંત વિશ્વાસ વર્તન દ્વારા સાબિતી આપે છે (અધ્યાય - ૩-૪). જીવંત વિશ્વાસ સતાવણી દ્વારા કાર્યક્ષમ બને છે. (અધ્યાય - ૫).

**૧ અને ૨ પિતરનો પત્ર :** આશિયા અને ગલાતીઆના સમગ્ર પ્રાંતોમાં વિખરાઈ ગયેલા વિશ્વાસીઓને આ પત્રો લખવામાં આવ્યા હતા. ૧ પિતર બહારથી આવતી સમસ્યાઓ વિશે જણાવે છે પરંતુ ૨ પિતર વિશ્વાસીઓને ઈશ્વરથી દૂર લઈ જવાનો પ્રયત્ન કરતા જૂઠા શિક્ષકો દ્વારા ઉપસ્થિત કરાતા આંતરિક વિરોધ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સતાવણી અને દુઃખના અંધકારમય દિવસોમાં ખ્રિસ્તી આશાને જાગૃત કરતો વિષય ૧ પિતરના પત્રમાં જોવા મળે છે. ખ્રિસ્તી વ્યક્તિઓ સતાવણીમાંથી બચાવ શોધી શકતી નથી તેની સભાનતા સાથે પિતર તેઓને ખ્રિસ્તના સામર્થ્યમાં અને ખ્રિસ્ત માટે દુઃખસહન કરવા તથા તેમાં દૃઢતાથી

વિશ્વાસ રાખવા તેઓને ઉત્તેજન આપે છે. ૧ પિતરના મુખ્ય વિભાગો આ મુજબ છે : વિશ્વાસી વ્યક્તિનો ઉદ્ધાર (તારણ) (૧:૧-૨:૧૦), વિશ્વાસી વ્યક્તિની આધીનતા (૨:૧૧-૩:૧૨) અને વિશ્વાસી વ્યક્તિના દુઃખો (૩:૧૩-૫:૧૪).

૨ પિતરના પત્રમાં આસ્થાવાન બનવા માટે વિશ્વાસીઓને ઉત્તેજંન, જૂઠા શિક્ષકો સંબંધી ચેતવણી આપવામાં આવ્યાં છે અને પ્રભુના આવનાર દિવસ માટે વાચકોને તૈયાર રહેવા આહ્વાન આપવામાં આવ્યું છે. પિતર જૂઠા શિક્ષકોને ખુલ્લા કરવાનો અને ઈશ્વરના સાચા જ્ઞાનમાં ખ્રિસ્તીઓને શિક્ષણ આપવાનો પ્રયત્ન કરે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા અને જ્ઞાનમાં વૃદ્ધિ પામવાની આવશ્યકતાને ૨ પિતર ભારપૂર્વક દર્શાવે છે. ક્ષતિઓ સામે મુકાબલો કરવાનો શ્રેષ્ઠ માર્ગ સત્યની સારી સમજણ મેળવવામાં રહેલો છે. ઈશ્વરનું સાચું જ્ઞાન ખ્રિસ્તમાં અને ખ્રિસ્તી અનુભવમાં વૃદ્ધિ આપવામાં પરિણમે છે તેનું મહત્ત્વ દર્શાવતાં પિતર પત્રની શરૂઆત કરે છે. (અધ્યાય - ૧). સાચા ભવિષ્યવચનો વિશેનો ઈશ્વરનો વિવાદ તેને મંડળીમાં જૂઠા શિક્ષકોને ખુલ્લા પાડવા તરફ દોરી જાય છે. (અધ્યાય - ૨) ત્યાર પછી પિતર પોતાના વાચકોને ઈસુ ખ્રિસ્તના બીજી વારના આગમન સંબંધી યાદ અપાવે છે અને અંતિમ દિવસો સંબંધીના આ સત્યની જેઓ હાંસી અને મશ્કરી કરે છે તેઓને ખોટા હોવાનું સાબિત કરે છે. પ્રભુના આગમનના આ દિવસના પ્રકાશમાં પિતર જીવનની પવિત્રતા, દઢતા અને વૃદ્ધિ વિશે પોતાના વાચકોને ઉત્તેજન આપે છે. (અધ્યાય - ૩).

**૧,૨ અને ૩ યોહાનનો પત્ર : પ્રેષિત યોહાન તરફથી પાઠવેલા પત્રો.**

**૧ લો યોહાનનો પત્ર :** અનંતકાળિક જીવનની ચોક્કસતા, ખાતરી રાખવા માટે યોહાન વિશ્વાસીઓની સહાય કરવા આ પત્રનું લેખન કરે છે. "તમને અનંતજીવન છે એ તમે જાણો, માટે તમારા ઉપર......મેં આ વાતો લખી છે." (૫:૧૩). આ પત્રમાં યોહાન જૂઠા શિક્ષકોને ખોટા હોવાનું સાબિત પણ કરે છે અને સત્યના જ્ઞાનમાં જીવન જીવવા પોતાના વાચકોને ઉત્તેજન આપે છે. અનંતકાળિક જીવન પ્રાપ્ત કરવા માટે "કસોટીઓ" ની શૃંખલા તેમાં રજૂ કરવામાં આવી છે. આ આધીનતાની કસોટી, પ્રેમની કસોટી અને ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસની કસોટીઓ છે. આ ત્રણેય કસોટીઓનો પુનરોચ્ચાર પત્રમાં કરવામાં આવ્યો છે.

**૨ જો યોહાનનો પત્ર :** અનામી સ્ત્રી અને તેના બાળકોને લખવામાં આવેલા આ સંક્ષિપ્ત પત્રમાં યોહાન તેઓને પ્રેમમાં અને સત્યમાં જીવન જીવવા ઉત્તેજનો આપે છે. પ્રેમમાં જીવવામાં આવતા જીવનને સત્યમાં જીવવામાં આવતા જીવનથી કદી જ અલગ કરવું જોઈએ નહિ. જૂઠા શિક્ષકોથી સાવધ રહેવા તથા તેઓની સાથે કોઈપણ વ્યવહાર નહિ રાખવા સંબંધી યોહાન તેઓને ચેતવણી આપે છે.

**૩ જો યોહાનનો પત્ર :** યોહાન ગાયસને સંબોધીને વ્યક્તિગત પત્ર લખે છે. યોહાનને ગાયસના વિશ્વાસુપણા તથા ઉષ્માસભર આતિથ્યસત્કાર વિશે મુસાફરી કરતા શિક્ષકો પાસેથી આનંદદાયક અહેવાલ મળ્યો હતો. યોહાન વ્યક્તિગત રીતે તેનો આભાર માનવા આ પત્ર લખે છે. ત્યાર પછી તે દીયોત્રેફેસનું વર્ણન કરે છે કે તે ઘમંડી, સ્વાર્થી, પોતાનું મહત્ત્વ શોધનાર અને મંડળીમાં સમસ્યાઓ ઊભી કરનાર વ્યક્તિ છે. અંતમાં તે દેમેત્રિયસ વિશે ઉષ્માભર્યો અભિપ્રાય આપે છે અને ટૂંક સમયમાં જ ગાયસની મુલાકાત કરવાની આશા વ્યક્ત કરે છે.

**યહૂદાનો પત્ર :** ઈશ્વરની બીક વિનાના જીવનની વિરુદ્ધ ચેતવણી આપતો અને ખ્રિસ્તી વિશ્વાસમાં દઢતાપૂર્વક સતત પ્રયાસ કરવા માટે વિશ્વાસીઓને આહ્‌વાન આપતો સંક્ષિપ્ત પરંતુ જબરદસ્ત પત્ર છે. આ સંક્ષિપ્ત પત્ર નવા કરારમાં જૂઠા શિક્ષકોને સૌથી વધુ ખુલ્લા પડે છે. જ્યારે ધર્મપતન થાય છે, જૂઠા શિક્ષકો ઉદ્‌ભવે છે અને ઈશ્વરના સત્ય ઉપર આક્રમણ થાય છે ત્યારે તે વિશ્વાસ માટે સામનો કરવાનો સમય છે. યહૂદા તારણ (ઉદ્ધાર) ના વિષય સંબંધી લખવાનો ઈરાદો રાખે છે તેવું જોવા મળે છે. પરંતુ ત્યાર પછી જૂઠા શિક્ષકોના ભય વિશે પોતાના સાથી વિશ્વાસીઓને ચેતવણી આપવા માટે તે ધ્યાન કેન્દ્રિત કરે છે. (કલમ ૩-૪) અરણ્યમાં વિશ્વાસ નહિ કરનાર ઈઝરાયલીઓ સાથે (કલમ ૫) અનાધીન દેવદૂતો સાથે (કલમ ૬) અને અદોમ અને ગમોરાની અનૈતિકતાની ભ્રષ્ટતા સાથે (કલમ ૭) ઈશ્વરે કરેલા વ્યવહાર સંબંધી યહૂદા પોતાના વાચકોને યાદ કરાવે છે. તે પછી જૂઠા શિક્ષકો અને તેઓના ભાવિ ન્યાયકાળ વિશેનું વર્ણન કરે છે. (કલમ ૮-૧૬). પ્રાર્થના અને ઈશ્વરની નજદિક જીવન જીવવા દ્વારા વિશ્વાસીઓ પોતાના વિશ્વાસમાં દઢ બને અને પોતાના વિશે સાવધ રહે તે માટે યહૂદા તેઓને ઉત્તેજન આપે છે. (કલમ ૧૭-૨૩) અને ઈશ્વરની સ્તુતિના અદ્‌ભુત વર્ણન સાથે (કલમ ૨૪-૨૫) સમાપન કરે છે.

# ૧૬. ભવિષ્યવચનનું પુસ્તક

**પ્રકટીકરણ :** નવા કરારનું આ અંતિમ પુસ્તકનું લેખન પ્રેષિત યોહાને પાત્મસ ટાપુ ઉપરથી કર્યું હતું. દુષ્ટતાના પરિબળો વિરુદ્ધના સંઘર્ષમાં યુદ્ધ કરી રહેલી મંડળીને દિલાસો આપવો તે આ પુસ્તકના લેખનમાં તેનો હેતુ હતો. ખ્રિસ્તી વિશ્વાસીઓ સતાવણીનો સામનો કરી રહ્યા હતા અને તેઓ ખ્રિસ્તી પ્રત્યેના વિશ્વાસમાં દઢતાપૂર્વક જીવન જીવે માટે તેઓને ઉત્તેજન આપવા આ પુસ્તકનું લેખન થયું હતું. અજગર, શેતાન અને તેના સહાયકો ઉપર ખ્રિસ્તનો તથા તેમની મંડળીનો વિજય તે તેનો મુખ્ય વિષય છે.

પ્રકટીકરણ (સંદર્શન) ગ્રીક ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ “પડદાનું અનાવરણ કરવું” અથવા “ઉઘાડું કે ખુલ્લું કરવું” થાય છે. આ પુસ્તક અંતિમ વાતોને ખુલ્લી કે ઉઘાડી કરે છે અને ઈશ્વરના અંતિમ વિજય અને ન્યાયશાસનને પ્રગટ કરે છે. પુસ્તકમાં ભરપૂરપણે ચિહ્નો કે પ્રતીકો આપેલાં છે. (પ્રતીકોના ઉપયોગ કોઈક વિચાર અથવા પ્રસંગને રજૂ કરવા માટે કરવામાં આવ્યો છે) તેને લીધે તેનું અર્થઘટન કરવું મુશ્કેલ છે. તેથી તેનું અર્થઘટન શાબ્દિક રીતે નહિ પણ ચિહ્નો કે પ્રતીકો પ્રમાણે જ કરવું જોઈએ.

**રૂપરેખા**

| | |
|---|---|
| ૧:૧-૨૦ | પ્રસ્તાવના |
| ૨:૧-૩:૨૨ | સાત મંડળીઓને સાત પત્રો |
| ૪:૧-૫:૧૪ | સંદર્શનો : સ્વર્ગમાંનું રાજ્યાસન અને હલવાન |
| ૬:૧-૮:૫ | સાત મુદ્રાઓ |
| ૮:૬-૧૧:૧૯ | સાત રણશિંગડાં |
| ૧૨:૧-૧૪:૨૦ | હલવાન અને તેના શત્રુઓ |
| ૧૫:૧-૧૬:૨૧ | સાત પ્યાલા |
| ૧૭:૧-૨૦:૧૫ | ખ્રિસ્ત વિરોધીનું રાજ્ય અને ઈશ્વરનો વિજય |
| ૨૧:૧-૨૨:૫ | નવું આકાશ અને નવી પૃથ્વી |
| ૨૨:૬-૨૧ | સમાપન |

પ્રસ્તાવના અને સલામી પાઠવ્યા પછી ઉત્થાન પામેલા પ્રભુના દર્શન સાથે પુસ્તકની શરૂઆત થાય છે. (૧:૧-૨૦). સાત મંડળીઓને તે સંદેશાઓ આપે છે. (૨:૧-૩:૨૨) આ સંદેશાઓ તેઓ જ્યાં નિષ્ફળ ગયા

છે ત્યાં આ મંડળીઓને ઠપકો આપે છે અને તેઓને ખ્રિસ્તી સેવાના માર્ગમાં આગેકૂચ કરવા ઉત્તેજન પણ આપે છે.

ત્યાર પછી સ્વર્ગમાંનું રાજ્યાસન અને હલવાનના સંદર્શનો આપણને યાદ અપાવે છે કે પ્રભુ રાજ કરે છે અને તેમની સાથે હલવાન તરીકે ખ્રિસ્ત રાજ્ય કરે છે. (૪:૧-૫:૧૪) તે પછી આપણને સાત મુદ્રા વિશે - (૬:૧-૮:૫) વાંચવા મળે છે. આ સાત મુદ્રાઓ ન્યાયશાસન અને સતાવણીના સમયને ચિહ્નોરૂપે દર્શાવે છે. પાપ હંમેશાં તેના પોતાના પરિણામો લણશે. યુદ્ધ (૬:૨-૪), દુકાળ (૬:૬) અને મરણ (૬:૮) તેની પોતાની સતાવણીને જ જન્મ આપે છે. છઠ્ઠી અને સાતમી મુદ્રાઓ વચ્ચે પ્રથમ વિરામનો સમય જોવા મળે છે. ચિહ્નરૂપે સંતોનું મુદ્રાકિંત થવું (૭:૧-૧૭).

આ આપણને દરેક રણશિંગડું વગાડવામાં આવે છે તે પછી નોંધવામાં આવેલા દર્શન સાથેના સાત રણશિંગડાં તરફ દોરી જાય છે. (૮:૬-૧૧:૧૯) આ ન્યાયશાસનના રણશિંગડાં છે અને ચેતવણીના રણશિંગડાં પણ છે. છઠ્ઠા અને સાતમા રણશિંગડા વચ્ચે બીજો વિરામનો સમય જોવા મળે છે : સાત ગર્જનાઓ અને બે સાક્ષીઓ (૧૦:૧-૧૧:૪).

ત્યાર પછી યોહાન આકાશમાંના વિવિધ આશ્ચર્ય પમાડે તેવી વાતોની નોંધ કરે છે : સ્ત્રી બાળકને જન્મ આપે છે અને શેતાન દ્વારા તેનો વિરોધ થાય છે. (૧૨:૧-૧૭) બે પશુઓ પોતાને ઈશ્વરની વિરુદ્ધ કરે છે. (૧૩:૧-૧૮) અને સિયોન પર્વત ઉપર હલવાન ઊભેલું છે અને તેમની સાથે તેમના પોતાના અનુયાયીઓ પણ છે. (૧૪:૧-૨૦).

તે પછી સાત પ્યાલા છે. (૧૫:૧-૧૬:૨૧). અધ્યાય ૧૫માં ઈશ્વરના સામર્થ્ય, પવિત્રતા અને મહિમાનું સ્વર્ગીય સંદર્શન છે. તે પછી અધ્યાય ૧૬માં ન્યાયશાસનોના સાત પ્યાલા આવે છે. દરેક દેવદૂત પોતાનો પ્યાલો પૃથ્વી પર રેડી દે છે ત્યારે એક અનર્થ થએલો જોવા મળે છે.

ત્યાર પછી યોહાન ખ્રિસ્ત વિરોધીના રાજ્ય અને વિનાશની વાત કરે છે અને સ્વર્ગમાં હલવાનના લગ્નજમણ અને ઈશ્વરના વિજય (૧૭:૧-૨૦:૧૫) ના દૃશ્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે. અંતિમ વિભાગ નવું આકાશ અને નવી પૃથ્વીનું વર્ણન કરે છે. (૨૧:૧-૨૨:૫) અને પુસ્તકનું સમાપન થાય છે. (૨૨:૬-૨૧).

# ૧૭. નવા કરારના પુસ્તકોની ઐતિહાસિક સમય-રેખા

નવા કરારનો અભ્યાસ હવે આપણે પૂર્ણ કર્યો છે. નવા કરારના ઐતિહાસિક સમયના સંબંધમાં ઐતિહાસિક પુસ્તકો, પત્રો અને પ્રકટીકરણના પુસ્તકોનું લેખન ક્યારે કરવામાં આવ્યું તે ચાર્ટ નં.૧૦ દર્શાવે છે.

ચાર્ટ તરફ દૃષ્ટિ કરીએ તો ઐતિહાસિક સમય ઈ.સ. ૦ - ઈ.સ. ૧૦૦ સુધીનો છે. ચાર સુવાર્તાઓ અને પ્રેષિતોનાં કાર્યોનું લેખન કરવામાં લગભગ ૬૨ વર્ષ થાય છે. પ્રેષિતોનાં કાર્યો પુસ્તક પછી સૌથી મહત્ત્વનો ઐતિહાસિક પ્રસંગ ઈ.સ. ૭૦માં યરુશાલેમના પતનનો છે.

પાંચ ઐતિહાસિક પુસ્તકોમાંથી અવલોકન કરતાં જોવા મળે છે કે માર્કની સુવાર્તાનું લેખન પ્રથમ - (ઇ.સ. ૫૫-૫૯) થયું હતું. તે પછી (ઈ.સ. ૬૧) સંત લૂકની સુવાર્તાનું લેખન થયું હતું. લૂક દ્વારા બીજા પુસ્તકનું લેખન પ્રેષિતોનાં કાર્યો, લગભગ ઈ.સ. ૬૨માં થયું હતું. યરુશાલેમનું પતન ઈ.સ. ૭૦માં થયું તે અગાઉ એટલે ઈ.સ. ૬૫-૬૮ ના સમય દરમિયાન માથ્થીના સુવાર્તાનું લેખન થયું હતું. અંતે યોહાનની સુવાર્તા જેની લેખન શૈલી અન્ય સુવાર્તાઓ કરતાં સંપૂર્ણપણે જુદી છે તેનું લેખન ઘણા લાંબા સમય પછી (ઈ.સ. ૮૦-૮૫) થયું હતું.

પ્રેષિત પાઉલના પત્રો તરફ દૃષ્ટિ કરીએ તો ઈ.સ. ૪૮માં પાઉલ દ્વારા સૌથી પ્રથમ ગલાતીઓના પત્રનું લેખન થયું હતું. તે પછી ઈ.સ. ૫૦ અને ઈ.સ. ૫૧માં થેસ્સાલોનીકીઓના બંને પત્રોનું લેખન થયું હતું. બંને પત્રો વચ્ચે લગભગ છ મહિનાનું સમય અંતર હતું. તે પછી કરિંથની મંડળી સાથે પાઉલે પત્ર વ્યવહાર કર્યો હતો અને ઈ.સ. ૫૫માં ૧ કરિંથીઓને પત્ર અને ઈ.સ. ૫૬માં ૨ કરિંથીઓને પત્રનું લેખન થયું હતું.

એફેસીઓને પત્ર, ફિલિપીઓને પત્ર અને કોલોસીઓને પત્રને "પ્રિઝન એપીસ્ટલ" (બંદીખાનામાંથી લખાયેલા પત્રો) તરીકે ઓળખાય છે. પાઉલના બંદીવાસના બે પ્રસંગોની નોંધ પ્રેષિતોનાં કાર્યોમાં કરવામાં આવી છે. એક કાઈસારીઆમાંનો લગભગ બે વર્ષનો બંદીવાસ (પ્રે.કા.૨૪:૨૭) અને બીજો રોમમાંનો બંદીવાસ (પ્રે.કા. ૨૮) "પ્રિઝન એપીસ્ટલ્સ" ના લેખનના સ્થળ વિશે વિવિધ મંતવ્યો જોવા મળે છે. પાઉલે

શું આ પત્રોનું લેખન કાઈસારીઆ કે રોમમાં કર્યું હતું? પૂરાવાઓ પ્રમાણે પાઉલે આ મંડળીઓને રોમમાંથી પત્રો પાઠવ્યા હતા. તેથી તેણે ઈ.સ. ૬૦/૬૧માં એફેસીઓને પત્ર, ઈ.સ. ૬૧માં કોલોસીઓને પત્ર અને ફિલેમોનને પત્ર (આ બંને પત્રો એક સાથે જાય છે) અને ઈ.સ. ૬૨માં ફિલિપીઓને પત્ર લખ્યો હતો.

પાઉલના બાકીના પત્રો એટલે ૧ અને ૨ તિમોથીને પત્ર અને તિતસને પત્ર એક જૂથમાં મૂકવામાં આવે છે અને તેને "પાસ્ટોરલ એપીસ્ટલ્સ" તરીકે ઓળખવામાં આવે છે. પાઉલના જીવનના અંત સમયમાં આ પત્રો વિવિધ વ્યક્તિઓને લખવામાં આવ્યા હતા. ઈ.સ. ૬૨માં ૧ તિમોથીને પત્રનું લેખન થયું હતું તે પછી ઈ.સ. ૬૪માં તિતસને પત્ર પાઠવવામાં આવ્યો અને પાઉલના અંતિમ પત્રનું લેખન ઈ.સ. ૬૭માં ૨ તિમોથીને પત્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

સામાન્ય પત્રો અને પ્રકટીકરણના પુસ્તકનો એક સાથે વિચાર કરીએ તો યાકોબના પત્ર (આપણા પ્રભુનો ભાઈ) નું લેખન ઈ.સ. ૪૫માં થયું હતું તેવું આપણે જોઇ શકીએ છીએ.

હિબ્રૂઓને પત્રનું લેખન યહૂદી ખ્રિસ્તીઓ માટે ઇ.સ. ૭૦માં યરુશાલેમનું પતન થયું તે અગાઉ થયું હતું. (અનામી લેખક પરંતુ આપોલોસ દ્વારા લેખન થયું હશે તેવી શક્યતા છે) ઈ.સ. ૬૬-૬૯ વચ્ચે કોઈક સમયે તેનું લેખન થયું હતું. સતાવણી સહન કરી રહેલા ખ્રિસ્તીઓ માટે લખાયેલા પિતરના પત્રો તેનું સ્વરૂપ વિષયાર્થ દર્શાવે છે કે તેનું લેખન ઈ.સ. ૬૦ના અંત ભાગમાં થયું હતું. ઈ.સ. ૬૭માં ૧ પિતર અને ઈ.સ. ૬૮માં ૨ પિતરનું લેખન થયું હતું. યહૂદાના પત્રની ચોક્કસ તારીખ આપવી મુશ્કેલ છે. ઈ.સ. ૬૬ અને ઈ.સ. ૭૫ (અથવા ઈ.સ. ૮૦) વચ્ચે કોઈક સમયે તેનું લેખન થયું હતું તેવું સૂચવવામાં આવ્યું છે.

બીજા અન્ય પુસ્તકો એટલે ૧, ૨, અને ૩ યોહાન અને પ્રકટીકરણનું પુસ્તકનું લેખન પ્રેષિત યોહાન દ્વારા થયું હતું. ઐતિહાસિક નોંધ ઉપરથી આપણને જાણવા મળે છે કે યોહાન ઘણું લાંબું જીવન જીવ્યો હતો. તેના ત્રણ પત્રોનું લેખન ઈ.સ. ૮૫-૯૦ ના સમય દરમિયાન થયું હતું. નવા કરારનું અંતિમ પુસ્તક પ્રકટીકરણ જ્યારે યોહાન પાત્મસ બેટ પર હતો ત્યારે થયું હતું. ઈ.સ. ૯૬માં તેનું લેખન થયું હતું.

# નવા કરારના પુસ્તકોની ઐતિહાસિક સમય રેખા

ચાર્ટ : ૧૦

ઐતિહાસિક સમય

| | | |
|---|---|---|
| સુવાર્તાઓ.........................................................પ્રેષિતોનાં કાર્યો<br>ઈસવીસન-૦<br>ઈસવીસન ૬૧/૬૨ | પછીથી......<br>ઈ.સ. ૬૩ | .....................................................પ્રેષિતોનાં કાર્યો<br>ઈ.સ. ૧૦૦<br>ઈ.સ. ૭૦ |

યરુશાલેમનું પતન

| | ઈ.સ. ૦-૪૦ | ઈ.સ. ૪૧-૪૫ | ઈ.સ. ૪૬-૫૦ | ઈ.સ. ૫૧-૫૫ | ઈ.સ. ૫૬-૬૦ | ઈ.સ. ૬૧-૬૫ | ઈ.સ. ૬૬-૭૦ | ઈ.સ. ૭૧-૭૫ | ઈ.સ. ૭૬-૮૦ | ઈ.સ. ૮૧-૮૫ | ઈ.સ. ૮૬-૯૦ | ઈ.સ. ૯૧-૧૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઐતિહાસિક સમય | | | | | માર્ક | લૂક પ્રેષિતનાં કાર્યો | માથ્થી | | | યોહાન | | |
| તારીખો (ઈ.સ. ૦ – ઈ.સ. ૧૦૦) | ઈ.સ. ૦-૪૦ | ઈ.સ. ૪૧-૪૫ | ઈ.સ. ૪૬-૫૦ | ઈ.સ. ૫૧-૫૫ | ઈ.સ. ૫૬-૬૦ | ઈ.સ. ૬૧-૬૫ | ઈ.સ. ૬૬-૭૦ | ઈ.સ. ૭૧-૭૫ | ઈ.સ. ૭૬-૮૦ | ઈ.સ. ૮૧-૮૫ | ઈ.સ. ૮૬-૯૦ | ઈ.સ. ૯૧-૧૦૦ |
| પાઉલના પત્રો | | | ગલાતીઓને પત્ર<br>૧ થેસ્સા. | ૨ થેસ્સા<br>૧ કરિંથી | ૨ કરિંથી<br>રોમન | એફેસી<br>કોલોસી<br>ફિલેમોન<br>ફિલિપી<br>૧તિમોથી<br>તિતસ | ૨ તિમોથી | | | | | |
| સામાન્ય પત્રો અને પ્રકટીકરણ | | યાકોબ | | | | | હિબ્રૂ<br>૧ પિતર<br>૨ પિતર<br>યહૂદા? | યહૂદા? | | | ૧ યોહાન<br>૨ યોહાન<br>૩ યોહાન | પ્રકટીકરણ |

**પુસ્તકના લેખનની તારીખો :** માથ. (૬૫-૬૮); માર્ક (૫૫-૫૯); લૂક (૬૧); યોહાન (૮૦-૮૫); પ્રે.કા. (૬૨); રોમન (૫૭); ૧ કરિંથી (૫૫); ૨ કરિંથી (૫૬); ગલા. (૪૮); એફેસી. (૬૦/૬૧); ફિલિપી (૬૨); કોલો. (૬૧); ૧ થેસ્સા (૫૦); ૨ થેસ્સા (૫૧); ૧ તિમ (૬૨); ૨તિમ (૬૪); ફિલ (૬૧); હિબ્રૂ (૬૬-૬૯); યાકોબ (૪૫); ૧ પિત (૬૭);૨ ૨ પિત (૬૮); ૧ યોહા, ૨ યોહા, ૩ યોહા (૮૫-૯૦); યહૂ (૬૬-૭૫); પ્રક. (૯૬).

# અંતિમ વિહંગાવલોકન

# ૧૮. સંઘર્ષ અને વચન (Promise)

ઉત્પત્તિનાં પુસ્તકનો ત્રીજો અધ્યાય સમગ્ર બાઈબલમાં સૌથી મહત્ત્વના અધ્યાયોમાંનો એક છે. એદન વાડી સ્થળ છે કે જ્યાં આદમ અને હવા પોતાના સર્જનહાર સાથે સંપૂર્ણ સંગત અને નીકટના સંબંધમાં જીવન જીવતા હતા. માનવજાતમાં પાપનો પ્રવેશ થયો તેની બાઈબલ આધારિત નોંધ આપણને આ અધ્યાયમાં જોવા મળે છે. આદમનું કેવી રીતે પ્રલોભન અને પતન થયું તે પણ આપણને જણાવવામાં આવ્યું છે. (કલમ ૧-૬). તે પછી અધ્યાયની બાકીની કલમોમાં માનવીના પાપના પરિણામો દર્શાવ્યા છે. પાપના તત્કાળ પરિણામોમાં શરમ (કલમ) અને બીક (કલમ ૧૦) દ્વારા દોષની લાગણીનો ઉદ્ભવ થયો અને તેના ફળસ્વરૂપે ભિન્નતા અને ઈશ્વરથી વિમુખતા આવી.

આ પરિસ્થિતિને કારણે પાપ કરનાર માનવીએ પોતાના સર્જનહાર ઈશ્વરની સાથે ઊભા રહેવું પડ્યું (કલમ ૮-૧૩). જ્યારે પ્રભુ ઈશ્વરે આદમ અને હવાને આ સમગ્ર દુઃખદ પ્રસંગ વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે સર્પના રૂપમાં આવેલા શેતાન ઉપર તેઓએ પોતાના પતનનો દોષ મૂક્યો. (કલમ ૧૩) ત્યાર પછી પ્રભુ ઈશ્વર સર્પને ઉદ્દેશીને કહે છે, "તેં એ કર્યું છે, તે માટે તું સર્વ ગ્રામ્ય પશુઓ તથા વનપશુઓ કરતાં શાપિત હો; તું પેટે ચાલશે, ને પોતાના સર્વ દિવસ સુધી ધૂળ ખાશે; અને તારી ને સ્ત્રીની વચ્ચે, તથા તારા સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ; તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે." (ઉત્પત્તિ ૩:૧૪-૧૫) કલમ ૧૪ સર્પ તરીકે સર્પને સંબોધીને કહેવામાં આવી છે, કલમ ૧૫માં વિશ્વમાં ઉદ્ભવેલા સંઘર્ષના દિવ્ય મહત્ત્વને દર્શાવવામાં આવ્યું છે. તેને "શુભસંદેશની પ્રથમ ઘોષણા" કહેવામાં આવે છે. આ તો આવનાર મસીહા માટેનું વચન છે. કલમ ૧૫ વિશે માર્ટીન લ્યુથરે કહ્યું,"સમગ્ર બાઈબલમાં કોઈપણ જગ્યાએ શોધી શકાય તેવી ઉમદા અને મહિમાવંત દરેક બાબતોને આ કલમમાં સમાવિષ્ટ કરીને સમજાવવામાં આવી છે."

સુવાર્તાના સંદેશાની પ્રથમ ઘોષણા કરનાર કોણ હતું?

ઈશ્વરે પોતે તેની ઘોષણા કરી. હા, પ્રભુ ઈશ્વરે સૌથી પહેલાં સુવાર્તિક સંદેશો આપ્યો હતો અને ઈશ્વર પોતે આજ દિન સુધીના આવા

સર્વ સંદેશાના પ્રેરણા આપનાર રહ્યા છે.

આ પ્રથમ સંદેશો કઈ વ્યક્તિને આપવામાં આવ્યો?

આશ્ચર્ય પમાડે તેવી આ વાત - શેતાનને આ પ્રથમ સંદેશો આપવામાં આવ્યો! આ પ્રકારના ઉપદેશક માટે કેવો શ્રોતા!

સૌથી પ્રથમ વચન (Promise) સંઘર્ષ વિશે અને શેતાનની અંતિમ સજા વિશે કેવું અતિ મહત્ત્વનું દેખાય છે. "અને તારી ને સ્ત્રીની વચ્ચે તથા તારાં સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ; તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે." (કલમ ૧૫)." તારા સંતાનની ને સ્ત્રીના સંતાનની વચ્ચે" - "તારાં સંતાન" સર્પના વશંજોનો ઉલ્લેખ કરે છે એટલે કે હવાના વંશજો શેતાનના આત્મામાં એકરૂપ થશે અને શેતાનના નિયમોનું પાલન કરશે.

"સ્ત્રીના સંતાનો" જેઓનું ચારિત્ર્ય અને જીવન શેતાનના વંશજોથી વિરુદ્ધનું વર્ણન દર્શાવે છે તેનો ઉલ્લેખ કરે છે. તેઓ ઈશ્વરના આત્મામાં એકરૂપ થાય છે અને પોતાના જીવનોમાં ઈશ્વરના નિયમોને આધીન થાય છે. તેઓ ઈશ્વરના વંશજો છે. વિશેષ રીતે કહીએ તો 'સ્ત્રીનું સંતાન' પ્રભુ ઈસુ ખ્રિસ્તનો ઉલ્લેખ કરે છે અને નવા કરારમાં "તેના સંતાન" (ગલાતી ૩:૧૬) માં પ્રભુ ઈસુનું વર્ણન કરવામાં આવ્યું છે.

નવો કરાર પ્રગટ કરે છે કે શેતાનનાં કામનો નાશ કરવા માટે ઈશ્વરનો પુત્ર પ્રગટ થયો. (૧ યોહાન ૩:૮) પ્રભુ ઈસુએ માનવદેહ ધારણ કર્યો તેવું જાહેર કરવા દ્વારા હિબ્રૂઓના પત્રનો લેખક આ હકીકતને વધુ વિસ્તૃત કરે છે. વધુમાં જણાવે છે : "તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો એટલે શેતાનનો નાશ કરે અને મરણની બીકથી જેઓ આખા જીવનપર્યંત દાસત્વમાં હતા તેઓને મુક્ત કરે." (હિબ્રૂ ૨:૧૪-૧૫). આ સત્યની ખાતરી ઉત્પત્તિ ૩:૧૫માં જ આપેલી છે : "તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે."

શેતાને જ્યારે હવા અને આદમનું પ્રલોભન કર્યું ત્યારે બે બાબતો તેના વિચારમાં હતી તેમાં કોઈ જ શંકા નથી. પ્રથમ, તે તેઓને ઈશ્વરની આરાધનામાંથી દૂર કુમાર્ગે દોરી જવાની ઇચ્છા રાખતો હતો. બીજું તે પોતાના માટે તેઓની વફાદારી અને આરાધના મેળવવાની ઇચ્છા રાખતો

હતો. આપણે દુઃખની લાગણી સાથે જાણીએ છીએ કે શેતાન તેના પ્રથમ લક્ષ્યાંક પૂર્ણ કરવામાં સફળ થયો હતો. તેણે ઈશ્વર સાથેની પુરુષ અને સ્ત્રીની સંગતનું ખંડન કર્યું હતું. પરંતુ તે પોતાના બીજા લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં સફળ થયો નહોતો.

ઈશ્વરે અહીં જાહેર કર્યું હતું કે તે શેતાન અને સ્ત્રીની વચ્ચે વેર ઊભું કરશે. આ કલમ બાઈબલની ચાવીરૂપ કલમ છે, કારણ કે જેમ વિલ્યમ સ્ટીલ કહે છે, "......દરેક ઐતિહાસિક પરિસ્થિતિ ઉપર મુખ્ય અધિકાર મેળવીને અને શેતાનની જૂની જાણીતી રમત તરીકે તેને ઓળખાવીને તે જૂના કરારમાં તેનો માર્ગ ચિંધે છે." તે શું છે? તે શેતાનની યોજના છે કે "ઈશ્વર મરિયમ અને દાવિદના કુળમાં (ઈસુ ખ્રિસ્ત) માનવદેહ ધારણ કરે તે અગાઉ પસંદ કરાએલા હિબ્રૂ અને ઇઝરાયલી વંશજોનો તે નાશ કરવાનો પ્રયત્ન કરે." જો શેતાન પોતાની યોજનામાં સફળ થાય તો ઉત્પત્તિ ૩:૧૫માં આપવામાં આવેલું વચન (**Promise**) કદી જ પૂર્ણ થઈ શકતું નહોતું. શું તમે આ સિદ્ધાંતની સમજણ મેળવી છે? મને તેનો ખુલાસો કરવા દો અને તેને સવિસ્તર સમજાવવા દો.

**કાઈન અને હાબેલ**

શેતાને તરત જ પોતાના કાર્યની શરૂઆત કાઈનના જીવનમાં, ઉત્પત્તિ ૪માં, કરવાની શરૂઆત કરી. આપણા આદિ માતપિતાના જયેષ્ઠ પુત્રએ તત્કાળ પોતાના ભાઈ હાબેલનું ખૂન કર્યું. કારણ કે તે પોતાના અર્પણનો દિવ્ય અસ્વીકાર થવાથી અપરાધ અને શરમની લાગણી સહન કરી શક્યો નહિ તે સ્વાભાવિક છે. પોતાનો ભાઈ કે જેના અર્પણનો સ્વીકાર કરવામાં આવ્યો તેનું ખૂન કરવા તે ચોક્કસપણે શેતાનના નિયંત્રણ નીચે આવ્યો હતો.

ત્યાર પછી ઈશ્વરે પ્રતિભાવ આપ્યો અને હાબેલના સ્થાને તેમણે **બીજા એક વંશજને** મોકલી આપ્યો. હવાએ **શેથને** જન્મ આપ્યો અને કહ્યું, "હાબેલ જેને કાઈને મારી નાખ્યો તેને ઠેકાણે ઈશ્વરે મને બીજો દીકરો આપ્યો છે." (ઉત્પત્તિ ૪:૨૫) આ વંશજની વંશાવળી આગળ વધીને નૂહ અને તેના દીકરાઓ સુધી આવે છે (ઉત્પત્તિ ૫). પરંતુ શેતાન સક્રિય હતો અને ઈશ્વરે કરેલી નવી વ્યવસ્થામાં તેણે અવરોધ ઊભો કર્યો હતો. નવા વંશજોનો તેણે અપવિત્ર લગ્ન સંબંધો દ્વારા ભ્રષ્ટ કર્યા હતા. (ઉત્પત્તિ ૬).

ઈશ્વરના દીકરાઓએ માણસોની દીકરીઓને પોતાની પત્નીઓ કરી હતી. આ રીતે જેમ ઉત્પત્તિ ૬:૧૨ કહે છે, "........કેમ કે સર્વ માણસે પૃથ્વી પર પોતાની ચાલ દુષ્ટ કરી હતી." તેમ ઈશ્વરના વંશજો ભ્રષ્ટ થયા હતા.

વિશ્વની પરિસ્થિતિ ઉત્પત્તિ ૬:૫-૭ના યાદગાર શબ્દોમાં અભિવ્યકત કરવામાં આવી છે : "અને યહોવાએ જોયું કે માણસની ભૂંડાઈ પૃથ્વીમાં ઘણી થઈ, ને તેઓનાં હૃદયના વિચારની દરેક કલ્પના નિરંતર ભૂંડી જ છે......અને યહોવાએ કહ્યું કે જે માણસને મેં ઉત્પન્ન કર્યું, તેનો પૃથ્વી પરથી હું સંહાર કરીશ......કેમ કે તેઓને ઉત્પન્ન કર્યાનો મને પશ્ચાતાપ થાય છે." આ પરિસ્થિતિમાં ઈશ્વરનો પ્રત્યુત્તર ઉત્પતિ ૬:૮માં નૂહના પ્રાગટ્યમાં જોવા મળે છે. "પણ નૂહ યહોવાની દૃષ્ટિમાં કૃપા પામ્યો." ઈશ્વરનું ન્યાયશાસન જળપ્રલય દ્વારા આવ્યું અને નૂહ તથા તેના કુટુંબ સિવાયની સમગ્ર ભ્રષ્ટ પેઢીનો વિનાશ કર્યો. ઈશ્વરે ફરીથી પોતાના **નવા વંશજ** તરીકે તે કુટુંબથી શરૂઆત કરી. તેમ છતાં તેઓએ લગભગ એ જ સમયે પાપ કર્યું. પાપ કરનાર મુખ્ય વ્યક્તિ તેના દીકરાઓમાંનો એક નહિ પણ પિતા પોતે જ હતો!

## બેબિલોનનો બુરજ

હવે બેબિલોનનો બુરજ (ઉત્પત્તિ ૧૧) શેતાનની બીજી દુષ્ટ યોજના જુઓ. શહેર અને બુરજનું બાંધકામ પ્રતિષ્ઠા મેળવવાની લોકોની ઇચ્છાને પ્રગટ કરે છે : "ચાલો, આપણે પોતાના માટે એક શહેર બાંધીએ....... એમ આપણે પોતાને માટે નામ કરીએ." (ઉત્પત્તિ ૧૧:૪). તેમાં તેઓની ઈશ્વર વિરુદ્ધ બંડ અને સ્વતંત્ર રહેવાની ઇચ્છા પણ અભિવ્યક્ત થાય છે. પરંતુ નવા ધર્મની શોધે તેઓને વધુ પાપમય જીવન તરફ દોરનારી હતી. તેમ છતાં તેઓને અલગ અલગ ભાષાઓ આપીને ગૂંચવી દેવા દ્વારા તેઓના પાપનો ન્યાય થયો અને એમ આખી પૃથ્વી પર તેઓને વિખેરી નાખવામાં આવ્યા.

## રાષ્ટ્રનો પિતા અબ્રાહામ

તે પ્રત્યે ઈશ્વરનો કેવો પ્રત્યુત્તર હતો? અબ્રાહામ એક નવો જ વંશજ, જેનું નામ બદલીને અબ્રાહામ એટલે "દેશજાતિનો પિતા" પાડવામાં આવ્યું હતું. ઈશ્વરે અબ્રાહામને પોતાનું કુટુંબ, સગાનો ત્યાગ કરવાનું અને ઈશ્વર

તેને દોરે ત્યાં તેનું અનુસરણ કરવાનું આહ્‌વાન આપ્યું હતું. પરંતુ અબ્રાહામે પોતાનું કુટુંબ પોતાની સાથે લઈ જઈને અંશતઃ જ આધીનતા દર્શાવી હતી. તેની આપણે નોંધ લઈએ છીએ. તેનું પરિણામ એ આવ્યું કે તે અર્ધ રસ્તે હારાનમાં જ અટવાઈ પડ્યો : “તેઓ હારાનમાં આવીને ત્યાં રહ્યા” (ઉત્પત્તિ ૧૧:૩૧). ત્યાં હારાનમાં ઈશ્વરે મરણ દ્વારા તેના પિતા તેરાનું જીવન લઈ લીધું. તોપણ અબ્રાહામ લોતથી અલગ થયો નહિ અને આ હકીકતને લીધે તે પછી મુશ્કેલીઓ આવી. આ અવરોધ પાછળ કોણ જવાબદાર હતું તે વિશે તમે શું વિચારો છો? શત્રુ શેતાન સિવાય બીજું કોઈ નહિ. તે દિવ્ય ઈરાદા અને યોજનાને નિષ્ફળ કરવાને ઇચ્છતો હતો. તેમ છતાં પ્રભુએ તેને તથા તેના વંશજોને વચન આપ્યું હતું તે દેશ કનાનમાં અબ્રાહામ પહોંચી ગયો.

કનાન દેશમાં દુકાળ હતો. ઈજિપ્ત દેશમાં નાસી જવાની અબ્રાહામની બીજી વખતની અનાધીનતા આપણે જોઈએ છીએ. ઈશ્વરની સલાહ પૂછયા વિના તે ઈજિપ્તમાં ગયો હતો. ત્યાં બધું જ અયોગ્ય થયું હતું. અબ્રાહામ પોતાની પત્ની સારાહ, જે ઇસહાકની માતા તરીકે નક્કી થઈ હતી તેને તે લગભગ ગુમાવી બેઠો હતો. અને તે કનાન દેશમાં પાછો આવીને આનંદિત થયો હતો. ઈશ્વરની યોજનાને અવરોધનાર કોણ હતું? અબ્રાહામને કનાનમાંથી ઈજિપ્ત દોરી જનાર કોણ હતું? ફારુન સાથે અયોગ્ય સંબંધની જાળમાં ફસાવનાર કોણ હતું? બીજું કોઈ નહિ પણ શેતાન! તેમ છતાં પરિસ્થિતિ ઉપર ઈશ્વરનું નિયંત્રણ હતું. પરિણામે ફારુને અબ્રાહામ તથા તેના સર્વસ્વને કનાન દેશમાં પાછા મોકલી આપ્યાં હતાં.

સમય પસાર થતો ગયો અને અબ્રાહામ બાળક વિનાનો હતો. તેણે વિચાર કર્યો કે એલીઆઝર તેનો વારસ હશે. પરંતુ ના, ઈશ્વરે તેને ખાતરી કરાવી કે તેને પોતાનું બાળક અને વારસ મળશે.

આકાશના તારાઓ જેટલા તેના વંશજો આપવાના વચનમાં સંબંધમાં (ઉત્પત્તિ ૧૫:૩-૫) અબ્રાહામ ઉપર ત્રીજું મુખ્ય આક્રમણ થયું હતું. અબ્રાહામ અને સારાહને બાળકને જન્મ આપીને તેને ઉછેરવાનો ઘણો સમય પસાર થઈ ગયો હતો. અને તેમ છતાં તેઓને ત્યાં બાળકનો જન્મ થયો નહોતો. તેઓની ધીરજ ખૂટી ગઈ ત્યારે અબ્રાહામ હાગ્ગાર જે

ઈજિપ્તની દાસી હતી તેને લઈને પોતાને માટે બાળક મેળવે તેવું સારાહે સૂચન કર્યું હતું. તેના પરિણામે અબ્રાહામ પોતાની પત્ની તરીકે હાગ્ગારને લીધી હતી. અને તેને ઇશ્માએલ નામનો દીકરો જનમ્યો હતો. પરંતુ આ હકીકત તેઓ માટે ઈશ્વરનો રસ્તો નહોતો કે ઈશ્વરની યોજના પણ નહોતી. શું આ શેતાનનું આક્રમણ નહોતું? આપણે જાણીએ છીએ તેમ ઇશ્માએલ આરબો (અથવા તેઓમાંના ઘણા) નો પિતા બન્યો હતો. પરંતુ ઈશ્વરે પોતાના વચનનું પાલન કર્યું હતું અને ચમત્કારિક દીકરા ઇસહાકનો જન્મ થયો હતો. તે વચનનો દીકરો હતો. આ રીતે પસંદ કરાએલો વંશજ ઇસહાક સુધી અને યાકોબ સુધી આપ્યો અને અંતે યાકોબનો સમાવેશ કરતા તેના સર્વ કુટુંબીજનો ઈજિપ્ત દેશમાં આવ્યાં. તેઓના વંશજોએ ચારસો વર્ષ સુધી ત્યાં વસવાટ કર્યો હતો.

યાદ રાખો કે આપણે જૂના કરારમાં સ્ત્રીના સંતાન અને સાપના સંતાનો વચ્ચેના સંઘર્ષ, વિરોધને દર્શાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ. એટલે કે મસીહાનું આગમન અટકાવવા ઇઝરાયલના સમગ્ર ઇતિહાસમાં શેતાનના આક્રમણો સતત ચાલુ રહ્યા હતા. તેથી શેતાનની પ્રયુક્તિની પશ્ચાતભૂમિકા વિરુદ્ધ ઈશ્વરની વિજયવંત કૃપાના સર્વ કાર્યો તરફ આપણે અવશ્યપણે દૃષ્ટિ કરવી જોઈએ. અહીં ઈજિપ્તમાં ફારુન રાજાના કઠોર નિયમો નીચે ઇઝરાયલી પ્રજાનો બચાવ અને ઇજિપ્તની ગુલામગીરીમાંથી તેઓનો છુટકારો એ શેતાનના દુષ્ટ પ્રપંચોને ગુંચવી નાખનાર ઈશ્વરના કાર્યો હતાં.

**મોશે અને નિર્ગમન**

બાળક તરીકે જેનો ચમત્કારિક રીતે બચાવ થયો તેવા નવા વંશજ મોશેનો વિચાર કરો. ઈજિપ્તમાંથી ઇઝરાયલને બહાર દોરી જનારા તરીકે તેને નિર્ધારીત કરવામાં આવ્યો હતો. તેમ છતાં શેતાનની દુષ્ટ અને ચાલાકીભરી યોજનાઓ દ્વારા મોશેને છેતરવાનો પ્રયત્ન કરીને વિચાર કરવામાં આવ્યો કે તે ઇઝરાયલી લોકોને સાંસારિકતા તરફ દોરી જશે. જ્યારે તેણે ઈજિપ્ત વાસીનું ખૂન કર્યું ત્યારે એક ગુનેગાર તરીકે તેણે દેશમાંથી નાસી જવું પડ્યું હતું. આ વિશે ઈશ્વર શું કરવાના હતા? હકીકતમાં મોશે વધારે સારી કેળવણી મેળવે અને ઈજિપ્તમાં દુષ્ટ કાર્યોની આંધી શાંત થાય ત્યાં સુધી ઈશ્વર, ચાલીસ વર્ષો સુધી રાહ જોવાને તૈયાર

હતા. એંશી વર્ષની ઉંમરનો મોશે તે સમયના ફારુન રાજાની મુલાકાત કરે અને "ઈશ્વરના લોકોને જવા દે!" એવી આજ્ઞા ફરમાવે માટે ઈશ્વરે મોશેને આહ્‌વાન આપ્યું હતું. પરંતુ શેતાનની ચઢવણી પામેલા ફારુને તેનો નકાર કર્યો હતો. ફારુન રાજા તેઓને છુટકારો આપવાની ઇચ્છા દર્શાવે તે અગાઉ ઈશ્વરે દશ અનર્થો કરવા પડ્યાં હતા. તેથી ઇઝરાયલી પ્રજા બહાર આવી હતી અને એક નવી પ્રજાનો (રાષ્ટ્રનો) જન્મ થયો હતો.

ઇઝરાયલ, નવી પ્રજા (રાષ્ટ્ર) ઈશ્વરની સેવા માટેની કેળવણી મેળવે તે હેતુથી તેઓને અરણ્યમાં દોરી જવામાં આવ્યાં. પરંતુ ખેર! ઇઝરાયલી લોકો શેતાનના નિયંત્રણ હેઠળ હતા તેઓએ દરેક પળે ફરિયાદો અને કચકચ કરી હતી. મોશે પોતાના જીવનના અંત નજદીક હતો. અને તેથી અરણ્યમાં મુશ્કેલીઓ સતત ચાલતી રહી હતી.

જ્યારે તેઓ વચનના દેશની લગભગ સરહદ પાસે કાદેસ-બાર્નિયા આવ્યા ત્યારે તેઓ દેશની જાસુસી કરવા માટે માણસો મોકલે તેવું ઈશ્વરે મોશેને કહ્યું હતું. તેથી દરેક કુળમાંથી એક એમ બાર જાસુસો દેશમાં ગયા, ભૂમિનું સર્વેક્ષણ કર્યું અને પાછા ફરીને તેઓએ પોતાનો અહેવાલ રજૂ કર્યો. મોટાભાગના જાસુસોએ અહેવાલ આપતા કહ્યું કે તે દેશ સમૃદ્ધ, દૂધમધની રેલછેલવાળો છે તેમ છતાં કિલ્લેબંધ નગરો છે અને દેશમાં રાક્ષસો છે. આ તો નકારાત્મક અહેવાલ હતો.

લોકો અને રાક્ષસો હોવા છતાં તેઓએ દેશમાં પ્રવેશ કરવો જોઈએ. અને તેનો કબજો મેળવવો જોઈએ. તેવો અહેવાલ આપનાર બે જાસુસો એટલે યહોશુઆ અને કાલેબ હતા. દસ જાસુસોના અહેવાલના પડઘા વધુ હતા - બહુમતિ અનેક વખત ખોટી હોય છે. અને લોકોએ દેશમાં પ્રવેશ કરવાનો તથા તેનો કબજો લેવાનો નકાર કર્યો. આ તેઓના બંડને, અનાધીનતાને અને અવિશ્વાસને પ્રગટ કરતું હતું. પ્રભુએ કહ્યું, "સારું, તમે દેશમાં પ્રવેશ કરશો નહિ. તમે અરણ્યમાં મરણ પામશો અને તમારા બાળકો તેમાં પ્રવેશ કરશે." તેથી અવિશ્વાસ કરનારી સમગ્ર પેઢીનો નાશ થયો નહિ ત્યાં સુધી તેઓ તે પછીના આડત્રીસ વર્ષ સુધી આમથી તેમ અરણ્યમાં ભટક્યા. ત્યાર પછી યહોશુઆની નવી નેતાગીરી સાથે તેઓના બાળકોએ દેશમાં પ્રવેશ કર્યો.

અહીં ધ્યાન દોરે તેવી હકીકત આ છે : કેટલીક વખત સમગ્ર માનવી પરિસ્થિતિ શેતાનના હાથમાં નિયંત્રિત છે અને ઈશ્વર તેને તે મુજબ કરવા દે છે તેવું જોવા મળે છે. પરંતુ તે તો ઈશ્વરનો રસ્તો છે. લગભગ બધું જ ગુમાવી દીધું છે અને તેનો વિજય થઈ રહ્યો છે તેવું શેતાનને દેખાય તે માટે ઈશ્વર તૈયાર છે. પરંતુ ઈશ્વરનો હંમેશ અંતિમ ચુકાદો હોય છે! માનવીના દરેક કાર્યો ઉપર ઈશ્વરનું નિયંત્રણ હોય છે.

યહોશુઆના મરણ પછી ઈઝરાયલી લોકો ઈશ્વરના નિયમથી દૂર ચાલ્યા ગયા. પુનર્નિયમ ૨૮માં અધ્યાયમાં પ્રભુની ચેતવણીઓ પ્રમાણે તરત જ પીછેહઠ કરનાર લોકોની સતાવણી કરવા માટે શત્રુઓ દરેક દિશાઓમાંથી આગળ આવ્યા હતા! ન્યાયાધીશના પુસ્તકમાં એક ચક્ર જેવું જોવા મળે છે : પાપ - શિક્ષા - પશ્ચાતાપ - છુટકારો - આરામ. ન્યાયાધીશના પુસ્તકના અંતે એક ટીકા આ મુજબ છે : "દરેક માણસ પોતાની નજરમાં જે ઠીક લાગતું તે કરતો." (૨૧:૨૫;૧૭:૬;૧૮:૧;૧૯:૧) તે તેઓની પરિસ્થિતિ દર્શાવે છે. ઈઝરાયલના ઈતિહાસમાં આ અંધકારમય સમય હતો. પરંતુ ઈતિહાસના પ્રસંગો પાછળ શેતાનિક પરિબળો કાર્યરત છે. જેમ ઈઝરાયલી લોકોએ ઈશ્વરના નિયમો (વચનો) નો નકાર કર્યો તેમ તેઓ દુષ્ટ એવા શેતાનનાં નિયંત્રણ હેઠળ હતા તેવા આસપાસના રાષ્ટ્રો (પ્રજાઓ) ની મૂર્તિપૂજા હેઠળ વધુને વધુ આવવા લાગ્યા.

**રૂથની વાત**

પરંતુ પરિસ્થિતિનું નિયંત્રણ ઈશ્વરના હાથમાં છે. ન્યાયાધીશોના આ અંધકારમય સમય દરમિયાન રૂથની વાત અંધકારમાં આવનાર પ્રકાશ જેવી હતી. મોઆબી સ્ત્રી રૂથનું લગ્ન ઈઝરાયલી કુટુંબમાં થયું હતું. તેના પતિના મરણ પછી વિધવા રૂથ ઈઝરાયલી સાસુ વિધવા નાઓમી સાથે મોઆબ દેશમાંથી બેથલેહેમમાં સ્થળાંતર કરે છે. વાતમાં આપણને કહેવામાં આવ્યું છે કે રૂથે ઈઝરાયલના ઈશ્વર, પ્રભુ પર વિશ્વાસ કરીને પરિવર્તન મેળવ્યું છે. વખત જતાં ન્યાયી ઈઝરાયલ બોઆઝ રૂથ સાથે લગ્ન કરે છે અને તે ઓબેદ નામના દીકરાને જન્મ આપે છે. રૂથના પુસ્તકના અંતમાં આપેલી સંક્ષિપ્ત વંશાવળી આપણને દર્શાવે છે કે ઓબેદ યિશાઈનો પિતા હતો. અને યિશાઈ ઈઝરાયલના પ્રથમ મહાન રાજા દાવિદનો પિતા હતો. દાવિદ દ્વારા વંશજ

આપવાનું વચન આપવામાં આવ્યું હતું તે વિશે પણ આપણે જાણીએ છીએ. તેથી રૂથ દાવિદની વડદાદી અને ઈસુની પૂર્વજ હતી. આ સુંદર વાત કેવળ રૂથ અને બોઆઝ વિશે અને પ્રભુ પ્રત્યેની તેઓની વફાદારી વિશે જ નહિ પણ ઈઝરાયલના ઈતિહાસમાં તેઓના સ્થાન વિશે પણ છે.

**શમૂએલ અને નવું રાજાશાહી રાજતંત્ર**

હવે ઈશ્વરની બીક રાખનાર ઈઝરાયલનો આગેવાન શમૂએલ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. તેણે ઈઝરાયલી લોકોને પશ્ચાતાપ કરવા અને પલિસ્તીઓ ઉપર વિજય મેળવવામાં સહાય કરી હતી તેવો તે ઈશ્વર ભક્ત હતો. જ્યારે શમુએલ વયોવૃદ્ધ થયો ત્યારે તેણે ઈઝરાયલી પ્રજા ઉપર ન્યાયાધીશો તરીકે પોતાના દીકરાઓને સ્થાન આપ્યું હતું. પણ અફસોસ, તેઓ ઈશ્વરના માર્ગોમાં જીવન જીવ્યાં નહિ. પરિણામે વડીલો શમૂએલ પાસે આવ્યા અને તેઓ અન્ય પ્રજાઓ (રાષ્ટ્રો) જેવા થઈ શકે માટે રાજાની માંગણી કરી. ઈઝરાયલ તેઓના રાજા તરીકે ઈશ્વરને નકારતા હતા. પૃથ્વી ઉપરના કોઈ રાજા દ્વારા ઈઝરાયલી લોકો ઉપર હકૂમત ચલાવવામાં આવે તેવો ઈરાદો ઈશ્વરે કદી જ રાખ્યો નહોતો. આ તો ઈશ્વરનો વૈકલ્પિક વિચાર હતો.

રાજા શાઉલ વિનાશક પૂરવાર થયો. પોતાની ઈચ્છા મુજબ જીવન જીવનાર શાઉલે અશુદ્ધ આત્માઓને સ્થાન આપ્યું. અને અંતે તેઓએ તેના પર વર્ચસ્વ મેળવ્યું અને તેને અસ્થિર બનાવ્યો. પોતાના મરણ અગાઉ જ એન-દોરની મેલી વિદ્યાની સાધક, સ્ત્રીની મદદ શોધનાર રાજાનું ચિત્ર કેવું કરુણ લાગે છે!

ઈશ્વરની ઈચ્છાની વિરુદ્ધ રાજાની માગણી કરીને પોતાની અનાધીનતા દ્વારા ઈઝરાયલ અંતે સમગ્ર રાજ્યને ઉથલાવી નાખે છે. પ્રથમથી લઈને અંતિમ રાજા સુધીમાંનો એક પણ રાજા પોતાના વિનાશ વિના બાકી રહ્યો નહોતો. (દાવિદનું મહાન પાપ અને શલોમોનની વ્યાપક મૂર્તિપૂજા) - બધા જ રાજાઓ શેતાનના અદશ્ય અને અજ્ઞાત છૂપાં કાવતરા હેઠળ આવ્યા હતા. જેના પરિણામે ધીમે ધીમે રાજ્યનું પતન થયું હતું. સ્ત્રીના વંશજનો સંપૂર્ણપણે નાશ કરવાનો અને એ રીતે ઈશ્વરે આપેલા ભવિષ્ય વચનને પરિપૂર્ણ થતા અટકાવવાનો શેતાને નિશ્ચય કર્યો હતો. પૃથ્વી ઉપર સૌથી મહાન રાષ્ટ્ર (ઈ.પૂ. ૧૦૦૦) બનવાને બદલે તેઓ ધિક્કારાએલ શેષ તરીકે જોવા મળે છે. તેનું આ ઉતરતી કક્ષાનું વર્ણન છે.

## બંદીવાસમાં યહૂદીઓ

આ કેવી રીતે બન્યું? પ્રથમ, ઉત્તરના રાજ્ય ઉપર આશૂરીઓએ વિજય મેળવ્યો અને તેના લોકોને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા. ત્યાર પછી લગભગ એક સો પચાસ વર્ષ પછી યહૂદિયા, દક્ષિણના રાજ્ય ઉપર બેબિલોને વિજય મેળવ્યો. ઈઝરાયલના પાપ, બંડ અને મૂર્તિ પૂજાને કારણે તેઓને આ વિદેશી પ્રજાઓ (રાષ્ટ્રો) દ્વારા ગુલામગીરી અને બંદીવાસમાં લઈ જવામાં આવે તેવી ઈશ્વરે મંજૂરી આપી હતી. તેઓ સિત્તેર વર્ષો સુધી ગુલામગીરીમાં રહ્યા પરંતુ ત્યારથી માંડીને તેઓ ઉપર કોઈ રાજા રાજ કરતો નહોતો તે રસપ્રદ વાત નોંધવી જરૂરી છે.

બંદીવાસના સમય દરમિયાન પર્સિયાએ બેબિલોનને પરાજીત કર્યું અને વિશ્વની મુખ્ય સત્તા તરીકે સ્થાન મેળવ્યું. પર્સિયાની રાજધાની સુસાના વાતાવરણમાં એસ્તેરના પુસ્તકની રચના થઈ હતી. જો કે એસ્તેરના પુસ્તકમાં ઈશ્વરના નામનો ઉલ્લેખ નથી તેમ છતાં લેખકે બંદીવાસમાંના યહૂદી શેષ પ્રત્યેની ઈશ્વરની નિગહબાની અને કાળજીને મહત્ત્વ આપ્યું છે. પર્સિયામાં અચાનક હામાનની સત્તા વધી ગઈ છે. તેનું સ્થાન રાજાથી બીજા નંબરનું છે. દરેક વ્યક્તિ તેની આગળ નમન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ એક યહૂદી વ્યક્તિ જેનું નામ મોર્દખાય છે તેણે હામાન સમક્ષ નમન કરવાનો નકાર કર્યો. તેથી શેતાન દ્વારા અપાએલી ઊંડી ઈચ્છાઓએ જોર પકડ્યું હતું. મોર્દખાયને દૂર કરવો સરળ હતું પરંતુ આ દુષ્ટ માણસે વધુ આગળ વધીને સર્વ યહૂદીઓનો નાશ કરવાનો નિર્ણય કર્યો હતો. અહીં ફરીથી વિરોધ જોઈ શકાય છે. શેતાનનો એજન્ટ સર્વ યહૂદીઓનો નાશ કરવા જઈ રહ્યો છે કે જેથી ઉત્પત્તિ ૩માં આપવામાં આવેલું ભવિષ્યવચન પરિપૂર્ણ થઈ ન શકે. આ એક મોટું દુષ્ટ કાર્ય હતું!

પરંતુ શેતાન ઈશ્વરની યોજનાને પરાજીત કરી શકતો નથી. ઈશ્વર પાસે મોર્દખાયની સંબંધી એસ્તેર રાજાના મહેલમાં રહેતી હતી. જ્યારે બધું જ ગુમાવી દીધું છે તેમ લાગે ત્યારે ઈશ્વરે એસ્તેરનો ઉપયોગ કરીને હામાન વિરુદ્ધ જ તેની યોજના અમલમાં મૂકી. જે ફાંસી હામાને મોર્દખાય માટે તૈયાર કરી હતી તેના ઉપર તેને જ લટકાવી દેવામાં આવ્યો. અને એમ ઈશ્વરે ફરીથી પોતાના લોકોનો છુટકારો કર્યો. બાઈબલ ખરેખર કેવું અજોડ પુસ્તક છે?!!

# ૧૯. ઈસુ ખ્રિસ્તમાં ભવિષ્યવચનોની પરિપૂર્ણતા

છેલ્લા પ્રકરણમાં આપણે મસીહા વિશે આપવામાં આવેલા પ્રથમ ભવિષ્યવચન વિશે વિચાર કર્યો અને ઉત્પત્તિ ૩:૧૫માં, "તારી ને સ્ત્રીની વચ્ચે, તથા તારાં સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ; તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે." ઉચ્ચારાએલા શબ્દોમાં સ્ત્રીના સંતાન અને સર્પના સંતાન વચ્ચે રહેલી દુશ્મનાવટ, સંઘર્ષને મહત્ત્વ આપ્યું હતું.

યાદ રાખો કે અદૃશ્ય જગતમાં સતત યુદ્ધ થઈ રહ્યું છે એટલે કે મસીહાનું આગમન અટકાવવા ઈઝરાયલના સમગ્ર ઈતિહાસના પ્રસંગોમાં શેતાને પોતાના પ્રયત્નો કર્યા છે.

પ્રાસંગિક રીતે, આ સર્વ વાતો વિશે ઈશ્વરે પાત્મસ બેટ ઉપર યોહાનને આપેલા અદ્ભુત દર્શનમાં તેની પ્રતિતિ કરાવી હતી જેની નોંધ પ્રકટીકરણ ૧૨:૧૫માં જોવા મળે છે. "ત્યારે સાપે તે સ્ત્રીની પાછળ પોતાના મોંમાંથી નદીના જેવો પાણીનો પ્રવાહ છોડી મૂક્યો, કે તેના પૂરથી તે તણાઈ જાય." જૂના અને નવા કરારમાં બંને જગ્યાએ "સ્ત્રી" ઈઝરાયલ અથવા ઈશ્વરના લોકોનું પ્રતીક સમાન છે. નર બાળક મસીહા, પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે જે સર્વ દેશના લોકો પર લોઢાના દંડથી રાજ કરવા (કલમ ૫) અવતર્યા હતા. અત્યાચારી અમલનું પ્રતીક નથી પરંતુ અધિકારનું પ્રતીક છે. અને 'સાપ' તે શેતાન છે. (કલમ ૯ સાથે સરખાવો : "તે મોટા અજગરને બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે......") હવે શા માટે સ્ત્રીના સંતાનનો નાશ કરવા શેતાન નીકળ્યો હતો? ફરીથી ઉત્પત્તિ ૩:૧૫ તરફ દૃષ્ટિ કરો. "તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે." ઈશ્વરની યોજનાને અટકાવવાનો પ્રયત્ન કરી રહેલા શેતાનને ઉદ્દેશીને આ શબ્દો ઉચ્ચારવામાં આવ્યા હતા તે વાત યાદ રાખો.

**ખ્રિસ્ત વિરુદ્ધ શેતાન - પરિસીમા**

આ દુશ્મનાવટ, આ સંઘર્ષ સ્ત્રીનું સંતાન પ્રભુ ઈસુ ખ્રિસ્તના આગમન સાથે જ માથા પર આવ્યો હતો. તેના પરિણામ સ્વરૂપે ઈસુને કચરવામાં આવનાર હતા. (તું તેની એડી છૂંદશે). એટલું જ નહિ પણ

શેતાન અને તેના સામર્થ્યનો અંત આવનાર હતો. (તે તારું માથું છૂંદશે).

ઘણા વર્ષો અગાઉ ડો. ડેન્સડેલ યંગ ભારતમાંથી આવેલા એક મિશનરી સાથે વાત કરતા હતા ત્યારે તેમને જાણવા મળ્યું કે પૂર્વના દરેક રહેવાસી આ વર્ણન સરળતાપૂર્વક સમજી શકે છે. સર્પને ઉદ્દેશીને આ શબ્દો કહેવામાં આવ્યા છે. સર્પની ઝેરની કોથળી તેના માથામાં કે તેની પાસે આવેલી હોય છે. પૂર્વના દેશના લોકો તત્કાળ સમજી જાય છે કે સર્પનું માથું છૂંદવું એટલે તેની ઝેરની કોથળીનો નાશ કરવો. આમ કરવા છતાં જો કે પ્રાણી જીવતું રહે તોપણ મરણ નિપજાવે તેવું સામર્થ્ય તેનામાં રહેતું નથી. હિબ્રૂઓનો લેખક તેને અભિવ્યકત કરતા કહે છે : "તો છોકરાં માંસ તથા લોહીનાં (બનેલાં) હોય છે, માટે તે પણ (પ્રભુ ઈસુ ખ્રિસ્ત) તે જ રીતે તેઓનો ભાગીદાર થયો કે જેથી તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો, નાશ કરે." (હિબ્રૂ ૨:૧૪). શેતાન "પેલો જૂનો સર્પ" જેની પાસે માણસના વિશ્વાસ કરનારા દીકરાઓ ઉપર મરણ નિપજાવવાની શક્તિ છે તેને સ્ત્રીના સંતાન દ્વારા કાયમને માટે છીનવી લેવામાં આવશે. તેના વ્યક્તિત્ત્વના ચઢિયાતા ભાગમાં તેને જખમી કરવામાં આવશે એટલે તેનું માથું છૂંદી નાખવામાં આવશે. પરંતુ હું વાતના અંત તરફ આગળ વધું છું. આવો, આપણે ખ્રિસ્ત અને શેતાનનો સંઘર્ષ જે પ્રમાણે નવા કરારમાં રજૂ કરવામાં આવ્યો છે તે તરફ દષ્ટિ કરીએ.

સંત પાઉલ આપણને જણાવે છે કે જ્યારે ઈશ્વરનો સમય સંપૂર્ણપણે આવ્યો ત્યારે તેમણે પોતાના દીકરાને મોકલી આપ્યો. "પણ સમય પૂરો થયો, ત્યારે ઈશ્વરે સ્ત્રીથી જન્મેલો અને નિયમને આધીન જન્મેલો, એવો પોતાનો પુત્ર મોકલ્યો, એ હેતુથી કે જેઓ નિયમને આધીન હતા તેઓને તે છોડાવી લે કે જેથી આપણે તેના પુત્રો તરીકે ગણાઈએ. અને તમે પુત્રો છો, એ માટે ઈશ્વરે આપણાં હૃદયમાં પોતાના પુત્રનો આત્મા મોકલ્યો છે, જે "આબ્બા, બાપ", એમ કહીને હાંક મારે છે." (ગલાતી ૪:૪-૬).

### ઈસુ ખ્રિસ્તનો જન્મ

જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મ બેથલેહેમમાં થયો હતો ત્યારે શેતાનનો ધિક્કાર સ્પષ્ટપણે પ્રગટ થતો હતો. આપણા પ્રભુના આ પૃથ્વી પરના જીવનના દરેક પ્રસંગે શેતાનનો ધિક્કાર નિહાળી શકાતો હતો. જ્યારે

યોસેફે અનુભવ્યું કે તેના વેવિશાળ દરમિયાન મરિયમ ગર્ભવતી બની છે ત્યારે તેણે તેને ગુપ્ત રીતે મૂકી દેવાનું ધાર્યું (માથ્થી ૧:૧૮-૧૯) આ પરિસ્થિતિમાં તેણે સ્વાભાવિક પણે જ તારવણી કરી કે મરિયમના જીવનમાં પાપ હતું. પરંતુ ઈશ્વરે પોતે યોસેફને દર્શન આપ્યું. પરિણામે આ દિવ્ય પ્રકટીકરણને લીધે યોસેફે મરિયમનો સ્વીકાર કર્યો. દાવિદની આ એક ડાળી, સ્ત્રીનું સંતાન, વચનનું બાળક જન્મ પામ્યું હતું. અનંતકાળિક શબ્દએ દેહ ધારણ કર્યો હતો. ત્યાર પછી શું બન્યું?

જ્યારે જ્ઞાની પુરુષો પાસેથી "યહૂદીઓનો રાજા જન્મ્યો છે" તેવા સમાચાર હેરોદ રાજાએ સાંભળ્યા ત્યારે તે ખૂબ જ ગભરાઈ ગયો અને બીક અનુભવવા લાગ્યો. તેણે જ્ઞાની પુરુષોને બેથલેહેમ મોકલ્યા. તેણે તેઓને વિનંતી કરી કે તે બાળકને શોધી કાઢો અને પાછા આવીને મને ખબર આપો કે જેથી હું પણ જઈને તેનું ભજન કરી શકું. જ્ઞાની પુરુષોએ બાળકને જોયા પછી ઈશ્વરે તેઓને સ્વપ્નમાં કહ્યું હતું કે તેઓ હેરાદ પાસે પાછા ન ફરે. તેથી તેઓ બીજા માર્ગે થઈને પોતાના દેશમાં પાછા ફર્યા. આ જ્ઞાની પુરુષો હેરોદ સાથે ચાલાકીપૂર્વક વર્ત્યા છે તેવું તેણે અનુભવ્યું ત્યારે તે ઘણો ક્રોધાયમાન થયો. શેતાન દ્વારા દોરવણી પામ્યો અને આ બાળક તેનો હરીફ થશે તેવી તેને બીક લાગી. તેથી તેણે જ્ઞાની પુરુષોએ જે સમય જણાવ્યો હતો તેને આધારે બેથલેહેમ વિસ્તારમાંથી બે વર્ષથી નીચેના સર્વ બાળકોનો સંહાર કર્યો.

પરંતુ સમય અગાઉ ઈશ્વરે છુટકારાના માર્ગની વ્યવસ્થા કરી હતી. તેમણે બાળકને તેની માતા સાથે લઈને ઈજિપ્ત દેશમાં જતા રહેવા વિશે યોસેફને સ્વપ્નમાં દોરવણી આપી હતી. તેમણે આ નાના બાળકના કુટુંબને સોનાની બક્ષિસ આપવાની વ્યવસ્થા પણ કરી હતી જેથી તેઓ માટે ઈજિપ્ત દેશમાં જતા રહેવાનું સરળ બને. આ રીતે શેતાનનો પરાજય થયો હતો. હેરાદના મરણ સુધી યોસેફ અને તેનું કુટુંબ ઈજિપ્તમાં જ રહ્યું હતું. જ્યારે તેઓ ઇઝરાયલમાં પાછા ફર્યા ત્યારે હેરોદનો દીકરો તેઓના બાળકનો સંહાર કરશે તેથી તેઓને બીક હતી. ઈશ્વર દ્વારા ચેતવણી મળ્યા બાદ તેઓ યહૂદિયામાંથી નીકળી ગયા અને ગાલીલ પ્રાંતના નાઝરેથ શહેરમાં આવીને વસ્યા.

ઈસુ બાર વર્ષના થયા ત્યારે પાસ્ખાપર્વ માટે તેમને યરુશાલેમ લઈ જવામાં આવ્યા. જ્યારે તેઓ ઘરે પાછા આવતા હતા ત્યારે સંજોગોવસાત

યરુશાલેમમાં ઈસુ પાછળ રોકાયા હતા. ઈસુ શેતાનના અનુયાયીઓ અને ઈશ્વરના શત્રુઓ મધ્યે હતા. તેમના જીવનમાં કાંઈપણ સંભવિત હતું. પરંતુ ઈશ્વર પિતા તેમનું ધ્યાન રાખતા હતા અને તેમની રક્ષા કરતા હતા. ઈસુ એક કુમળા છોડની માફક તેમના પિતાની આગળ બાળક તરીકે વૃદ્ધિ પામી રહ્યા હતા. સ્વર્ગના દૂતો પણ તેમની કાળજી રાખી રહ્યા હતા.

**ઈસુનું બાપ્તિસ્મા અને પ્રલોભનો.**

યર્દન નદીમાં ઈસુનું બાપ્તિસ્મા તેમના જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ હતો. તેમનું બાપ્તિસ્મા તેમની જાહેર ધર્મસેવાની શરૂઆતનું ચિહ્ન સમાન હતું. તેમના બાપ્તિસ્મા પછી પવિત્ર આત્માથી ભરપૂર એવા ઈસુનું શેતાન દ્વારા પ્રલોભન અને કસોટી કરવામાં આવે તે માટે આત્મા તેમને રાનમાં દોરી ગયો હતો. ઈસુના પ્રલોભનો ખૂબ જ આધ્યાત્મિક શિક્ષણને રજૂ કરે છે અને આપણા માટે તે અતિ મહત્ત્વનું છે. શેતાને એદનવાડીમાં પ્રથમ આદમને પડકાર આપ્યો હતો પરંતુ જ્યારે શેતાને ઈસુ, બીજા આદમને અરણ્યમાં પડકાર આપ્યો ત્યારે ઈસુએ વિજય મેળવ્યો, જ્યારે પ્રથમ આદમ નિષ્ફળ નિવડ્યો હતો.

અહીં આપણે ઈસુના પ્રલોભન અને તેમના બાપ્તિસ્મા વચ્ચે એક કડી જોઈ શકીએ છીએ. તેમનું બાપ્તિસ્મા સેવક-રાજા તરીકે ખ્રિસ્તની ધર્મસેવાની શરૂઆત દર્શાવે છે. સ્વર્ગમાંથી એવી વાણી થઈ : “આ મારો વહાલો દીકરો છે તેના પર હું પ્રસન્ન છું” આ વિધાન ગીતશાસ્ત્ર ૨:૭ અને યશાયા ૪૨:૧ માંથી ટાંકવામાં આવ્યું હતું. આ આપણા માટે હતું, આપણા પ્રતિનિધિ તરીકે તેમણે દુઃખસહન કર્યું અને તેમનું પ્રલોભન કરવામાં આવ્યું. તે દુઃખસહન કરનાર સેવક હતા. શેતાને તત્કાળ અરણ્યમાં ઈસુ ઉપર આક્રમણ કર્યું હતું. ઈશ્વરના દીકરા તરીકે તે કેવળ શબ્દ દ્વારા શેતાનનો નાશ કરી શકતા હતા. પરંતુ માનવી તરીકે (અને માનવી માટે) તે આ આકરી કસોટીમાંથી પસાર થયા હતા. “માણસ એકલી રોટલીથી જીવશે નહિ” તેમણે કહ્યું. આ કારણને લીધે એદનવાડીમાં આદમનું અધઃપતન લાવનારા પ્રલોભન જેવી જ સામ્યતા આ પ્રલોભનમાં પણ હતી પરંતુ બીજો આદમ તેમાં વિજયવંત સાબિત થયો હતો.

નિયમભંગ કરીને ફળ ખાવા માટે આદમ અને હવાનું પ્રલોભન થયું

હતું. તે વાત ઈસુ માટે પણ સત્ય હતી.

ઈશ્વરના વચનમાં વધુ પડતી છૂટ લેવા વિશે આદમ અને હવાનું પ્રલોભન થયું હતું : "તમે નહિ જ મરશો." શેતાને તેઓને કહ્યું હતું. તે જ પ્રમાણે ઈસુના સંબંધમાં : "તે પોતાના દૂતોને આજ્ઞા આપશે." શેતાને ઈસુને કહ્યું હતું.

આદમ અને હવાને વચન (Promise) આપવામાં આવ્યું હતું. "તમે ઈશ્વર સમાન થશો." અને ઈસુને શેતાને વચન આપ્યું હતું : આ દુનિયાના રાજ્યો અને તેઓના મહિમાનો ઉલ્લેખ કરતા કહ્યું, "આ સર્વ હું તને આપીશ." શેતાનના પ્રચંડ આક્રમણ સામે આદમ અને હવા પતિત થયા હતા પરંતુ ઈસુ ખ્રિસ્ત તેની સામે દઢપણે ઊભા રહ્યા હતા. ઈસુને પરાજીત કરવાના શેતાનના પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. "ત્યાર પછી શેતાન તેમને મૂકીને ચાલ્યો ગયો અને જુઓ, દૂતોએ તેમની પાસે આવીને તેમની સેવા કરી." (માથ્થી ૪:૧૧) ઈસુ તેમના આ પ્રલોભનના સમયમાંથી સફળતાપૂર્વક બહાર આવીને વિજયવંત બન્યા હતા.

તેને પરિણામે પાપની અસરોનું મહાન પરિવર્તન થવાની આ શરૂઆત હતી કે જે પાપ અને શેતાન ઉપર અંતિમ વિજય મેળવવા તરફ દોરી જતી હતી. પરંતુ શેતાન સંપૂર્ણપણે પરાજીત થયો નહોતો. લૂક આપણને જણાવે છે : "શેતાન આ પરીક્ષણો પૂરા કર્યા પછી ઈસુને એકલા રહેવા દઈને થોડા સમય માટે ત્યાંથી ચાલ્યો ગયો." (૪:૧૩). શેતાને નિષ્ઠુરપણે તેમના હેતુમાંથી ઈસુને પરાજીત કરવાનો પ્રયત્ન કર્યો.

**વધુ સંઘર્ષ**

આપણા પ્રભુ પાસેથી શેતાન ચાલ્યો ગયો પરંતુ પોતે વ્યક્તિગત રીતે અને ઈસુ ખ્રિસ્તનો વિરોધ કરનારા ધાર્મિક આગેવાનો મારફતે એમ બંને રીતે ફરીથી તેમની પાસે પાછો આવ્યો. પ્રભુ ઈસુ વધસ્તંભના સમય પાસે આવે તે અગાઉ આપણા પ્રભુનો વિનાશ કરવો એ જ શેતાનનો મુખ્ય ધ્યેય હતો. ઈસુની ધરપકડ કરવાના પ્રયત્નો કરવા છતાં તેમના શત્રુઓ તેમ કરી શક્યા નહિ તે વિશે સંત યોહાનની લખેલી સુવાર્તામાં આપણને અનેક વખત વાચન કરવા મળે છે. શા માટે? "કેમ કે તેમનો સમય હજી આવ્યો નહોતો." (યોહાન ૭:૩૦;૮:૨૦).

ફરીથી શેતાન દ્વારા ઉશ્કેરાએલા નાઝરેથના લોકો ઈસુને શહેરની બહાર પર્વતની ટોચ ઉપર લઈ ગયા હતા અને તેમનું મરણ થાય તે રીતે તેમને નીચે પાડી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. તેમનું બાપ્તિસ્મા થયું તે પછીથી નાઝરેથની આ તેમની પ્રથમ જાહેર મુલાકાત હતી. તેમનો રીવાજ હતો તે મુજબ સાબ્બાથદિને તે સભાસ્થાનમાં ગયા હતા, શાસ્ત્રવચનોનું વાંચન કર્યું હતું. અને ત્યાર પછી તેઓને ઉપદેશ કર્યો હતો. યશાયાના ૬૧માં અધ્યાયનું વાંચન કર્યા પછી તેમણે કાર્યો સિવાય કૃપા દ્વારા તારણ (ઉદ્ધાર) મેળવી શકાય છે તે વિશે ઉપદેશ કર્યો હતો અને ઈશ્વરની સર્વોચ્ચ દયામાં બીન-યહૂદીઓને પણ સમાવેશ કરવામાં આવ્યો હતો તે વિશે જૂના કરારમાંથી ઉદાહરણો આપ્યાં હતાં. પરંતુ તેમના શ્રોતાઓએ તેમના શિક્ષણનોં વિરોધ કર્યો હતો. (લૂક ૪:૧૬-૩૦). "પણ તે તેઓની વચમાં થઈને ચાલ્યો ગયો." (કલમ ૩૦).

વિવિધ પરિસ્થિતિઓમાં જુદા જુદા વ્યક્તિઓનો ઉપયોગ કરીને શેતાને વારંવાર ઈસુનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો. પોતાની દુષ્ટતા અને લુચ્ચાઈથી શેતાને પોતાના હેતુઓ સિદ્ધ કરવા માનવીનો ઉપયોગ કર્યો હતો. કેટલીક વખત તેમને પથ્થરેથી મારવા યહૂદીઓએ પથ્થર ઉઠાવ્યા હતા. (યોહાન ૮:૫૯;૧૦:૩૧). ત્યાર પછી મુખ્ય યાજકોએ અને ફરોશીઓએ તેમની ધરપકડ કરવા માટે સિપાઈઓ મોકલ્યા હતા. (યોહાન ૭:૩૨). ફરીથી આગેવાનોએ તેમની વિરુદ્ધ લોકોને ઉશ્કેર્યા હતા. (યોહાન ૧૧:૫૭). હંમેશાં તેઓના કાર્યની રીત નબળી પડી હતી.

તેઓની ઇચ્છાઓ સાંસારિક મન.જે ઈશ્વરની વિરુદ્ધ વૈર કરાવે છે તેના જેવી હતી. હવે ઇતિહાસમાં આ પ્રથમ સમય હતો કે જ્યારે ઈશ્વર તેમની સમક્ષ દશ્ય સ્વરૂપે તેઓના ધિક્કારનું કેન્દ્ર હતા. તેઓ પ્રબોધકોને મારી નાખનારાઓના દીકરાઓ હતા પરંતુ તેઓએ પોતે પોતાના ઈશ્વરને મારી નાખ્યા હોત. ઈસુએ દ્રાક્ષાવાડીનો માલિક અને ખેડૂતોના (માર્ક ૧૨:૧-૧૨) દષ્ટાંત દ્વારા તેઓનું સંપૂર્ણ વર્ણન કર્યું હતું. તેઓએ માલિકના સંદેશવાહકોને મારી નાખ્યા હતા અને અંતે તેણે પોતાના એકના એક દીકરાને મોકલી આપ્યો હતો ત્યારે તેઓએ કહ્યું, "આ તો વારસ છે, તેના પિતાના મરણ પછી દ્રાક્ષાવાડી તેની થશે. ચાલો, તેને જ ખતમ કરી નાખીએ, એટલે દ્રાક્ષાવાડી આપણી થશે." (કલમ ૭). હંમેશાં તેમને

કોઈપણ હાનિ થયા વિના તે ત્યાંથી ચાલ્યા ગયા હતા. "કારણ કે તેમનો સમય હજુ આવ્યો નહોતો." તે દરેક પરિસ્થિતિના માલિક હતા. તેમણે કહ્યું, "કોઈ મારી પાસેથી તે (મારું જીવન) લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું." (યોહાન ૧૦:૧૮).

જ્યારે માનવી પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે શેતાન પોતે જ ઈશ્વરના દીકરાને મારી નાખવા આગળ વધ્યો. એક પ્રસંગે ગાલીલના સમુદ્રમાં ઈસુ પોતાના શિષ્યો સાથે મુસાફરી કરી રહ્યા હતા. હવે આ માણસો તો અનુભવી માછીમારો હતા અને તેઓ ગાલીલના સમુદ્રથી ખૂબ પરિચિત હતા. પરંતુ અચાનક સમુદ્રમાં એવું ભારે તોફાન થયું હતું કે આ કઠોર માછીમારો પણ બીકને કારણે ધ્રૂજી ઊઠ્યા હતા. ઈસુ જ્યાં હોડીમાં સૂતા હતા ત્યાં તેઓ પ્રભુ પાસે દોડી ગયા હતા. અને તેમને જગાડ્યા હતા કારણ કે તેઓ સર્વેનો નાશ થશે તેવું તેઓએ માન્યું હતું : "ગુરુજી, અમે અહીં ડૂબી રહ્યા છીએ તેની તમને શું કાંઈ ચિંતા નથી?" ગભરાયેલા શિષ્યોની વિનંતીને લઈને ઈસુ ઊઠ્યા હતા અને તેમણે "પવનને ધમકાવ્યો હતો." (માર્ક ૪:૩૯)

પ્રભુ ઈસુ ખ્રિસ્તને મારી નાખવા માટે શેતાન દ્વારા આ તોફાન લાવવામાં આવ્યું હતું. તેની જો આપણે સમજણ મેળવીએ તો આપણે આવા આક્રમણોની સમગ્ર ભાત નિહાળી શકીશું અને તોફાનને ઉદ્દેશીને ઉચ્ચારેલા શબ્દોનું મહત્ત્વ જોઈ શકીશું : "શાંત થા!" (માર્ક ૪:૩૫-૪૧). ગ્રીક ભાષામાં જે ક્રિયાપદનો ઉપયોગ થયો છે તેનો ઉપયોગ કૂતરાને શાંત કરવા માટે કેટલીક વખત પ્રાચીન કૌટુંબિક જીવનમાં થતો હતો. ઈસુએ તોફાનની પાછળ રહેલા શેતાનિક સામર્થ્યને ધમકાવ્યાં હતાં. ઈસુને વધસ્તંભ તરફ જતા અટકાવવાનો આ એક વધુ પ્રયત્ન હતો.

**સંઘર્ષની પરમસીમા**

પરંતુ દિવસ આવ્યો જ્યારે ઈસુએ કહ્યું, "માણસના દીકરાને મહિમાવાન થવાની ઘડી આવી છે." (યોહાન ૧૨:૨૩). હવે આપણે સંઘર્ષની પરમસીમા પાસે આવીએ છીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્તને કચડવાની જગ્યાએ કેવી રીતે લઈ જવામાં આવ્યા તે આપણે જોઈ શકીએ છીએ. આ ઘટના વધસ્તંભ ઉપર બની હતી. શેતાન અંતે ઈશ્વરને પીછેહઠ કરાવવામાં

તથા માનવીના જીવનમાં કાર્ય કરતા ખામોશ કરવામાં સફળ થયો હોય તેવું દેખાતું હતું. આ તો વેર સાથે છૂંદવાનું કાર્ય હતું. તેમાં યહૂદી ધાર્મિક આગેવાનોનો ધિક્કાર, લોકોના ટોળાની ઠઠ્ઠા મશ્કરીઓ, ફટકાના માર અને વખત જતાં ખૂબ જ કષ્ટ સાથેનું ક્રૂસારોહણ તેમાં સામેલ થએલાં હતાં. વધસ્તંભ ઉપર મરણ પામી રહેલા ઈસુને જ્યારે શેતાને જોયાં હતાં ત્યારે ઈશ્વરના દીકરા ઉપર તેણે પોતાનો વિજય મેળવ્યો છે તેવું તે માનતો હતો. "તે મરણ પામ્યો છે! મારો જૂનો-શત્રુ મરણ પામ્યો છે!" તેણે અતિશ્યોક્તિ કરી હશે. તે કેવો અસત્યથી ભરેલો હતો! ઈસુ ખ્રિસ્તનું મરણ તે એક પરાજ્ય નહોતો પરંતુ કેવળ તેમને છૂંદવામાં આવ્યા હતા કારણ કે ક્રૂસારોહણના ત્રીજા દિવસે ઈશ્વરે ઈસુને કબરમાંથી પાછા ઊઠાડ્યા હતા. ઈસુ ખ્રિસ્તનો દેખાવનો પરાજ્ય ભવ્ય વિજયમાં ફેરવાઈ ગયો હતો.

જો કે શેતાને સાચે જ વિજય મેળવ્યો હતો તેવું તે માનતો હતો પરંતુ આ વિજય પોકળ સાબિત થયો હતો કારણ કે આપણા ઉપરના તેના સામર્થ્યનું ખંડન થયું હતું. ઉત્પત્તિ ૩:૧૫માં આપેલા ભવિષ્યવચનના સંબંધમાં આભાસી વિજયની પળોને કેવી રીતે પરાજ્યમાં ફેરવી નાખવામાં આવી હતી તે જોવામાં શેતાન નિષ્ફળ ગયો હતો. પ્રભુ ઈસુ ખ્રિસ્ત મરણ પામ્યા કે જેથી તે શેતાનનું માથું છૂંદી શકે. કેવળ ઈશ્વર પોતાના દીકરાના વ્યક્તિત્ત્વ દ્વારા જ વિનાશ પામી રહેલા સર્પમાંથી ઝેરની કોથળી કાઢી શકતા હતા. અને તેમણે તે પ્રમાણે કર્યું હતું! આપણા પ્રભુના મરણનો આ સર્વોચ્ચ દષ્ટિકોણ બાઇબલમાં કેવી જબરદસ્ત રીતે રજૂ કરવામાં આવ્યો છે! હિબ્રૂઓનો લેખક સ્પષ્ટપણે કહે છે કે ઈસુએ પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો એટલે શેતાનનો નાશ કર્યો. (૨:૧૪). ઈસુ કઈ રીતે પાપી વ્યક્તિનું સ્થાન લઈ શકે અને તેઓની શિક્ષા સહન કરી શકે અને તેનું શેતાનનું સામર્થ્ય કઈ રીતે આ પ્રક્રિયા દ્વારા ખંડિત થઈ શકે તે જોવામાં શેતાન નિષ્ફળ ગયો હતો.

યોહાન આપણને જણાવે છે કે આપણા પાપ દૂર કરવા ઈસુ પ્રગટ થયા હતા. (૧ યોહાન ૩:૫) અને શેતાનનાં કામનો નાશ કરવા માટે ઈશ્વરનો પુત્ર પ્રગટ થયો હતો. (૧ યોહાન ૩:૮). હા, ખરેખર સ્ત્રીના સંતાન દ્વારા શેતાનનું માથું છૂંદવામાં આવ્યું હતું. શેતાન અને તેના સર્વ દૂતો ઉપર ઈસુએ મહાન વિજય મેળવ્યો હતો. તેમણે પાપની સમસ્યાનો

ઉકેલ આપ્યો હતો. તેમણે ઝાડ ઉપર ટંગાઈને પોતાના શરીરમાં આપણા પાપો સહન કર્યાં હતાં. તેમણે આપણું સ્થાન ગ્રહણ કર્યું હતું. આપણા બદલે તે મરણ પામ્યા હતા. તમારા પાપો માટે તમે જે શિક્ષાને યોગ્ય હતા તે શિક્ષા તેમણે પોતે સહન કરી હતી. કેવું અદ્‌ભુત બલિદાન! કેવા અજોડ ઉદ્ધારક! કેવું અદ્‌ભુત તારણ!

**લાગુકરણ**

ઈસુ ખ્રિસ્તે કેવું કાર્ય કર્યું તે શું તમે જોઈ શકો છો? કોલોસીની મંડળીને લખતાં સંત પાઉલે સ્પષ્ટપણે કહ્યું છે, "વળી તમે તમારા અપરાધોમાં તથા તમારા દેશની બેસુનતમાં મૂએલા છતાં, તેણે તમારા સર્વ અપરાધોને માફ કરીને તમને તેની સાથે જીવતા કર્યાં; અને વિધિઓનું ખત જે આપણી વિરુદ્ધ હતું, અને આપણને પ્રતિકૂળ હતું, તેને ભૂંસી નાખીને તથા વધસ્તંભે તેને ખીલા મારીને વચમાંથી કાઢી નાખ્યું; અને રાજ્યો અને અધિકારોને તોડી પાડીને, વધસ્તંભે તેઓ પર જય મેળવીને તેઓને (જાહેર રીતે) ઉઘાડાં પાડ્યાં." (કોલોસી ૨:૧૩-૧૫). ઈસુ કેવા સમર્થ ઉદ્ધારક છે! ઈસુ પોતાના મરણ અને ઉત્થાનમાં શેતાન ઉપર વિજયવંત બન્યા છે.

પરંતુ બીજો એક વિજય છે : ખ્રિસ્તી વ્યક્તિના જીવનમાં શેતાન ઉપર વિજય. વધસ્તંભમાં શેતાન ઉપર ખ્રિસ્તનો વિજય તે ખ્રિસ્તી વ્યક્તિના જીવનમાં શેતાન ઉપરના તેમના વિજય માટે આધારસ્તંભ છે. તેમના પુનરુત્થાન પછી અને તેમના સ્વર્ગારોહણ અગાઉ ઈસુએ પોતાના શિષ્યોની મુલાકાત કરી હતી. તેમણે તેઓને કહ્યું, "આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે." (માથ્થી ૨૮:૧૮). પોતાના શરૂઆતના શિક્ષણમાં ઈસુએ પોતાના શિષ્યોને લૂક ૧૦:૧૯માં કહ્યું, "જુઓ, મેં તમને સર્પો તથા વીંછુઓ પર પગ મૂકવાનો, તથા શત્રુના બધા પરાક્રમ પર અધિકાર આપ્યો છે અને તમને કશાથી પણ ઈજા થશે નહિ." અધિકાર પોતાના શિષ્યો, સાચા અનુસરણ કરનારાઓને આપેલી ઈસુની બક્ષિસ છે. "હવે તારણ, પરાક્રમ અમારા ઈશ્વરનું રાજ્ય તથા તેના ખ્રિસ્તનો અધિકાર આપ્યાં છે. કેમ કે અમારા ભાઈઓ પર દોષ મૂકનાર, જે અમારા ઈશ્વરની આગળ રાત દિવસ તેઓના ઉપર દોષ મૂકે છે, તેને નીચે ફેંકવામાં આવ્યો છે." (પ્રકટીકરણ ૧૨:૧૦). 'તેમના ખ્રિસ્તનો અધિકાર' આપ્યાં છે." તેની નોંધ કરો.

તમે જ્યારે આત્મિક સંઘર્ષનો અનુભવ કરો છો ત્યારે શેતાન તમારાથી દૂર જાય માટે ઈસુ ખ્રિસ્તના અધિકાર દ્વારા શું તમે કદીય શેતાનને આજ્ઞા આપી છે?

શું તમે શેતાનનો સામનો કર્યો છે?

શું તમે શેતાનને જતા રહેવા માટે કહ્યું છે? તે આપણા ભાઈઓ ઉપર દોષ મૂકે છે. (પ્રકટી. ૧૨:૧૦).

શેતાન અને તેના દૂતોના દોષારોપણ ઉપર ઈશ્વરના લોકો કઈ રીતે વિજય પામી શકે? તે પછીની કલમ તરફ ધ્યાન આપો. "તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી તેને જીત્યો છે; અને છેક મરતાં સુધી તેઓએ પોતાના જીવને વહાલો ગણ્યો નહિ." (કલમ ૧૧).

"પોતાની સાક્ષીના વચનથી" તેઓએ કઈ વાતની સાક્ષી આપી? તેઓએ "હલવાનના રક્ત" વિશે સાક્ષી આપી એટલે વધસ્તંભ ઉપરના ઈસુના મરણનો ઉલ્લેખ કર્યો. તેઓના તારણ અને તેની ખાતરીના આધાર તરીકે ઈસુ ખ્રિસ્તનું રક્ત સંપૂર્ણપણે પૂરતું છે તેની તેઓએ સાક્ષી આપી. તેઓએ વધસ્તંભમાં ઈસુ ખ્રિસ્તે શેતાન ઉપર વિજય મેળવ્યો છે તેની ખાતરીપૂર્વક જાહેરાત કરી. જ્હોન ન્યૂટન, ગીતનો લેખક આ રીતે રજૂ કરે છે : "હું મારા હિંસક દોષ મૂકનારના મુખ ઉપર તેને કહીશ કે તું મરણ પામ્યો છે."

શું તમે પોતાની સાક્ષી કદીય શેતાનને આપી છે! જો તમે ખ્રિસ્તના છો તો તમને શેતાન ઉપર વિજય પામવા તથા તેનો પ્રતિકાર કરવા તેમનો અધિકાર મળેલો છે. તમે કઈ વ્યક્તિ ઉપર વિશ્વાસ કરો છો તે તેને જણાવો. તમે ઈસુ ખ્રિસ્તના છો અને તે તમારા ઉદ્ધારક, માલિક અને પ્રભુ છે.

બાઈબલ કેવું અદ્દ્ભુત પુસ્તક છે! તે ઈશ્વરના પોતાના પ્રકટીકરણને તથા માનવી સમક્ષ તેમની ઇચ્છાને આપણી સમક્ષ પ્રગટ કરે છે. ઉત્પત્તિથી લઈને પ્રકટીકરણ સુધી આપણને "ઉદ્ધારની યોજના પ્રગટ કરવામાં આવી છે." તે આપણે જોઈ શકીએ છીએ. આ નાનું પુસ્તક તમને પોતાનું બાઈબલ વાંચન કરવામાં અને બાઈબલની સમજણ મેળવવામાં તમને દોરવણી-સહાયરૂપ થશે એ જ મારી પ્રાર્થના છે.

## પાણીનું બંધારણ અને જૂના કરારના મુખ્ય સ્થળો

નકશો : Q



## ઈશ્વરના વચનનું જ્ઞાન

*"અંતઃકરણમાં રોપવામાં આવેલું ઈશ્વરનું વચન બી સમાન બને છે અને જ્યારે તેનું સીંચન આધીનતા સાથે કરવામાં આવશે ત્યારે વિશ્વાસના આકર્ષક ફૂલ તરીકે તે અવશ્યપણે ખીલી ઊઠશે. ઈશ્વરના વચનના તમારા જ્ઞાન અને. તે માટેના તમારા સ્વાર્પણના આધારે તમારો વિશ્વાસ પ્રમાણસર યોગ્ય દિશામાં વૃદ્ધિ પામશે."*

**રોનાલ્ડ દૂન**

## બાઈબલ વિશે

*"બાઈબલ માનવીને ઈશ્વર તરફથી આપવામાં આવેલી શ્રેષ્ઠ બક્ષિસ છે. જગતના તારનાર તરફથી આવતી સર્વ સારી વસ્તુઓની સમજણ આ પુસ્તક દ્વારા આપણને આપવામાં આવી છે."*

**અબ્રાહામ લિંકન**

## લેખક - અનુવાદક - ના પ્રકાશિત થએલાં પુસ્તકો

(૧) ધી અલાયન્સ લાઈફ (સંશોધન પર આધારિત)

## અનુવાદ

(૨) માર્કનો સંદેશો - વિશ્વાસનું રહસ્ય (પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી)

(૩) આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો (પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસયટી)

(૪) જન સામાન્ય માટે બાઇબલની માર્ગદર્શિકા ( " )

(૫) પ્રકાશ (પ્રકાશક : બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયા)

(૬) છુટકારો (પ્રકાશક : ઈન્ટરનેશનલ બાઈબલ સોસાયટી)

(૭) ૧૦૦ બાઇબલ સ્વાધ્યાય (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૮) આધ્યાત્મિક સમસ્યાઓ (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૯) કઈ વ્યક્તિ સાથે લગ્ન કરવું તે મારે કેવી રીતે જાણવું.
(પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૧૦) તમારી લગ્નવિષયક સમસ્યાઓનો ઉકેલ (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૧૧) ઓપરેશન મોબીલાઇઝેશન મેન્યુઅલ (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૧૨) અગમચેતી ૨૦૦૦ (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૧૩) અનંતતા તરફ મુસાફરી (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૧૪) આશ્ચર્યકારક સત્યો (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૧૫) પ્રાર્થના દ્વારા સામર્થ્ય (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૧૬) સતાવણી સમયે સામર્થ્ય (પ્રકાશક : ઓ. એમ. ઈન્ડિયા)

(૧૭) નવજીવન તાલીમ કેન્દ્ર (NLTC) - શિક્ષક પુસ્તક
(પ્રકાશક : ઈન્ડિયા કેમ્પસ ક્રૂઝેડ ફોર ક્રાઈસ્ટ)

(૧૮) નવજીવન તાલીમ કેન્દ્ર (NLTC) - વિદ્યાર્થી પુસ્તક
(પ્રકાશક : ઈન્ડિયા કેમ્પસ ક્રૂઝેડ ફોર ક્રાઈસ્ટ)

(૧૯) દાન આપવાનું સાહસ કેવી રીતે! (પ્રકાશક : ઈન્ડિયા કેમ્પસ ક્રૂઝેડ ફોર ક્રાઈસ્ટ)

(૨૦) મિશનક્ષેત્રમાં મંડળી સ્થાપન (પ્રકાશક : મિશન એજ્યુકેશનલ બુક્સ)

(૨૧) દષ્ટિકોણ! લોકજૂથ વિચારણામાં રહેલું પરાક્રમ

(પ્રકાશક : મિશન એજ્યુકેશનલ બુક્સ)

(૨૨) સુવાર્તાવિહોણા લોકોને પહોંચવાના સમર્થ ઉપાયો

(પ્રકાશક : મિશન એજ્યુકેશનલ બુક્સ)

(૨૩) મિશનરીની ઓળખ-નિશાની (પ્રકાશક : મિશન એજ્યુકેશનલ બુક્સ)

(૨૪) પાળક તરીકે ઈશ્વરના લોકોની સંભાળ માટે આહ્‌વાન

(પ્રકાશક : મિશન એજ્યુકેશનલ બુક્સ)

(૨૫) સુવાર્તાપ્રચાર કાર્યમાં એકતા - ઈસુ ખ્રિસ્તની અજોડતા પુસ્તક -3

(પ્રકાશક : નેશનલ એડવાઈઝરી કાઉન્સિલ)

(૨૬) બાઇબલ અભ્યાસની પદ્ધતિઓ અને અર્થઘટનના નિયમો

(પ્રકાશક : CONS)

(૨૭) પરમેશ્વર તમને ચાહે છે. (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૨૮) ઈશ્વરની સૌથી મહાન બક્ષિસ (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૨૯) જીવનની મહાન સમસ્યાઓ (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૦) તમારો સહાયક મિત્ર (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૧) તમારું બાઇબલ (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૨) મંડળી (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૩) ઈસુ કોણ છે? (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૪) તમારું નવું જીવન (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૫) અમે વિશ્વાસ કરીએ છીએ. (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૬) પ્રબોધકોનું આપણે સાંભળીએ. (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૭) ઈશ્વરની યોજના-તમારી પસંદગી (પ્રકાશક : આઈ.સી.આઈ. યુનિવર્સિટી)

(૩૮) વિશ્વાસનો દૃઢ આધારસ્તંભ ભાગ-૧

(પ્રકાશક : ઈન્ડિયન નેશનલ ફુલ ગોસ્પલ ચર્ચિઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા)

(૩૯) વિશ્વાસનો દૃઢ આધારસ્તંભ ભાગ-૨

(પ્રકાશક : ઈન્ડિયન નેશનલ ફુલ ગોસ્પલ ચર્ચિઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા)

(૪૦) ભગ્નતાની ભવ્યતા (પ્રકાશક : ગોસ્પલ ફોર એશિયા)

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
| --- | --- | --- |
| ૧ | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨ | અયૂબ | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૪ | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૬૫-૦૦ |
| ૫ | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬ | પરિવર્તન પામેલાં પાત્રો | ૧૫-૦૦ |
| ૭ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૮ | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯ | ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦ | ધી રોબ | ૨૦-૦૦ |
| ૧૧ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨ | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩ | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪ | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૧૫ | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | ક્લશોર | ૨૦-૦૦ |
| ૨૦ | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૨૧ | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪ | શબ ગુફાનો શહીદ અને ઓરિસ્સાની પ્રજ્વલિત શહાદત | ૧૫-૦૦ |

SCREEN DOT PRINTERS
PH : 079 - 5623761